णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
आयओ गुरुबहुमाणो

# ઉપમિતિ ભવ પ્રપંચ કથા

## પ્રસ્તાવ-ત્રીજો

### (પ્રવચન ૭૨ થી ૭૯)

= કર્તા =

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજા

= સંકલન =

રિતેશ સરવૈયા


अहो ! श्रुतम्

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા
સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫
મોબાઈલ – 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com

વૈશાખ, સંવત ૨૦૭૫

# ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

## વ્યાખ્યાન - નંબર ૯૨

DATE 23 10 2019

મોર પીંછાથી સારો પણ લાગે છે, અને મોરને પીંછાનો ભાર પણ લાગે છે. મોર સારો દેખાય એ બીજાના માટે ની વાત છે. પીંછાથી મોર ને શું મળે છે ? એક વજન હોય છે, એક બોજો હોય છે, જેનાથી એને ઉડતા - નવ નેજે પાણી ઉતરી જાય છે. એજ પીંછા મોર માટે જોખમ બને છે. એ જ પીંછા મોર માટે હુમલો બને છે. એ જ પીંછા મોર માટે હત્યા બને છે. મોર એના હત્યારા માટે, એના લુંટારા માટે, એના હાનિકર્તા માટે - આખી જિંદગી પીંછાને સાચવે છે. છેવટે એના પીંછા ક્યાંક બજારમાં વહેંચાઈ જાય છે. ક્યાંક નિકાસ થઈ જાય છે, અને મોરને રાંધીને ખાઈ જવામાં આવે છે. પીંછા એ મોરને શું આપ્યું ? મોર, આખો દિવસ, પોતાના ભોજનની, આહારની શોધખોળ કરે, એને ભોજન મળે કે ના મળે, છેવટે થુવડાં ખાય, એજ ભોજનના પરિણામે પીંછા નું સર્જન થતું હોય. અને એ મહેનતથી થયેલું સર્જન, એ સમય થી થયેલું સર્જન, એ શક્તિ થી થયેલું સર્જન, એ મોર માટે જ નુકશાનકારક બની જાય છે.

માણસ આખી જિંદગી શું કરે છે ? પોતાના પીંછા નું સર્જન કરે છે. એ નોકરી કરે, ધંધો કરે, કામ કરે, મજુરી કરે, એ વ્યવહારો ચલાવે, એ ઘર ઉભું કરે, પરિવાર ઉભો કરે, પૈસા ઉભા કરે, BANK BALANCE ઉભી કરે, આ બધું જ ઉભુ કરવું, એટલે બીજું કશું જ નહિ, પીંછા ઉભા કરવા.

મોર પીંછાથી સારો પણ લાગે છે,<br>
મોરને પીંછા નો ભાર પણ લાગે છે.

પીંછા જ મોર ઉપર અત્યાચાર બની જાય છે, અને છેવટે મોર પોતાના પીંછાની સજા ભોગવે છે. વિષયો સારા હશે, પણ પરમાધામી માટે ! નિગોદ માટે ! ચોર્યાસી લાખ યોનિઓ માટે, કર્મ માટે, દોષો માટે,

આત્મા માટે તો વિષયો કદી સારા હોતા જ નથી. અને સારા કહેવાતા વિષયો, એ આત્માનું વધારે સત્યાનાશ - વાળતા હોય છે. બુદ્ધા પ્રેમીઓ એક વાત ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા હોય છે, BEAUTY WITHOUT CRUELTY એટલે તમારે BEAUTY જોઈએ, સૌંદર્ય જોઈએ, વાળ સારા જોઈએ, ગાલ સારા જોઈએ, ચહેરો સારો જોઈએ, આંખ સારી જોઈએ, MAKE-UP કરવા જોઈએ, સૌંદર્ય પ્રસાધનો જોઈએ. પણ તમે એવા સાધનો વાપરો કે જે ક્રુરતા થી બનાવવામાં આવ્યા નથી. જેના નિષ્ઠુરતા - પુર્વક પ્રયોગો કરવામાં આવ્યા નથી, જેમાં પંચેન્દ્રિય જીવો ની વિરાધના નથી. BEAUTY WITHOUT CRUELTY.

વિષયોના સંદર્ભમાં જોઈએ, તો - CRUELTY વગરની BEAUTY હોતી નથી. જ્ઞાની ભગવંતો આપણને હવે ઊંડાણમાં લઈ જવાનો પ્રયાસ કરે છે, તદ્દન ભક્ષ્ય વસ્તુ છે, પણ એમાં જો તને રાગ છે, તો એ પણ CRUELTY (ક્રુરતા) છે. બહુ સહજ - કુદરતી દ્રશ્ય છે, તું નથી T.V. જોતો, નથી સીનેમા જોતો, નથી PHONE ની SCREEN જોતો, બુબજ સહજ પણે, ખુબ જ સરસ, રમણીય, રંગો, કુદરતની લીલા, કુદરતી દ્રશ્ય તારી આંખ સામે આવ્યું છે. અને એ તને ગમે છે તો સમજુ લે એમાં પણ - CRUELTY છે ! હવે આગળ વધીને, જ્ઞાની ભગવંતો કહે છે, તમે તમારા રસોડે દિવાળી ની અંદર, બહુ જ જયણાથી, રોકય એટલી અલ્પ હિંસાથી સ્વાદિષ્ટ મિઠાઈ બનાવી અને એ ખાતા તમને રાગ થાય છે, તો સમજુ લો આ પણ CRUELTY છે. હવે આગળ વધીને જ્ઞાની ભગવંતો કહે છે, કે મહાત્મા ગોચરી માટે નીકળે, મેલા એમના કપડા છે, શરીર ઉપર મેલ બાઝેલો છે, અંતર એકદમ નિર્મળ છે, શાસ્ત્રોની પરિણતિ છે, બેતાલીસ દોષમાંથી એકપણ

દોષ લગાડવો નથી, આવો પાકો નિર્ધાર છે. ખુબ જ શુદ્ધ વિધિપૂર્વક ગોચરી વહોરી રહ્યા છે... વહોરી રહ્યા છે ---- વહોરી રહ્યા છે, કદાચ એમને મિઠાઈ નો ત્યાગ છે, કદાચ એમને નમકીન નો ત્યાગ છે, કદાચ એમને FRUIT નો મેવાનો પણ ત્યાગ છે. સાદી ગોચરી, સહજ ગોચરી, નિર્દોષ ગોચરી, દોઢ કલાક પછી ભિક્ષાટન કર્યા પછી, મહાત્મા ગોચરી લઈ ને આવ્યા છે. ગુરુને ગોચરી બતાડી છે, ગોચરી આલોવી છે, ગોચરી વાપરવા માટે, એકાસણું કરવા માટે, મહાત્મા બેઠા છે, અને ગોચરી વાપરે એની પહેલા, જે મહાત્માએ ગાથા બોલવાનું આગમો એ કહ્યું,

बायालीसएसणसंकडम्मि गहणम्मि जीव ण हु छलिओ

એક જંગલ હતું ભિક્ષાટનનું, એક આંધાધુંધી વાળી - જગ્યાઓ હતી, એક જટીલ યાત્રા હતી, એક કપરી યાત્રા હતી, ક્યાંક કોઈ ભક્તિવાળુ ઘર અને કોઈક દોષ લગાડી દીધો હોય, અને આપણે છેતરાઈ જઈએ એવું હોય પણ એમા, તમે છેતરાયા નહિ, તમે કાળજી રાખી, તમે શંકાસ્પદ વસ્તુઓ છોડી દીધી, તમે બધા જ દોષોથી મુક્ત રહ્યા, તમે ઉદ્ગમના દોષોથી મુક્ત રહ્યા, તમે ઉત્પાદન ના દોષો થી મુક્ત રહ્યા, એષણા ના દોષોથી મુક્ત રહ્યા, તમારા તરફથી કોઈ દોષ ન લગાડ્યો, સામી - વ્યક્તિમાં ક્યાંક કોઈ દોષ લાગી જાય એવું હતું ત્યાં તમે ગોચરી છોડી દીધી, વહોરવાનું છોડી દીધું.

इण्हिं जह ण छलिज्जसि भुंजंतो रागदोसेहिं ।

બેતાલીસ દોષથી રહિત મહાત્મા ગોચરી લાવ્યા, આખો એ હાથી નીકળી ગયો, પણ એ જ વાપરતા .. વાપરતા ... મહાત્મા એ રાગ દ્વેષ કર્યા તો પુંછડે આખો હાથી અટકી ગયો. બેતાલીસ દોષ ઉપર પીંડ નિર્યુક્તિ આગમની અંદર, પાંચ દોષો માંડલી ના બતાવ્યા. વાપરતી વખતે જે દોષો લાગી શકે. તે જે દોષોથી સાધુ એ બચી રહેવાનું.

रागेण सइंगालं ।

જો રાગ જાગ્યો છે તો, સમજુ લોકે સંયમમાં અંગારા પડ્યા. જો દ્વેષ જાગ્યો છે, આ ભાવતું નથી. આ ફાવતું નથી, આ કેવું છે, આવો ભાવ જો જાગ્યો, તો સમજુ લોકે સંયમ ભસ્મીભૂત થઈ ને ધુમાડો બની ને ઉડી ગયું.

વિષયો પંચેન્દ્રિય ની વિરાધના થી મળે, હિંસાથી મળે, નિષ્ઠુરતા ને ક્રુરતાથી મળે, જેમાં તો CRUELTY છે જ. વિષયો મળે અને રાગ થાય, દ્વેષ થાય, ભલે અભક્ષ્ય હોય, પણ ભોગે છે, ભલે કલ્પ્ય હોય, ભલે પ્રાસુક અને નિર્દોષ હોય, ભલે બેતાલીસ દોષમાંથી એક પણ દોષ, ન લાગ્યો હોય. પણ એ વાપરતા જો સારા લાગે વિષયો, ભોગે જેવા લાગે, ગમે એવા લાગે, તો પીંડ નિર્યુક્તિ આગમ કહે છે તમે પાછા ત્યાં ના ત્યાં જ આવી જવાના. વિષયોમાં કહી પણ, BEAUTY WITHOUT CRUELTY હોતી જ નથી. BEAUTY તમને જોઈએ છે, BEAUTY તમને ગમે છે, BEAUTY તમને પસંદ છે, તમને BEAUTY ની જરૂર છે, ત્યાં જ CRUELTY આવી જાય છે. સાચો આત્માર્થી એ છે, સાચો દ્રષ્ટા એ છે, જેને કોમળ સ્પર્શોની અંદર, નરકના કરવતના માર અને એનાથી ફાડિયા થતું પોતાનું શરીર દેખાય છે. ખરો દ્રષ્ટા એ છે, જેને ષડ્રસના સ્વાદિષ્ટ ભોજનો ની અંદર, ઉકળતા સીસા નો રસ દેખાય છે. ખરો દ્રષ્ટા એ છે, જેને સારામાં સારી ફુલો, અત્તર, સેંટ, PERFUME ની સુગંધ ની અંદર, પોતાના આત્માના અનંત મૃત્યુના કારણરૂપ ઝેરી ધુપ દેખાય છે. ખરો દ્રષ્ટા એ છે, ગમતા રંગો, ગમતા દ્રશ્યો, ગમતી SERIAL, ગમતી MOVIE, ગમતું વિજાતીય પાત્ર, એના દર્શનની અંદર, ધગધગતા લાલ ચોળ લોખંડના સોયાથી ફુટી જતી પોતાની આંખો દેખાય છે. ખરો દ્રષ્ટા એ છે, જેને મધુર ગીત-સંગીત ની અંદર, પોતાના કાનમાં, ઠોકાતા ખીલા

classmate

દેખાય છે. તથાવિધ નગરની બહાર ઉદ્યાન છે, પ્રતિબોધક નામના આચાર્યની દેશના, ખળખળ... ખળખળ વહી રહી છે. વિષયો એ આપણા આત્માને આપ્યું શું ? વિષયો થી આપણને લાભ શું થયો ? ભોગની ભૂતાવળ આ આત્માનું કેવું ધનોત પનોત વાળે છે. આત્માને કેટલો દુઃખી કરી દે છે. વિષયોની ભયાનકતા કેટલી છે, એનું તાદૃશ બયાન આચાર્ય ભગવંત કરી રહ્યા છે. આચાર્ય ભગવંત કહે છે,

हा विसमा हा विसमा विसया जीवाण जेहिं पडिबद्धा ।

ભયાનક છે આ વિષયો, ખતરનાક છે આ વિષયો, આત્માના દુશ્મન છે આ વિષયો, ને એના એકાદભાગ, એની પ્રતિબદ્ધતા, એની સાથે જીવ એટલો ઓળઘોળ થઈ જાય, એનો એટલો ગુલામ થઈ જાય, એનો એટલો પરાધીન થઈ જાય,

हिंडंति भवसमुद्दे अणंतदुक्खाइं पावंता ॥

અને આ ભવસાગરની અંદર, જે વિષય પ્રતિબદ્ધ જીવો, જે વિષય લંપટ જીવો, અનંત દુઃખો ને પામતા.. પામતા ભટક્યા જ કરે છે. એક વિષયો ના હોત, વિષયો ની તૃષ્ણા ના હોત, વિષય ની ભૂતાવળ ના હોત, તો આપણા આત્માનો ક્યારનો એ મોક્ષ થઈ ગયો હોત. એક વિષયોની આસક્તિ ના હોત તો આપણને મોક્ષ માર્ગે ચાલવા માટે કોઈ જ નડતર ના બન્યું હોત ! એક વિષય ની આસક્તિ ના હોત તો સાધના માર્ગે જવા માટે આપણું સત્વ કેટલું ઉલ્લસિત થઈ ગયું હોત. આપણે જેને ઘર કહીએ છીએ એ વિષયની આસક્તિ હોય છે, પતિ કે પત્ની કહીએ છીએ એ વિષયની આસક્તિ હોય છે, દિકરા ની જવાબદારી આપણે કહેતા હોઈએ, વિષય ની આસક્તિ હોય છે. ધંધાની આંટીઘૂંટી કહેતા હોઈએ છે એ વિષય ની આસક્તિ હોય છે, ને વિષયની આસક્તિ છુટી જાય, પછી આમાંથી એક પણ પરિબળ આત્માને

રોકી શકતું નથી. શાસ્ત્રકાર ભગવંતો બહુ માર્મિક વાત કરે છે,

ક્ષીણે મોહે તૃણમિવ સદા લોકમાલોકયામ: ।

પહેલા અમને ઘર દેખાતું હતું, પરિવાર અને કુટુંબ દેખાતું હતું, અમને પૈસા દેખાતા હતા, ધંધો દેખાતો હતો. અમારા સ્વર્ણીમ સપનાઓ હતા. અમારા લક્ષ્યો હતા, અમારા AMBITIONS હતા, અમારી મનોકામનાઓ હતી. અમારા મનોરથો હતા. આ જોઈએ... આ જોઈએ... આ જોઈએ... આ જોઈએ... આ કેવું સરસ... આ મળે તો કેવું સારું, આ કેટલું સારું કહેવાય, આ મળી જાય તો કેટલું આપણને સારું થાય. અમારી આ બધી દ્રષ્ટિઓ હતી, જ્યાં સુધી અમારો મોહ હતો. અને જે ક્ષણે અમારા મોહ નો વિલય થઈ ગયો, જે ક્ષણે અમારો મોહ વિલિન થઈ ગયો, એ ક્ષણે આખી દુનિયા અમને ઘાસના પૂળા બરાબર લાગે છે, આખી દુનિયા અમને ધૂળ અને રાખ બરાબર લાગે છે. આખી દુનિયાનો કોઈ અર્થ જ નથી રહ્યો ને, દુનિયા આખી ને આખી વ્યર્થ થઈ ગઈ હોય, એવો અમે અનુભવ કરી રહ્યા છીએ. પ્રતિબોધક આચાર્ય કરે છે, જ્યાં સુધી વિષયોની તૃષ્ણા છે, ત્યાં સુધી સંસાર છે. જ્યાં સુધી વિષયોની તૃષ્ણા છે ત્યાં સુધી નરક, નિગોદ, વગેરે દુર્ગતિ છે. જ્યાં સુધી વિષયોની તૃષ્ણા છે ત્યાં સુધી જીવ આ ચોર્યાસી લાખ યોનિઓમાં ભટકતો રહે છે. જ્યાં સુધી વિષયોની તૃષ્ણા છે ત્યાં સુધી રાગ અને દ્વેષ અને કષાયો ને વશ આ જીવ થાય છે. જ્યાં સુધી વિષયો ની તૃષ્ણા છે ત્યાં સુધી એ સુઅમ બંધનોથી બંધાયેલો છે, જ્યાં સુધી વિષયોની તૃષ્ણા છે ત્યાં સુધી પોતે અનંત વીર્ય સંપન્ન હોવા છતાં સાવ માયકાંગલો ને કાયર બની ને, જે રીતે મોહ રાજા નચાવે એ રીતે જીવ નાચતો રહે છે, ને જે ક્ષણે વિષયોની તૃષ્ણા છુટી જાય, એ જ ક્ષણે આ જીવ સિંહ બની જાય છે,

DATE 23 10 2019

સિંહોત્થિત: સિંહવિહારચારી

સિંહ ની જેમ સાધનાના માર્ગે પ્રયાણ કરે છે, અને સિંહનીજેમ
સાધનાના પંથે ચાલે છે. પરિસહો અને ઉપસર્ગોના ગમે
તેટલા કારણો આવે, ગમે તેટલા વિઘ્નો હોય, ગમે તેટલી
કઠિનાઈઓ હોય, વિષયોની તૃષ્ણા છુટી ગઈ, હવે એ
ખુદ સિંહ બની જાય છે. આપણા આત્માને સિંહ માંથી
ઉંદર બનાવનાર, છછુંદર બનાવનાર, કીડો બનાવનાર,
માયકાંગલો બનાવર વિષયો સીવાય બીજું કોઈ જ નથી.
કોઈપણ વિષયની આસક્તિ છે તો તમે એના ગુલામ છો
તમે લાચાર છો, તમે પરાધીન છો, તમારી છતી પણ બધી
શક્તિ FAIL જવાની એ તમે વિષયો ને પરાધીન છો,
એ વિષયમાં તમને આસક્તિ છે.

આચાર્ય ભગવંત ની દેશના ખળખળ ----
ખળખળ વહી રહી છે, આખી પર્ષદા ભાવિત... ભાવિત...
ભાવિત... ભાવિત... થઈ રહી છે, કેટલાય ની આંખમાંથી
અશ્રુ બિંદુઓ સરી રહ્યા છે. અને પહેલું જે વ્યંતર-
COUPLE હતું, એ કામેશ અને વિચક્ષણા દેવી એ બંને
ત્યાં ધ્રુસકે ને ધ્રુસકે રડી રહ્યા છે. દેશના પુરી થાય છે ને
બંને દેવ દેવી ત્યાં ઉભા થાય છે ને કહે છે કે ભગવંત,
આપે જે વિષયોની તૃષ્ણાની વાત કરી, અમને લાગ્યું કે
બધી અમારી જ વાત છે. અમારા જેવા પાપી કદાચ,
આખા નગરમાં કોઈ નહી હોય, આખી પર્ષદામાં અમારા
જેવા કોઈ પાપી નહી હોય, અમારા જેવા કોઈ લંપટ નહી
હોય, અમે પરસ્ત્રી ગમન કર્યું, અમે પરપુરુષ ગમન કર્યું,
અમે એક પતિ-પત્નીને છેતર્યા, અમે રાજાને પણ ત્યાંહી
ઉભો કર્યો, અમે આખા નગરજનો ને છેતર્યા, અમે નજર
સામે સગા પતિ ને દુરાચાર કરતા જોયો, સગી પત્નીને -
દુરાચાર કરતી જોઈ. અમારા જેવા પાપી ને અમારા જેવા
નપાવટ, અમારા જેવા નફ્ફટ બીજા કોઈ જ નહિ હોય.
એ એક નાના પણ વિષયની આસક્તિ નું પરિણામ આવ્યું

ચંચાલક હોય તો, અમારું શું થશે ? થોડી ક્ષણ બે ક્ષણ
ની મજા માટે, થોડી ઘડી બે ઘડીની મજા માટે, અમારા
આત્માને અમે કેટલો દુઃખી કર્યો, કેટલી સજાને અમે
નક્કી કરી દીધી, અમારા આત્માનું થશે શું ? અમે
ખરેખર નીચ છીએ, અમે ખરેખર અધમ છીએ, અમે
ખરેખર પાપી છીએ, ભગવંત... ભગવંત અમારા માટે
અમે શું કહીએ એ જ અમને સમજાતું નથી. ધ્રુસકેને
ધ્રુસકે કાલજ્ઞ અને વિચક્ષણા બંને રડી રહ્યા છે, જે
આખી સભા જોઈ રહી છે. મુગ્ધ અને અકુટિલા પણ
વિસ્મય થી જોઈ રહ્યા છે, રાજા પણ આંખો ફાડીને જોઈ
રહ્યો છે, ને ભગવંત એમને કહે છે કે તમે વિષાદ ન
કરો, તમારો કોઈ જ દોષ નથી.

કાલજ્ઞ અને વિચક્ષણા, બંને સ્તબ્ધ બનીને
સાંભળી રહ્યા છે, એક બાજુ આત્મામાં પશ્ચાત્તાપની
જ્વાળા ફાટી નીકળી છે, બીજી બાજુ ધ્રુસકે ને ધ્રુસકે
રડી પડાયું છે, આંખ માંથી અશ્રુની ધાર વરસી રહી છે,
સ્તબ્ધ બનીને સાંભળી રહ્યા છે, એક એક રૂંવાડા ઉભા
થઈ ગયા છે, અને એ સમયે, એ બંનેના શરીરમાંથી
લાલ અને કાળા પરમાણુઓથી બનેલી, એકદમ
બિભત્સ, એકદમ ગંદી, જોઈને છી... છી થઈ જાય,
વિવેકીઓને, જ્ઞાની ઓને ઉદ્વેગ થઈ જાય, એવી
એક સૂક્ષ્મ શરીરવાળી સ્ત્રી, જેમના શરીરમાંથી બહાર
નીકળી છે, આચાર્ય ભગવંત નો પ્રતાપ જેને સહન નથી
કરી શકતી એ સ્ત્રી ! અને પર્ષદાની બહાર નીકળીને
દુર મોઢું ફેરવીને ઉભી રહે છે.

આચાર્ય ભગવંત એ દંપતિ COUPLE ને
કહે છે, કે સાંભળો, તમારો કોઈ જ દોષ નથી, જે
જે પણ દોષ છે, એ હમણાં જે તમારા શરીરમાંથી,
સ્ત્રી નીકળી છે, ત્યાં ઉભી છે, એનો આ બધો
દોષ છે. તમે શુદ્ધ છો, તમે નિર્મળ છો, તમે નિર્દોષ

છો, તમારો કોઈ જ દોષ નથી. એ બધો જ દોષ કોનો છે, તમે જે કર્યું એ માટે જવાબદાર કોણ ? હકીકતમાં આ બધું કોણે કર્યું ? તો એ સ્ત્રીએ કર્યું ! આખી પર્ષદા, ગરદન વાળીને પેલી સ્ત્રીને ત્રાંસી આંખે જોઈ રહી છે. રોમ- વિસ્મિત છે, મુગ્ધ અને અકુટિલા વિસ્મિત છે, વિચક્ષણા અને કાલજ્ઞ દેવ-દેવી પણ વિસ્મિત છે, ખરેખર ભગવંત આ શું વાત કરી રહ્યા છે ? વિચક્ષણા અને કાલજ્ઞ - આચાર્ય ભગવંત ને પુછે છે કે, ભગવંત ! કોણ છે આ સ્ત્રી ?

भगवन् ! किन्नामिकेयम् ?

એનું નામ શું છે ? અને આચાર્ય ભગવંત કહે છે, એ સ્ત્રી નું નામ છે ભોગ-તૃષ્ણા !

रजनीव तमिस्रस्य, भोगतृष्णेव सर्वदा ।

અંધારું આવે છે ક્યાંથી ? અંધારું હોતું નથી, સવાર થી સાંજ સુધી અંધારું હોતું નથી, રાત હોય ત્યારે અંધારું આવે છે. રાત જેમ અંધારાની પ્રવર્તિકા છે. બરાબર એ જ રીતે,

रागादिदोषवृन्दस्य, सर्वस्यैषा प्रवर्तिका

બરાબર એ જ રીતે, રાગાદિ દરેકે દરેક દોષવૃંદ, દરેકે દરેક દોષો એની કોઈ પ્રવર્તાવતી હોય, તો એ આ સ્ત્રી છે, એનું નામ છે, ભોગ-તૃષ્ણા ! ભોગો ગમે આનું નામ રાગ. ગમતા ભોગો મળે નહિ, અપ્રીતી થાય, કોઈ વચ્ચે આવે ને દ્વેષ થઈ જાય, આનું નામ દ્વેષ. ભોગ જ ભાગે ભોગમાં સાર લાગે આનું નામ મોહ ! ભોગને મેળવવા માટે જીવોની વિરાધના કરે, આનું નામ હિંસા ! યોગસૂત્રની અંદર પતંજલિ કહે છે,

नानुपहत्य भूतानि भोगः सम्भवति ।

વિશ્વનો એક પણ ભોગ એવો નથી, એક પણ વિષય એવો નથી, એક પણ વિષય સુખ એવું નથી, જે જીવોની વિરાધના કર્યા વગર મળતું નથી. તમને પાંચે ઇન્દ્રિયોના કોઈ પણ વિષયો જોઈએ. તમે એના સુખમાં ભળો, કોઈની

કબર બનાવ્યા વગર, કોઈની કબર પર નાચ્યા વગર, કોઈની ચિતા ઉપર ભાખરી શેક્યા વગર, કોઈ જીવોની હાય લીધા વગર, કોઈ જીવો ને ત્રાસ આપ્યા વગર, કોઈ જીવોની કચ્ચરઘાણ વાળ્યા વગર, દુનિયાનું એક પણ સુખ - આપણને મળી શકતું નથી. ભોગો નું સુખ મેળવવા માટે જીવોની વિરાધના કરવી એ હિંસા, ભોગો મેળવવા માટે જુઠું બોલે, મૃષાવાદ! પોતે કોઈએ નથી આપ્યા એવા ભોગના સાધનો લઈ લે અદત્તાદાન! ચોરી! ભોગ મેળવવા માટે વિષય સેવે મૈથુન! ભોગ ભોગવી શકાય એ માટે ચીજ વસ્તુઓનો, પૈસાનો સંગ્રહ કરે, પરિગ્રહ! ભોગોમાં કંઈક રૂકાવટ આવે અને ગુસ્સો આવે, ક્રોધ! હું કેવો સૌભાગ્યશાળી, હું કેવો ભાગ્યશાળી, હું કેટલો મહાન કે મને આવા ભોગો મળ્યા અભિમાન! ભોગોને મેળવવા માટે છેતરપીંડી કરે માયા! ભોગો હજુ મળે... હજુ મળે... હજુ મળે, અને કારમી મૂર્છા હોય લોભ! ભોગ મળે તો ગમો થાય, ભોગ ન મળે તો અણગમો થાય, રતિ-અરતિ! ભોગ કોઈને મળ્યા છે, એની ઈર્ષ્યા થાય, મત્સર થાય, અને એની ચાડી-ચુગલી થાય, પૈશુન્ય! ભોગ કોઈક રીતે આપણને ના મળ્યા ને, કોઈના ઉપર દોષનો ટોપલો ઢોળવો છે, પરપરિવાદ! ભોગને મેળવવા માટે કપટ થી જુઠું બોલવું માયામૃષાવાદ! અને ભોગ પ્રત્યે ઉપાદેય બુદ્ધિ લાગે મિથ્યાત્વશલ્ય!

રજનીવ તમિસ્રસ્ય ભોગતૃષ્ણૈવ સર્વદા।

રાત્રિ છે તો અંધારું હશે, ભોગ-તૃષ્ણા છે તો અઢારે પાપસ્થાનક હશે! આપણે એમ માનીએ કે અમારે ભોગ ભોગવવા, વિષયો સેવવા, ભાવતા ભોજન જોઈએ, કોમળ સ્પર્શો જોઈએ, પણ મારે કોઈ જીવોને મારવા નથી, સિદ્ધર્ષિગણિ મહારાજ આપણને કહે છે કે એ શક્ય જ નથી. તમને કંઈ જોઈએ છે, તમને કંઈક ગમે છે,

તમને કોઈ વસ્તુની તૃષ્ણા છે, તો વહેલા મોડા બધાજ પાપો તમારા જીવનમાં આવ્યા વિના રહેવાના નથી. પ્રતિબોધક - આચાર્ય કહી રહ્યા છે. પર્ષદા આજે સાંભળી રહી છે, જ્યાં સુધી ભોગ-તૃષ્ણા, જીવોના શરીરમાં છે,

તેષામકાર્યેષુ મતિ: પ્રસભં સમ્પ્રવર્તતે ।

ત્યાં સુધી અકાર્ય કરવાની અંદર, પાપ કરવાની અંદર, ન કરાય, ન વિચારાય, ન બોલાય, એવું પણ જીવો સાવ-સહેલાઈથી કરી નાખે, જ્યાં સુધી ભોગ-તૃષ્ણાનો એમને વળગાડ થયેલો છે.

બે-ત્રણ વરસ પહેલાની વાત, રાજસ્થાનથી ગુજરાત નો અમારો વિહાર હતો ને, વિહારની અંદર, ઉત્તર ગુજરાત ના વિહારમાં, એક ગામથી અમે નીકળ્યા, વચ્ચે બીજું ગામ આવ્યું. આગલા ગામે અમારે જવાનું હતું, ત્યાં વિહાર-ધામ હતું, ગામ નજીકમાં ન હતું, મને થયું કે આ વચ્ચેના ગામથી ગોચરી વહોરી લઈએ. ત્યાંથી અમે ગોચરી વહોરી. ત્યાં સ્કુલમાં પ્રવચન આપ્યું, ત્યાં દેરાસર હતું દર્શન કર્યા, મહાત્મા હતા વંદન કર્યા ને પાછા અમે ત્યાંથી વિહાર કર્યો. નાનકડા રસ્તે, મોટા રોડને મળતી જે વાટડી, કેડી, એના પરથી અમે જઈ રહ્યા હતા, ત્યાંથી ગામ નજીક હતું. શંકા થઈ ત્યાં શંકા ટાળી, આગળ વધ્યા. અને મહાત્મા એ મને કહ્યું કે અમારા ગુરુ મહારાજ કહેતા કે આ ગામ છે ને એની એક કિલોમીટર આગળ ને એક કિલોમીટર પાછળ કોઈએ શંકા ટાળવી નહિ. મેં કહ્યું કેમ ભઈ, મને કહે કે આ ગામ છે ને આ ગામ બરાબર નથી. મેં કીધું કે આમાં શું વાંધો છે, આ ગામમાં ? એટલે મને કહે કે આ ભૂતો નું ગામ છે, અને મે આ બધી ગાડીઓ આવી રહી છે ને, આ બધી જઈ રહી છે, અહીંયા બધા ભુતો કઢાવવા માટે આવતા હોય છે. અહીંયા ભુતો કાઢી આપે, એટલે આ ગામની આજુબાજુ ભુતો ઘણા ભટકતા હોય છે. મેં કીધું તો પહેલા કહેવું હતું ને, તો આપણને અહીંયા

કંઈ જવાની જરૂર ન હતી. આગળ-આગળ વાત કરતા ગયા.. વાત કરતા ગયા.. વાત કરતા ગયા... ને મને થયું કે ક્યાં આ ગામમાં ગયા, મહાત્મા એ મને વાત કરી, થોડા સમય પહેલા, એ લોકો એ ગામ પાસેથી વિહાર કરતા હતા, ગામમાં જવાનું ન હતું, ગામથી સીધે સીધો રોડ જાય. અને કહે કે અમારા ગુરૂ મહારાજ ને બીજા મહાત્માઓ, અમે બધા જઈ રહ્યા હતા ને, મારી પાછળ એક નાનો છોકરો ચાલતો હતો. એ ક્યારનો ચાલતો હતો રોડ ઉપર, HIGH WAY ઉપર આવી રીતે નાનો બાળક ને એ પગે, અમારી પાછળ ચાલતો હોય ને, હસતો.. હસતો.. હસતો.. હસતો ચાલ્યા કરે. મેં જરા SPEED પકડીને ગુરૂ મહારાજ પાસે ગયો ને, ગુરૂ મહારાજને કહ્યું કે આ રીતે નાનો બાળક ચાલે છે. અમારા ગુરૂમહારાજે કહ્યું કે કોઈએ એની સાથે વાત નથી કરવાની. પણ એ પાછળ.. પાછળ ચાલ્યા કરે ને અમને એટલું બધું - અજુગતુ.. અજુગતુ લાગ્યા કરે, એક બાઈક વાળા ભાઈ હતા ને એમને મેં કહ્યું કે ભાઈ, તમે આ છોકરાને લઈ જશો આગળ ?, જ્યાં જવું હોય ત્યાં. એમણે કહ્યું હું ના લઈ જાવ, એ આગળ જતો રહ્યો, બીજો બાઈક વાળો આવ્યો, એમને કહ્યું કે આ છોકરાને આગળ જ્યાં જવું હોય ત્યાં લઈ જશો, ભલે લઈ જાઉં, એમણે પાછળ છોકરાને બેસાડ્યો, બાઈક ગઈ આગળ, પાંચ મિનિટ પછી મહાત્મા એ પાછળ જોયું તો એક છોકરો ચાલતો હતો, બાઈક આગળ ગઈ! મહાત્મા જે દિશામાં ચાલી રહ્યા છે, એ દિશામાં બાઈક જતી રહી, અને પાંચ મિનિટ પછી એ છોકરો, એ જ રીતે આમ પાછળ ચાલતો ચાલતો દેખાયો. મહાત્માને હવે શું કરવું કશી ખબર પડે નહિ. એટલો બધો ડર... એટલો બધો ગભરાટ.. થયો ને થોડી વાર થઈને સામેથી એક કાર આવીને ઊભી રહી. અમારા ગુરૂ મહારાજ ને એ પરિવારે કારમાંથી નીકળીને

પ્રણામ કર્યા, અને કહ્યું કે સાહેબ આપનો ખુબ ખુબ ઉપકાર
આ છોકરાને અમે દોઢ વર્ષથી ગોતતા હતા, આજે અમને
મળી ગયો. કારમાં બેસાડી એ છોકરાને લઈ ગયા. પછી એ
પાછળ ન હતો આવ્યો. ભુતોનું ગામ! અમે જે સ્કુલમાં
પ્રવચન આપ્યું હતું, ત્યાં મને કહે છે આ ગામના ભાઈ છે
એ બધા ભુતો ને કાઢે છે. મને પુછવા નહીં આવતા હો
ક્યાં જવાનું! ઘણી બધી વાતો મહાત્માઓ એ કરી, એક
મહાત્મા પાછળ આવ્યા ને એમણે કહ્યું કે હું ત્યાં ગોચરી
જઈ આવ્યો, ત્યાં ધર્મશાળામાં ઘણા બધા લોકો હતા,
નિર્દોષ ગોચરી મેં પણ વહોરી, બધી રૂમો ભરેલી હતી,
એટલે બીજા મહાત્મા એ હસતા-હસતા કહ્યું, કે બધી
રૂમોમાં ભુતો ભરેલા હતા. એવું કોઈ તીર્થ નહિ, એવું
કોઈ ગામ નહિ, ભુતો કઢાવવા માટે ત્યાં આવે. જેમ જેમ
હું સાંભળતો ગયો મને થયું ક્યાં ગયા અહીંયા! અને
ક્યાંક આપણે લપટ ઝપટમાં આવી જઈએ. એક ઝટકો,
એક ડંખ થયા કરે કે ભાઈ ખોટા ગયા આ ગામમાં. મારે
તમને પુંછવું છે કે ડંખ શા માટે?, BY CHANCE -
મારામાં કંઈક વળગી જાય, એનો મને વાંધો શું હોય?
હું તમને પુછુ તમારામાં કોઈ વળગાડ આવે ભુતનો,
ભુતડીનો, તમને ફાવે? વળગાડ કરવાનો નથી, ડરો
નહિ આ તો JUST વાત છે. આપણને ફાવતું નથી
કારણકે આપણે સમજીએ છીએ, કે વળગાડ થાય ને
એટલે માણસ પરાધીન થઈ જાય. વળગાડ થાય એટલે
માણસ ગમે તે કરી શકે. વળગાડ થાય એટલે માણસ ન
કરવાનું કરી શકે, ન બોલવાનું બોલી શકે. ન જવાની
જગ્યાએ જઈ શકે, પોતાને નુકશાન કરી શકે, કે બીજાને
નુકશાન કરી શકે, વળગાડ થાય એટલે માણસની બધી
બુદ્ધિ FAIL થઈ જાય, વળગાડ થાય એટલે માણસનું
ભાન FAIL થઈ જાય, વળગાડ થાય એટલે માણસે
ગમે તેટલું શિક્ષણ લીધું હોય એ FAIL થઈ જાય,

વળગાડ થાય એટલે માણસ ગમે તેટલો બાહોશ હોય તો FAIL થઈ જાય, વળગાડ થાય એટલે માણસને ગમે તેટલો અનુભવ હોય બધો FAIL થઈ જાય, વળગાડ થાય એટલે માણસમાં જેટલા ગુણો હોય, બધા જ FAIL થઈ જાય, અને માણસ સાથે ગમે તે થઈ શકે. માટે વળગાડ ખરાબ, બરાબર !

સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહેવા-માંગે છે કે, ભૂત કે ભૂતડી ના વળગાડ તો કંઈજ નથી, એના કરતા અનેક ગણા ખતરનાક હોય તો એ આ ભોગ-તૃષ્ણા ના વળગાડ છે. આ પણ એક પ્રકારનો વળગાડ જ છે, જેમાં માણસ પરાધીન થઈ જાય છે. આ પણ એક પ્રકારનો વળગાડ જ છે જેમાં માણસ ન કરવાનું કરે છે. આ પણ એક પ્રકારનો વળગાડ છે, જેમાં માણસની બુદ્ધિ FAIL થઈ જાય, જ્ઞાન FAIL થઈ જાય, અનુભવ FAIL થઈ જાય, શિક્ષણ FAIL થઈ જાય, એના ગુણો હોય એ બધા FAIL થઈ જાય, એ બાહોશ હોય તો એ FAIL થઈ જાય, એકવાર ભોગ-તૃષ્ણા માણસને વળગી, અને હવે એ માણસ પાગલ થઈ જશે, એ માણસ ન કરવાનું કરશે. ખરે, ભૂતડી નો વળગાડ હજુ સારો છે, પણ ભોગ તૃષ્ણાનો વળગાડ સારો નથી.

સભાનો પ્રશ્ન :- ગુરૂ મહારાજ, મહાવીરસ્વામી ભગવાન પાસે પોતે એટલું બળ હતું, બાળા મેરૂ પર્વત ને હલાવ્યો, તો પછી દિક્કુમારીઓ એમને રક્ષા પોટલી કેમ બાંધે છે ?

પુજ્ય શ્રીનો ઉત્તર :- દિક્કુમારીકાઓ જે પણ કંઈ કરે છે ને એ એમનો શાશ્વત આચાર છે. ભગવાનને કશો વાંધો આવવાનો નથી, આનો રક્ષા પોટલીની વાત દુર છે. ઈન્દ્ર મહારાજ પોતે - ભગવાન જે ક્ષેત્રમાં હોય ત્યાં જાહેરાત કરે, હજુ આગળ

વધી ને ત્રણે લોકમાં જાહેરાત કરે, કે જે ભગવાન કે ભગવાન
ની માતાનું અશુભ વિચારશે ને, અર્જુનમંજરીની મીંગરીય
એની સપ્તધા, એનું માથું એ ફુટી જશે. એ ઈન્દ્રની-
ઘોષિત છે, એ દિક્કુમારીકાઓની ઘોષિત છે. મુળવાત
એ છે, કે આપણે વળગાડ થી ડરીએ, વળગાડ થઈ ગયો
હોય, આપણા કોઈ પરિવારના સભ્યને તો આપણે બધું જ
કરી છુટીએ. આપણને વળગાડ થવાની શક્યતા હોય એ
જગ્યાએ આપણે જઈએ નહિ. વળગાડ જેનાથી થઈ શકે
એનાથી આપણે ડરીએ, એનાથી દુર રહીએ. આપણે
દિકરાને સલાહ આપીએ કે એ આ બધા કાળી ચૌદસને
દિવસે, રસ્તા ઉપર કંઈ જાવાનું પડ્યું હોય, કોઈ વસ્તુ
પડી હોય, બેટા આપણે એને અડવાનું નહિ, હું તમને
પુછું તમે કહો છો ? દિકરાને સલાહ આપો ? તમે સાવધ
રહો ? શા માટે ?

ત્રિશષ્ટિ ચારિત્રમાં કલિકાલસર્વજ્ઞ કહે છે.

आत्मनीनो हि सर्वोऽपि, स्तोकेच्छु: कोऽपि नात्मन:।

દરેક વ્યક્તિ પોતાનું હિત ઈચ્છે છે, કોઈ પોતાને ઓછું નથી
ઈચ્છતું. ઓછું ભલું નથી ઈચ્છતું, ઓછું કલ્યાણ નથી ઈચ્છતું,
ઓછું સારું થાય એવું પણ નથી ઈચ્છતું. દિકરાને આપણે
સલાહ આપીએ છીએ, આપણે સાવધ રહીએ છીએ. કોઈ
ભુત વગેરે નો ઉપદ્રવ આપણા ઘરમાં ન થઈ જાય, આપણા
પરિવાર ને ન થઈ જાય, આપણને ના થઈ જાય, એના માટે
આપણે સાવધ છીએ. ભોગ-તૃષ્ણાની ભુતડી આપણને વળગી
ના પડે. આપણું અહિત ન થાય, એના માટે આપણે કેટલા
સાવધ ? બૃહત્કલ્પ આગમ છે. એની અંદર એક ઘટના બતાડી
મહાત્મા છે. કોઈપણ કારણસર પુર્વભવનું કોઈ વૈરી, દૈવીતત્વ,
કોઈ વ્યંતર, કોઈ વ્યંતરી, એનો વળગાડ એમને થઈ ગયો.
મહાત્મા ને વળગાડ થઈ ગયો, મહાત્મા નીકળી ગયા ઉપાશ્રય-
માંથી. કોઈના ઘરે પહોંચી ગયા. સાધુ થી ન કરાય એવું કંઈક
કર્યુ, કોઈ SWITCH ON કરી દીધો, કોઈ ષટ્કાય જીવોની

વિરાધના કરી, કોઈક પલંગ ઉપર ધારોકે સૂઈ ગયા, ક્યાંક કોઈક વાહનમાં બેસી ગયા, ક્યાંક પહોંચી ગયા, બધાએ બહુ જ શોધ-ખોળ કરી. મહાત્મા ક્યાં જતા રહ્યા ? બે-ચાર કલાક પછી ભાળ મળી, મહાત્માને પાછા લાવવામાં આવ્યા. આગકાર મહાત્માએ કંઈક મંત્ર પ્રયોગ વગેરે કર્યું, દૈવી તત્વ ને ઉપશાંત કર્યું, એને જતા રહેવા કહ્યું અને દૈવી તત્વ જતું રહ્યું. હવે સવાલ પુછ્યો કે મહાત્માને શું પ્રાયશ્ચિત આવે. ષટ્કાય ની વિરાધના કદાચ મહાત્માએ કરી, વાહનની અંદર કદાચ મહાત્મા બેઠા, સાધુપણામાં ન થાય એવું કર્યું છે. વિરાધના પણ થઈ છે. સામાન્ય-સંયોગોમાં પ્રાયશ્ચિત આવે એવી, ઘણી ઘણી વસ્તુઓ મહાત્મા દ્વારા થઈ છે. સવાલ પુછ્યો કે એમને શું પ્રાયશ્ચિત આવે ? અને ત્યાં જવાબ આપ્યો, કે એમને ZERO (શુન્ય) પ્રાયશ્ચિત આવે ! બીજો સવાલ પુછ્યો કે આટઆટલી વિરાધના કરી તો, પ્રાયશ્ચિત શા માટે નહિ ? જરાક વિરાધના થાય, અને પ્રાયશ્ચિત આગમોમાં બતાડ્યું છે, તો આટલી બધી વિરાધના થઈ, એનું-પ્રાયશ્ચિત શા માટે નહિ ? અને ત્યાં જવાબ આપ્યો કે એમને કોઈ જ પ્રાયશ્ચિત નહિ,

जम्हा सो अणप्पवसो ।

કારણકે એ મહાત્મા, અનાત્મ વશ હતા, એ મહાત્મા-પરવશ હતા, એમણે પોતે કશું જ કર્યું નથી, પણ એમના દ્વારા આવું પરાણે કરાવવામાં આવ્યું છે. એ દેવને મોટા-માં મોટું પ્રાયશ્ચિત આવશે, પણ એ મહાત્માને કશું પણ પ્રાયશ્ચિત આવશે નહિ. ભુત કે ભુતડીનો કશું જ નથી. એમના કરતાં અનંતગણા ખતરનાક કંઈ હોય, એ આ જીવોની ભોગ-તૃષ્ણાઓ છે. ભુત વળગી જાય, ભુતડી વળગી જાય, અને જીવ કંઈક આડું-અવળું કરે એનું કોઈ પ્રાયશ્ચિત નથી હોતું. ભોગ-તૃષ્ણા વળગી જાય, અને જીવ જે કરે, એનું અનેકગણું પ્રાયશ્ચિત હોય છે. જીવની

આ કરુણતા, જીવની આ TRAGEDY, ભોગ-તૃષ્ણા એ-ણામાં પ્રવેશે, એની બુદ્ધિ ભ્રષ્ટ કરે, એને પરાધીન બનાવે, એને ગુલામ બનાવે, એને જીવ કેટલા પાપો કરે, ભોગતૃષ્ણાને કંઈ જ ફરક પડે નહિ. એતો કાર્મણ વર્ગણાના પરમાણુ સ્વરૂપ છે, એ તો જડ સ્વરૂપ છે. એક ઉપમા દ્વારા એને સ્ત્રી તરીકે ચીતરવામાં આવી છે, સમજવવા માટે. બાકી એ મોહનીય કર્મ, એ વેદ મોહનીય કર્મ, એ રતિ-અરતિ મોહ-નીય કર્મ, એને કંઈ જ ફરક પડતો નથી, જે સહેવાનું છે એ આપણા આત્માએ સહેવાનું છે. એક અપેક્ષાએ જોઈએ ભોગ કરતા વધારે ખરાબ કંઈક હોય, તો એ છે ભોગતૃષ્ણા. ભોગની અંદર મન નિર્મળ હોય એવું બની શકે છે. મહાત્માનું શરીર સારું નથી, નબળું છે ને ગુરુ એમને કહે કે તમારે મીઠાઈ વાપરવાની જ છે. અને મહાત્મા-એ ડંખ સાથે, પશ્ચાતાપ સાથે, કર્મ બંધના ગભરાટ સાથે, રાગ-દ્વેષ રહિત પણે, માત્ર ગુરુની આજ્ઞાના-પાલન માટે, મીઠાઈ વાપરી જાય, આવું બની શકે છે. પણ ભોગતૃષ્ણાની અંદર મન સંકલિષ્ટ ન હોય, મન કલુષિત ન હોય, એવું શક્ય જ નથી. નૈશ્ચયિક દ્રષ્ટિએ જોઈએ, તો તૃષ્ણા એ જ ખરો ભોગ છે. દશવૈકાલિક આગમમાં શ્રુતકેવલી સ્વયંભવસ્વામી મહારાજ કહે છે,

મુચ્છા પરિગ્ગહો વુત્તો ।

તમે ઉપકરણો રાખ્યા, તમે વસ્ત્રો રાખ્યા, પાત્ર રાખ્યા, કામળી રાખી, દાંડો રાખ્યો, આ પરિગ્રહ નથી. પણ તમને ઉપકરણની અંદર પણ મમત્વ ભાવ જાગે, આસક્તિ જાગે, વધારાના ઉપકરણો રાખો, નકામા ઉપકરણો રાખો, મુંછા કરો, આ પરિગ્રહ છે.

મુચ્છા પરિગ્ગહો વુત્તો

આના જેવું બીજું સૂત્ર કરી શકાય,-

તણ્હા ભોગો વુત્તો

તૃષ્ણા એ જ ભોગ છે. ઈન્દ્રિય પરાજય શતક ગ્રંથની અંદર,

પ્રાચીન પરમર્ષિ કહે છે,

उवलेवो होइ भोगीसु अभोगी नोवलिप्पइ ।

ભોગી છે એ લેપાય છે, અભોગી લેપાતા નથી. મીઠાઈ ભોગી પણ ખાય, મીઠાઈ અભોગી પણ ખાય, ભોગીને પુણ્યમાંથી પાણી છુટે, અભોગીને ખોજમાંથી પાણી છુટે. અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

मधुरं रसमाप्य निष्पतेत्, रसनातो रसलोभिनां जलम् ।

મધુર રસ, એનો જ્યાં સાથે સંપર્ક થાય, એટલે રસલોલી છે. વિષય લંપટ છે. વિષય સતૃષ્ણ છે. એવી વ્યક્તિને જીભમાંથી પાણી છુટે.

परिभाव्य विपाकसाध्वसं, विरतानां तु ततो दृशोर्जलम् ।

જે વિરત છે, જે સંયત છે, જે અભોગી છે, જે વૈરાગી છે, જે સંવેગી છે, એ જુએ કે આ મીઠાઈ છે ને આ મીઠાઈનું પ્રત્યેક પરમાણુ, જેટલા આના પરમાણુ છે કદાચ, આ વાપરવાથી એટલા લાખ વર્ષની નરક મારા માથે ઠોકાઈ જશે, આ મીઠાઈ નથી, મારી જંતરપીંડી છે, આ મીઠાઈ નથી આ પરમાધામી છે. આ મીઠાઈ નથી આ સાત નરકના, ચોર્યાશી લાખ નારકવાસીની આમંત્રણ પત્રિકા છે. આ મીઠાઈ નથી, મારું સત્યાનાશ છે. આ મીઠાઈ નથી, મારા આત્માનું ધનોત-પનોત છે.

परिभाव्य विपाकसाध्वसं, विरतानां तु ततो दृशोर्जलम् ।

અજ્ઞાની ની દ્રષ્ટિ પાક ઉપર હોય છે. જ્ઞાનીની દ્રષ્ટિ - વિપાક ઉપર હોય છે. અજ્ઞાની જુએ છે આ સાલમપાક આ અડદિયાપાક, આ મેથીપાક, આ બદામપાક, અજ્ઞાનીને પાક જ દેખાય છે, વિપાક દેખાતો જ નથી. જ્ઞાનીને વિપાક જ દેખાય છે, પાક દેખાતો જ નથી. ઈન્દ્રિય - પરાજય શતક કહે છે, ભોગી લેપાય છે, અભોગી લેપાતો નથી.

भोगी भमइ संसारे

જે લેપાય છે, જે આસક્ત થાય છે, જે લંપટ થાય છે,

classmate

જેને સ્વાદ જોઈએ છે, જેને કોમળ સ્પર્શો જોઈએ છે, જેને સારી સુગંધ જોઈએ છે, જેને સારા દ્રશ્યો જોવા છે, મનો-રમ દ્રશ્યો જોવા છે, કમનીય ને જોવા છે, જેને મધુરગીત સંગીત સાંભળવા છે.

ભોગી ભમઇ સંસારે

જે ભોગી છે, જે સંસારમાં ભટકતો રહે છે.

અભોગી વિપ્પમુચ્ચઇ

જેને અભોગી છે એનો મોક્ષ થઈ જાય છે. લેપાવું આનું જ નામ ભોગ. નિર્લેપ રહેવું, આનું જ નામ અભોગ. અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

સેવતે ઽસેવમાનોઽપિ, સેવમાનો ન સેવતે ।

બની શકે કે જે કોઈ ય ભોગને નથી ભોગવી રહ્યો, એ ભોગોને ભોગવી રહ્યો હોય. જે બધા જ ભોગોને ભોગવી રહ્યો હોય. એવું બને કે ઉંચા માં ઉંચા ભોગોને ભોગવતો હોય, એ કશું જ ભોગવતો ન હોય.

નગર છે, ઉદ્યાનમાં આચાર્ય ભગવંત - પધાર્યા છે, દેશના સાંભળવા માટે, રાજા, યુવરાજ, રાણીઓ, પરિવાર, નગરજનો બધા જ ગયા છે, બેઠા છે. વૈરાગ્યની દેશના ખળ..ખળ વહી રહી છે. રાજા અને યુવરાજ- બંને દેશના પછી ઊભા થઈ જાય છે. ભગવાન એમને દીક્ષા આપી. રાજા અને યુવરાજ બંને એક બીજાને કહે છે તમે રાજ્ય સંભાળો, મને દીક્ષા લેવા દો. બંને દીક્ષાલઈ શકે એ શક્ય નથી, એક ને રાજ સંભાળવું પડે એમ છે. રાજા રાજ સંભાળે છે, યુવરાજ દીક્ષા લે છે, વર્ષો વીતી જાય છે. અને રાણીને ખબર પડે છે કે મારા દેવર મહારાજ એ સામેના ગામે પધાર્યા છે. આજે કોઈ પર્વતીથી છે, રાણીએ ઉપવાસ કર્યો છે, ભાવના એવી થઈ, દિયર-મહારાજ ને વંદન કરું. તેમને ગોચરી વહોરાવું ને પછી પારણું કરું. બીજા દિવસે સવારે, રાણી છે એકલા ન હોય સાથે દાસ- દાસીઓ હોય, પરિવાર છે, સૈનિકો છે, સખીઓ

છે. એ બધા એ પણ ત્યાં જ નવકારશી કરવાની છે ને
સાથે બધી સામગ્રી પણ લીધી છે. નીકળે છે રાજમહેલથી
નગરના સીમાડા આવ્યા. સામેના ગામે જવું છે વચ્ચે નદી
છે. અને નદી બંને કાંઠે વહી રહી છે. અને સામે પહોંચી
શકાય એવી કોઈ શક્યતા નથી. રાણી મૂંઝવણમાં પડે છે.
એક મૂંઝવણ હતી, ભાવના હતી. બસ એમને વંદન કરીને
વહોરાવીને પારણું કરવું છે. સાથે એમના સચિવો હતા -
એમને વાત કરે છે. સચિવો કહે છે રાણીબા કોઈજ શક્યતા
નથી, કે આજે આ નદી પાર કરી શકાય. વરસાદ ખુબ પડ્યો
છે. બંને કાંઠે નદી વહી રહી છે. આપણે ગામે તેટલું કરીએ.
આખો પરિવાર વિંઝરાઈ જશે આપણે ક્યાંના ક્યાં ફેંકાઈ
જશું. આમાંથી જવું શક્ય નહી. રાણી કહે જવું તો છે જ.
સચિવો કહે શક્ય જ નથી. સચિવો ઉપર વિશ્વાસ હવે
બેસતો નથી. રાણી સચિવને મોકલે છે રાજા પાસે. બધી
વાત કરે છે ને, રાજા કહે છે એમ કરો. રાણી પોતે નદી
આવાહન કરીને નદી ને એમ કહે કે, મારા પતિ લગ્ન
કર્યા ત્યારથી જો બ્રહ્મચારી હોય તો, મને માર્ગ આપી દે.
સચિવ રાણીને વાત કરે છે ને રાણી જરા હસી પડે છે,
બીજું કોઈ કદાચ માની લે પણ હું કઈ રીતે માનું. આટલા
રાજકુમારો થયા, આટલા વર્ષો થયા, એમાં એ બ્રહ્મચારી
રહ્યા હોય તો મને ખબર ના પડે. છતાં, રાજાની આદેશને
નદીને આખી વાત કરે છે. અને નદીના બે ભાગ થઈ
જાય છે, વચ્ચે રસ્તો થઈ જાય છે, બધા આશ્ચર્યમાં
ગરકાવ થઈ જાય છે. સીધે સીધા ત્યાંથી નીકળી જાય છે.
સ્થિર મુનિને વંદન કરે છે. એમની વાણી સાંભળે છે,
પરિવારે પોતાના માટે જે ભોજનની વ્યવસ્થા કરી હતી.
વિનંતી કરે છે. સ્થિર મહારાજ પધારે છે. ગોચરી -
એમને વહોરાવે છે. કહે છે આપ પણ વાપરી પછી હું
એ વાપરું. અને પછી આપને વંદન કરીને જાઉં. સ્થિર
મુનિ પણ પારણું કરે છે, રાણી પણ પારણું કરે છે.

નવકારશી પુરી થાય છે, નદી યાદ આવે છે, કે જેવા આપણે નીકળ્યા, નદી તો પાછી વહેવા લાગી હતી, હવે પાછા કઈ રીતે જવું. વંદન કરે છે સ્થિર મહારાજને ને કહે છે કે આવી-રીતે નદીનું હતું ને આવી રીતે હું આવી. હવે પાછા કઈ રીતે જવું આ પ્રશ્ન છે, ને સ્થિર મહારાજ કહે છે. કે તમારે નદીને એટલું કહેવું કે મારા સ્થિર મુનિજી જ્યારથી દીક્ષા લીધી, ત્યારથી એ ઉપવાસી હોય, તો મને માર્ગ આપી દે. રાણીને ખબર છે, કે પોતાના પતિ જેવા બ્રહ્મચારી, એવા સ્થિરમુનિ ઉપવાસી, હમણાં વહોરાવ્યું છે, હમણાં વાપર્યું છે. છતાં તહત્તિ કહીને નીકળે છે. નદીનો કિનારો આવે છે, આટલા શબ્દો કહે છે, અને નદી ફરીથી જે ભોગમાં વહેંચાઈ ગય છે.

सेवते ऽसेवमानोऽपि, सेवमानो न सेवते ।

ભોગ શું છે ?, ભોગવટો શું છે ?, વિષય સેવન શું છે ?, જ્યાં તમારું લેપાવાનું છે, જ્યાં તમારો રાગ છે, જ્યાં તમારી તૃષ્ણા છે. ત્યાં ભોગ છે. જ્યાં તમારી તૃષ્ણા નથી, ઉપરથી અજંપો છે, આંખો ભીની છે, ખાઈ રહ્યા છો પણ અણાહારી પદની એક ઝંખના છે, ત્યાં ખાવા છતાં પણ ખાવાનું નથી. ઉપનિષદો ની અંદર બહુ મઝાની વાત કરી.

यत्र यत्र भवेत्तृष्णा, संसारं विद्धि तत्र वै ।

જ્યાં તમને તૃષ્ણા છે, ત્યાં તમારો સંસાર છે,

तृष्णामात्रात्मको बन्धः

જ્યાં-જ્યાં તમારી તૃષ્ણા છે, ત્યાં ત્યાં તમને કર્મ બંધ છે.

तण्हा भोगो वुत्तो

તૃષ્ણા એ જ ભોગ, લેપાવું એ જ ભોગ. ઈચ્છા એ જ ભોગ. આકાંક્ષા એ જ ભોગ, અને આકાંક્ષા આવી, તૃષ્ણા આવી, એટલે વળગાડ આવ્યો, અંધાપો આવ્યો, ગાંડપણ આવ્યું. મોઈએ છે આનું જ નામ ગાંડપણ. વિષયો ઉપાદેય લાગે, ભોગ ઉપાદેય લાગે, આનું જ નામ અંધાપો. તૃષ્ણા જતી રહે, એટલે બધું જ ગાંડપણ અને અંધાપો જતો રહે. ભગવાન શ્રી મહાવીરસ્વામી, પરમ પાવન શ્રી ઉત્તરાધ્યયન

DATE 23 10 2019

સૂત્રમાં કહે છે,

મોહો હઓ જસ્સ ન હોઇ તણ્હા

જેની તૃષ્ણા ગઈ, એનું ગાંડપણ ગયું, એનો અંધાપો ગયો, એનો મોહ ગયો, આચાર્ય ભગવંત ડાલક્ષ અને વિચક્ષણા વ્યંતર COUPLE (જોડા) ની આગળ, અને સમસ્ત પર્ષદાની આગળ, કે શરીરમાંથી બહાર નીકળી એ સ્ત્રી, ભોગતૃષ્ણા એનું સ્પષ્ટ વર્ણન કરી રહ્યા છે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

---

## વ્યાખ્યાન નંબર - 93

DATE 30 10 2019

કાલજ્ઞ અને વિચક્ષણા બંને વ્યંતર મિથુનની પરનાવી થયી છે. એમના શરીરમાંથી લાલ અને કાળા પરમાણુ વાળી એક સ્ત્રી બહાર નીકળે છે. દૂર ઉભી રહે છે. એ કોણ છે એ પુછવામાં આવે છે ને, આચાર્ય ભગવંત જવાબ આપે છે.

તૃણકાષ્ઠૈર્યથા વહ્નિઃ, પયઃપુરૈર્યથોદધિઃ।

સમજવાનો પ્રયાસ કરવો છે કે ભોગતૃષ્ણા શું છે ?
નૈશ્ચયિક દ્રષ્ટિએ ભોગ-તૃષ્ણા એ જ ભોગ છે. ઓઘ-નિર્યુક્તિની અંદર શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી મહારાજ કહે છે, તમે શું કરો છો એ નિશ્ચય નયને જોવાનું જ નથી. તમે શું કરો છો એને સમજનું જ નથી. તમારા મનમાં શું રમે છે એનાથી જ એ તમને ઓળખે છે.

પરમરહસ્સમીસિણં સમત્તગણિપિડગઝરિયસારાણં।

જે ઋષિઓનું પરમ રહસ્ય છે, અને સમસ્ત દ્વાદશાંગીનો સાર જેમણે પામી લીધો છે. એમની જે માન્યતા છે, જે નિશ્ચય નય નું અવલંબન કરે છે, એવા ઋષિ-મુનિઓની જે માન્યતા છે. કઈ માન્યતા છે ?

પરિણામિયં પમાણં ણિચ્છયમવલંબમાણાણં॥

જે તમારું પરિણામ છે, જે તમારો અધ્યવસાય છે, જે તમારો વિચાર છે, એ પ્રમાણ છે. જેવી રીતે દહેરાસરની અંદર તમે ભગવાનની પૂજા કરો છો પણ, મનની અંદર સંસાર રમી રહ્યો છે. મનની અંદર ધંધાના વિચારો ચાલુ છે તો તમે પૂજા નથી કરતા તમે ધંધો કરો છો. જેવી રીતે તમે વ્યાખ્યાનમાં બેઠા છો પણ મનની અંદર વિજાતીય નું સ્મરણ છે, તો હકીકતમાં તમે પ્રવચન શ્રવણ નથી કરી રહ્યા, તમે એક પ્રકારના કામ-ભોગનું સેવન કરી રહ્યા છો. જેવી રીતે તમે સામાયિક લઈને બેઠા છો પણ મનની અંદર અલગ અલગ PLANNINGS ચાલી રહ્યા છે. કે આ વર્ષે - પરિવાર નું PLANNING બરાબર કઈ રીતે કરવું. દિકરાને કઈ રીતે આગળ વધારવો. કઈ રીતે દિકરીને આગળ - વધારવી. કઈ રીતે સમાજના વ્યવહારો ચલાવવા, કઈ રીતે

પ્રસંગો આરોપવા, અને આ જ બધા વિચારો ચાલી રહ્યા છે
તો તમે સામાયિક નથી કરી રહ્યા, તમે સંસારના વ્યવહારો
કરી રહ્યા છો. પ્રશ્ન કર્યો કે મે મનથી જ બધું છે તો
અમે મનથી જ ધર્મ કરી લઈએ. શરીરનો મે કોઈ અર્થ જ
નથી, શરીરથી શું કરવામાં આવે છે એનું મે કોઈ મુલ્ય જ
નથી, શરીરથી ચાહે અમે ગમે તે કરતા હોઈએ, મનથી
અમે મે પવિત્ર છીએ, મનથી અમે મે ધર્મમાં છીએ.
મનથી અમે મે સદાચારમાં છીએ, મનથી અમે મે
અધ્યાત્મમાં છીએ, અમારા આત્માને કોઈ જ નુકશાન
થવાનું નથી, તો પછી ધર્મ શરીરથી કરવાની શું જરૂર
છે ? અમે ધંધાની અંદર બેઠા હોઈએ ભગવાન ના
વિચાર કરશું, હેજીતી રીતે અમે ધંધો કરતા હશું,
વ્યવહાર થી અમારો ધંધો ચાલતો હશે, નિશ્ચય થી પૂજા
ચાલતી હશે. હેજીતી રીતે અમે કદાચ થિયેટરમાં હશું.
અમે પ્રવચનના પદાર્થો ને મનમાં ભાવતા હશું, હેજીતી
રીતે અમે કદાચ સિનેમા જોઈ રહ્યા છીએ, નિશ્ચયની
દ્રષ્ટિ એ અમે વ્યાખ્યાન સાંભળી રહ્યા છીએ. મે
પરિણામ જ પ્રમાણ છે, મે અધ્યવસાય જ પ્રમાણ છે,
મે વિચાર જ પ્રમાણ છે, તો બાહ્ય ધર્મ, વ્યવહાર,
ધાર્મિક ક્રિયાઓ, પ્રવૃત્તિઓ કરવાની જરૂર શું છે ?
પુષ્પમાલા ગ્રંથની અંદર મલધારી હેમચંદ્રસૂરી મહારાજ
આ સવાલ નો જવાબ આપે છે.

અણુમિત્તો પિ ણ કસ્સઇ બંધો પરવત્થુપચ્ચયા ભણિઓ।
પરવસ્તુથી, પરઘટના થી, પરવ્યવહારથી, પરપ્રવૃત્તિ થી
કોઈ પણ જીવને એક પરમાણુ જેટલો પણ કર્મનો બંધ
થતો નથી.

તહ વિ ય જયંતિ મુણિણો પરિણામવિસોહિમિચ્છંતા ॥
તો પણ મહાત્માઓ અનાયતનનો ત્યાગ કરે છે. જ્યાં
વિજાતીય હોય, બ્રહ્મચર્યની વાડો નો ભંગ હોય, જ્યાં
રાગ-દ્વેષ ના નિમિત્તો હોય, જ્યાં જીવ ચડળ-પડળ થઈ

જાય, એવી સંભાવના હોય. એવા સ્થાનોનું, એવી પ્રવૃત્તિઓનું, એવા બાહ્ય વ્યવહારોનો પણ આત્માથી પૂરો ત્યાગ કરે છે. શા માટે ત્યાગ કરે છે ? તો મલધારી હેમચંદ્ર સૂરી મહારાજ જવાબ આપે છે.

परिणामविसोहिमिच्छंता ।

કારણકે એમને પરિણામની વિશુદ્ધિ જોઈએ છે. જ્યાં સુધી પ્રવૃત્તિ સુધરી નથી, ત્યાં સુધી પરિણતિ સુધરે એ શક્ય જ નથી. જ્યાં સુધી પ્રવૃત્તિ મલિન છે, જ્યાં સુધી વ્યવહાર મલિન છે, જ્યાં સુધી વાતાવરણ મલિન છે, જ્યાં સુધી ચર્યા મલિન છે, જ્યાં સુધી ભવન મલિન છે, જ્યાં સુધી વચન મલિન છે, જ્યાં સુધી ચેષ્ટા મલિન છે, ત્યાં સુધી મન પવિત્ર બને, વિચાર, અધ્યવસાય, પરિણામ, અંતઃકરણ, આ પવિત્ર બને તે શક્ય જ નથી. મલધારી હેમચંદ્રસૂરીજી મહારાજ, પુષ્પમાલા ગ્રંથમાં કહે છે,

जो पुण हिंसाययणे सुवट्टइ तस्स णणु परिणामो ।

જે હિંસાયતનો માં વર્તે છે, એનું પરિણામ, એનો અધ્યવસાય

दुट्ठो ण य तं लिंगं होइ विसुद्धस्स जोगस्स ॥

એનો અધ્યવસાય દુષ્ટ જ છે, મલિન જ છે, ખરાબ જ છે, કારણકે એની આવી પ્રવૃત્તિ, એ વિશુદ્ધ પરિણામ નું લક્ષણ જ નથી. એક બાજુ નિશ્ચય નય કહે છે.

यावन्त आश्रवाः प्रोक्ता- स्तावन्तो हि परिश्रवाः ।

જેટલા આશ્રવ છે એટલા જ સંવર છે, મોક્ષના ઉપાય, એટલા જ સંસાર ના ઉપાય, જેટલા સંસારના ઉપાય એટલા જ મોક્ષ ના ઉપાય, જેટલા ઉપકરણ એટલા જ અધિકરણ, જેટલા અધિકરણ એટલા જ ઉપકરણ. નિશ્ચય કહે છે કે ક્યાંય એકાંત નથી. થિયેટરની અંદર પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ જાય, હજુ કદાચ શક્ય છે. દહેરાસરની અંદર પણ કદાચ સાતમી નરકનું આયુષ્ય બંધાઈ જાય, હજુ કદાચ શક્ય છે. અને વ્યવહાર નય કહે છે કે પ્રાય: કરીને જેવી તમારી પ્રવૃત્તિ છે એવી તમારી પરિણતિ રહેશે.

અરીસાભુવનની અંદર પણ કેવળજ્ઞાન થઈ જાય, જંગલની ચોરી ની અંદર પણ કેવળજ્ઞાન થઈ જાય. સિંહાસન પર બેઠા- બેઠા કેવળજ્ઞાન થઈ જાય, શક્ય છે પણ એવા જીવો બહુ જ RARE હોય, વિરલ હોય. એ.. એ બહુ જ જુજ ઉદાહરણ હોય ને, MAJORITY જીવો, એ કઈ રીતે આગળ વધે, કઈ રીતે આત્માનું કલ્યાણ કરે, તો વ્યવહાર નયના માર્ગે. આત્માનું કલ્યાણ કરે સવાસો ગાથા ના સ્તવન ની અંદર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

બહુ દલ દીસે જીવના, વ્યવહારે શિવ યોગ

વ્યવહારથી MAJORITY જીવો એ મોક્ષને પામનારા હોય છે અને જે રાજમાર્ગ છે, જે MAJORITY જીવોનો કલ્યાણ માર્ગ છે. જે આપણા માટે પણ પ્રાયઃ કરીને એક જ વિકલ્પ છે, એને છોડવો, એ કલ્યાણને છોડવા બરાબર જ છે. દેરાસરની અંદર શુભભાવ ન જ જાગે એવો કોઈ એકાંત નથી. પણ દેરાસરની અંદર પ્રાયઃ કરીને શુભ ભાવ જાગે, ભક્તિનો ભાવ જાગે, પવિત્રતા અનુભવાય, એ પ્રાયઃ કરીને બધાનો અનુભવ છે. છેવટે કામ તો ઉપાદાન થી થવાનું છે, નિમિત્ત એ નિમિત્ત માત્ર છે, ઈષ્ટોપદેશ ગ્રંથની અંદર, પૂજ્યપાદ સ્વામી મહારાજ કહે છે,

નિમિત્તમાત્રમન્યસ્તુ ગતેર્ધર્માસ્તિકાયવત્ ।

ધર્માસ્તિકાય, એ ગતિમાં સહાયક છે. ષડ્ દ્રવ્યમાંથી એક દ્રવ્ય ધર્માસ્તિકાય. સમગ્ર ચૌદ રાજલોકના, પ્રત્યેક આકાશ પ્રદેશે એક જુદું સ્વતંત્ર દ્રવ્ય રહેલું છે, જેનું નામ છે ધર્માસ્તિકાય ! આપણે જરાક પણ હલી શકીએ એનું કારણ ધર્માસ્તિકાય છે. સવાલ ક્યો કે જો ધર્માસ્તિકાય જો બધે જ છે, ધર્માસ્તિકાય જો ગતિમાં સહાય કરે, તો બધા જ જીવો ને પુદ્ગલો સતત હલતા જ રહેવા જોઈએ, કોઈ સ્થિર જ ના રહી શકે, એવું થઈ શકે ને ત્યાં જ્ઞાની ભગવંતો કહે છે, કે માછલીઓને

એ પાણીના કારણે ગતિ કરી શકે. પાણી ના હોય તો માછલી ગતિ ના કરી શકે. પણ પાણી જ છે એટલા માત્રથી બધી માછલીઓ ગતિ જ કર્યા કરે એવું ના થાય. જે માછલી ને ગતિ કરવી છે. એ ગતિનો પુરૂષાર્થ કરે, એમાં એને પાણી સહાય કરે છે. પાણી નથી તો માછલી એક તસુ જેટલું પણ હલી શકે એમ નથી. પાણી નથી તો માછલી એક સેન્ટીમીટરની પણ યાત્રા કરી શકે એમ નથી. પાણી છે તો માછલી યાત્રા કરી શકે છે, એ જેટલું સત્ય છે એટલું જ સત્ય એ છે કે પાણી કોઈ માછલીને ધક્કો મારીને, ખેંચીને, હડસેલી ને, પોતાના તરંગ ઉપર લઈને, આગળ પાણી હાલે અને પછી માછલી ગતી કરે આવું નથી. માછલી જ્યારે ગતિ કરશે, ત્યારે ધર્માસ્તિકાય, ના ઉદાહરણભુત પાણી એને સહાય કરશે.

જીવ અને પુદ્ગલ જ્યારે ગતિ કરશે, ત્યારે ધર્માસ્તિકાય એમને ગતિમાં સહાય કરશે. તમારે કે મારે ગતિ નથી કરવી તો ધર્માસ્તિકાય આપણને બિલકુલ FORCE (આગ્રહ) નથી કરવાનું, બિલકુલ પ્રેરણા નથી કરવાનું, બિલકુલ હડસેલો નથી મારવાનું, બિલકુલ ખેંચવાનું નથી, ધર્માસ્તિકાય એ ગતિમાં સહાય કરશે પણ, કોને કરશે ? (?) જે ગતિ કરે છે એને કરશે.

મોક્ષ પ્રાપક બધા જ નિમિત્તો ધર્માસ્તિકાય ના સ્થાને છે. આપણે મોક્ષ ની દિશામાં ગતિ કરવી છે, તો ગુરૂ આપણને સહાય કરશે, તો ભગવાન આપણને સહાય કરશે, તો દેરાસર આપણને સહાય કરશે, તો સામાયિક આપણને સહાય કરશે, તો ચરવળો, મુહપત્તિ, ઓઘો, ઉપકરણો, પાત્રા વગેરે આપણને સહાય કરશે. આપણે મોક્ષ તરફ ગતિ કરવી જ નથી, તો આખી દુનિયાના દેરાસરો, ઉપાશ્રયો, ક્રિયાઓ, ઉપકરણો, ગુરૂભગવંતો, પ્રવચનો, પ્રેરણાઓ, આ બધું જ ભેગું થઈ ને પણ, આપણે મોક્ષની દિશામાં એક સેન્ટીમીટર પણ યાત્રા કરાવી

શકે એ શક્ય નથી.

नाज्ञो विज्ञत्वमायाति, विज्ञो नाज्ञत्वमृच्छति।

અજ્ઞ, વિજ્ઞ નથી બની જતો, અને વિજ્ઞ, અજ્ઞ નથી બની જતો. શ્રાવક ભોટ છે, લાયકાત વગરનો છે, એ SCHOLAR નથી બની જતો. અને SCHOLAR હોય એ ભોટ નથી બની જતો. TEACHERS શું કરે છે, TRAINNERS શું કરે છે, COACH શું કરે છે, ગુરૂ શું કરે છે ?. એનામાં જે યોગ્યતા હતી એ યોગ્યતા ને બહાર લાવવાનો પ્રયાસ કરે છે.

व्यापारशतेनापि शुकवद् बकपाठनस्याशक्यत्वात्।

તમે સો પ્રયાસ કરો, છતાં તમે જે રીતે પોપટને બોલતા શીખવાડી શકો, એ રીતે તમે બગલાને નહીં શીખવાડી શકો. પોપટને પણ ન હતું આવડતું, બગલાને પણ ન હતું આવડતું. બંને ઉપર પ્રયાસ કરવામાં આવ્યો એક જ TRAINER હતો, એક જ એની SKILL હતી, એક જ એનું કૌશલ્ય હતું, પોપટ બોલતા શીખી જાય છે, બગલો બોલતા શીખતો જ નથી.

निमित्तमात्रमन्यस्तु, गतेर्धर्मास्तिकायवत्।

સમવસરણ એ જ છે, મહાવીરસ્વામી એ જ છે, બાર પર્ષદા એ જ છે, પાંત્રીસ વાણીના ગુણો એ જ છે, ભગવાનના અંતરમાં કેવળજ્ઞાન એ જ છે, બોલવાની જે ભાષા શ્રુતજ્ઞાન રૂપ એ જ છે. અને છતાં પણ - અભયકુમાર નું કલ્યાણ થઈ જાય છે. કાલસૌકરીક કસાઈ ત્યાં નો ત્યાં રહે છે. સાતમી નરકમાં જાય છે. એક પોપટ જેવો હતો. એક બગલા જેવો હતો. નિશ્ચય-નય કહે છે, છેવટે કાર્ય ઉપાદાન થી થશે. વ્યવહાર-નય કહે છે કે નિમિત્ત એ નિમિત્ત બને છે અને નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય છે. નિશ્ચય નય કહે છે, નિમિત્ત ગમે તેટલા હોય છે, છેવટે અનેકાંતિક હોય આવશે, નિમિત્ત વગર પણ કામ થઈ જાય છેને

નિમિત્ત હોય તો એ કામ નથી પતું. એટલે હું તો ઉપાદાન ને જ કારણ માનીશ. વ્યવહાર નય એ પણ જિનશાસન નથી, નિશ્ચય નય એ પણ જિનશાસન નથી. વ્યવહાર અને નિશ્ચય નો સમન્વય એ જિનશાસન છે. ઉપાદાન માત્રથી-કામ થઈ જાય, એવું પણ જિનશાસન નથી કહેતું. માત્ર-નિમિત્ત છે ને એનાથી કામ થઈ જશે, એવું પણ જિનશાસન નથી કહેતું. ઉપાદાન નો જ્યારે પરિપાક થાય છે, ત્યારે-નિમિત્ત એમાં લાગુ થાય છે. જેમ દવા લાગુ પડે એમ નિમિત્ત લાગુ થાય છે. અને જીવનું કલ્યાણ થાય છે.

સમજવાનો પ્રયાસ કરવો છે, ભોગ-તૃષ્ણાને!

નૈશ્ચયિક દ્રષ્ટિ એ ભોગતૃષ્ણા એ જ ભોગ છે. વ્યવહારની દ્રષ્ટિ એ, ભોગ પ્રવૃત્તિ એ ભોગ છે. જિનશાસનની દ્રષ્ટિએ ભોગતૃષ્ણા પૂર્વક કરેલો ભોગ, એ ભોગ છે. જ્ઞાનસારની અંદર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

મૂર્છાછન્નધિયાં સર્વં જગદેવ પરિગ્રહઃ।

ભિખારી છે ફૂટી કોડી પણ એની પાસે નથી. કશું જ નથી, મેલા ઘેલા કપડા છે, ફૂટપાથ છે, બે-ચાર એની પાસે મસોતા જેવા કપડા એ જ એનો પરિગ્રહ છે. તૂટલું-ફૂટલું ધપ્પણીયું એના હાથમાં છે. એંઠવાડ એની અંદર કોઈ નાખી જાય છે. એની ASSETS કહો, મિલકત કહો, શાનો એ આસામી? તો બીજો કોઈ જ ખ્યાલ નથી? મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે કે, એ ફૂટપાથ પર બેસેલા ભિખારી પાસે, કશું જ નથી ને છતાં પણ એનામાં મૂર્છા છે, મમત્વ છે, એષણા છે, તૃષ્ણા છે, તો આખી દુનિયા એનો પરિગ્રહ છે.

મૂર્છયા રહિતાનાં તુ જગદેવાપરિગ્રહઃ।

અને જેને મૂર્છા જ નથી, એમની માટે આખી દુનિયા એ જ અપરિગ્રહ છે. ધર્મ સંગ્રહણી નામનો ગ્રંથ. અને-હરિભદ્રસૂરી મહારાજ એ અનેકાનેક તત્ત્વો, આ ગ્રંથની-અંદર પીરસ્યા છે. અદ્ભુત ગ્રંથ. બહુ ઊંચી કક્ષાનો ગ્રંથ.

અને એની અંદર દિગમ્બર મતની પણ, અમુક ચર્ચા-
સમીક્ષા આવે છે. દિગમ્બરોની માન્યતા એ છે કે
કપડાનો જે પરિગ્રહ છે, એક રૂમાલ તમે રાખ્યો છે.
તો તમારો મોક્ષ નથી, કેવળજ્ઞાન નથી. પરિગ્રહ આવી
ગયો તમે સાધુ પણાથી ભ્રષ્ટ થઈ ગયા, તમારા મુળ
વ્રતનો, મહાવ્રતનો, મુલગુણનો ભંગ થઈ ગયો. તમે -
સંસારી બની ગયા, આ એક નાનકડો પણ પરિગ્રહ છે,
તો તમે નામના સાધુ છો. તમે સાધુ છો જ નહિ. જેમ
નટડો કોઈ પોતાને સાધુ ગણાવે તો એ સાધુ નથી એમ
એક નાનકડો પણ પરિગ્રહ આવ્યો તો તમે સાધુ નથી.

હરિભદ્ર સૂરી મહારાજ કહે છે કે આગમની
અંદર, વસ્ત્રૈષણા બતાડી, પાત્રૈષણા બતાડી, આગમની અંદર
સંયમ ઉપાધિનું વિધાન કર્યું જેનાથી સંયમ ઉપર ઉપકાર
થાય, જેનાથી સંયમ પાળી શકાય, જે કપડા નહિ હોય,
બધાનો એ શક્તિ ના હોય, ઠંડીને સહન ના કરી શકે,
મચ્છરને સહન ના કરી શકે, અને ઠંડીને ભગાડવા માટે
તાપણું કરવું પડે, વિરાધના થાય, એના કરતા મહાત્મા
પોતે નિર્દોષ વસ્ત્ર વહોરી લે, ને એ વસ્ત્ર પહેરે, ને એ
વસ્ત્ર દ્વારા, પોતે સમાધી થી આરાધના કરી શકે, તો
એ વસ્ત્ર કંઈ સંયમમાં બાધક ન થયું, પણ સાધક
થયું, એ સંયમમાં ઉપયોગી થયું, જે તમને સંયમમાં
અધિકરણ લાગે છે, જે હકિકતમાં ઉપકરણ છે. પાત્ર
તમારી પાસે નથી, તમારે એક ઘરે ગોચરી લઈ લેવી
પડશે, એ-ક ઘરે એકાસણું કરી લેવું પડશે. એક ઘરે
તમારા માટે દોષિત ગોચરી બનાવવી પડશે, કારણકે એ
ઘરની અંદર, તમે આખા જમી જાવ ને, એમને બીજું
બનાવવું ન પડે એવું પ્રાયઃ ન બને, તમારી પાસે એવું
કંઈક હોવું જોઈએ, જેથી તમે એક-એક ઘરે જઈ શકો,
એક-એક, બે-બે રોટલી વહોરી શકો, જેવો ત્યાં ભાવ,
જેવું ત્યાં દ્રવ્ય, અને નિર્દોષ તમે થોડું થોડું વહોરો,

તો તમારી એષણાસમિતિ સચવાય. આધાકર્મી ઉદ્દેશિત ગોચરી એનો તમે પરિહાર કરી શકો. નિર્દોષ ચર્યા તમે ચલાવી શકો. અને શાસ્ત્રકાર ભગવંતો સ્પષ્ટ કરે છે.

जिणसासणस्स मूलं भिक्खायरिया जिणेहिं पण्णत्ता।

જિનશાસનનું કોઈ મૂળ હોય તો એ ભિક્ષા ચર્યા છે.

इत्थं परितप्पमाणं तं जाणसु मंदसद्धियं ॥

જે એમાં સિદાય છે, જે એમાં પ્રમાદ કરે છે, જે એમાં શિથિલ બને છે, સમજી લો કે એની શ્રદ્ધા મંદ છે.

સભાનો પ્રશ્ન :- ગુરુમહારાજ આપે કહ્યું હમણાં કે, વસ્ત્ર છે એ સાધકને મદદ કરે, પણ એમાં LIMITATION છે, દાખલા તરીકે પૂજામાં સીવેલા વસ્ત્રો ન પહેરાય. પૂજા માત્ર ધોતિયા ને ખેસમાં જ કરવાની આવું બંધન કેમ આપે સાહેબ ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- પૂજા પ્રકરણની અંદર, પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજે આ સવાલ નો જવાબ આપ્યો છે.

खण्डिते सन्धिते छिन्ने, रक्ते रौद्रे च वाससि।

એ તમારું કપડું ખંડીત છે, એ તમારું કપડું સંધીત છે, એટલે કે સીવેલું છે. એ તમારું કપડું અપ્રશસ્ત રંગો વાળું છે, એ તમારું કપડું રૌદ્ર છે, ભયાનક લાગે એવું છે, તો શું થાય ?

दानपूजातपोहोम- सन्ध्यादि निष्फलं भवेत् ॥

તો તમારું દાન નિષ્ફળ થાય, તમારો તપ નિષ્ફળ થાય, તમારું આવશ્યક- પ્રતિક્રમણ વગેરે નિષ્ફળ થાય. કોઈ- વિશિષ્ટ પૂજનની અંદર, હવન કરવાનો હોય, હોમ કરવાનો હોય, અને તમારા કપડા એ અનુચિત છે, તો એ હોમ નિષ્ફળ થાય. બીજી પણ ધર્મ ચર્યા એ એવા કપડા થી નિષ્ફળ થાય. સાંધેલા કપડાની અંદર અજયણા થાય, એનું પડિલેહણ શક્ય નથી, એની અંદર એવા ભાવ જાગતા નથી, જે આપણો અનુભવ છે, અને માટે એવા ઉપકરણની

ના પાડી. અહીંયા જે સવાલ છે. જે વસ્ત્ર હોવા જોઈએ
કે ના હોવા જોઈએ, એ સવાલ છે. દિગમ્બર અને
વસ્ત્ર હોવા જ ના જોઈએ, અને ત્યાં જવાબ આપ્યો
કે ભાઈ. આ સંયમનું ઉપકરણ છે. જો વસ્ત્ર નહીં હોય,
તો સંયમ સાધવી નહીં શકાય, સંયમ સંભાળી નહીં
શકાય, જો પાત્રા નથી, તો વધારે લોચા-લાપસી થશે,
એના કરતા મહાત્મા પાત્રા રાખે, એનું પડિલેહણ કરે,
જરૂર પુરતા રાખે. બહુ મોંઘા ન રાખે. શાસ્ત્રની અંદર
બતાડ્યું કે પાત્રા, જે અમારે કયા વાપરવાના (?) ત્રણ
OPTION આપ્યા સ્થાનાંગ સુત્રની અંદર, પહેલા-
નંબરની અંદર લાકડાનું ચાલે, બીજા નંબરની અંદર
તુંબડાનું ચાલે, ત્રીજા નંબરની અંદર માટીનું ચાલે!
જો અમે STEEL (સ્ટીલ) ના પાત્રા રાખીએ, અમે
ધાતુના પાત્રા રાખીએ, તો અમને પ્રાયશ્ચિત આવે,
ચાંદીના પાત્રા રાખીએ, વધારે મોટું પ્રાયશ્ચિત આવે,
સોનાનું પાત્રું રાખીએ, વધારે મોટું પ્રાયશ્ચિત આવે,
રત્નનું પાત્રું રાખીએ, એના કરતા વધુ પ્રાયશ્ચિત આવે.
આખું ય પ્રાયશ્ચિત શાસ્ત્ર, એ આચાર શાસ્ત્રની
PARALLEL ચાલે છે, અને એની સાથે-સાથે
પરિણતિ શાસ્ત્ર એની PARALLEL ચાલે છે. એટલું
જડબેસલાક જિનશાસન, એટલું અદ્ભૂત જિનશાસન,
અમારા માટે કાયદા મુકી દીધા, આટલી કિંમતનું
કપડું વહોરાય, આટલી કિંમતનું પાત્રું વહોરાય, આટલી
કિંમતનું જે-જે ઉપકરણ, જે જે કાળે, જે-જે રીતે
વ્યાજબી હોય, એ અમને લેવાનું કહ્યું. એનાથી
ઉપર અમે જેમ જેમ આગળ વધીએ, એમ-એમ
અમને પ્રાયશ્ચિત બતાડ્યું, અને એની સાથે અમારી
પરિણતિ પણ જળવાય, એક બાજુ ઉપકરણ પણ હોય,
બીજુ બાજુ મમત્વ કે મુર્છા ન હોય. એને ભગવાને
કહ્યું,

મુચ્છા પરિગ્ગહો વુત્તો

મુર્છા એ પરિગ્રહ છે, માટે ધર્મોપકરણ રાખવા છતાં, સાધુ પરીગ્રહી બનતા નથી. ધર્મસંગ્રહણી ગ્રંથની અંદર હરિભદ્રસૂરી-મહારાજ કહે છે, તમે કહો કે સંયમ ઉપકરણ છે એવું - બધું કંઈ ચાલે નહિ, કશું ના હોય, તો જ સંયમ કહેવાય, તો જ અપરિગ્રહ કહેવાય, તો જ સાધુપણું કહેવાય, ચાલો માની લઈએ, પણ તમે એમને જવાબ આપો, તમે પીંછી કેમ રાખી છે. તમે એમને જવાબ આપો કે તમે કમંડલુ કેમ રાખ્યું છે. અને એ લોકો જવાબ આપે, કે આ મોરપીંછ અમે રાખી છે પુંજવા, પ્રમાર્જવા માટે, સંયમ માટે જરૂરી છે, તો હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે, તો પછી આ કદાગ્રહ છોડી દો ને, તો આ વસ્ત્ર પણ સંયમ માટે જરૂરી છે, અને પાત્ર પણ સંયમ માટે જરૂરી છે.

૨એક બાજુ તમે એમ કહો કે, સંયમમાં - ઉપયોગી થાય, હાથથી પ્રમાર્જવા જઈએ તો કીડી મરી જાય, માટે હાથથી આમ-આમ ના કરાય, પીંછીથી, કોમળ - વસ્તુથી કરાય. અને કોમળ વસ્તુથી તમે પ્રમાર્જો ને એ અપેક્ષા એ પીંછીનો પરિગ્રહ હોવા છતાં, તમે તમને સાધુ માનો છો, તમે તમને અપરિગ્રહી માનો છો, તો પછી આ વસ્ત્ર ને પાત્રનો પડીપાત શા માટે ? આવો કદાગ્રહ શા માટે ? અમે નથી કહેતા અમારું માની લો. અમે નથી કહેતા કે તમે અમારામાં ભળી જાવ. અમે નથી કહેતા કે અમે જ સાચા ને તમે ખોટા, અમે તો એમ કહીએ છીએ ખુલ્લા દિલે વિચારો. તમે એમ માનતા હો કે હાથમાં વાપરો એટલે તમે બહુ ઊંચા, પણ એ હાથમાં વાપરવાની સાથે વિરાધના કેટલી, કેટલા પાત્રા નીચે રાખવાના, બીજા ગૃહસ્થોએ એમના પાત્રો રાખવા પડે, એમના વાસણ વગેરે રાખવા પડે, એમણે પણ તમારી સાથે એકાસણામાં બેસવું પડે. એમણે બધું તમારા માટે મુકવા જવું પડે, એમણે બધું લુંછવું પડે, ઢોળાય, કરાય, ધુવો આવે, અને બધી વિરાધના કોના માથે ?

classmate

ઘરે ઘરે જઈને જે એષણા સમિતિ દ્વારા, નિર્દોષ ગોચરી વહોરી શકાય ને, એષણા સમિતિ તમે પણ પ્રમાણો જ છો, તો પછી તમે પોતે જ વિચારો કે, આરીતે તમારી એષણા સમિતિ સચવાય છે ખરી ?, શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

માઇજ્જ ઘડસહસ્સા, અહવા માઇજ્જ સાગરા સવ્વે,
હજારો ઘડાઓ હાથમાં ઠાલવી દો તો એ સમાઈ જાય, અરે બધા દરિયાના પાણી ઠાલવી દો તો એ સમાઈ જાય,

જસ્સેરિસા લદ્ધી, કરપત્તિઓ હવઇ સો ૩ ॥
જેની આવી લબ્ધિ હોય, એ કરપાત્રી બને. ભગવાન કરપાત્રી છે માટે આપણે પણ કરપાત્રી બનવાનું આવું નથી કરવાનું. ભગવાને આપણી યોગ્યતા જોઈને આપણને શું ઉપદેશ આપ્યો એ આપણે કરવાનું. ભગવાનની - લબ્ધિ છે, ભગવાનની શક્તિ છે, જે ઓછું, વત્તું મળે, એમાં ભગવાનનો નિર્વાહ થઈ જાય, અને ભગવાનનું પુણ્ય એવું છે કે એમને એક જગ્યાએ એટલું મળતું પણ હોય, હવે જ્યારે એવું કશું જ નથી. જ્યારે PURE નજર સામે દેખાય, આધાકર્મી ગોચરી, આપણા માટે બનાવેલી ગોચરી, આપણા માટે કરેલી તૈયારી, આપણા માટે બધા ગોઠવેલા વાસણો, આપણા નામે બધી ઠોળાતી વસ્તુઓ, અને એની પાછળની બધી જ વિરાધના, તો આમાં તો સંયમ કઈ રીતે સચવાય ?, હરિભદ્રસૂરી મહારાજ કહે છે, તમારો જે આગ્રહ છે, કે કપડા ન હોય, તો જ સાધુતા. એટલે સંયમની ભાવના છે, સંયમની પરિણતિ છે, સંયમની ચર્યા છે, અને બધું હોવા છતાં અમે સાધુ નહિ, બસ કપડા છોડો, તો સાધુતા. એટલે સાધુતા નું માપદંડ, સાધુતા નું લક્ષણ, સાધુતા નું ઓળખ ચિહ્ન આ જ રહ્યું કે કપડા ના હોવા જોઈએ. તો પછી તમારે ગાય, ભેંસને

classmate

પણ સાધુ માનવા પડશે. કુતરા, બિલાડાને પણ સાધુ માનવા પડશે. કબુતર, પોપટ, સમડી, ગીધ, આ બધાને પણ સાધુ માનવા પડશે, કારણકે એમની પાસે કપડા નથી, તમે એ કહો કે ના એમ નહી, સંયમની પરિણતિ જોઈએ, સંયમના આચાર જોઈએ, સંયમ ચર્યા જોઈએ, અને કપડા ના હોય તો એ સાધુ, તો પછી આ કપડાનો મુદ્દો છોડી દોને! સંયમની પરિણતિ ને સંયમના આચાર, એની જ વાત કરો. એવો ન્યાય છે,

સવિશેષણે હિ વિધિનિષેધૌ વિશેષણમુપસઙ્ક્રમતઃ।

જ્યારે સવિશેષણ કોઈ વિધિ નિષેધ કરવામાં આવ્યા, ત્યારે મહત્વ વિશેષ્ય નું નથી પણું, વિશેષણ નું થાય છે. લાલ કપડા વાળી વ્યક્તિ એ અહીં ન આવવું, આવું કોઈ કહે, તો એમાં વ્યક્તિ નો નિષેધ નથી, લાલ કપડાનો નિષેધ છે. બરાબર એ જ રીતે, સંયમ ચર્યા ને સંયમ પરીણતિ સાથે, વસ્ત્ર વગર કોય હોય તો એ સાધુ, ત્યાં વસ્ત્રો હોવા ન હોવાનું મહત્વ નથી રહેતું, પણ સંયમ ચર્યા કે સંયમ પરિણતિ છે કે નહિ, આનું મહત્વ રહે છે. હરિભદ્ર સૂરિ મહારાજ કહે છે,

મિચ્છત્તે અન્નાણે અવિરઇભાવે ય અપરિચત્તમ્મિ।

જ્યારે તમે હજુ મિથ્યાત્વ નથી છોડ્યું, હજુ તમને ભગવાને કહેલા શાસ્ત્રો, આગમો, વચનો, એના પ્રત્યેની શ્રધ્ધા નથી, ત્યાં સુધી મિથ્યાત્વ છે. જ્યાં સુધી મિથ્યાત્વ નથી છોડ્યું, જ્યાં સુધી અજ્ઞાન નથી છોડ્યું, જ્યાં સુધી અવિરતિ નો ભાવ નથી છોડ્યો, આ તો સંસારી થઈ ગયા, એક ગૃહસ્થ માટે ય રસોઈ બને ને, તમારા માટે ય રસોઈ બને તો ગૃહસ્થ ને તમારામાં ફરક જ શું રહ્યો?

વત્થસ્સ પરિચ્ચાગો પરલોએ કં ગુણં કુણઇ?॥

જ્યારે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ ભાવ છોડ્યો નથી, અને માત્ર વસ્ત્ર જ છોડ્યું છે, તો એનાથી પરલોક માં તમારા આત્મા ને શું લાભ થશે? હરિભદ્ર સૂરી મહારાજ

classmate

ધર્મસંગ્રહણી ગ્રંથની અંદર એક ઘટનાનું વર્ણન કરે છે,
મહાત્મા છે, દિક્ષા લીધી છે, એક પછી એક પૂર્વ -
ભણતા જાય છે, પહેલું પૂર્વ, બીજું પૂર્વ, ત્રીજું પૂર્વ,
ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠમું, નવમું, અને
સાડા નવ પૂર્વનો અભ્યાસ મહાત્માને થઈ ગયો છે,
સંયમની ઉંચી ઉંચી ભાવના છે, ઉંચો ઉંચો ઉમંગ છે,
ઉંચો ઉંચો ઉલ્લાસ છે ને એક દિવસ ગુરુદેવને વંદન
કરીને કહે છે, ગુરુદેવ ! આપની રજા હોય તો હું
એકાકી વિહાર પ્રતિમાનો સ્વીકાર કરું ?, ગચ્છ થી
અલગ થવાનું, વિશિષ્ટ અભિગ્રહો ને ધારણ કરવાના,
જિનકલ્પી ની કક્ષાના ચારિત્ર નું પાલન કરવાનું, કષ્ટો,
ઉપસર્ગો, પરિસહો, ને હસતા મોઢે સહન કરવાના,
એકલા વિચરવાનું, સૂર્યાસ્ત જ્યાં થયો ત્યાં રોકાઈ
જવાનું. જંગલ હોય, વગડો હોય, સ્મશાન હોય, એક
રૂંવાડું એ મહાત્મા નું ફરકે નહિ ને ગુરુ એ જોયું, કે આ
અભિગ્રહને ધારણ કરવા, એનો નિર્વાહ કરવા, અને -
એમાંથી નિસ્તાર પામવા, મહાત્મા સક્ષમ છે. સદ્ગુરુ
શિષ્યને આશિર્વાદ આપે છે, રજા આપે છે, અનુમતિ
આપે છે. શિષ્ય એકાકી વિહાર પ્રતિમા નું ગ્રહણ કરે છે,
વિચરી રહ્યા છે___ વિચરી રહ્યા છે___ વિચરી રહ્યા છે___
ઉંચા ઉંચા સંયમ સ્થાનોની એ મહાત્મા સ્પર્શના કરી
રહ્યા છે, ઓર ઉંચે___ ઓર ઉંચે___ ઓર ઉંચે__ ઓર
ઉંચે___ ઓર ઉંચે, જંગલની અંદર મહાત્મા કાઉસગ્ગમાં
ઉભા છે, દેવ આવે છે ને દેવ જુએ છે, કે આ મહાત્મા
કેવળજ્ઞાન પામી જશે, મોક્ષે જતા રહેશે ને આવું તો ના
પાલવે ને, મિથ્યાત્વી એ દેવ, અને મહાત્મા ઉપર -
ઉપસર્ગો અને પરિષહોની ઝડીઓ વરસાવે છે. ભયાનક
હાથી નું રૂપ લે છે ને મહાત્માને સૂંઢ માં લઈને પછાડે
છે, ને એક રૂંવાડા ની અંદર પણ કોઈ ફેરફાર નહી,
મનની અંદર કોઈ ઉચાટ નહીં, કોઈ ભય નહીં, કોઈ

classmate

ગભરાટ નહીં. શું થશે મરી જઈશ, હમણાં આયું ફૂટી જશે, હાય મરી જઈશ, આવો કોઈ વિચાર મહાત્મા ને સ્પર્શતો નથી. એક પછી એક ઉપસર્ગ પેલો દેવ કરે જાય છે... કરે જાય છે... કરે જાય છે, મહાત્મા પાસ થતા જાય છે... થતા જાય છે... થતા જાય છે, અને દેવ વિચારે છે કે આ મહાત્મા નો વૈરાગ્ય એવો છે, જેમની નિસ્પૃહતા એવી છે, જેમની દશા એવી છે, આટલા કષ્ટો આપ્યા, બિલકુલ હલ્યા નથી. એમ કરીએ એમને અનુકૂળ ઉપસર્ગો કરીએ. અનુકૂળ ઉપસર્ગો શરૂ થાય છે. સેંકડો અપ્સરાઓને વિકુર્વે છે ને ચારે બાજુ અપ્સરાઓ નૃત્ય કરી રહી છે, છ ઋતુમાં જે શ્રેષ્ઠ કહેવાય, એ વસંત ઋતુ નો આખો માહોલ ખડો કરી દીધો છે. વનરાજી ખીલી ઉઠી છે, ધીમો ધીમો સુગંધી પવન વાઈ રહ્યો છે, માદક સંગીત રેલાઈ રહ્યું છે, અપ્સરાઓનું નૃત્ય છે ને પરાકાષ્ઠાએ પહોંચ્યું છે, પત્થર પણ પાણી થઈ જાય એવું આખું વાતાવરણ છે, અને મહાત્માનો જે વૈરાગ્ય, એ સતત ને સતત વધી રહ્યો છે ને મહાત્મા ક્યાંય લેપાતા જ નથી. દેવ હવે પોતાના ઉપસર્ગો ને આગળ વધારે છે ને, અનુકૂળ ઉપસર્ગોની શ્રેણીની અંદર, મહાત્માના શરીરે જે ઘા હતા એ ઘા બધા ભરી દે છે, મહાત્માના શરીરે જે મેલ હતો એ મેલ બધો સાફ કરી નાખે છે, હવે આગળ વધીને મહાત્માને જરીયન જામા પોતે પહેરાવી દે છે. મહાત્મા કાઉસગ્ગમાં છે. અભિગ્રહ ની અંદર છે. જરાય હલવાનું નથી મહાત્માએ ને જરીયન જામા પહેરાવી દે છે ને સોનાના તાર વાળા વસ્ત્રો છે ને અંદર હીરા જડેલા છે, મોંઘો... મોંઘો... એટલો મોંઘો કે આખું રાજ્ય આપી દઈએ, તો એ એ DRESS (પોશાક) ને ખરીદી ના શકાય, એવો DRESS છે. દુનિયાની અંદર ક્યાંય ન મળે એવો એ DRESS છે. હવે આગળ વધે છે દેવ, એ મહાત્માના કાનની અંદર દિવ્ય-રત્ન વાળા કુંડલ પહેરાવી દે છે. એમના ગળાની અંદર હાર, સાત સેરો હાર, દસ સેરો હાર, બાર સેરો હાર, પંદર સેરો

હાર, સેનર સેરો હાર, આખી છાતી મહાત્માની એ અદ્ભૂત હારોથી જેની અંદર હીરા છે, જેની અંદર રત્નો છે, જેની અંદર મુલ્યવાન મણીઓ છે, એવા હારોથી મહાત્માની આખી છાતી ભરાય જાય છે. વીર વલય છે, બાજુબંધ છે, મુગટ છે, બધી આંગળીઓની અંદર વીંટીઓ છે, આજે આખા મહાત્મા, જેમ લાગે કે સોના, ચાંદી, હીરા, મોતી, અને ઘરેણાંઓથી આજે આખા લદાઈ ગયા છે. અને એ સ્થિતિની અંદર હૈયે એમના મનને પુછે છે, મહાત્મા ઉંચા-ઉંચા સંયમ સ્થાનની સ્પર્શના કરી રહ્યા છે. ગુણ શ્રેણી પર આરોહણ કરે છે, ગુણસ્થાનકથી હજુ ઉંચે... હજુ ઉંચે... હજુ ઉંચે... આઠમા ગુણસ્થાનકે ક્ષપક શ્રેણિ ઉપર આરોહણ કરે છે, હજુ આગળ વધીને એ જ દશાની અંદર, એ જ જરીયન-જામા ની અંદર, એ મુગટ એ બાજુ વલય, એ વીર વલય, એ વીંટીઓ એ હારો, અને આ બધાની સાથે મહાત્મા કેવળજ્ઞાન ને પામે છે.

અધ્યાત્મ સારની અંદર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

स्वरूपेण च वस्त्रं चेत् केवलज्ञानबाधकम् ।

જો તમે એમ કહેવા માંગો છો કે, સ્વરૂપથી વસ્ત્ર એ જ કેવળજ્ઞાનનું બાધક છે, તો પછી આઠ કર્મમાં એક વસ્ત્રાવરણીય આવું પણ એક કર્મ હોવું જોઈએ. આવું તો કોઈ કર્મ બતાવ્યું નથી. જ્ઞાનાવરણીય કર્મમાં, કેવલજ્ઞાનાવરણીય કર્મની અંદર, વસ્ત્ર ના કારણે એ જ્ઞાન અટકી જાય, આવું શા માટે કોઈ આગમમાં બતાવ્યું નથી. અને મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, દિગમ્બરો ને બીજો પ્રશ્ન કરે છે.

इत्थं केवलिनस्तेन मूर्ध्नि क्षिमेन केनचित् ।

કેવળજ્ઞાની ભગવાન છે ને કેવળજ્ઞાની ભગવાન, કેવલી ની પર્ષદા ની અંદર બેઠા છે, સમવસરણ ની અંદર

કોઈ વ્યક્તિ આવે છે, કોઈપણ કારણસર એ ગાંડો છે, ડાહ્યો છે, બીજા દર્શનનો, સ્વ-દર્શનનો કોઈપણ કારણસર, એક કપડું લઈને આવ્યો છે. વ્યક્તિ માટે, ઉપસર્ગ માટે, ટીખળ માટે, કોઈપણ કારણસર, એ એક કેવળજ્ઞાનીના માથે કપડું નાખી દે છે ને, એવું નાખે.

केवलित्वं पत्कायेलेत्यहो किमसमञ्जसम्? ।

અને એમનું કેવળજ્ઞાન ત્યાંથી ભાગી જાય, પલાયન થઈ જાય. અરે કપડું આવ્યું, ભાગી જહોંયાથી, શું આવું થશે? હરિભદ્રસૂરી મહારાજ કહે છે, આજ સુધીમાં એવા અનંત-મહાત્માઓ થઈ ગયા, જેમને એવા ઉપસર્ગો થયા, વસ્ત્રો અને અલંકારોથી એમને અલંકૃત કરવામાં આવ્યા, અને જે દશાની અંદર, ભાવધારામાં આગળ વધીને એમણે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી.

સભાનો પ્રશ્ન :- ભગવંત! એમની પરંપરામાં જે ચોવીસ તીર્થંકરના મહાત્માઓને પણ વસ્ત્ર નહતા. કારણકે આપણામાં તો એવું આવે છે કે, અલગ અલગ-પ્રકારના વસ્ત્રોથી અલંકૃત મહાત્માઓ!

પૂજ્ય શ્રીનો ઉત્તર :- આવશ્યક નિર્યુક્તિ આગમની અંદર, શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી મહારાજએ, આ સવાલનો જવાબ આપ્યો છે.

एगं देवदूसमादाय

ચોવીસે તીર્થંકરો એ એક દેવદુષ્યનો સ્વીકાર કરીને દીક્ષા લીધી હતી. ઉત્તરાધ્યયન સુત્રની અંદર, ગૌતમસ્વામીનુ અને કેશી સ્વામીના સંવાદની અંદર, આ પ્રશ્નનો જવાબ-આપ્યો છે,

अचेलगो य जो धम्मो जो इमो संतरुत्तरो

મહાવીર સ્વામી ભગવાન, એમના શાસનના સાધુઓ, જુર્ણ, તુચ્છ, સસ્તા, એવા વસ્ત્રને પહેરવા વાળા હોય. પાર્શ્વનાથ ભગવાનના સાધુઓ, એ રૂજુ અને પ્રાજ્ઞ હોય, વિવેકથી પહેરી શકે, વિવેકથી વાપરી શકે, એટલે એમને કલરીંગ

વસ્ત્ર પણ એ મળતું હોય, જે કે નિર્દોષ મળે, એને ગ્રહણ કરે. કપડા આચારાંગ સુત્રમાં છે, કપડા ઠાણાંગ સુત્રમાં છે, કપડા સુત્રકૃતાંગ આગમમાં છે, કપડા ભગવતી સુત્રમાં છે, અનેકાનેક આગમોની અંદર જુદી-જુદી રીતે કપડાનું વિધાન છે. છેદ સુત્રોની અંદર, આચારાંગ સુત્ર ની અંદર, દસવૈકાલિક આગમની અંદર, કઈ રીતે વસ્ત્ર વહોરવા, કઈ રીતે પાત્ર વહોરવા, એનું વિધાન છે. અધ્યાત્મમત પરીક્ષા, યુક્તિ પ્રબોધ, અધ્યાત્મસાર, ધર્મસંગ્રહણી, સંમતિતર્કની ટીકા, વગેરે વગેરે ગ્રંથોની અંદર ઉપધિનું સ્પષ્ટ પ્રતિપાદન છે. શાસ્ત્રીય રીતે તાર્કિક રીતે, અનુભવ સિદ્ધ રીતે, જે ધોગેવાન ઉમળાં કરી, એ દિશાની ઘણી બધી વાત આ શાસ્ત્રોમાં કરેલી છે. હજુ આગળ વધીને દિગમ્બર મત ના ગ્રંથો, સમયસાર, પ્રવચનસાર, ભગવતી આરાધના, મુલાચાર, વગેરે એમના ગ્રંથોની અંદર પણ ઉપધીના નિર્દેશો છે. વસ્ત્ર કે ઉપકરણોના નિર્દેશો છે, અને એમના ગ્રંથો દ્વારા પણ, એવું સિદ્ધ કરી શકાય છે, કે શ્વેતાં-બર મત, એ પ્રાચીન છે. એ સાચો છે. અને ભગવાનના મૂળ માર્ગની અંદર, ઉપધિ, વસ્ત્ર, અને પાત્ર હતા જ.

હરિભદ્રસૂરી મહારાજ, છેલ્લી વાત દિગમ્બર મત ને કહેવા માંગે છે, કદાગ્રહ છે તો મિથ્યાત્વ છે. ખુલ્લા દીલે સત્યને સ્વીકારવાની ભૂમિકા છે, તો - સમ્યકત્વ છે. તમે પહેલા કપડું નથી એ માની લીધું, હવે સ્ત્રી કપડા વગર ના રહી શકે, એટલે તમે માની લીધું કે સાધ્વી સંઘ જ નથી, તમે ત્રિવિધ સંઘ માની લીધો. એ દીક્ષા ન લઈ શકે, એટલે એને મોક્ષ નથી, એટલે સ્ત્રીને મોક્ષ નથી એવું માની લીધું. અને મોક્ષ નથી એવું માન્યું એટલે મરુદેવા માતાથી, માંડીને - ચંદનબાળા સુધીના, જે મોક્ષગામી સ્ત્રી મહાત્મા ઓ હતા,

એમનો તમે નિષેધ કર્યો, આગળ વધીને મલ્લિનાથ ભગવાન જે પુરુષ હતા આ BASE ઉપર તમે આવ્યા. પાત્ર તમે ના માન્યા ને કેવળજ્ઞાન પછી તીર્થંકર ગોચરી જતા નથી, બીજા મહાત્મા એમની ગોચરી લાવે, પાત્રમાં જે તમને ફાવે નહિ, એટલે તમે માની લીધું કે કેવળજ્ઞાન પછી તીર્થંકરો ગોચરી વાપરે જ નહિ. અને પરિણામે મહાવીર સ્વામી-ભગવાનનો ત્રીસ વર્ષનો કેવળી પર્યાય, આદિનાથ ભગવાનનો એક હજાર વર્ષ ન્યુન એક લાખ પુર્વ નો કેવલજ્ઞાનો પર્યાય, સીત્તેર હજાર પાંચસો સાઈઠ અબજ વર્ષ ગુણ્યા એક લાખ ઓછા એક હજાર વર્ષ, આટલો સમય આદીનાથ ભગવાન ખાધા-પીધા વગર રહ્યા, આ તમે ક્યાંને ક્યાં પહોંચી ગયા. એક જુઠને સાચવવા માટે, બીજા સો જુઠ બોલવા પડે, આવો ઘાટ ઘડાયો, ખુલ્લા દિલે વિચાર કરો. કદાગ્રહ-છોડીને વિચાર કરો, તો તમને સમજાશે કે સત્ય શું છે! કદાગ્રહી આત્મા, નિશ્ચયનયનો પણ એકાંત કરે, ભોગ-તૃષ્ણા છોડો, રાગ-દ્વેષ છોડો, ઘર બરાબર છે, સંસાર બરાબર છે, ભોગો બરાબર છે, પત્ની બરાબર છે, દિકરો બરાબર છે, ધંધો બરાબર છે, રાગ-દ્વેષ છોડો દો, આ પણ ઘોર મિથ્યાત્વ છે, આ પણ ઘોર અજ્ઞાન છે. આ પણ ઉત્સુત્ર પ્રરૂપણા છે, આ પણ આગમ વિરૂદ્ધ પ્રરૂપણા છે. ભગવાન કહે છે, રાગ-દ્વેષ પણ છોડો, અને રાગ-દ્વેષના નિમિત્તો પણ છોડો.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પ્રતિબોધક-આચાર્ય ના મુખે, અદ્ભુત વર્ણન, ભોગ-તૃષ્ણાનું કરી રહ્યા છે. હજુ તો શરૂઆત છે, અદ્ભુત શ્લોકો એક પછી એક શ્લોકો સિદ્ધર્ષિ ગણિ મહારાજ રજુ કરે છે, ભોગ-તૃષ્ણાને ખરા અર્થમાં છોડીએ, અને આપણા આત્માનું કલ્યાણ કરીએ એવી ભાવના સાથે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

* * * *

## ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

## વ્યાખ્યાન નંબર - 94

DATE 02 11 2019

પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા, પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, એના ત્રીજા પ્રસ્તાવ ની અંદર, બાલ અને મનિષી ની કથાની અંદર, અવાંતર કામણ અને વિચક્ષણા આ વ્યંતર કપલ (COUPLE) ની વાત રજુ કરી રહ્યા છે. બંને બીજું રૂપ ધારણ કરે છે, એક દંપતિ ને છેતરે છે, રાજા વગેરે ને છેતરે છે, પ્રતિબોધક આચાર્ય આવ્યા છે, અને એમની દેશના સાંભળીને બંનેને પશ્ચાતાપ થાય છે. સમ્યક્દર્શન નું પરિણામ પ્રગટ થાય છે. આચાર્ય ભગવંતની આગળ પોતાનો બળાપો રજુ કરે છે. બંને ના શરીર માંથી ભોગતૃષ્ણા નામની સ્ત્રી બહાર નીકળીને, દૂર જઈને રાહ જોઈ રહી છે ને આચાર્ય ભગવંત એનો પરિચય આપી રહ્યા છે. ભોગતૃષ્ણા શું છે એ સમજવાનો પ્રયાસ કરવો છે. ઉપનિષદો કહે છે.

યત્ર યત્ર ભવેત્તૃષ્ણા સંસારં વિદ્ધિ તત્ર વૈ ।

જ્યાં તમને તૃષ્ણા, એ તમારો સંસાર! તમને ચા ની ટેવ છે. ચા વગર નથી ચાલતું, તો ચા ની તૃષ્ણા છે, સમજુ લો "ચા" તમારો સંસાર છે. બીજું બધું જ છુટે પણ ઓફિસ ના છુટે. સમજુ લો એ તમારો સંસાર છે. બીજો બધો જ મોહ છોડવા તમે તૈયાર છો. DRY FRUIT છોડવા તૈયાર છો, વિગઈ નો મોહ છોડવા તૈયાર છો, આયંબીલ કરવા તૈયાર છો, તમે બધો જ ભોગ આપવા તૈયાર છો, ફક્ત તમને એક પૌત્ર નો મોહ છે, એ તમને છુટતો નથી, સમજુ લો એજ તમારો સંસાર છે. પૈસાનો મોહ છોડી શકીએ પણ દિકરાનો મોહ છોડી ના શકીએ ત્યારે સમજુ લોકે દિકરો એ જ તમારા પૈસા છે. વિગઈ નો મોહ છોડી શકો પણ પૌત્રા નો મોહ છોડી ના શકો તો સમજુ લોકે એજ તમારી વિગઈ છે. સત્તા નો મોહ છોડી શકો પણ

પત્ની નો મોહ ના છોડી શકો, તો સમજુ લો પત્ની એ જ તમારી સત્તા છે.

યત્ર યત્ર ભવેત્તૃષ્ણા સંસારં વિદ્ધિ તત્ર વૈ ।

સાતમી નરકમાં જવા માટે જરૂરી નથી કે, મમ્મણ જેવી સંપત્તિ તમારી પાસે હોય. એક તમારો DRESS છે, એક તમારું આભુષણ છે, એક તમારી વસ્તુ છે, એક તમારું ઘર છે, ને એના ઉપર પણ તમને ગરમી મુર્છા હોય તો એ મુર્છા પણ તમને સાતમી નરકે લઈ જવા માટે સક્ષમ છે. જે તમને ગમે છે, એ જ તમારો સંસાર છે. જે તમને ગમે છે એ જ તમારા ભવભ્રમણનું મૂળ છે. જે તમને ગમે છે એજ તમારા નરક નો રસ્તો છે. જે તમને ગમે છે એજ તમારી નિગોદની જેલનો PASSPORT છે ! જે તમને ગમે છે એ જ તમારા માટે ચોર્યાસી લાખ યોનિ છે. જે તમને ગમે છે એ જ તમારા માટે હળાહળ ઝેર છે. જે તમને ગમે છે એ જ તમારા માટે ભયાનક ફાંસો છે, જે તમને ગમે છે એ જ તમારા MURDER (હત્યા) નું મૂળ છે. તમને જે ગમે છે એ જ તમારા માટે દુનિયાની મોટી મોટી હોનારત છે. પૂજ્યપાદ સ્વામી સમાધિતંત્ર ગ્રંથમાં કહે છે,

મૂઢાઽઽત્મા યત્ર વિશ્વસ્ત- સ્તતો નાન્યદ્ ભયાસ્પદમ્ ॥

મુઢ આત્મા, મોહાધીન આત્મા, એ જ્યાં વિશ્વસ્ત છે, એને જે બહુ જ ગમે છે, જેના વગર એને ચાલતું નથી, જેનો મોહ એને સતાવે છે, એના કરતા વધારે ભયંકર, એની માટે બીજું કશું જ નથી.

યતો ભીતસ્તતો નાન્ય- દ્ભયં સ્થાનમાત્મન: ॥

જીવ ને ડર શાનો લાગે છે ? વૈરાગ્ય ની વાત આવે, સંસાર છોડવાની વાત આવે, અને ગભરાટ થાય કે સંસાર કઈ રીતે છુટી શકે. પત્ની કઈ રીતે છુટી શકે, આ દિકરો કઈ રીતે છુટી શકે, આ ઘર કઈ રીતે છુટી શકે, જે ત્યાગથી ડરે છે, વૈરાગ્ય થી ડરે છે, સંયમથી ડરે છે, એ સદ્ગુરુથી ડરે છે, એ સમર્પણ થી ડરે છે, જે સાધનાથી ડરે છે, પૂજ્યપાદ

સ્વામી સમાધિતંત્ર ગ્રંથમાં કહે છે કે, મુઢ આત્મા એ જેનાથી ડરે છે. એ જ એના માટે શરણ હોય છે. એ જ એના માટે અભય સ્થાન હોય છે. એજ એના માટે સર્વસ્વ હોય છે. એ જ એના માટે ઉપાદેય હોય છે. ભોગતૃષ્ણા એનું વર્ણન કરતાં પ્રતિબોધક આચાર્ય આગળ વધે છે.

તૃણકાષ્ઠૈર્યથા વહ્નિ:, પય:પુરૈર્યથોદધિ:।

જે રીતે અગ્નિ છે, એ ઘાસ, લાકડા, વગેરે ઈંધણ એમાં ગમે તેટલું નાખો, એ શાંત ના થાય, એ ધરાય નહિ, એ તૃપ્ત ન થાય. દરિયાની અંદર કેટલી એ નદીઓ પોતાનું પાણી ઠાલવ્યા જ કરે... ઠાલવ્યા જ કરે... ઠાલવ્યા જ કરે... અને દરિયો કદી ધરાય જ નહિ!

તથા ન તૃપ્યત્યેષાઽપિ, ભોગૈશ્સેવિતૈરપિ॥

બરાબર એ જ રીતે ભોગતૃષ્ણા પણ એ. તેટલા ભોગવો, એનું સેવન તમે કર્યા કરો... કર્યા કરો... કર્યા કરો, અને છતાં પણ એ ભોગતૃષ્ણા શાંત થાય જ નહિ. હૃદય પ્રદીપ ષટ્ત્રિંશિકા ની અંદર, પ્રાચીન પરમર્ષિ કહે છે,

ક્ષુધાતૃષાકામવિકારરોષ - હેતુશ્ચ તદ્ ભેષજવદ્ વદન્તિ।

આખી દુનિયાનો વહીવટ હૃદય પ્રદીપ ના એક શ્લોકની અંદર કરેલો છે. દુનિયા એમ માને છે કે ભુખ લાગી તો ખાઈ લો, તરસ લાગી છે પીલો, કામ-વિકાર થયો છે, ભોગો ને ભોગવી લો. ગુસ્સો આવ્યો છે ખખડાવી નાખો સામી વ્યક્તિ ને, માણસ ને લાગે છે કે ભોજન એ ભુખ ની દવા છે, માણસને એમ લાગે છે કે પાણી એ તરસની દવા છે, માણસને એમ લાગે છે કે ભોગ એ કામ-વિકાર ની દવા છે, માણસ ને લાગે છે કે ખખડાવી નાખવું એ ક્રોધની દવા છે.

હેતુશ્ચ તદ્-ભેષજવદ્ વદન્તિ।

દુનિયા જેને ઔષધ માને છે, TREATMENT માને છે, MEDICINE માને છે, દવા માને છે, એ જ વસ્તુ હકિકતમાં એનું કારણ છે. ભુખ લાગી છે પણ તમારે

સહન કરવું નથી, ક્ષુધા પરિષહ સહન કરવો નથી, તમારે ખાય લેવું છે. તમારે અનુકૂળતા ભોગવવી છે, તમારે કલ્પના કરવી છે, તમારે સ્વાદને માણવો છે. જેવી તમને ભુખ લાગી ને તમારે ભુખ ને શમાવવાના પ્રયાસ કરવા છે, સમજુ લોકે અવિરત તમને ભુખ લાગતી જ રહેશે, ખાય લેવું એ ભુખ નું ઔષધ નથી, એ ભુખ નું કારણ છે. પાણી પી લેવું એ તરસ નું ઔષધ નથી, કદાચ TEMPORARY લાગે, કે-આપણને શાંતિ થઈ, આપણને તૃપ્તિ થઈ, હકિકતમાં પાણી પીવું એ તરસ નું કારણ છે. ભોગની ચળ ઉપડી છે ને ભોગ ભોગવી લેવા, હકિકતમાં એ કામ-વિકાર નું ઔષધ નથી, એ કામ વિકાર નું કારણ છે.

સભાનો પ્રશ્ન :- ભગવંત, ઓઘ નિર્યુક્તિ માં કહ્યું કે આહાર એ સાધુ ને શરીર ટકાવી રાખવા માટે ખુબ ઉપયોગી છે, માટે એની પણ મહત્વતા છે. તો આ શા માટે કીધું ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- નવતત્ત્વ પ્રકરણ, ને એની અંદર બાવીસ પરીષહો નું વર્ણન કર્યું ને, દરેકે દરેક પરિષહ નો જય કઈ રીતે અને પરાજય કઈ રીતે, એની વાત કરી છે. અને એની અંદર ક્ષુધા પરિષહ ની બાબતમાં કહ્યું કે ભુખ લાગે તો સહન કરવું, અને સહન કર્યા પછી નિરવદ્ય ઉપાયોથી આહાર મેળવવાનો પ્રયાસ કરવો, એ ક્ષુધા પરિષહ નો જય છે. હવે આગળ વધીને આ સવાલનો જવાબ, ઉત્તરાધ્યયન સુત્રની અંદર આપ્યો છે. કે ખાવું એ માર્ગ નથી, એ અપવાદ છે. અપવાદ ત્યારે સેવવાનો હોય જ્યારે એનું કારણ હોય, કારણ ના હોય ત્યારે અપવાદ ના સેવવાનો હોય. રાજમાર્ગ છે ઉપવાસ કરવો, રાજમાર્ગ છે ચારે આહારના પચ્ચખાણ કરવા, ખાવું એ અપવાદ. અપવાદના કારણો કહ્યા,

વેયણ વેયાવચ્ચે ઇરિયટ્ઠાએ સંજમટ્ઠાએ।
તહ પાણ-વત્તિયાએ, છટ્ઠં પુણ ધમ્મચિંતાએ ॥

ક્ષુધા સમાન કોઈ વેદના નથી ને, માટે એના પ્રશમ માટે
અને એ પણ શા માટે, કે વેદનાનો પ્રશમ થાય તો
સાધના થઈ શકે, સાધુ એ ખાવા માટે ખાય છે તો
એ ખાવાનો પણ નિષેધ છે. સાધુ આ કારણોના -
હિસાબે વાપરે છે, તો એમનું વાપરવું એ અપવાદ
માર્ગ કહી શકે. પહેલું કારણ વેદનાના પ્રશમન માટે,
બીજું કારણ વૈયાવચ્ચ માટે, ત્રીજું કારણ ઈર્યાસમિતિના
બરાબર પાલન માટે, ચોથું કારણ સંયમ ચર્યાના -
પાલન માટે, પાંચમું કારણ પ્રાણ વર્તન માટે, જીવનને
ટકાવવા માટે, છઠ્ઠું કારણ, ધર્મ ચિંતન કરવા માટે.

**સભાનો પ્રશ્ન :-** ગુરુ મહારાજ, ચારે પ્રકારની વૃત્તિઓ
વગર, આ શક્ય કેવી રીતે થાય ?
આહાર, ભય, નિદ્રા વગેરે તો ચૈતન્ય ની સાથે હોયને.

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** સિદ્ધસેન દિવાકરસૂરી મહારાજે
દ્વાત્રિંશિકા ગ્રંથની અંદર, આ
સવાલ નો જવાબ આપ્યો છે, ભગવાનને સિદ્ધસેન
દિવાકરસૂરી મહારાજ કહે છે, ભગવાન તમને મોટા
ભોગની દુનિયા, ચાહતી નથી, તમારો દ્વેષ છે, તમારી
અવગણના છે, તમારી ઉપેક્ષા છે. અને બીજા -
ભગવાનો, એમનો આદર છે, એમની પાછળ લોકો
બધા તૂટી પડે, એમના મંદિરો ની Income,
એમની સંખ્યા, એમના તીર્થો માં ઘસારો, એની સામે
તો આપણું પાલીતાણા એ કંઈ નથી. સિદ્ધસેન -
દિવાકર સૂરી મહારાજ કહે છે,

स्थाने जनस्य परवादिषु नाथबुद्धिः

બીજામાં નાથ બુદ્ધિ લોકો ને થાય છે, બહુ સાચી
વાત છે,

द्वेषस्त्वयि खलु गुणप्रणतो हि लोकः

અને તમારામાં દ્વેષ છે કારણકે. લોકો ને ક્યાં ગુણો
દેખાયા, લોકોને ક્યાં મહાનતા દેખાઈ, લોકોને ક્યાં

શરણાગત રહીશું, લોકોને જ્યાં ઉપાદેય બુદ્ધિ થઈ, લોકો ને જ્યાં જવા જેવું લાગ્યું, ત્યાં જ એ લોકો ભય છે. અને ભગવાન બરોબર બેઠા છે ને તો એમની વાત સાચી જ છે, તમારી પાસે આવવા જેવું જ નથી, જીન પાસે જવા જેવું જ છે. શા માટે?

તે પાલયન્તિ સમુપાશ્રિતજીવિતાનિ

કારણ કે, જીન ભગવાનો જે એમની પાસે ભય, એમના - ભુવનને ટકાવી રાખે છે, એમના ભુવનનું પાલન કરે છે.

ત્વામાશ્રિતસ્ય હિ ચિરં કુત એવ ભાવ:?॥

અને ભગવાન જે તમને આશ્રિત થાય, એના ભુવનની સમાપ્તિ નિશ્ચિત છે. સિદ્ધસેન દિવાકરસૂરી મહારાજએ ભગવાન સાથે થોડી છૂટ લઈને, જેને મજાક કરી શકાય, જેને મશ્કરી કરી શકાય, આપણી ભાષામાં. જેને શાસ્ત્રીય ભાષામાં, સાહિત્ય ગ્રંથો ની ભાષામાં, અલંકાર ની ભાષામાં, જેને વ્યાજ સ્તુતિ અલંકાર કહેવાય. એ અલંકારની અંદર આ સ્તુતિ કરી છે. દસ પ્રકારના પ્રાણ હોય છે, પ્રાણનો અર્થ ભુવન છે. પ્રશ્ન ની વધારે નજીક આવું કે ચૈતન્ય ટકે કઈ રીતે? ચૈતન્ય નો ભાવાર્થ છે ભુવન, અને ભુવન ટકે કઈ રીતે, પ્રશ્ન છે. ભુવન કઈ રીતે ટકે, પ્રાણો થકી. પાંચ ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ, ત્રણ બળ, આયુષ્ય, આ દ્રવ્ય પ્રાણ બતાવ્યા. દર્શન, જ્ઞાન, ચારિત્ર આ ભાવ પ્રાણ બતાવ્યા. અને આ દ્રવ્ય પ્રાણ એ ભુવન તરીકે પ્રસિદ્ધ છે. જીન કૃપાળુ ભગવાનોનો આશ્રય કરવાથી, એ ભુવન ટકી રહે છે. એક પછી એક ભવ ભુવનો વધતો ભય ... વધતો ભય ... વધતો ભય ... વધતો ભય, એ ભવોનો અંત જ ના આવે, સંસારનો અંત જ ના આવે, દ્રવ્ય પ્રાણોનો અંત જ ન આવે, એટલે જીન ઈષ્ટ દેવતાઓ ભુવનને ટકાવી રાખે છે. અને પરમાત્મા, જે એમનું શરણ લે,

ત્વામાશ્રિતસ્ય હિ ચિરં કુત એવ ભાવ:?॥

જે પરમાત્મા નું શરણ લે એનો મોક્ષ થઈ ભય, સંસારનો

અંત આવે, અને દ્રવ્ય પ્રાણો નો નાશ થઈ જાય.
સિદ્ધસેન દિવાકર સૂરી મહારાજ કહે છે, ભગવાન જીન-
ઓ જીવનને ટકાવી રાખે છે, અને તમારી પાસે આવે
એનું જીવન પુરું થયા વગર રહે નહિ, (યોગ સ્તુતિ
અલંકાર, એટલે ભગવાન જીનનું શરણ લે એના
ભવભ્રમણનો અંત આ આવે, અને આપનું શરણ
લે એનો વહેલામાં વહેલી તકે મોક્ષ થયા વગર રહે
નહિ. જીવન ટકાવવું છે એ પણ આપણી અણસમજ
છે. જ્યારે એવો સંયોગ આવે કે ક્યાં તો સંયમ
ટકે ને ક્યાં તો જીવન ટકે, ત્યારે મહાત્મા પોતે નિર્ણય
લે કે મારે જીવનને ટુંકાવી દેવું, મારે સંયમને સાચવી
લેવુ છે.

ગોચરી મહાત્મા ગયા છે. કોઈ સ્ત્રી છે ઘરમાં
એના પતિ વર્ષોથી બહારગામ ગયા છે. એ સ્ત્રી
કામ વિહ્વળ છે ને મહાત્મા પાસે અનુચિત માંગણી
કરે છે, મહાત્મા જુએ છે ભાગી છુટાય એવું છે તો
મહાત્મા ત્યાંથી સીધા ભાગી જાય. મહાત્મા જુએ કે
ભાગવાનો રસ્તો બહુ લાંબો છે, ને આ બુમા-બુમ
કરે એમ છે, શાસનની અપભ્રાજના થાય એમ છે.
મહાત્મા એને સમજાવે.

નરકાય મૈથુનસેવા।

આ વિષય સેવન કરવું એ નરકનું કારણ છે. મહાત્મા
એને ધર્મોપદેશ આપે ને છતાં જો એ સમજે
જ નહિ, કોઈ હિસાબે ન સમજે, ને મહાત્મા
જુએ, કે આમ જવા જઈશ તો શાસનની અપ-
ભ્રાજના થાય ને, એની માંગણીને વશ થઈએ તો
સંયમ જાય, તો મહાત્મા એને કહે કે જો તું આવી
માંગણી કરીશ તો હું જીવન ટુંકાવી દઈશ. મહાત્મા
એની સામે ફાંસો તૈયાર કરીને એને કહે કે તારી આ
માંગણી થી તું પાછી ફર, તું ધર્મમાં આવી જા.

classmate

તું આવું અનુચિત વર્તન, અનુચિત માંગણી, આવી પ્રાર્થના ના કર. શાસ્ત્રકાર ભગવંતો એ આ ઘટનાનું વર્ણન કરીને કહ્યું,

भयरसेन मोहनरसो ह्रियते ।

એક ગભરાટ થઈ જાય કે મહાત્મા અહીંયા મરી જશે, આખું ગામ મારા ઉપર તૂટી પડશે, ના..ના... માફ કરો, માફ કરો તમે જાવ અહીંયાથી, તમે અહીંયાથી જલ્દી નીકળી જાવ ને, એ બહેન મહાત્માને જવા દેવા રેડી થાય. કદાચ એ હજુ માનવા તૈયાર ના થાય, તો એ મહાત્મા એ કૂંસાની અંદર પોતાનું ગળું નાખી દે, ને કહે કે હજુ સમજુ જા, નહીંતો હું મરી જાઉં છું. સમજુ જાય તો સારી વાત છે ન સમજે તો શું કરવું ને, શાસ્ત્રની અંદર ત્યાં વિધિ બતાવી.

ततो क्रियते जीव ।

તો એ મહાત્મા ત્યાં કૂંસો જઈને પોતાનું જીવન ટૂંકાવી દે. જીવવાનું છે ધર્મ માટે, આહાર લેવાનો છે ધર્મ માટે, જ્યારે ધર્મ ટકવો શક્ય ના બને, ધર્મ હવે થઈ શકે એમ નથી, આગમની અંદર જ્યાં ધન્ના અણગાર, શાલીભદ્ર, વગેરેનું જીવન બતાવ્યું ને અંતિમ સમયે, એ મહાત્માઓએ ભગવાન પાસે રજા લીધી કે, હવે આ શરીરથી ધર્મ થાય એમ નથી, ધર્મ થાય એ માટે આહાર લેવાનો હતો ને હવે ભગવાન આ શરીર અમને સાધનાને અનુકૂળ રહ્યું નથી, બધી જ રીતે ખખડી ગયું છે, રૂક્ષ થઈ ગયું છે, હાડકાં ખખડે છે, હવે અમને સાધનામાં ઉપયોગી નથી ને આપ રજા આપો, ચારે આહારના પચ્ચખાણ લઈને આ જીવનને અમે ટૂંકાવી દઈશું. સાધુ વાપરે તો પણ ધર્મ માટે, સાધુ વાપરવાનું છોડી દે તો પણ ધર્મ માટે, એટલે પ્રાધાન્ય, PRIORITY વાપરવાની ના રહી, ધર્મની રહી. પ્રશ્ન થયો કે મ ખાવાનું અપવાદ છે, તો પછી રોજ શા માટે

ખાવાનું ? અને ત્યાં જવાબ આવ્યો,

તત્કારણાનાં નિત્યત્વાત્ ।

ખાવાના કારણો નિત્ય છે, માટે ખાવાનું પણ નિત્ય છે. મુળ વાત એ છે, કે ખાવું એ હકિકતમાં ઔષધ નથી. તમે તપ કરો, ઉપવાસ કરો, આયંબિલ કરો, એકાસણું, બિયાસણું કરો, નવકારશી, ચોવિહાર, કરો, દ્રવ્ય નો ત્યાગ કરો, વિગઈઓનો ત્યાગ કરો, ભાવતી વસ્તુઓનો ત્યાગ કરો. વિવિધ અભિગ્રહોને તમે ધારણ કરો, અને ખાવા ઉપર જેટલી કાપ મુકો છો ને, એ ભુખનું ખરું ઔષધ છે. રામગીતા કહે છે,

ન જાતુ કામઃ કામાનામુપભોગેન શામ્યતિ ।

કામ-વાસના છે, કામ-વિકાર છે, કદી પણ ભોગ દ્વારા શાંત થતું નથી.

હવિષા કૃષ્ણવર્ત્મેવ, ભૂય એવોપવર્દ્ધતે ॥

જેમ તમે ઘી ની આહુતિ નાખો ને આગની જ્વાળા વધી જાય. બરાબર એ જ રીતે વિષય સેવન કરવાથી કામની જ્વાળા વધતી હોય છે.

હેતુશ્ચ તદ્ભેષજવદ્ વદન્તિ ।

આજે દુનિયા એક ગેરસમજનો શિકાર થઈ છે. જેમ જેમ ખાશું, જેમ-જેમ પીશું, જેમ જેમ ભોગોને સેવશું. એમ અમારી ભુખ, તરસ અને ભોગતૃષ્ણા શાંત થશે. હકીકત એ છે કે એ એનું ઔષધ નથી, પણ એનું હેતુ છે. એક કવિ એ બહુ મજાની વાત કરી છે.

" તપાસ કરીતો બધા જ રોગોના મુળ નીકળ્યા,
હવા વાંધી "

આપણે જેને ભોજન સમજીએ છીએ તે ભોજન આપણી પ્રકૃતિ એ ભુખનું ઔષધ હોય છે. જો ભોજન ભુખનું ઔષધ હોય તો ભોજન લીધા પછી કદી પણ ખાવાની જરૂર ના પડવી જોઈએ, પણ

અનાદિકાળથી જીવ ખાતો આવ્યો છે, એક વિગ્રહગતિનો સમય બાદ કરો, એક ભવમાંથી બીજા ભવમાં જીવ જઈ રહ્યો છે, અને એમાં વળાંક આવે. એ એક, બે, ત્રણ, ચાર સમય એ જે GAP બનાડ્યો, એ બાદ કરો, એના સિવાય અનાદિકાળથી જીવ સતત ખા.. ખા.. ખા.. ખા.. કરતો આવ્યો છે. ઉત્પત્તિના પ્રથમ સમયથી આહાર પર્યાપ્તિ એની ઉભી થાય, આહાર સંજ્ઞા સતત ને સતત થાતુ છે, દેવના ભવમાં, નરકના ભવમાં, તિર્યંચના ભવમાં, મનુષ્યના ભવમાં, જીવ ખા-ખા-ખા-ખા કરતો આવ્યો છે ને હજુ એની ભુખ શમી નથી એનો અર્થ એ છે, જેને એ ભોજન સમજે છે એ હકિકતમાં ભોજન નથી, એ ભુખને વકરવાનું સાધન છે. તમે કલ્પના કરો, પ્લાસ્ટીકની રોટલી હોય, કપડાને એવો કલર આપી દીધો હોય, એવો આકાર આપી દીધો હોય કે શાક લાગે, શાકની જગ્યાએ કપડા છે. દાળની જગ્યાએ એસિડ છે ને, એસિડમાં એવું બધું નાખવામાં આવ્યું છે, ઉપરથી જુઓ તમે તો દાળ લાગે. ભાતની જગ્યાએ એકદમ સફેદ-સફેદ, બરાબર ભાત લાગે એવા કાંકરા છે. એને જો જમવામાં આવે તો ભુખ શમે નહિ, ઉપરથી ઉપાધિ થાય, તકલીફ થાય. તો એને ભોજન ના કહેવાય એને પ્રતિરૂપક કહેવાય. આપણી ભાષામાં DUPLICATE.

યોગસૂત્રની અંદર પતંજલિ ઋષિ કહે છે,

यथाभ्यासं विवर्द्धन्ते विषयाः, कौशलं चेन्द्रियाणाम् ।

જેમ જેમ તમે વિષય સેવન કરતા જાવ, એમ એમ ઈન્દ્રિયો વધારે ઉગટી બનતી જાય. અને તમારી ભોગ-તૃષ્ણા, વધતી જ જાય... વધતી જ જાય... વધતી જ જાય... તો એનો અર્થ એ થશે, કે જેને આપણે કોમળ સ્પર્શો કહીએ છીએ, એ સ્પર્શનેન્દ્રિયનું ભોજન નથી હોતું, પ્રતિરૂપક હોય છે. પ્રતિરૂપક એટલે, PLASTICની રોટલી, કપડાનું શાક, એસીડની દાળ

અને કાંકરાના સ્રોત. જેને આપણે સ્વાદિષ્ટ ભોજન કહીએ છીએ, એ રસનેન્દ્રિય નું ભોજન નથી હોતું, પ્રતિરૂપક હોય છે. જેને આપણે સુગંધી દ્રવ્યો કહીએ છીએ, એ ઘ્રાણેન્દ્રિય નું ભોજન નથી હોતું, પ્રતિરૂપક હોય છે. જેને આપણે મનોહર દ્રશ્યો કહીએ છીએ, એ ચક્ષુરેન્દ્રિય નું ભોજન નથી હોતું, પ્રતિરૂપક હોય છે. જેને આપણે મધુર ગીત સંગીત કહીએ છીએ, એ શ્રોતેન્દ્રિય નુ ભોજન નથી હોતું, પ્રતિરૂપક હોય છે.

સભાનો પ્રશ્ન :- ભગવંત ! એમ કહેવાય છે કે ઉંમર સાથે ભોગ-તૃષ્ણા એની મેળે ઘટતી હોય છે, તો એમ કેવી રીતે કહી શકાય કે વિષયો થી એ વધે છે.

પૂજ્ય શ્રીનો ઉત્તર :- રાજા છે, ~~આ~~ આ વિષય માં પ્રશ્ન થયો કે અત્યારે તો હું યુવાન છું, ઘરડો થઈશ ત્યારે મારી સ્થિતિ કઈ હશે. મંત્રીને વાત કરે છે, નગર ની અંદર સૌથી વૃદ્ધ પુરુષ, અને સૌથી વૃદ્ધ સ્ત્રી, મંત્રી એમને મળે છે, એમની સાથે મસલત કરે છે, રાજ-સભા માં એમને બોલાવે છે. અત્યંત વૃદ્ધ પુરુષ, શરીર આખું જજરી ગયેલું, બેવડ વળી ગએલું, લાકડીના ટેકે માંડમાંડ ચાલે મોઢામાંથી લાળ પડે, ખાંસી એને આવ્યા કરે, રાજ સભાની અંદર એ આવે છે, રાજા સમક્ષ એ ઊભો રહે છે. એક ધાન્ય ની મુઠ્ઠી એના હાથમાં છે ને રાજ-સભામાં વચ્ચે રાજાની સામે મૂકી દે છે. અત્યંત વૃદ્ધ સ્ત્રી છે, એ ય આવે છે, વૃદ્ધ સ્ત્રી એ મુઠ્ઠી મુકે છે, એની મુઠ્ઠીમાં રાખ હોય છે. રાખ રાજસભામાં વચ્ચે મુકી દે છે. રાજાને કશું સમજાતું નથી, ને રાજા મંત્રીની સામે જુએ છે ને, મંત્રી કહે છે કે તમારા પ્રશ્નનો બંનેએ જવાબ આપી દીધો છે. રાજા કહે મને કંઈ સમજાતું નથી, ને

અંત્રી કહે છે કે આ વૃધ્ધ પુરુષ એમ કહેવા માંગે છે કે, જ્યાં સુધી મુઠ્ઠી ધાન પણ પેટમાં જાય છે, ત્યાં સુધી જીવ ને કામ સતાવે છે. અને આ વૃધ્ધ સ્ત્રી એમ કહેવા માંગે છે કે, જ્યાં સુધી આ શરીરની રાખ નથી થઈ જતી, ત્યાં સુધી કામ સતાવે છે. એક બાજુ શંકરાચાર્યે કહ્યું,

वयसि गते कः कामविकारः।

ઉંમર ગઈ પછી કામવિકાર ક્યાં ઉભો રહેવાનો. એ પણ એક અપેક્ષા એ સત્ય છે. આ પણ એક અપેક્ષા એ સત્ય છે. કોઈક અનુભવ એવું કહે કે હવે તો અમારી ઉંમર થઈ ગઈ, હવે એવું નથી રહ્યું. બની શકે! પાક્ષિક સૂત્ર આનો પણ જવાબ આપે છે.

सद्दा रूवा रसा गंधा फासाणं पवियारणा।

ભલે વિષય સેવન બંધ થઈ ગયું, પણ હજુ કોમળ વસ્તુ, કોમળ સ્પર્શ, ગમે છે. આ પણ એક પ્રકારની ભોગ-તૃષ્ણા છે. બસ જોવું કશું જ નહિ આ અમુક - ITEM (વસ્તુ) એની ખાવાની રાગ છે, એ પણ એક પ્રકારની ભોગ-તૃષ્ણા છે. પાંચે ઈન્દ્રિયો ના વિષયો માંથી કોઈ પણ વિષય નું સેવન કે એની તૃષ્ણા, એની પ્રવિચારણા, એ ચોથા વ્રત નો અતિચાર છે, એવું પાક્ષિક સુત્ર કહે છે. ભોગ તૃષ્ણા ને સમજવાનો પ્રયાસ કરવો છે. ભોગ-તૃષ્ણા નો અર્થ છે આસક્તિ, પરમ પાવન શ્રી ઉત્તરાધ્યયન સુત્ર, ભોગ તૃષ્ણા ના સંદર્ભમાં બહુ માર્મિક વાત કરે છે,

सत्तोवसत्तो ण उवेइ तुट्ठिं।

જે આસક્ત છે, સતૃષ્ણ છે, જેને આસક્તિ સતાવે છે, એ કદી પણ તુષ્ટિ ને ભોગવી શકતો નથી. સુખ શેમાં છે ?, સુખ કદી પણ, જ્યાં સુધી તમારી આસક્તિ ઉભી છે, તૃષ્ણા ઉભી છે, ત્યાં તમને સુખ મળી જ ના શકે. તાત્વિક દ્રષ્ટિ એ શ્રીમંત એ છે, જેને પૈસા જોઈએ છે એનો એન ભાગી ગયો છે.

તાત્વિક દ્રષ્ટિએ સંમાનીત એ છે, જેને સમ્માન જોઈએ
છે આનો અંત આવી ગયો છે. તાત્વિક દ્રષ્ટિએ
ભોગી એ છે, જેને ભોગો જોઈએ છે આ ભૂમિકાનો
અંત આવી ગયો છે. તમે માનો છો કે તમને કેરીના
રસથી સુખ મળ્યું. તમે ત્રણ વાટકા પીધા માટે તમને
સુખ મળ્યું, હકિકત એવી નથી. હકિકત એવી છે કે
તમે ત્રણ વાટકા પીધા ને પછી તમને બસ થઈ જાય ને
તો તમને સુખ મળે છે. તમે ત્રણ વાટકા પીધા પણ
હજુ બસ નથી થયું તો તમને સુખ નથી મળવાનું.

સુહાઇં સંતોસસારાઇં।

સુખ એ સંતોષના સાર વાળું હોય છે. જૈન જ્ઞાનીઓનું
વચન છે કે તમને વિષયમાં સુખની બુદ્ધિ છે, ભોગ
માં સુખની બુદ્ધિ છે, વસ્તુમાં સુખની બુદ્ધિ છે,
આ તમારી ભ્રમણા છે. સુખ હકિકતમાં વિષયમાં
નથી, વસ્તુમાં નથી, ભોગોમાં નથી, સુખ સંતોષમાં છે.
તમને રસથી સુખ નથી મળતું તમને બસથી સુખ
મળે છે. નવ વાટકા તમે રસ પીધો ને તમને બસ
થઈ ગયું તો સુખ ત્યાં છે. તમે પાંચ વાટકા રસ
પીધો ને તમને બસ થઈ ગયું તો સુખ ત્યાં છે. તમે
ત્રણ વાટકા રસ પીધો ને ત્યાં બસ થઈ ગયું તો
સુખ ત્યાં છે. તમે એક વાટકો રસ પીધો ને તમને
થઈ ગયું બસ, તો સુખ ત્યાં છે. જેને તમને
થઈ જાય કે અનંતા વાટકા અનાદિ કાળથી પીધા.
હવે બિલકુલ ના જોઈએ, હવે એક ટીપું એ ના -
જોઈએ, મારે એક ટીપું એ રસ જોઈતો જ નથી,
તો સુખ ત્યાં છે. સુખને ન સમજવાને કારણે,
બધી જ આપણી ગાંડી દોટ ઉભી થઈ છે, આંધળી
દોટ ઉભી થઈ છે. જેને સુખને સમજી લઈએ
તો ખ્યાલ આવશે કે, સુખનો અહેર જ છે.
જોઈએ છે આ કંગાલિયત છે. બસ એ ઐશ્વર્ય છે.

મોહજે છે એ નરક છે, બસ એ સ્વર્ગ છે.
મોહજે છે આ બંધન છે, બસ એ મુક્તિ છે.
મોહજે છે આ લાચારી છે, બસ એ ખુમારી છે.
મોહજે છે એ પ્રસન્નતા નથી, વિષણ્ણતા છે, વિષાદ છે,
બસ એ પ્રસન્નતા છે.
મોહજે છે એ પરાધીનતા છે, બસ એ સ્વાધીનતા છે.
મોહજે છે એમાં હાંફવાપણું છે, બસ એમાં ઠરીઠામપણું છે.
મોહજે છે એમાં ઉપાધિ છે, બસ એમાં સમાધિ છે.

પુંડરીક અને કંડરીક બંને ભાઈઓ છે, સદ્‌ગુરુની વાણી સાંભળે છે, બંને વૈરાગ્યથી વાસિત થાય છે. બંને કહે છે ભાઈ, મારે દીક્ષા લેવી છે તમે રાજ સંભાળો. મોટો ભાઈ કહે કે તું રાજ સંભાળ, નાનો ભાઈ કહે કે તમે રાજ સંભાળો, અને નાના ભાઈએ આગ્રહ કરીને દીક્ષા લીધી, કંડરિક હવે યુવરાજ મટીને કંડરિક મુનિ બની ગયા છે. ગુરુના ચરણોની અંદર સાધના એમની શરૂ થઈ છે ને, સાધના કરતા.. કરતા.. કરતા.. કંડરિક મુનિ આગળ વધી રહ્યા છે... વધી રહ્યા છે.. વધી રહ્યા છે સાધનાના ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યા છે, જ્ઞાનમાં આગળ વધ્યા, સંયમમાં આગળ વધ્યા, સમર્પણમાં આગળ વધ્યા, તપમાં આગળ વધ્યા, ને ઘોર તપ, વરસો વીતતા જાય છે. આ બાજુ પુંડરિક રાજ સભામાં છે, અંતઃપુરમાં છે, રાણીઓ સાથે છે પણ મન એનું સંયમમાં જ રમે છે. ધન્ય છે મારા ભાઈ, આ બધું જ છોડીને દીક્ષા લીધી, સંયમના ઉપવનમાં એ વિચરી રહ્યા છે. મારા જીવનમાં આવી ઘડી ક્યારે આવે, મારા જીવનમાં આવી પળ ક્યારે આવે, ક્યારે હું પણ આમની જેમ સાધનાના પંથે જતો રહું. પુંડરિક દિવસ રાત ઝૂરી રહ્યા છે. સંયમ... સંયમ... સંયમ... સંયમ... સંયમ... કંડરીક મુનિ મળેલા સંયમને સફળ કરી રહ્યા છે ને સંયમમાં આગળ વધી રહ્યા છે. તપ ઘોર છે ને વરસો વીતતા જાય છે, પચ્ચીસ વર્ષ, પચાસ વર્ષ,

સો, બસો, ત્રણસો, ચારસો, એ સમયના મોટા આયુષ્યો ની એ સમયની વાત, પાંચસો વર્ષ, છસ્સો વર્ષ, સાતસો વર્ષ, આઠસો વરસ, નવસો વર્ષ, સાડા નવસો વર્ષ, નવસો બાશીઠ, નવસો સિત્તેર, નવસો એંસી, નવસો નેવું, નવસો પંચ્યાણું, વિચરતા.. વિચરતા ફરી એ જ નગરી માં આવવાનું થયું, સદ્‌ગુરુ એ દેશના આપી, પુંડરીક રાજા પોતે ત્યાં દેશના ની અંદર આવ્યા છે, ફરીવાર એને સાથે દેશના સાંભળે છે. આજ આંખો અનરાધાર અશ્રુ વહેવા લાગે છે. હજાર વર્ષ થવા આવ્યા મારી સંયમની ભાવનાઓ ને આ બધો જ સમય મારો સંસારની ગટરમાં ગયો. મારો સમય સંસારના ઉકરડામાં ગયો. મારો સમય WASTE ગયો! ધન્ય છે આ મુનિવરોને સંયમ ની સાધના દ્વારા, એમના સમયને સફળ કરી રહ્યા છે. જે જીવનની અંદર આંખો નો ઉપયોગ સ્વાધ્યાય માટે કરવાનો હતો, હું રાજ-કાજમાં, ઓલાનું કામ ને, ઢીકણા નું કામ ને, ફલાણનું કામને એની અંદર મારી આંખો ને બગાડી રહ્યો છું. જે હાથોનો ઉપયોગ, ગોચરી વહોરવામાં કરવાનો હતો, પડિલેહણ આદિ ક્રિયામાં કરવાનો હતો, કેટકેટલા યુદ્ધો મેં એ હાથે ખેલી નાખ્યા. જે પગ નો ઉપયોગ ગુરુના પગલે-પગલે ચાલી ને વિહાર કરવામાં કરવાનો હતો એ પગનો ઉપયોગ મેં, ન જવાની જગ્યાએ જઈને કર્યો. જે શરીર નો ઉપયોગ સાધના માટે કરવાનો હતો, જે સમય નો ઉપયોગ સાધના માટે કરવાનો હતો, જે શક્તિ નો ઉપયોગ સાધના માટે કરવાનો હતો, આ બધું જ મારું સંસારની ગટરની અંદર વેડફાઈ ગયું. પુંડરીક રાજા પોતે દેશના સાંભળી રહ્યા છે ને આંખોથી અનરાધાર અશ્રુ વહી રહ્યા છે, રાજ છે, રજવાડ છે, ભોગો છે, રાણીઓ છે, ખજાના છે, ઐશ્વર્ય છે, માન-પાન છે, બધું જ છે, અને એ બધાની વચ્ચે

સંયમના અભાવે સાક્ષાત, કારાવાસના દર્શન થાય, સાક્ષાત નરકના દર્શન થાય. દેશના પુરી થાય છે. પુંડરીક રાજા, ભાઈ મહારાજને વંદન કરે છે ને પૂછે છે કે શરીર એમનું તપથી કૃષ તો છે જ ને સાથે કેટકેટલા રોગો અંદર આવી ને ઘર કરી ગયા છે. જરૂર છે એમને કશુ પણ કહેવાની જરૂર નથી. ગુરૂને વિનંતી કરવા, પુંડરીક રાજા સદ્ગુરૂ-પાસે જાય છે, વંદન કરીને કહે છે, આપ રજા આપો-નિર્દોષ દ્રવ્યો, જે મારા રસોડે હોય, નિર્દોષ ઔષધિઓ, એનાથી એમની ચિકિત્સા કરીએ. સદ્ગુરૂ અનુજ્ઞા આપે છે. રાજમહેલની ગોચરી લેવાનું શરૂ થાય છે, ઔષધિઓ પણ લેવાય છે, પૌષ્ટિક દ્રવ્યો પણ લેવાય છે, અનુપાનો પણ લેવાય છે, અને લેતા.. લેતા.. લેતા.. લેતા.. શરીર એક બાજુ સારું થતું જાય છે ને મન માંદુ થતું જાય છે. માસકલ્પ પુરો થાય છે, સદ્ગુરૂ વિહાર કરી જાય છે. - પુંડરીક રાજા ને સંતોષ છે કે ભાઈ મહારાજના શરીરને સારું આરોગ્ય મળ્યું, પુષ્ટિ મળી, હવે વધારે સારી-સાધના કરી શકશે. કંડરીક મુનિ સદ્ગુરૂની પાસે જાય છે ને, કહે છે કે હજુ થોડી તકલીફ શરીરમાં લાગે છે, ને આપ જો રજા આપો તો હજુ થોડો સમય રહું ને - બરાબર ચિકિત્સા થઈ જાય, ને પછી હું આપની પાછળ ભેગો થઈ જાઉં. સદ્ગુરૂ અનુમતિ આપે છે. બીજા પંદર દિવસ, બે મહિના વીતે એને કહે છે, હવે એમને કંઈજ તક-લીફ નથી, થોડા દિવસો ગયા ને પુંડરીક રાજાને એમના - ભાવ આરોગ્યની ચિંતા થાય છે ને પુંડરીક રાજા, ભાઈ મહારાજ પાસે જાય છે, વંદન કરે છે. આપ ધન્ય છો, આપ કૃતપુણ્ય છો, આપ ભાગ્યશાળી છો, આપને આવું સંયમ મળ્યું, આવી સંયમની ચર્યાઓ, આવો સંયમનો તપ, સંયમ જીવનનો સ્વાધ્યાય, એનાથી આપે આપના જીવનને સફળ કર્યું. હું પાપી, હું નીચ, હું અધમ, હજુ આ રાજ્યને છોડતો નથી, હજુ આ સંસારની ગટરની અંદર પડ્યો ને

પામ્યો છું, આપને ધન્ય છે, અને મને ધિક્કાર છે. હવે તો આપ સારા થઈ ગયા, હવે તો આપ વિહાર કરશો, ફરી આપનો સંયોગ મને ક્યારે થશે. રાજા છે, વિનયી છે, વિવેકી છે, આડકતરી રીતે મુનિ ને વાત કરે છે ને મુનિ ને પણ થાય છે કે અહીં હવે ના રહેવાય, હવે નીકળી જવું પડે. કંડરીક મુનિ વિહાર કરે છે, ગુરુને ભેગા થાય છે. પણ પહેલી રાજમહેલની ગોચરીઓ, રાજમહેલની વસ્તુઓ, બધી યાદ આવે છે, અને ફરી ગુરુથી છુટ્ટા પડીને ત્યાં આવે છે. પુંડરીક રાજા વંદન કરવા આવે છે, ફરીથી કહે છે. આપ ધન્ય છો, કૃત-પુણ્ય છો, સંયમ જીવનને આપે ખરેખર સફળ કર્યું, નથી આપને રાગ, નથી આપને દ્વેષ, દેહની પણ આપને મૂર્છા નથી, કોઈજ આપને પડી નથી, ખરેખર આપની અસ્મિતા, એને જેટલા વંદન કરીએ એટલા ઓછા છે. હવે તો આપને સારું થઈ ગયું ને આપ ગુરુને ભેગા થઈ જશો. પુંડરીક રાજા પાછા આવે છે, રાજમહેલમાં પોતાના કક્ષની અંદર બેઠા છે. ક્યારે સંયમ મળશે એના સપના જોઈ રહ્યા છે, ને એ સમયે સેવક આવે છે, ને કહે છે કે આપના ભાઈ મહારાજ આપણા ઉદ્યાનની અંદર આવ્યા છે. બહુ વિચિત્ર પરિસ્થિતિની અંદર છે ને કંઈક ગરબડ લાગે છે, અને પુંડરીક-રાજા સંભ્રમ સાથે સફાળા ઉભા થઈને, ત્યાં ઉપવનની અંદર પહોંચે છે ને જુએ છે તો ભાઈ મહારાજશ્રી, ઘાસની અંદર સુતેલા છે. ઉપધિ ઝાડની ડાળી પર લટકાવી છે. પુંડરીક સ્તબ્ધ થઈ જાય છે. એ દશાની અંદર પણ વંદન કરીને ભાઈ મહારાજ ને કહે છે. આપ ધન્ય છો, કૃતપુણ્ય છો, આવું દુર્લભ સંયમ, અનંત પુણ્યથી મળે એવું સંયમ, અનંત કાળે મળે એવું સંયમ ને એ સંયમ ને આપ પામ્યા, આપ-ખરેખર ફાવી ગયા, આપ ધન્ય છો, કૃતપુણ્ય છો!

હું અભાગ્યો છું કે હું આ રાજપાટની ગટરમાં, આ સંસારની ગટરમાં, પડ્યો છું. કંડરીક મુનિ એક શબ્દ પણ બોલતા નથી ને, હવે પુંડરીક રાજાને લાગે છે, કે હવે આ બધા શબ્દોનો કોઈ અર્થ નથી. પુંડરીક રાજા, પોતાના ભાઈ-મહારાજ ને કહે છે,

અહો ભયવં ભોગેહિં?

હે ભગવંત! શું આપ ભોગાર્થી છો? શું આપને ભોગોનો ખપ છે? શું આપને ભોગોનું પ્રયોજન છે? અને કંડરીક મુનિ શરમ છોડીને કહે છે "હા"! પુંડરીક રાજા-કહે છે, આપની ઉપધિ મને આપી દો, અને મારો આ રાજવી વેષ, મારો આ રાજમુગટ, હું આપને આપું છું. એક હજાર વર્ષ સંયમ પાળ્યું, એક હજાર વર્ષ તપ કર્યો, મારે તમને કહેવું છે કે ભોગોને સમજવાનો પ્રયાસ કરો. એક ઠાકુકતરી ને એનો રાગ, એણે આપણને અનંતી-વાર સંયમમાંથી પાડ્યા છે. એક સ્ત્રીનો રાગ, એણે-આપણને અનંતીવાર સંયમમાંથી પાડ્યા છે. એક પૈસાનો રાગ, એક ભોગોનો રાગ, એક સત્તાનો રાગ, એક પરિવારનો રાગ, સંસારના પ્રત્યેક પરિબળના રાગે, અનંતી વાર આપણને દીક્ષા માંથી પતિત કર્યા છે. એક પડોશી વિચિત્ર છે ને આપણને હેરાન કરે છે, એ આપણો ખરો દુશ્મન નથી. પરિવારના કોઈ સભ્યએ PROPERTY માટે આપણા ઉપર CASE કર્યો છે, એ આપણો ખરો દુશ્મન નથી. ધંધાનો કોઈ હરીફ છે ને આપણને હંફાવ્યા કરે છે, એ ય આપણો ખરો દુશ્મન નથી. સંસારના એક-એક વિષયો, સંસારની એક-એક વિજાતીય વ્યક્તિઓ, સંસારના એક એક પરિબળો, આ દરેક આપણું દુશ્મન છે, આ પરિવાર એ આપણો દુશ્મન છે, આ પૈસા આપણા દુશ્મન છે. આ વિષયો આપણા દુશ્મન છે, આ ભોગો આપણા દુશ્મન છે, આ ભોગોની આસક્તિ આપણો ખરો દુશ્મન છે. પુર્વકૃત પુણ્યથી આજે કંઈક

ભોગો તમને મળ્યા છે, એક નાનો માણસ હોય ને
કદાચ મુસીબતો નો સામનો કરતો હોય, મુસીબતો તમારા
નસીબમાં નથી, એક ફૂટપાથ પરની વ્યક્તિ, એક
ઝૂપડપટ્ટી માં રહેતી વ્યક્તિ, એક ભિખારી, એક -
ગરીબ વ્યક્તિ એને, સ્વપ્નમાં જે વિટંબણાઓ છે એ
તમારા સ્વપ્નમાં નથી. WELL SET કદાચ તમે હો.
બંગલો હોય, ગાડી હોય, BANK BALANCE હોય,
તમારા ભાવતા ભોજન તમે ખાઈ શકતા હો, એમ
કદાચ કરી શકતા હો, સમજુ લો ભોગો મળ્યા છે !
મળેલા ભોગોમાં આસક્તિ થાય તો સમજુ લો કે તમારી
દુર્ગતિ નિશ્ચિત છે. મળેલા ભોગો ને લાત મારી ને
એ તમે નીકળી શકો તો સમજુ લો કે તમારી સદ્ગતિ
નિશ્ચિત છે.

સંપત્તિ મમ્મણ ને પણ મળી છે ને
શાલિભદ્ર ને પણ મળી છે. શાલીભદ્ર મળેલી સંપત્તિ
ને લાત મારી ને નીકળી શક્યા છે, માટે શાલીભદ્રનો
દેવલોક થયો છે. શાલીભદ્ર નો મોક્ષ થશે. મમ્મણ
મળેલી સંપત્તિ ના કીચડની અંદર ખૂંપી ગયા છે. એ
કીચડમાંથી મરતા સુધી એ નીકળી નથી શક્તા ને,
માટે એની સાતમી નરક થાય છે. દુનિયામાં કેટલાક
જીવો ને ભોગો મળતા જ નથી ને મનથી ભોગો -
ભોગવી ભોગવી ને, જીવો દુર્ગતિમાં જતા રહે છે.
દુનિયામાં કેટલાક જીવો એવા છે, મળેલા ભોગોમાં
આસક્ત થઈ ને, પાગલ થઈને, મરણાંત સુધી એ
ભોગતૃષ્ણા ને વશ થઈને મરીને દુર્ગતિ માં જતા
રહે છે. દુનિયામાં કેટલાક જીવો એવા છે, ભોગો ઝંખે
છે, ભોગોની પાછળ દોડે છે, ભોગો નથી મળતા,
પણ એ દોડવામાં ને દોડવામાં, મૃત્યુ પામી ને,
મરીને દુર્ગતિ માં જતા રહે છે. દુનિયામાં કેટલાક
જીવો એવા હોય છે, ભોગો મળ્યા છે, સાથે વૈરાગ્ય

પણ મળ્યો છે, વૈરાગ્યના બળે ત્યાગ કરીને, ભોગોને લાત મારીને સાધના ના પંથે, નીકળે છે. અને સદ્ગતિને સ્વાધીન કરી લે છે. બહુ સરસ મઝાનું દિવ્ય સુત્ર, ઉત્તરાધ્યયન આગમ ની અંદર આપેલુ છે,

મોક્ષે મોચ્ચા વમિત્તા ય

તમારું ભવિષ્ય બહુ સારું છે, સ્વર્ગગમ છે, સદ્ગતિ છે, મોક્ષ છે, આનું માપદંડ શું ? મળેલા ભોગોને જો તમે વમી નાખો, તો સમજી લોકે તમારી સદ્ગતિ નિશ્ચિત છે. ભોઈએ છે તો ભવભ્રમણ છે. બસ થઈ ગયું તો મોક્ષ છે. ભોઈએ છે એટલે કંડરીક, બસ એટલે પુંડરીક ! ભોઈએ છે એટલે મમ્મણ, બસ એટલે શાલીભદ્ર ! ભોઈએ છે એટલે સુભુમ, બસ એટલે ભરત ચક્રવર્તી ! ભોઈએ છે એટલે સોમીલ, બસ એટલે ગજસુકુમાલમુનિ ! ભોઈએ છે એટલે ગોશાળો, બસ એટલે ગૌતમસ્વામી ! જ્યાં સંપતિમાં બસ થઈ ગયું ત્યાં શાલિભદ્ર છે ! જ્યાં મહત્વમાં બસ થઈ ગયું ત્યાં ગૌતમ છે ! જ્યાં રાજ્યમાં બસ થઈ ગયું ત્યાં ભરતચક્રવર્તી છે ! જ્યાં ભોગમાં બસ થઈ ગયું ત્યાં પુંડરીક છે ! કંડરીક હોય, ગોશાળો હોય, સુભુમ ચક્રવર્તી હોય, મમ્મણ શેઠ હોય, આ બધાની કથા ચાર જ અક્ષરમાં સમાઈ જાય છે. "ભોઈએ છે."

"ભોઈએ છે" એનો અર્થ છે ભોગતૃષ્ણા !

"ભોઈએ છે" એનો અર્થ છે મૃગતૃષ્ણા !

મૃગતૃષ્ણા માં શું થાય ? દુર.. દુર..દુર રણની અંદર, રેતી તપતી હોયને સુરજના કિરણો એના ઉપર પડે ને પાણી નો આભાસ થાય. હરણીયું દોડનું જાય... દોડનું જાય... દોડનું જાય, ક્ષિતિજ પાસે પાણી દેખાય, ને ત્યાં સુધી પહોંચે એટલે ખબર પડે કે, અહીંયા તપેલી રેતી ને બીજુ ક્ષિતિજ દેખાય, ને ત્યાં પાણી દેખાય છે ને ત્યાં સુધી દોડી જાય. હરણું દોડનું જાય...

દોડતું જાય... દોડતું જાય... ને છેવટે ઢળી પડી, એ બેભાન થઈ જાય, એ મોતને શરણ થઈ જાય. મૃગતૃષ્ણાની અંદર, દૂરથી પાણી દેખાય છે. ભોગતૃષ્ણાની અંદર નજીક ગયા પછી એ પાણી દેખાય છે. ભોગતૃષ્ણા એ મૃગતૃષ્ણા કરતા પણ વધારે ખતરનાક છે, ભોગતૃષ્ણાની અંદર નજીક જઈએ એટલે પર્દાફાશ થઈ જાય છે. મૃગતૃષ્ણાની અંદર નજીક ગયા ખબર પડી ગઈ, પાણી નથી, રેતી છે, એ જે દેખાતું હતું એનો પર્દાફાશ થઈ ગયો. ભોગતૃષ્ણાની અંદર તમે જેટલા નજીક જાવ, જેમ જેમ નજીક જાવ, એમ-એમ રહસ્ય વધારે ગાઢ બનતું જાય છે.

★ મૃગતૃષ્ણાનું કારણ તડકો હોય છે.
★ ભોગતૃષ્ણાનું કારણ અંધારું હોય છે.
★ મૃગતૃષ્ણા અંધારામાં નથી હોતી.
★ ભોગતૃષ્ણા અજવાળામાં નથી હોતી.
★ મૃગતૃષ્ણા પશુને મારે છે.
★ ભોગતૃષ્ણા માનવ અને દેવોને પણ મારે છે.
★ મૃગતૃષ્ણાની અંદર ધારેલું મળતું નથી, અને દોડી રાજવાનું હોય છે.
★ ભોગ-તૃષ્ણાની અંદર ધારેલું મળી જાય, તો એ દોડી રાજવાનું હોય છે.
★ મૃગતૃષ્ણાની અંદર આંખો ઠગાય છે.
★ ભોગતૃષ્ણાની અંદર આત્મા ઠગાય છે.
★ મૃગતૃષ્ણાથી વધુમાં વધુ એક મૃત્યુ થાય છે.
★ ભોગતૃષ્ણા સતાવે એટલે અનંત મૃત્યુ થાય છે.

કુંડરીક ભોગતૃષ્ણાને વશ બને છે, જ્યારે જ્યારે કોઈ વિષય આપણને આકર્ષે, આપણે ચર્ચા કરીએ, પ્લાન કરીએ, એ કુંડરીક મુનિ હજાર વર્ષ સંયમ પાળ્યું, કોઈ દીક્ષા લેતો હોય તો એને રોકવા જઈએ, એ ભાઈ કુંડરીક મુનિ જેવાનું એ

કોઈ ના થયું, અહીંયા આપણું કામ નહિ, હવે તો આમ થાય છે ને તેમ થાય છે. જિંદગીની અંદર જ્યારે કોઈ પણ વિષય આપણને આકર્ષે છે, અને સાધનાના માર્ગેથી આપણે એક ડગલું પણ પીછે હઠ કરીએ છીએ, ત્યારે જૈચ્યાયિક ક્રિટિક્સ એ, ભીતરી સ્તરે આપણે પોતે કંડરીક જ બનતા હોઈએ છીએ. એક કાજુકતરી પણ આપણને ભાવે ત્યારે આપણે કંડરીક બનતા હોઈએ છીએ. વિજાતીય આપણ ને આકર્ષે આપણે કંડરીક બનતા હોઈએ છીએ. એક સત્તા આપણને આકર્ષે કંડરીક બનતા હોઈએ છીએ. પૈસા નું આપણને ભૂલાવણ લાગે એટલે આપણે કંડરીક બનતા હોઈએ છીએ. કંડરીક ની કથા એ હકીકતમાં આપણી જ કથા છે. રોજ આપણે ઘાસમાં આળોટીએ છીએ, રોજ આપણે ધર્મના ઉપકરણનું પોટલું ઉપર શાખા ઉપર, ડાળી ઉપર આપણે લટકાવી દઈએ છીએ ને, રોજ સાધનાના માર્ગે પીછેહઠ કરીએ છીએ, જેના કારણમાં ભોગ-તૃષ્ણા સીવાય, વિષયો સીવાય, બાહ્ય પરિબળો સિવાય બીજું કશું જ નથી. આપણે વિચાર સુદ્ધા ન આવે કે હકીકતમાં જે કંડરીક ની દશા છે એ આપણી જ દશા છે. જેનેતી દીક્ષા એ આપણે કંડરીક બની ને સંસારની ગટર ની અંદર - રગદોળી નાખી, આ ભુવનની અંદર પણ આપણી દીક્ષા લઈ ના શકીએ, પાળી ના શકીએ, હજુ એવું સત્વ અંદરથી જાગે નહિ, હજુ એવું શૂરાતન પ્રગટે નહિ, તો સંસારની- અંદર આપણે પડ્યા પાથર્યા રહીએ તો કંડરીક ને આપણામાં બીજો ફરક શું છે ?, એક હજાર વર્ષનું સંયમ, એક ભોગ તૃષ્ણા ની પાછળ, એ રાજ્ય ભોગો ની પાછળ, એ રાજમહેલ ની ઓરડી ની પાછળ, એ મહાત્મા એ ગુમાવી દીધું, આપણને આપણા આત્મા ની ચિંતા થાય ખરી ?, પુંડરીક, કંડરીકનો રાજ્યાભિષેક કરે છે. પોતે જિનશાસન ના અણગારનો વેષ ધારણ કરે છે, વિહાર કરે છે, સદ્ગુરુને મળવું છે ને, સદ્ગુરુ મળે નહિ ત્યાં સુધી, મારે આહાર પાણીનો ત્યાગ છે

તો પુંડરીક આ બાજુ વિહાર કરે છે. કંડરીક છે રાજમહેલની અંદર, એકશાંતીથી બનીને ભોગોને ભોગાવે છે. ભોગ-ટપણો મામ મુકે છે, ઓર ભેઈજે... ઓર ભેઈજે... ઓર ભેઈજે... ઓર ભેઈજે... ઓર ભેઈજે ----
આખો દિવસ કંઈ ભોગવવામાં બાકી રાખ્યું નથી, રાતે તબીયત બગડી છે, વલખાં મારી રહ્યો છે કંડરીક, પડખા ફેરવી રહ્યો છે, તરફડી રહ્યો છે, ચીસો પાડી રહ્યો છે, મને બચાવો... મને બચાવો... મારાથી સહન નથી થતું તો, આખું રાજ્ય તે, નાગરજનોને, મંત્રીઓ, નજીકનો પરિજન, બધાને કે આ યોગભ્રષ્ટ આત્મા, સંયમને ખુવાર કરી દેનાર આત્મા, તો આ ભોગોની પાછળ લંપટ બનેલો આત્મા, પોતે રૌદ્ર ધ્યાનમાં ચડે છે, મારી નાખું આ બધાને, સવાર પડવા દો આ બધાને સૂળીએ ના ચડાવી દઉં તો, મારું નામ પણ રાખ નહીં ને આ રૌદ્ર અધ્યવસાયની અંદર, કાળ કરીને કંડરીક મુનિ- હવે કંડરીક રાજા સીધા સાતમી નરકે જતા રહે છે. પુંડરીક રાજર્ષિ પણ પાણી-આહારનો ત્યાગ કર્યા પછી, ગુરુમિલન પછી, પારણું કરે છે, તબીયત બગડે છે, સરસ મજાની અંતિમ આરાધના કરીને કાળ કરીને, સર્વોત્કૃષ્ટ દેવલોક, અનુત્તર વિમાનની અંદર ઉત્પન્ન થાય છે.
એક દિવસનો ભોગ, અને એક દિવસનું સંયમ !
ભોગે ભોચ્ચા વમિત્તા ય
એક દિવસનો ભોગ પણ સાતમી નરક આપી શકે તો, આપણું શું થશે ?, અનંતીવાર આ ભોગોને ભોગવ્યા, હજુ તૃપ્તિ નથી થઈ, જે દેવતાઈ ભોગોથી તૃપ્તિ નથી થઈ, તો આ ભવના ભોગોથી કઈ રીતે તૃપ્તિ થશે. ખુબ મંથન કરીએ.
ભોગોનો ત્યાગ ભોગોનો વૈરાગ્ય, કરીએ એવી ભાવના સાથે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.



---x---x---x---x---

## વ્યાખ્યાન નંબર- ૭૫

DATE 03 11 2019

પ્રતિબોધક આચાર્ય ના મુખે ભોગતૃષ્ણા નું સ્વરૂપ રજુ કરે છે. જ્યાં સુધી ભોગ તૃષ્ણા બરાબર સમજાશે નહિ, ત્યાં સુધી એનાથી છુટવું કદાચ શક્ય નહિ બને. ભોગ તૃષ્ણા, શું છે ? આચાર્ય ભગવંત એના વર્ણનમાં આગળ વધે છે.

યો મૂઢ: શમયત્યેનાં, કિલ શબ્દાદિભોગત: ।

જે મૂઢ શબ્દાદિના ભોગથી ભોગ-તૃષ્ણાને શાંત કરવાનો પ્રયાસ કરે છે,

જલે નિશીથિનીનાથં, સ હસ્તેન જિઘૃક્ષતિ ॥

એ હકિકતમાં શું કરે છે ? પાણીની અંદર ચંદ્રનું પ્રતિબિંબ પડી રહ્યું છે. અને એ પ્રતિબિંબિત ચંદ્રને એ પોતે ગ્રહણ કરવા માટે ઈચ્છે છે. બાળક છે, પુનમની રાતે ઘરની - બહાર નીકળે છે, સામે તળાવ છે, રેતીમાં ચાલીને આગળ તળાવ સુધી પહોંચે છે, તળાવના પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ દેખાય છે. એને લેવા જાય છે પણ હાથમાં આવતો નથી, ઉપર મારીને લેવા જાય છે. તો એ હાથમાં આવતો નથી, ગુસ્સો આવે છે, બાળકને, ધુંધવાય છે. જોરજોરથી થપાટો પાણીની સપાટી ઉપર મારવા લાગે છે પણ ચંદ્ર હાથમાં - આવતો નથી. ગમે તેમ બોલવાનું બાળકે શરૂ કરી દીધું છે, પાછળ ઝુંપડીમાંથી એની "મા" બહાર આવી છે, દ્રશ્ય જુએ છે, સાંભળે છે, આશ્ચર્ય થાય છે, ધીમે-ધીમે નજીક જાય છે, પરિસ્થિતિ સમજે છે, ને ધુંધવાતાને, ગુસ્સો કરતાને, થપાટો મારતા, ગમે તેવા શબ્દો બોલતા એ બાળકના માથે પ્રેમથી હાથ રાખીને કહે છે બેટા. એ ચંદ્ર નથી પણ એ જલચંદ્ર છે. જ્યાં ચંદ્ર હોય નહી પણ લાગે કે ચંદ્ર છે. આનું નામ જલચંદ્ર, અને એનું ગ્રહણ શક્ય જ નથી.

જલે નિશીથિનીનાથં સ હસ્તેન જિઘૃક્ષતિ ।

તમે તળાવનું પાણી લઈ શકો, તમે તળાવ પાસેની રેતી લઈ શકો, તમે તળાવમાં પ્રતિબિંબિત ચંદ્રને કઈ રીતે લઈ શકો ? બાળકને હજુ વાત "મા"ની સમજાતી નથી ને, "મા" બાળકને

કહે છે કે બેટા, એ ચંદ્ર નથી એ ચંદ્રનું પ્રતિબિંબ છે.
એ ચંદ્ર નથી ચંદ્રનો પ્રતિભાસ છે. વસ્તુ હોય નહિ
અને વસ્તુનો પ્રતિભાસ થાય, આનું નામ ભ્રમણા!
એટલે તું જેને ચંદ્ર માને છે, તું જેને ચંદ્ર કહે છે,
તું જેને ઝડપવા માટે, લેવા માટે પ્રયત્ન કરે છે, એ
હકીકતમાં ચંદ્ર નથી પણ ભ્રમણા છે. પ્રેમથી "મા"
બોલાય એ પ્રેમથી વદી છે. પ્રેમથી જ્ઞાની ભગવંતો
આપણને સમજાવી રહ્યા છે.

શબ્દાદિના ભોગ દ્વારા તું તારા ભોગની
તૃષ્ણાને શાંત કરવાનો પ્રયાસ કરે છે, પણ તું સમજી લે
કે તું જેને ભોગ કહે છે ને એ ભોગ જ નથી. એ જો
ભોગ હોત તો તને ક્યારની એ તૃપ્તિ મળી ગઈ હોત.
એ જો ભોગ હોત તો તને ક્યારની એ શાંતિ મળી ગઈ
હોત. એ જો ભોગ હોત તો તારે એની પાછળ આટલા
ભવોથી હડિયા કરવું ના પડત. એ જો ભોગ હોત તો
જરા અર્થમાં તું એનાથી સુખી થાત, પણ હકીકતમાં
એ ભોગ છે જ નહિ. ભોગ નથી અને ભોગનો-
પ્રતિભાસ થાય, આનું નામ ભ્રમણા! શબ્દાદિનો
ભોગ એ એક એવા પ્રકારનો વરસાદ છે જે ચિત્ત-
ભૂમિને વધારે ને વધારે સૂકી બનાવે છે. શબ્દાદિ
ભોગ એ એવા પ્રકારનું મનોરંજન છે, જે સરવાળે
મનને વધારે દુ:ખી કરે છે. શબ્દાદિ ભોગ, એ
એવા પ્રકારનું ભોજન છે, જેનાથી આત્મા વધુ ને વધુ
ભૂખ્યો થતો જાય છે. શબ્દાદિ ભોગ એ હકીકતમાં
ભોગ જ નથી, ભોગનો પ્રતિભાસ છે. ભોગનો આ-
ભાસ છે, આપણા આત્માની શુદ્ધ ભ્રમણા છે!
એક કવિએ બહુ મજાની વાત કરી છે.

" અંત પળે પણ સ્પષ્ટ થયું ના,
સ્થાન ગયું કે સત્ય હરાયું!"

જિંદગીના ૫૦-૬૦-૭૦-૮૦ વર્ષો આપણા પસાર

થઈ ગયા. અને જે પસાર થયેલા વર્ષો, આપણે જરા સિંહા-
વલોકન ન્યાયથી, જરા ડોક વાળીને પાછું જોઈએ, આખી
જિંદગી આપણી ભ્રમણામાં વીતી ગઈ હોય છે. ઘર એ
સત્ય હતું કે સ્વપ્ન હતું? પરિવાર એ સત્ય હતું કે સ્વપ્ન
હતું? પૈસા સત્ય હતા કે સ્વપ્ન હતું? શરીર સત્ય
હતું કે સ્વપ્ન હતું? આ બધા વ્યવહારો સત્ય હતું કે
સ્વપ્ન હતું?

" અંત પળે પણ સ્પષ્ટ થયું ના,
સ્વપ્ન ગયું કે સત્ય હરાયું " !

મૃત્યુની પળ આવશે ને બધું જ હરાઈ જશે, એ નક્કી
છે. બધું જ જતું રહેશે એ નક્કી છે. શું ગયું એના-
ઉપરનું આ મંથન છે કે કોઈ જે સત્ય ગયું કે સ્વપ્ન ગયું?
જ્ઞાની ભગવંતો આપણને બહુ પ્રેમથી કહે છે. પાણીમાં
પ્રતિબિંબિત જોયા ચંદ્રનું ગ્રહણ કરવું એ જેમ શક્ય જ નથી.
બરાબર એ જ રીતે, શબ્દાદિનો ભોગ કરવો, મધુર-
શબ્દો, ગમતા દ્રશ્યો, ગમતી સુગંધ, ભાવતા ભોજનો,
ગમતા સ્પર્શો, એને તું ભોગવે એ શક્ય જ નથી.

દ્રવ્ય દ્રષ્ટિ એ વિચાર કરીએ, એક પેંડો
તમે તમારા મોઢામાં મુક્યો, એ પેંડો તમે કેટલો ખાધો,
કેટલો તમે એનો સ્વાદ માણ્યો. આગમની અંદર ન્યાય
આપ્યો કે જ્યારે તમે પેંડાને મોઢામાં મુકો છો ને, ત્યારે
તમે હકીકતમાં, તમને લાગે કે તમે પેંડાનો સ્વાદ લીધો,
તમે આખા પેંડાનો સ્વાદ માણ્યો, તમને ગળ્યો લાગ્યો,
તમને મીઠો લાગ્યો, સારો લાગ્યો. એક પેંડો તમે જ્યારે
મોઢામાં મુકો છો ત્યારે, તમે એના અનંતમાં ભાગના-
પરમાણુઓનો જ સ્પર્શ કરતા હો છો. તમે મોઢામાં પેંડા
ના બે ટુકડા કર્યા, એના ચાર થયા, એના આઠ થયા,
એના સોળ થયા, એના પચાસ થયા, એના સો થયા,
એના બસો થયા, એના હજાર થયા, એના બે હજાર,
નાના-નાના-ઝીણા-ઝીણા ટુકડા થયા. પેંડો આખો

તમારા મોઢામાં ચુરો થઈ ગયો છે. ત્રણ હજાર એના PARTICLES, ચાર હજાર PARTICLES, પાંચ હજાર PARTICLES, પાંચ હજાર PARTICLES એ બરાબર ચવાઈ ગયો, એકેએક ચુરો થઈ ગયો. અને તમે ગળાની નીચે ઉતારી દીધો. આગમમાં પ્રશ્ન કર્યો કે તમે કેટલા ટકા પેંડાને સ્પર્શ્યા, તમારી જીભ એ પેંડાના કેટલા PERCENTAGE ને સ્પર્શી, અને ત્યાં જવાબ આપ્યો કે અનંતમાં ભાગને જ સ્પર્શી છે. એ પાંચ હજાર PARTICLES જુદાજુદા કરોને એમાંથી એક PARTICLE લો, એ એક PARTICLE જેના હવે બે PARTICLE થવાના નથી, જે PARTICLE આજે આખો એમજ ઉતરી ગયો, એની અંદર બીજા અનંતા PARTICLES હતા, જેને આપણે અડ્યા સુદ્ધા નથી.

આપણને લાગે છે કે આપણે વસ્તુને ભોગવી, આપણને લાગે છે કે આપણે વિષયોને ભોગવ્યા, હકિકતમાં આપણે વિષયો નો અનંતમો ભાગ જ ભોગવ્યો હોય છે, આ દ્રવ્ય દ્રષ્ટિ ની વાત છે. આ સ્થુલ દ્રષ્ટિ ની વાત છે. ભાવ દ્રષ્ટિ જો જોઈએ તો, પુદ્ગલોની ભોગ આત્મા કરી તે શક્ય જ નથી. જ્ઞાનસાર પ્રકરણની અંદર પૂજ્ય મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે.

પુદ્ગલૈઃ પુદ્ગલાસ્તૃપ્તિં યાન્ત્યાત્મા પુનરાત્મના,

પુદ્ગલોથી પુદ્ગલો તૃપ્ત થઈ શકે, પુદ્ગલ જ પુદ્ગલનો ભોગ કરી શકે. આત્મા જ આત્માનો ભોગ કરી શકે ને આત્મા જ આત્માથી તૃપ્ત થઈ શકે.

પરતૃપ્તિસમારોપો, જ્ઞાનિનસ્તન્ન યુજ્યતે ।

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે કે, તમે સવાલ ઉઠાવો કે, તમને તો લાગે છે અમારું પેટ તો ભરાયું છે, અમે ખાવાનું ખાધું, અમારું પેટ ભરાયું, અમને ઓડકાર આવ્યો, અમે ધરાઈ ગયા, અમને જે કકડીને ભુખ લાગી

હતી, શાંત થઈ ગઈ. અમને અનુભવ થાય છે, તો પુદ્ગલોથી આત્મા તૃપ્ત ન જ થાય, આવું કઈ રીતે કહી શકાય ? મધુર સંગીત, અમે EAR PHONE કાનમાં નાખી દીધા ને, મધુર સંગીત રેલાવું હતું ને અમને મજા આવી. અમારો અનુભવ છે અમે PHONE કે T.V. ની SCREEN ઉપર, થિયેટરની SCREEN ઉપર અમે દ્રશ્યો જોઈએ છે ને અમને મજા આવે. એમ મજા રીતસર માણતા હોઈએ એ અમારો અનુભવ છે, એ કઈ રીતે ખોટો હોઈ શકે ? અમે સુગંધી દ્રવ્યો ને સુંઘીએ ને અમને સુગંધ આવે, અમે ભાવતા ભોજન ખાઈએ ને અમને આમ બહુ મજા આવે, અમે કોમળ સ્પર્શો ને માણવાનો પ્રયાસ કરીએ તો અમને આનંદ આવે, આ અમારો અનુભવ છે. તો પછી તમે કહો કઈરીતે શકો કે, આ વસ્તુ ખોટી છે! એક જ શબ્દની અંદર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ આનો જવાબ આપે છે.

પરવૃપ્તિસમારોપો જ્ઞાનિનસ્તન્ન યુજ્યતે ।

દેવદત્ત જમ્યો ને યજ્ઞદત્તને ઓડકાર આવે એના જેવી આ ઘટના છે. દેવદત્ત જેના જેના સંપર્કમાં આવે છે, સંયોગમાં આવે છે, વિષયો નો ભોગવટો દેવદત્ત કરે, યજ્ઞદત્ત ને એનાથી કોઈ જ ફાયદો ના થાય, યજ્ઞદત્તને કોઈ ફરક ના પડે. બરાબર એ જ રીતે શરીર જે પુદ્ગલોનો ભોગવટો કરે, એનાથી આત્માને કોઈ જ ફરક પડતો નથી. પણ બાળકને જેમ લાગે છે કે ચંદ્ર સુધી મારો હાથ આવી ગયો, હવે હું ચંદ્ર ને અડી લઈશ, હવે હું ચંદ્રને ઉંચકી લઈશ, હવે હું ચંદ્ર ને બહાર કાઢી લઈશ. એ બાળકને બધો જ અનુભવ થઈ રહ્યો છે. ચંદ્ર અહીંયા જ મારી નજરની સામે છે, મારા હાથની નજીક છે, તો એ મારા હાથમાં કેમ ના આવે, ને "મા" એને સમજાવે છે બેટા ચંદ્ર અહીંયા છે જ નહિ.

સભાનો પ્રશ્ન :- ભગવંત! બદામ નો શીરો વાપરીએ અને એનાથી બુદ્ધિ સતેજ થાય ને જ્ઞાનાદિ ગુણો

ની પુષ્ટિ થાય, તો આ સ્પષ્ટ અનુભવ જ છે. અમુક દ્રવ્યો વાપરવાથી, જ્ઞાનાદિ વિગેરે ગુણોની પુષ્ટિ થાય, તો આમાં આત્મા તો પુષ્ટ થાય જ છે ને!

પૂજ્ય શ્રીનો ઉત્તર :- વ્યવહાર નયથી, શરીર અને આત્મા એક છે. ચારવાક દર્શનનો ઉદ્ભવ વ્યવહાર નયથી થયો. અને વ્યવહાર નયનું - સ્પષ્ટ મંતવ્ય છે.

अन्योऽन्यानुगतानां का, तदेतदिति वा भिदा।

અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, વ્યવહાર નયનું મંતવ્ય રજુ કરે છે, કે જે એક બીજામાં વ્યાપ્ત થઈ ગયા, એક બીજામાં એક-મેક થઈ ગયા, તો તમે આ શરીર ને આ આત્મા એવો ભેદ કેમ કરી શકશું, બંને ને જુદા કઈ રીતે પાડી શકશું ? એ શક્ય જ નથી.

यावच्चरमपर्यायं, यथा पानीयदुग्धयोः ॥

દુધ અને પાણી એક થઈ ગયા છે. હવે ક્યાં સુધી તમે દુધને એટલું ના ઉકાળો, જેથી વધારાનું પાણી હતું એ બળી જાય, ત્યાં સુધી તમે દુધ અને પાણીનો ભેદ ના પાડી શકો. બરાબર એ જ રીતે શરીર અને આત્મા, જીવ જ્યારે સંસારી અવસ્થામાં છે. જીવ હજુ મોક્ષે ગયો નથી, ત્યાં સુધી એકમેક છે. બંનેમાં વ્યાપ્ત થઈને રહેલા છે, તો એમનો ભેદ પાડી જ ન શકાય. એક બાજુ વ્યવહાર નય, આમ કહે છે. બીજુ બાજુ નિશ્ચય નય કહે છે.

तन्निश्चयो न सहते, यदमूर्तो न मूर्तताम्।

નિશ્ચય નય અહીંયા બળવો કરે છે, દલીલ કરે છે, તર્ક કરે છે, વિરોધ કરે છે, આક્ષેપ કરે છે. કે જીવ એ અમૂર્ત છે ને શરીર એ મૂર્ત છે.

अंशेनाप्यवगाहेत, पावकः शीततामिव ॥

અગ્નિ એ અગ્નિ જ છે તમે ગમે તેટલા તર્ક લગાડો,

અગ્નિ કદી ઠંડો ના થઈ શકે. બરાબર એ જ રીતે, અમૂર્ત ધ્રુવ એ મૂર્ત ના થઈ શકે. સવાલની હવે નજીક આવું કે દારૂ પીવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, અને બ્રાહ્મી, શંખપુષ્પી, વગેરે દ્રવ્યો લેવાથી બુદ્ધિ સતેજ થાય છે. આવો અનુભવ પ્રત્યક્ષ જ્યારે દેખાતો હોય તો, અમૂર્ત દ્રવ્ય ને મૂર્તદ્રવ્ય ની અસર થઈ એવું માનવું જ પડે, અપેક્ષાએ વાત સાચી. વ્યવહાર નય થી વાત સાચી. નિશ્ચય નય થી શુદ્ધ આત્મા ની અપેક્ષાએ લઈએ તો જે બુદ્ધિ બગી, એ પણ આત્મા નહતી, ને પેલા જે ભોટપણું અથવા તો નશાની અંદર ગમે તેવી બુદ્ધિનું વિકૃતપણું એ પણ આત્મા નથી. શુદ્ધ આત્માએ બધા જ વિભાવો થી પર છે. અમૃતવેલ ની સજ્ઝાયની અંદર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે

" દેહ, મન, વચન, પુદ્ગલ થકી,
કર્મથી ભિન્ન તુજ રૂપ રે ! "

ધ્રુવ શું છે ?, તો ધ્રુવ શરીર પણ નથી, ધ્રુવ મન પણ નથી, ધ્રુવ વચન પણ નથી, ધ્રુવ કર્મ પણ નથી. ધ્રુવ કોઈ પ્રકારનો પુદ્ગલ પણ નથી. આ બધાથી પેલે પારનું તત્ત્વ, આ બધાથી અગોચર તત્ત્વ, જે ધ્રુવ તત્ત્વ છે, એ આત્મ તત્ત્વ છે.

" અક્ષય છે અકલંક ધ્રુવનું,
જ્ઞાન, આનંદ સ્વરૂપ રે ! "

ધ્રુવ અક્ષય છે, ધ્રુવ અકલંક છે, ધ્રુવ જ્ઞાન અને આનંદમય છે. વ્યવહાર નય- અને નિશ્ચય નય. તમે કોઈને - તમાચો મારો ને એ પુછે કે કેમ તમાચો માર્યો, ને ત્યાં તમે જવાબ આપો કે ભાઈ, શરીરતો મારું છે નહિ, હાથ તો મારા છે નહિ, હું તો ધ્રુવ છું, હું તો અકલંક છું, હું આત્મા છું, હું આ બધા થી ભિન્ન છું. શરીરની ચેષ્ટાઓ સાથે મને કોઈ જ સંબંધ નથી, તો આવો જવાબ તમારો ના ચાલે. ત્યાં વ્યવહાર નય લગાડવાનો છે કે ભાઈ, તમે તમારા શરીરને પ્રવૃત્ત કર્યું. હાથને ACTIVE કર્યો.

એના ગાલ ઉપર તમે તમાચો માર્યો, તમે ગુનેગાર છો. ત્યાં વ્યવહાર નય આવશે. જ્યાં જીવ શબ્દાદિના ભોગ ની પાછળ લંપટ બને છે, દેહાધ્યાસ થી પોતે વ્યાપ્ત થાય છે. શરીર હું જ છું, આ માન્યતા ના આધારે પોતે કેટકેટલા પાપો કરે છે, ત્યાં નિશ્ચય નય લગાડવાનો છે. નિશ્ચય નય કહે છે, શરીર જુદુ છે ને આત્મા જુદો છે. જે જોડતા લાગે છે એ ભ્રમણા છે. શબ્દાદિ ભોગ એ આપણા ભોગ લાગે છે, એ ભ્રમણા છે. એને તમને જ્યાં જ્યાં અનુભવ થાય છે, ત્યાં શું થાય છે ? જ્ઞાનસારની અંદર એક જ શબ્દ બતાડ્યો,

પરતૃપ્તિસમારોપો

પાગલખાના ની અંદર બે પાગલ છે ને, એક પાગલ એણે સમજી લીધું કે, આ પાગલ એ હું છું. વાત સમજાઈ ? આ પાગલ એ હું છું આવું સમજી લીધું, હવે ઓલો જમે એટલે સમજે છે કે મેં જમી લીધું, ઓલો સુવે એટલે સમજે કે મેં સુઈ લીધું. ઓલાને વાગ્યું એટલે પોતે રોવા લાગે. ઓલો હસે એટલે સમજે કે હું બહુ ખુશ છું, એ પોતે હસવા લાગે. જ્ઞાનસારની પરિભાષામાં, આને કહેવાય "સમારોપ" જ્યાં હકીકત નથી, વાસ્તવિકતા નથી, REALITY નથી, ઘટના એવી નથી બની, પણ ઘટના એવી માની લેવામાં આવી છે. એ પાગલ સાથે જે થયું એ મારી સાથે થયું, આવું માની લેવામાં આવ્યું છે. ત્યાં શું થાય છે, ત્યાં સમારોપ થાય છે, ત્યાં ભ્રાન્તિ થાય છે, ત્યાં ભ્રમણા થાય છે, અને જીવને લાગે છે કે પુદ્ગલોનો ભોગવટો હું કરી રહ્યો છું. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ શ્લોકના ચોથા ચરણમાં કહે છે કે આખી દુનિયા સમારોપમાં રહી છે. આખી દુનિયા એક પ્રકારનું પાગલખાનું છે. શરીર એ બીજો પાગલ છે, પોતે પહેલો પાગલ, પાગલખાના ના બે

પાગલ, અને બીજા પાગલે જે કર્યું એ પોતાનામાં થઈ ગયું આવું માની લેવાના કારણે એ પાગલના જીવનની અંદર કેટકેટલી પ્રેમગાથાઓ, કેટકેટલી ગરબડો, કેટકેટલી ઉપાધિઓ, આવ્યા જ કરે... આવ્યા જ કરે... આવ્યા જ કરે... બરાબર એ જ રીતે શરીર હું છું આ માની લેવાથી, ઇન્દ્રિયો હું છું આ માની લેવાથી, ભોગ મારો છે આ માની-લેવાથી, જીવ ને કર્મબંધ, અને કર્મોના ફળો રૂપ ઉપાધિ, એ આ ભવચક્રની અંદર સતત આવ્યા જ કરે છે.

સભાનો પ્રશ્ન :- સાહેબજી, જો આ બધું વિચારીએ તો સમાજની વ્યવસ્થા કઈ રીતે ચાલી શકે ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- અભયદેવ સૂરીશ્વરજી મહારાજાએ, પંચાશક ગ્રંથની ટીકાની અંદર, આ સવાલનો જવાબ આપ્યો છે, કે આ બધી વ્યવસ્થા-ચલાવવા જેવી જ નથી.

सर्वोऽप्ययमस्तेयार्थं स्वामित्वादिव्यवहारः।

આ બધો જ સ્વામિત્વાદી વ્યવહાર, એ બધો ચોરી જ છે. એક બાજુમાં વ્યક્તિ બેઠી છે, એ વ્યાખ્યાન સાંભળવામાં તલ્લીન છે, ને ધીમે રહીને તમે એના ખીસ્સામાં હાથ નાખો છો, અને તમે એના રૂપિયા લઈ લો છો, તો આ એ ચોરી છે ને બજારમાં જઈને બજાર ભાવથી તમે કોઈ ફળ-શાકભાજી લઈ આવ્યા, આ પણ એક પ્રકારની ચોરી જ છે. એ જીવ તમને જ્યાં સુધી પોતાનું શરીર સોંપતો નથી, એ જીવનું શરીર એની માલીકી નું હતું ને એ સોંપતો નથી. આ તો કોઈ એને પકડી લાવ્યું, કોઈ એને તોડી લાવ્યું, વજન કરી દીધું, તમારા માટે ભાવ નક્કી કરી દીધો, એનો ભાવ એણે નક્કી કરી દીધો ને એ વેચી મારે. આ આખો વ્યવહાર ચોરી જ છે. સમાજ વ્યવસ્થા તમારે ચલાવવી છે કે આત્માનું કલ્યાણ કરવું છે. એ તમે વિચારી લો ! સમાજ વ્યવસ્થા ચલાવવી છે તો મોક્ષ માર્ગની વ્યવસ્થા તમારી માટે નહીં રહે, મોક્ષ માર્ગની વ્યવસ્થા તમારી માટે ઉભી.

શોખથી હોય તો, સમાજની વ્યવસ્થા માંથી બહાર નીકળવું પડશે. સંસાર એ સંસારની શૈલીથી ચાલે છે. મોક્ષ-માર્ગ - મોક્ષમાર્ગની શૈલીથી ચાલે છે.

પુદ્ગલૈ: પુદ્ગલાસ્તૃપ્તિં યાન્ત્યાત્મા પુનરાત્મના

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે. શબ્દથી તમારું કાનનું જે MACHINE જે ઇન્દ્રિય, એક - બહારની ઇન્દ્રિય છે, એક અંદરની ઇન્દ્રિય છે. બહારની ઇન્દ્રિય એ કાનનો કાન છે, અંદર જે કુદરતે બનાવેલું મશીન, જે સાંભળે છે. એને મજા આવે છે, તમને કોઈ મજા નથી આવતી. પણ તમે માની લીધું કે, તમે છો. માટે તમને મજાનો આભાસ થાય છે. દ્રશ્ય એ આંખ જોઈ રહી છે, સુગંધ એ નાક સુંઘી રહ્યું છે. સ્વાદ એને મુખ અનુભવી રહી છે, સ્પર્શ એને ત્વચા અનુભવી રહી છે. તમને કશું જ મળતું નથી ! સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે.

યો મુક્ત: શમયત્યેનાં કિન્તુ શબ્દાદિભોગત: ।

આત્મા શબ્દોનો ભોગ કરે, રૂપનો ભોગ કરે, સુગંધનો, સ્વાદનો, સ્પર્શનો ભોગ કરે, એ શક્ય જ નથી.

બાલે નિશીથિનીનાથં સ્હસ્તેન જિઘૃક્ષતિ ॥

એ ચંદ્ર બાળકને મળી જાય, લઈ લે, ભેટી લે, એને ઉછાળે, એનાથી રમે, એ બધી દૂરની વાત છે. બાળક એ ચંદ્રને લઈ શકે, એ જ શક્ય નથી. બરાબર એ જ રીતે, આત્મા ને શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શથી સુખ મળે એ તો દૂરની વાત છે. આત્મા એનો ભોગ કરી શકે એ જ શક્ય નથી. એક સૌધર્મેન્દ્ર ની ઇન્દ્રાણી છે, ઇશાનેન્દ્રની ઇન્દ્રાણી છે, સુર્યેન્દ્રની, ચંદ્રેન્દ્ર ની, ચમરેન્દ્ર ની, બલેન્દ્ર ની ઇન્દ્રાણી છે, નાગેન્દ્ર, ભુતેન્દ્રની ઇન્દ્રાણી છે, એ જેમ તમારા સંપર્કમાં આવે, એના જે શરીર સંબંધી વિષયો, એનો ભોગવટો તમે કરો એ જેમ શક્ય જ નથી.

બરાબર એ જ રીતે, તમારે સ્વાધીન એવું જે વિજાતીય પાત્ર હોય, એનું પણ વિષયસેવન, એનો પણ ભોગવટો, તમે કરો એ શક્ય જ નથી. ~~[illegible]~~,

સભાનો પ્રશ્ન :- સાહેબજી, અમે આપને હંમેશા પુછીએ સ્વામી શાતા છે જી ! એનો જવાબ તો આપ આપો જ છો. આ વસ્તુ આપ બોલો તો છો જ ને ! તો એ કઈ રીતે ઘટાવવું.

પૂજ્ય શ્રીનો ઉત્તર :- એટલે આ જે નય છે ને, આ નયને સમજવાનો પ્રયાસ કરવો છે.

હરીભદ્રસૂરી મહારાજ, હિંસાષ્ટક ગ્રંથની અંદર, કહે છે,

ગુરવો ભવન્તુ શરણં પ્રબુદ્ધનયચક્રસારજ્ઞાઃ ।

આ નયચક્ર છે ને અનેક નયોનો સમુહ છે, ને ક્યારે, ક્યાં, કયો નય લગાડવો, એ વિવેક આપણો પાસે હોવો જોઈએ. મહાત્મા માંદા પડ્યા છે, મહાત્મા SERIOUS છે, એમનું ઔષધ લાવવાનું છે, એમની TREATMENT (ચિકિત્સા) કરવાની છે ને એ સમયે તમે આ નિશ્ચય નય લાવો, કે શરીર ને આત્મા જુદા છે. મહાત્માના આત્માને કોઈજ તકલીફ નથી. મહાત્માનો આત્મા સિદ્ધ, બુદ્ધ, મુક્ત છે. મહાત્માને કંઈ જ થયું નથી, મહાત્માની કોઈ જ ચિંતા કરવાની જરૂર નથી. તો ત્યાં તમે ખોટો નય પકડ્યો.

જ્યારે, જ્યાં, જે નય લગાડવાનો હોય, એ નય લગાડો, તો વ્યવહાર ચાલે. તમે કોઈકની અપેક્ષા એ પતિ છો, પણ તમે બીજાને કોઈને જઈને કહો કે હું પતિ છું, તો ગરબડ થાય. પત્ની ની અપેક્ષા એ પતિ છો, પિતા ની અપેક્ષા એ પુત્ર છો, પુત્રની અપેક્ષા એ પિતા છો, ભાઈ ની અપેક્ષા એ ભાઈ છો, વગેરે સંબંધો, તે તે નય તે તે POINT OF VIEW થી છે, ને આપણે એ જ રીતે સમજી હોઈએ, તો સંસારનો પણ વ્યવહાર આપણો - ચાલતો હોય છે. પત્નીને કહેવાય કે હું તારો પતિ બોલું છું. કોઈનો ફોન આવ્યો કે કોઈને ફોન કર્યો,

ત્યાં ના કહેવાય કે ભાઈ, હું પાન બોલું છું, તો ગરબડ થાય. એટલે, શાંતસુધારસ ની અંદર વિનય વિજયજી મહા-રાજશ્રી કહ્યું,

कृतिनां दयितेति चिन्तनं, परदारेषु यथा विपत्तये।

જે સજ્જન છે એ પરસ્ત્રી માટે, પરસ્ત્રી પ્રત્યે, એવું વિચારે કે એ મારી પત્ની છે તો એને વિપત્તિ આવે ઉપાધિ આવે, મુસીબતો આવે.

विविधार्त्तिभयावहं तथा, परभावेषु ममत्वभावनम्॥

તો પરભાવ, પરદ્રવ્ય, પરવસ્તુ, એમાં તમે મમત્વની ભાવના કરો, મારું છે એવું વિચારો, તો તમારા ઉપર પણ ઘણી-બધી આપત્તિ આવે. હવે અહીંયા વ્યાખ્યાનમાં અધવચ્ચે જાહેરાત થાય કે આ સ્કુટર અહીંયા પડ્યું છે, બીજાને તકલીફ પડે છે, આ સ્કુટરનો નંબર છે, જલ્દીથી જે જેનું હોય એ લઈ જાય, અને ત્યારે તમે વિચારો કે ભાઈ મારું કંઈ છે નહિ, હું આત્મા છું, મારા શુદ્ધ જ્ઞાન દર્શન છે, સ્કુટર મારું છે નહિ, તો શું થાય? એટલે જે સમયે જે નય લગાડવાનો છે, એ લગાડીએ તો સંસારનો પણ વ્યવહાર બરાબર થાય. અને આ સાધનાના વિશ્વની-અંદર, મોક્ષ માર્ગની અંદર પણ, જ્યારે જે નય લગાડવાનો છે, એ નય લગાડવો જોઈએ.

જે અહીંયા કોઈ દહેરાસર તોડવા આવે, ભગવાન તોડવા આવે, અને ત્યાં આપણે કહીએ -

मित्ती मे सव्वभूएसु

તો ત્યાં ખોટો નય લગાડ્યો. તમને PERSONALLY કોઈ હેરાન કરે છે, તમારી બદનામી કરે છે, એને તમે ત્યાં વિચારે આવું કરે છે, બતાડી દઉં એને, આવું ચાલે જ નહિ, ત્યાં એ તમે ખોટો નય લગાડ્યો છે. જ્યારે શાસન રક્ષા નો પ્રશ્ન છે, દેવ, ગુરુની ભક્તિનો પ્રશ્ન છે, ત્યાં તેવો નય લગાડવાનો છે. જ્યાં વ્યક્તિગત પ્રશ્ન છે, જ્યાં ખોટા કષાયો ને સંક્લેશો થઈ રહ્યા છે,



classmate

ત્યાં ત્રીજા પ્રકારનો નય લગાડવાનો છે. ચંદ્રને ગ્રહણ કરવો શક્ય જ નથી. શબ્દાદિનો ભોગ કરવો એ શક્ય જ નથી. થોડા દિવસ પહેલા, એક AUCTION (હરાજી) થયું. પાત્રીસ કરોડ રૂપિયાની કિંમતનો એક હીરો, એનું AUCTION. AUCTION માં ENTRY FEE (પ્રવેશ મુલ્ય) એક કરોડ રૂપિયાની. અને એ હીરો બે-ત્રણ ફુટ સુધી એનો પ્રકાશ ફેંકે. જેમ શાસ્ત્રમાં પ્રકાશમય રત્નોની વાત આવે એવો હીરો. હરીભદ્ર-સૂરી મહારાજ, એમના ચરિત્રમાં આવે કે લલ્લીગ નામના શ્રાવકે એવું રત્ન એમના ઉપાશ્રયમાં જડી દીધું હતું, જેથી રાતે પણ એમનું ગ્રંથ સૈજનનું કામ ચાલું રહેતું. સહજ પ્રકાશ, અચિત્ત પ્રકાશ. હું તમને કહું કે એ પાત્રીસ કરોડનો હીરો કેટલામાં ગયો એ તો ખબર નથી. પણ એ હીરો તમને શું કામ લાગે ? કોઈ ઈન્દ્રાણીની વાતો કરે, અપ્સરાની વાતો કરે, દેવીઓની વાત કરે, વિદેશની અભિનેત્રી હોય, મોડલ હોય, એની વાત કરે એ તમને કંઈ કામ લાગે નહી. એ હીરો ગમે તેટલો મોંઘો હોય, પ્રકાશવાળો હોય, દુર્લભ હોય, આખી દુનિયામાં મોંઘામાં મોંઘો કદાચ એ હીરો હોય, તમને કશું કામ લાગે નહિ. જેમ એ હીરો તમને કશું જ કામ લાગતો નથી, બરાબર એ જ રીતે, તમે પહેરેલી વીંટીનો જે હીરો હોય, એ હકીકતમાં તમને કોઈ કામ લાગતો જ નથી. આત્મા એક જ વસ્તુનો ભોગ કરી શકે એમ છે, જેનું નામ છે, નિજગુણ ભોગ. જ્યાં ભોગ છે જ નહિ, અને ભોગની ભ્રમણા થાય આનું નામ પ્રતિભાસ, આનું નામ ભ્રાન્તિ. આનું નામ સમારોપ.

ફિગને છાપામાં જાહેરાત આપી, કે લગ્નમાં એક જ વાર પહેરેલા કપડા વહેંચવાના છે. અને એ પણ ભુલથી પહેર્યા છે. જે ભોગ હતો જ નહિ, અને ભોગની ભ્રમણા થઈ. આનું નામ પ્રતિભાસ ! આનું નામ ભ્રાન્તિ ! આનું નામ સમારોપ ! નિશ્ચય નય સ્પષ્ટ કહે છે,

भिन्नाः प्रत्येकमात्मानो विभिन्नाः पुद्गला अपि ।

દરેક આત્મા જુદા છે, અને દરેક પુદ્ગલો જુદા છે.
શૂન્યઃ સંસર્ગ ઇત્યેવં યઃ પશ્યતિ સ પશ્યતિ ॥
જે સમજે છે કે સંયોગ પણ શૂન્ય છે. સંપર્ક પણ શૂન્ય છે, સંસર્ગ પણ શૂન્ય છે, એ જ સાચું જુએ છે. વ્યવહાર નય કહે છે કે ભલે જુદા હોય પણ ભેગા હોય છે, એનો સંયોગ હોય છે. ઘર છે, પત્ની છે, પતિ છે, પુત્ર છે, માતા છે, પિતા છે, ધંધો છે, નોકરી છે, પૈસા છે, વ્યવહાર છે, મિત્ર છે, દુશ્મન છે, એક સંયોગ હોય છે ને સંયોગથી ભેગાયેલો છે માણસ, અને સંયોગથી જે બધા વ્યવહાર કરે છે. નિશ્ચયનય કહે છે કે હું સંયોગમાં એ માનતો નથી. વ્યવહાર-નય એક ઉદાહરણ આપે છે કે. જુઓ તમે સાંભળો, જુઓ આ સાબરમતી નદી છે, અને એના ઉપર પુલ આવી ગયો, ઓલી સાઈડનો કિનારો, આ સાઈડનો કિનારો, આ શાહીબાગ સાઈડનો કિનારો, ઓલો વાડજ સાઈડનો કિનારો, અને વચ્ચે આ BRIDGE આવી ગયો. તો બંને કિનારા ભેગાઈ ગયા કે ના ભેગાઈ ગયા. કહીએ છીએ સંયોગ છે. જીવ અને કર્મનો સંયોગ છે, જીવ અને શરીરનો સંયોગ છે, જીવ અને પરિવારનો સંયોગ છે, જીવ અને પૈસાનો સંયોગ છે, જીવ અને સંબંધોનો સંયોગ છે, જીવ અને સુખ દુઃખનો સંયોગ છે. જીવ અને રતિ-અરતિનો સંયોગ છે. જીવ અને વિષય-કષાયનો સંયોગ છે, આ સંયોગ છે, તમારે માનવો જ પડે, કે આ પુલ ભેગાઈ ગયો. વાહનોની અવર-જવર આટલી થાય, આટલા માણસો જાય છે, આટલા વાહનો જાય છે ને તમે કહો કે કંઈ ભેગાયું નથી, કઈ રીતે એવું માની શકાય ? આ પુલ હટાય, ઓલો કિનારો હટાય, આ કિનારો હટાય, બંને કિનારા ભેગાઈ ગયા, વ્યવહારનય એની વાત પુરી કરે છે. અને નિશ્ચયનય એની વાત શરૂ કરે છે.

નિશ્ચય નય કહે છે કે પુલ છે ને હકિકતમાં કિનારાને જે જોડતો હોય, એને પુલ કહેવાય તો, સમજુ લોકે પુલ જેવી દુનિયામાં કોઈ વસ્તુ જ નથી. કિનારાને જોડાયા ત્યારે કહેવાય જ્યારે પુર્વ કિનારો, પશ્ચિમ કિનારો બની જાય. પશ્ચિમ કિનારો - પુર્વ કિનારો બની જાય. બે કિનારા રહે જ નહિ, બેની જગ્યાએ એક થઈ જાય, ત્યારે નૈશ્ચયિક રીતે એમનો સંયોગ થયો કહેવાય. એ તો થતો જ નથી. તમે એક પુલ બનાવો, બે બનાવો, ત્રણ બનાવો, ચાર બનાવો, પાંચ બનાવો કે, પચાસ બનાવો, પુર્વ કિનારો - પુર્વ કિનારો જ રહે છે. પશ્ચિમ કિનારો - પશ્ચિમ કિનારો જ રહે છે. બંને પોતાની જગ્યાએ જ છે, બંનેમાં કોઈ ફરક જ પડતો નથી. તો એ બંને જોડાયા એ કઈ રીતે કહી શકાય ?

શૂન્ય: સંસર્ગ ઇત્યેવં ય: પશ્યતિ સ પશ્યતિ ।

સમયસારની અંદર કુંદકુંદ સ્વામી કહે છે.

મજ્ઝં પરિગ્ગહો જઇ તદો હમજીવત્તં તુ ગચ્છેજ્જ ।

જો મારી અંદર પરિગ્રહ છે, જો તમે એમ માનો કે મને સંયોગ થાય છે, સંપર્ક થાય છે, સંસર્ગ થાય છે, પરિગ્રહ થાય છે. મેં શરીરનો પરિગ્રહ કર્યો, મેં પરિવારનો પરિગ્રહ કર્યો, મેં પૈસાનો, ઘરનો, ધંધાનો, સંબંધોનો પરિગ્રહ મેં કર્યો, જો મારો પરિગ્રહ હોય, તો તો હું જીવ મટીને અજીવ બની જાઉં.

પરિસમન્તાદ્ ગ્રહ: પરિગ્રહ: ।

તમે જેનું ગ્રહણ કરો, જેનો પરિગ્રહ કરો, એ વસ્તુ એની પરિણતિ રૂપે મટીને તમારી પરિણતિ રૂપે થઈ જાય. એનું સ્વરૂપ જતું રહેને એ તમારા સ્વરૂપે થઈ જાય. અથવાનો તમે એના સ્વરૂપે થઈ જાવ, તો પરિગ્રહ થયો કહેવાય. એ એજ છે ને તમે તમે જ છો તો પરીગ્રહ કઈ રીતે ? પાટ ઉપર હું બેઠો છું, પાટ સાથે મારો સંયોગ છે. જો સંયોગ હોવા માત્રથી પરિગ્રહ થઈ જશે તો, પાટ મારી થઈ જશે. પણ મારી તો પાટ છે જ નહિ.

भिन्ना: प्रत्येकमात्मानो, विभिन्ना: पुद्गला अपि।
આત્મા જુદો છે, ને પુદ્ગલો જુદા છે. પૂર્વ કિનારો એ પૂર્વ કિનારો જ છે, પશ્ચિમ કિનારો એ પશ્ચિમ કિનારો જ છે. પૂર્વ કિનારા ઉપર બનતી ઘટના સાથે પશ્ચિમ કિનારા ઉપર બનતી ઘટના એને કોઈ જ લેવાદેવા નથી અને કંઈ ફરક પડતો નથી. પૂર્વ કિનારો બળી જાય, ખોદાઈ જાય, ગમે તેવી એમાં ઉથલ-પાથલો થઈ જાય, પશ્ચિમ કિનારાને જેમ કોઈ જ ફરક પડતો નથી. બરાબર એ જ રીતે પુદ્ગલોમાં થતી ઘટનાઓથી, પુદ્ગલોમાં થતા ભોગવટાથી, પુદ્ગલોમાં થતા સંપર્કોથી આત્માને પણ કોઈ જ ફરક પડતો નથી. સમયસાર કહે છે, જો મારો પરિગ્રહ છે તો હું અજીવ થઈ જઈશ. એક મુહપત્તિ છે ને, જો એ મુહપત્તિનો મેં પરિગ્રહ કર્યો, તો હું મુહપત્તિ રૂપ બની જઈશ, મારું આત્મ સ્વરૂપ છૂટી જશે, મુહપત્તિ સ્વરૂપ થઈ જશે.

णादेव अहं जम्हा तम्हा ण परिग्गहो मज्झ।
હું તો છું માત્ર ને માત્ર જ્ઞાતા. મારો છે માત્ર ને માત્ર જ્ઞાયક ભાવ. ત્રણે કાળમાં ગમે તેટલા સંયોગ, સંપર્ક, સંસર્ગ થઈ જાય, મારા જ્ઞાતા ભાવમાં કોઈ જ કમી આવતી નથી, મારામાં જડ વસ્તુની કોઈ અસર થતી નથી, હું ચેતન જ રહું છું. હું જડ બનતો જ નથી, અને માટે એ પરિગ્રહ મારો છે જ નહિ. સ્વસ્થ ચિત્તે વિચાર કરજો, કે આપણે કોણ છીએ? જ્યાં સુધી શરીર હું છું આવી માન્યતા રહેશે, ત્યાં સુધી ગરબડો નો અંત આવવાનો જ નથી.

GERMANY (જર્મની) ની અંદર એક રાજા, અમુક સદીઓ પહેલાની સત્ય ઘટના. વિટેલીયસ એ રાજાનું નામ. અને એ રાજાને ખાવાનો બહુ જ શોખ. એટલો શોખ... એટલો શોખ.. એટલો શોખ.. રોજના સો કેળા, અને એક કટોરો ઘી ખાસતુનો

Fix ભોજન, બીજુ બધી વાનગીઓ અલગ. રોજની
જિંદગી એ રાજા જાતો રહ્યો, વળી હવા લે, ઉલટી કરે,
જુલાબ લે, વળી જાય. રોજની જિંદગી જાતા.. જાતા..
જાતા... જાતા... છેવટે એનો અંતિમ સમય આવ્યો.
મરણ પથારી ઉપર એ રાજા સુતો હતો, એના જીવનની
છેલ્લી મીનીટ આવી ગઈ, અને છેલ્લી મીનીટમાં, એ
પોતાના જીવનનું છેલ્લું વાક્ય બોલ્યો, હજુ પણ તૃપ્તિ થઈ
નથી.

यो मुढः शमयत्येनां, किक्क शब्दादिभोगतः।
ભોગતૃષ્ણાને ભોગવી તૃપ્ત કરવા જવી, શમાવવા જવી,
એ દુનીયાની સૌથી મોટામાં મોટી મુર્ખામી છે. એક રાજા
થઈ ગયો, પુરાણોની અંદર એની કથા આવે એનું નામ,
યયાતિ. સેંકડો રાણીઓ એના અંતઃપુરમાં હતી ને,
રાજ-કાજ, બીજું કામ, બીજું ઔચિત્ય, ધર્મ, બધું જ
છોડીને, રોજની દિવસ અંતઃપુરની અંદર રહે. સ્ત્રીઓમાં
મહાલંપટ એવો એ રાજા, દિવસો, મહિનાઓ ને વર્ષોના
વર્ષો પસાર થયા, રાજા ઘરડો થયો. હજુ એના વિષય-
સેવનને છોડી શકતો નથી. અતિ ઘરડો... અતિ ઘરડો...
અતિ ઘરડો, મરણ પથારી ઉપર રાજા સુતો છે. પરિવાર
એને વીંટળાઈ વળ્યો છે. કેટલાય એના દિકરાઓ એને
વીંટળાઈ વળ્યા છે, એ દિકરો પિતાને ઈચ્છા પુછે છે,
તમારી ઈચ્છા શું છે ને પિતા એ કહ્યું કે હજુ મારે
જીવવું છે ને હજુ ખુબ ભોગ ભોગવવા છે. પુરાણોની
અંદર જ્યાં આ કથા લખી છે, ત્યાં આ ઘટનાનું વર્ણન,
અને જ્યાં આ ઘટના આવે છે ત્યાં, દિકરો કહે છે કે
હું મારું આયુષ્ય આપને આપું છું. બાપ ફરી નવયુવાન
થઈ જાય છે, અને દિકરો ત્યાં ઢળી પડે છે ને મરી
જાય છે. ફરી હજારો વર્ષો સુધી યયાતિ રાજા ભોગો
ભોગવતો રહે છે, ફરી વૃદ્ધત્વ આવે છે, મરણ પથારી
એ પડ્યો છે, બીજો પુત્ર એનું આયુષ્ય આપે છે.

એ મરી જાય છે, બાપ ફરી નવયુવાન થાય છે, ફરી
હજારો વર્ષો ભોગો ભોગવે છે. સૈંકડો- હજારો દિકરાઓ
પોતાની જિંદગી પિતૃભક્તિ રૂપે આપી દે છે ને હજારો
જિંદગી સુધી, હજારો વર્ષો સુધી એ બાપ ભોગો ભોગવતો
રહે છે, બધા જ દિકરા મરી ગયા છે, બાપ હવે વૃદ્ધ
થયો છે, અતિ વૃદ્ધ થયો છે. મરણપથારીએ સુતો
છે. હવે કોઈ આયુષ્ય આપે એવું છે નહિ ને હવે
મરવાનું નિશ્ચિત છે, છેલ્લો કલાક ને છેલ્લી મિનિટ
યયાતી રાજાની આવી છે ને છેલ્લું વાક્ય એ બોલે
છે "હજુ તૃપ્તિ થઈ નથી."

યો મૂઢ: શમયત્યેનાં, કિલ શબ્દાદિભોગતઃ।

પાણીમાંથી ચંદ્રને લેવા જવો આનું નામ જ મૂઢતા,
આનું જ નામ મૂર્ખતા, આનું જ નામ અજ્ઞાન, આનું
જ નામ અંધારું, આનું જ નામ બાલીશતા, આનું જ
નામ પાગલ ચેષ્ટા. જેમ પાણી માંથી ચંદ્ર લેવા-
જવો એ બાલ ચેષ્ટા છે, પાગલ ચેષ્ટા છે, મૂઢતા છે.
બરાબર એ જ રીતે, દુનિયાના કોઈ પણ વિષય દ્વારા,
આપણી ભોગતૃષ્ણાને સમાવવા જવાનો પ્રયાસ કરવો
એ પણ બાલ ચેષ્ટા, મૂઢ ચેષ્ટા, ને પાગલ ચેષ્ટા જ
છે. સુભુમ ને સાતમો ખંડ જોઈતો હતો, મમ્મણને
એના એક બળદનું એક શિંગડું, એને પુરું કરવું હતું,
વિટેલીયસ ને હજુ ઘણું ખાવું હતું, યયાતિને હજુ
ભોગો ભોગવવા મળે તો ભોગવી લેવા હતા.

યો મૂઢ: શમયત્યેનાં, કિલ શબ્દાદિભોગતઃ।

જો શબ્દ વગેરે ના ભોગો દ્વારા ભોગતૃષ્ણા શમી શકતી
હોત, તો અનાદિકાળથી અનંતા જીવોની ભોગતૃષ્ણા
શમી ગઈ હોત. પણ હજુ બધા જીવો અકળાયેલા છે,
હજુ ભૂખ્યા છે, હજુ તરસ્યા છે, હજુ એમને ઘણું
ઘણું જોઈએ છે. એ જ બતાડે છે કે આ ભોગ-
તૃષ્ણાને શમાવવાનો રસ્તો જ નથી. યોગશાસ્ત્રની

આગળ કલિકાલ સર્વજ્ઞ કહે છે,

तृप्तो न पुत्रैः सगरः

સગરને ૬૦,૦૦૦ હજાર દીકરા હતા પણ, હજુ એને દીકરાઓ ઓછા હતા.

कुचिकर्णो न गोधनैः ।

કુચીકરણ નામના શ્રેષ્ઠી પાસે હજારો ને લાખો ગાયો, એની પાસે હતી, પણ હજુ એને ગાયો જોઈતી હતી.

न धान्यैः तिलकः श्रेष्ठी

તિલક શ્રેષ્ઠી પાસે ધાન્યો ના મોટા-મોટા કોઠારો હતા. હજુ એને અનાજનો સંગ્રહ કરવો હતો, હજુ અનાજ જોઈતું હતું.

न नन्दः कनकोत्करैः ॥

નંદ રાજા પાસે સોનાના ડુંગર જડકાઈ જાય એટલા સોનાના ઢગલાઓ હતા, પણ એનાથી એ તૃપ્ત ન થયો. ભોગોથી આપણને જોઈએ છે શું ? ત્રણ વિકલ્પ છે. પહેલો વિકલ્પ - આપણને તૃપ્તિ જોઈએ છે. બીજો વિકલ્પ - આપણને ઉશ્કેરાટ જોઈએ છે. ત્રીજો વિકલ્પ - આપણને ઉશ્કેરાટ ની વૃદ્ધિ જોઈએ છે. તૃપ્તિ તો ભોગથી મળવાની જ નથી, અને જો ઉશ્કેરાટ કે ઉશ્કેરાટની વૃદ્ધિ જોઈએ છે તો હકીકતમાં આપણને દુઃખ જ જોઈએ છે.

સિદ્ધર્ષિગણિ મહારાજ, જે પ્રેમથી આપણને પદાર્થ સમજાવવા માંગે છે, જે જાણ્યું અને પરિણતિ પ્રાપ્ત જ્ઞાન દ્વારા, અને એના માટે ધ્યાન દ્વારા, એને સ્થિર કરવાનો પ્રયત્ન કરીએ. આજે સમય થયો છે આજે આટલું રાખીએ.

× × × ×

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

# વ્યાખ્યાન નંબર- ૭૬

DATE 04 11 2019

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા, ગ્રંથના ત્રીજા પ્રસ્તાવમાં, પ્રતિબોધક નામના આચાર્ય ના મુખે, ભોગતૃષ્ણા નું વર્ણન કરી રહ્યા છે. નિશ્ચય નય અને વ્યવહાર નય, બંને ને સમજવાનો પ્રયાસ કરવો છે. વ્યવહાર નય કહે છે કે, જીવ અને શરીર બંને એક જ છે, કદાચ તમે જુદા કહો તો પણ જોડાયેલા છે. જીવ અને શરીર એ બંને ને જોડતો એક પુલ છે. નિશ્ચય નય કહે છે, કે પુલ જેવી હકિકત માં કોઈ વસ્તુ નથી, પુલ એને કહેવાય કે જે બંને જોડે, પુલ હોવા છતાં, બંને કિનારા, બંને કાંઠા, જુદા જ રહે છે. માટે બે કાંઠા જોડાયા નથી, માટે પુલ જેવી કોઈ વસ્તુ જ નથી.

CONGRESS એ કમળ અપનાવે તો એ ભાજપ સાથે જોડાઈ શકે. ભાજપ એ પંજો અપનાવે તો એ કોંગ્રેસ સાથે જોડાઈ શકે. બંને માંથી એકપણ બીજાનું કશું અપનાવે જ નહિ, તો એ બંને જોડાઈ કઈ રીતે શકે ? જીવ એ પુદ્ગલનું કંઈ અપનાવે, તો એ પુદ્ગલ સાથે જોડાઈ શકે. પુદ્ગલ એ જીવનું કંઈ અપનાવે, તો એ જીવ સાથે જોડાય શકે. બે માંથી એકેય બીજાનું કશું અપનાવવા માટે તૈયાર જ ના હોય, એ શક્ય જ ના હોય, તો જીવ અને પુદ્ગલ, જીવ અને શરીર, એ જોડાઈ કઈ રીતે શકે ? ACTUALLY પુલ શું છે ? હું શરીર છું, શરીર મારું છે, આ માન્યતા એ પુલ છે. એ માત્ર સંયોગથી જ જોડાઈ જવાનું હોત તો, સંયોગ તો સિદ્ધ ભગવંતો ને પણ હોય છે. સિદ્ધ ભગવંતો જે આકાશ પ્રદેશોમાં રહેલા છે, એજ આકાશ પ્રદેશોમાં અનંતા પરમાણુઓ પણ છે. અનંતા એકેન્દ્રિય જીવો પણ છે, પણ છતાં પણ સિદ્ધ ભગવંતો ને કોઈ જ ફરક પડતો

નથી. શરીર છે, શરીરનો સંયોગ પણ છે. ભલે, પોતાનું શરીર નથી, બીજાનું શરીર છે, પણ એ જ આકાશ પ્રદેશમાં છે. તો ભેદજ્ઞાન શા માટે નથી ? કારણકે પુલ નથી ! હું શરીર, મારું શરીર, આનું નામ પુલ. અને જ્યાં પુલ નથી, ત્યાં ભેદજ્ઞાન નથી. હું શરીર ને મારું શરીર આ છે શું ? જે સત્ય નથી એની પ્રતિતી છે. જે નથી એની પ્રતિતી છે. જે નથી એની પ્રતિતી એનું જ નામ ભ્રમણા, તો પુલ શું છે, એક ભ્રમણા માત્ર છે. એનો અર્થ પુલ નથી, એનો અર્થ રૂપ અને શરીર જોડાયેલા છે જ નહિ. ખુબ મનોમંથન કરીએ, સત્ય ને સમજવા માટે. હું શરીર છું ને, મારું શરીર છે, આ એક જ પાયા ઉપર આખો સંસાર ઉભો થાય છે. એ પાયો ખોટો છે, આ સમજાય જાય, એટલે સંસાર આખાનો અંત આવી જાય છે. બહુ સરસ મઝાની વાત એક કવિએ કરી છે.

" જ્યાં અનુભૂતિ નો સુસવાટો થયો,
ત્યાં જ આ પત્તા નો મહેલ ઉડી ગયો ! "

સંસાર શું છે ? માત્ર ને માત્ર એક પત્તાનો મહેલ છે ! જે છે, પણ નથી બરાબર છે ને જે ન હોય એના માટે આટલી જ જરૂર છે, કે અનુભૂતિ નો પવન ફુંકાય, અનુભૂતિ નો સુસવાટો થાય, જ્યાં અનુભૂતિ નો સુસવાટો થયો ત્યાં જ આ પત્તા નો મહેલ ઉડી ગયો.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, ભોગતૃષ્ણા ના વર્ણનની અંદર આગળ વધે છે.

મોહાદેનાં પ્રિયાં કૃત્વા ભોગતૃષ્ણાં નરાધિમા: ।

જુદા-જુદા પ્રકારના જીવો હોય છે. જેમના આત્મ ઘરના આંગણે ભોગ-તૃષ્ણા આવી ને ઉભી છે. એ છદ્મસ્થ છે. છદ્મસ્થની અંદર પણ જુદા-જુદા પ્રકાર પડે. જે ભોગ-તૃષ્ણા ની અંદર મોહાય જાય છે, એ મધ્યમ છે. જે ભોગ તૃષ્ણા ને આવકારે છે, અને વહાલી બનાવી લે છે એ અધમ છે, અને આંગણે ઉભેલી ભોગ-તૃષ્ણા ને



classmate

કે તગેડી મુકે છે, વૈરાગ્ય ભાવના દ્વારા, જે ઉત્તમ છે.
અમિત નામનો એક ગૃહસ્થ છે. એને ખબર પડી કે એની પત્ની સારી નથી. એને ખબર પડી કે એની પત્ની-બેવફા છે. એને ખબર પડી કે એની પત્ની એની દ્રોહી છે. એને ખબર પડી કે એની પત્ની એને બધી રીતે નુકશાન પહોંચાડી રહી છે. એને ખબર પડી કે એની પત્ની એનું ઘર ખાલી કરી રહી છે. પછી અમિતનું એ પત્ની પ્રત્યેનું ઔચિત્ય શું રહેશે ? હજુ અમિતએ પત્ની પ્રત્યે પ્રેમ રાખે, વિશ્વાસ રાખે, તો એનો અર્થ છે કે પત્ની અમિત ને નુકશાન નથી પહોંચાડી રહી, અમિત પોતે પોતાને નુકશાન પહોંચાડી રહ્યો છે.
मोहादेनां प्रियां कृत्वा, भोगतृष्णां नराधमाः।
ભોગતૃષ્ણા આપણા આત્મ ઘરના આંગણે આવીને ઉભેલી છે. હવે આપણે એની સાથે શું વર્તન કરીએ છીએ, એના આધારે આપણું ભવિષ્ય નક્કી થાય છે કે, આપણી સાથે શું થશે ? ભોગતૃષ્ણા ની લાયકાત એ નથી કે એને આવકાર આપીએ, ભોગતૃષ્ણા ની લાયકાત એ નથી કે એનું સ્વાગત કરીએ, ભોગતૃષ્ણા ની લાયકાત નથી કે એને આપણા ઘરમાં સ્થાન આપીએ. ભોગતૃષ્ણા ની લાયકાત એ નથી કે એને વ્હાલી અને પ્રિયા બનાવીએ. ભોગતૃષ્ણાની લાયકાત એટલી જ છે કે એને ધક્કા મારીને, આપણા આંગણામાં પણ ઉભો ન રહેવા દઈએ ને, આપણા આંગણામાં થી એને તગેડી મુકીએ!

ઉગણે એના નોકરે કહ્યું કે, અમને અમારી લાયકાત પ્રમાણે પગાર આપો. ઉગણે કહ્યું મોટે અવાજ આપ્યો, કે આપું ખરો, પણ લઘુતમ વેતન ધારો છે ને એ આડે આવે છે. તમને આપી રહ્યો છું એ ALREADY તમારી લાયકાત કરતા વધારે છે.

ભોગ-તૃષ્ણા આત્મ ઘરના આંગણે આવીને ઉભી છે. આપણે શું કરીએ છીએ જેના આધારે આપણું ભવિષ્ય નક્કી થાય છે. આપણે એને તગેડી મુકીએ છીએ, સમજુ લો મોક્ષ આપણા હાથમાં છે. આપણે એમાં મોહાઈએ છીએ, સમજુ લો - આપણી દુર્ગતિ નિશ્ચિત છે. આપણે એને આવકાર આપીએ છીએ, સમજુ લો કે આપણું ભવભ્રમણ નિશ્ચિત છે. આપણે એને વ્હાલી બનાવી લઈએ છીએ, સમજુ લો કે આપણો - અનંત સંસાર નિશ્ચિત છે.

संसारसागरे घोरे पर्यटन्ति निरन्तरं ।

સિધ્ધર્ષિગણિ મહારાજ કહે છે, કે જે વ્યક્તિ, ભોગતૃષ્ણાને વ્હાલી કરે છે. પ્રિયા બનાવે છે, પત્ની બનાવે છે, પોતાના આત્મ ઘરમાં એને સ્થાન આપે છે, એનું શું થાય છે ? એ ભયાનક સંસાર સાગરની અંદર, અનંતકાળ સુધી એ ભટક્યા કરે છે.

★ ભોગતૃષ્ણા એ કાતિલ નાગણ છે. એ ડંખ મારે એટલે આત્માના ભાવ પ્રાણ ચાલ્યા જાય છે.

★ ભોગતૃષ્ણા એ ભૂખી વાઘણ છે, જે આત્માના સંયમ દેહને ઉભે ઉભો ફાડી જાય છે.

★ ભોગતૃષ્ણા એ તોફાની નદી છે, તમે તમારી તરસ - છીપાવવા જાવ ને એ તમને ક્યાંય તાણી જાય, તમે એમાં ક્યાંય તણાઈ જાવ.

★ ભોગતૃષ્ણા એ મોહરાજએ બિછાવેલી જાળ છે, તમારો એમાં પગ આવ્યો, એટલે તમે ફસાયા વગર રહો નહિ.

★ ભોગતૃષ્ણા એ એવી હવા છે, જેનાથી તમારા રોગો વધારે વકરે છે. તમે વધારે હેરાન પરેશાન થાવ છો.

છગને એની દિકરીને કહ્યું કે બેટા તું શ્રીમંત ને પરણે છે ને એના કરતા, કોઈ ગરીબને પરણી તો સારું. દિકરીએ તરત જવાબ આપ્યો કે પપ્પા તમે ચિંતા નહી કરો. લગ્ન પછી તમે કહો છો ને એવો હું એને કરી દઈશ.

ભોગ તૃષ્ણા ઘરમાં આવે, એટલે ઘર ખાલી થઈ જાય છે.
★ ભોગ તૃષ્ણા એ આત્માની અપક્ષ પત્ની છે, કુલટા પત્ની છે, વ્યસન પત્ની છે, દુશીલ પત્ની છે. જે પોતાના ઘરનું જ નખ્ખોદ વાળે, પોતાના પતિનું નખ્ખોદ વાળે, પીને જ્યાં આવી, ત્યાં નુકશાન કર્યા વગર રહે નહિ.

સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, તમારી મોક્ષ ક્યારે કે કોઈ જ્ઞાનીને પુછવાની, કોઈ કેવળજ્ઞાની ને પુછવાની, તીર્થંકર ને પુછવાની, જરૂર નથી. કદાચ અત્યારે શક્ય પણ નથી. તમે તમારી મનને પુછો, કે જ્યારે જ્યારે ભોગ-તૃષ્ણા જાગે છે, ત્યારે તમારું REACT-ION શું હોય છે કે જે તમારું REACTION ભોગ-તૃષ્ણાને તોડી મુકવાનું છે તો, મોક્ષ નક્કી છે. તમારું REACTION, કે મન થયું, કે ભોગની તૃષ્ણા જાગી, એ ઇન્દ્રિયો ના વિષયો નો ભોગ, એ શરીરનો ભોગ, એ મનનો ભોગ, એ પસંદનો ભોગ, એને ભોગવી લેવાની પેરવી માં તમે છો તો સમજી લો કે તમારી દુર્ગતિ અને ભવભ્રમણ નિશ્ચિત છે. ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે,

एविंदियत्था वि मणस्स अत्था दुक्खस्स हेऊ मणुयस्स रागिणो

સમસ્ત ઇન્દ્રિયોના વિષયો, અને સમસ્ત મનના વિષયો, એ રાગી મનુષ્ય ને દુ:ખના જ કારણ થવાના. જે દુ:ખનું કારણ છે, એને સુખ નું કારણ સમજી લેવાથી, દુનિયા એની પાછળ દોડે છે. જે દુ:ખનું કારણ છે એને સુખનું કારણ સમજી લેવાથી, દુનિયા એની પાછળ પાગલ થાય છે, એને મેળવવા માટે ઉધામા કરે છે, હેરાન-પરેશાન થાય છે. કર્મ બાંધે છે, અને છેવટે ભવભ્રમણ ની વાટે પડી જાય છે. ઉત્તરાધ્યયન સુત્રનું એક જ પદ, આખી દુનિયાને RED-SIGNAL બતાવે છે.

दुक्खस्स हेऊ

માત્ર ને માત્ર દુઃખનું જ કારણ. આખી સંસારની વ્યવસ્થા, વ્યવહારિક જીવન પણ કાર્ય-કારણ ભાવના આધારે ચાલતી હોય છે. દરેક વસ્તુનું પ્રતિનિયત કારણ હોય છે. દરેક વસ્તુનું પ્રતિનિયત ફળ હોય છે, કાર્ય હોય છે, RESULT હોય છે, REASONS પણ FIX છે ને RESULTS પણ FIX છે. દાર્શનિક પરિભાષામાં કહીએ,

नाकारणं भवेत्कार्यं नान्यकारणकारणम् ।

અકારણ કાર્ય થતું નથી. અને જે અન્ય કારણનું કારણ છે. એ પણ કોઈ બીજાનું કારણ થઈ જતું નથી, જે બીજુ વસ્તુનું કારણ છે, એ આ વસ્તુનું કારણ નહી હોય. એ અકારણ કાર્ય થઈ જાય, એ REASON વગર RESULT આવી જાય. એ RAW MATERIAL વગર FINISHED PRODUCT બની જાય, અથવા તો બીજા RAW MATERIAL થી બીજુ જ કોઈ PRODUCT બની જાય, તો આખી દુનિયામાં કાર્ય-કારણ ભાવની વ્યવસ્થા જ નહિ રહે.

अन्यथा न व्यवस्था स्यात् कार्यकारणयोः क्वचित् ।

કપડું બનશે તો રૂ માંથી બનશે, તાંતણામાંથી બનશે, માટી માંથી કપડું નહિ બને. માટીનું માટલું બનશે તો માટી માંથી જ બનશે, એ રૂ માથી નહીં બની જાય. ગાય-સિંહને જન્મ નહિ આપે, વાઘણ બકરીને જન્મ નહીં આપે.

नाकारणं भवेत्कार्यं नान्यकारणकारणम् ॥

કોઈક PRODUCTION છે તો એનું કંઈક RAW MATERIAL જરૂર હશે, કોઈ વસ્તુ બની છે તો એનું કંઈક ઉપાદાન કારણ હશે, એનું કોઈ નિમિત્ત કારણ હશે. કોઈ-RAW MATERIAL માંથી એ બનશે, કોઈ PROCESS થી એ બનશે, કોઈ સાધનથી એ બનશે. FOR EXAMPLE ઘડો, તો માટી એનું RAW MATERIAL છે. માટી એનું ઉપાદાન છે. અને ચાકડો છે, દાંડો છે, કુંભાર છે, આ બધા એના નિમિત્ત કારણો છે.

नाकारणं भवेत्कार्यं नान्यकारणकारणम् ।

DATE 04 11 2019

પ્રતિનિયત ચિત્ર કારણ માંથી જ કાર્ય થાય,

नान्यकारणं कारणम् ।

જે બીજુ વસ્તુ નું કારણ છે, એ પહેલી વસ્તુનું કારણ ન બની શકે. અને જો એવું થાય, તો દુનિયા માં કાર્ય-કારણ વ્યવસ્થા જ ના રહે. પ્રસ્તુતમાં ઉત્તરાધ્યયન - સૂત્ર કહે છે,

एविंदियत्था वि मणस्स अत्था, दुक्खस्स हेऊ मणुयस्स रागिणो।

ઈન્દ્રિયો ના વિષયો, અને મનના વિષયો, ગમતા સ્પર્શો, ભાવતા ભોજનો, ગમતી સુગંધો, ગમતા દ્રશ્યો, ગમતા શબ્દો, ગમતા ગીત સંગીત, મનથી જે આપણને ગમ્યું, મનના વિચારો, મનના અભિપ્રાય, મનની પસંદ, એ રાગી મનુષ્ય ને દુઃખનું જ કારણ થાય છે. એક જ ગેરસમજ કે એ સુખ નું કારણ છે, એનાથી આપણે ભવ, ફરીને ફરી... ફરી ને ફરી, દુઃખી થતો જ ગયો છે.... થતો જ ગયો છે... થતો જ ગયો છે. શ્રીઉપદેશમાલા - આગમ કહે છે,

कामाणं मग्गणं दुक्खं तित्ती कामेसु दुल्लहा

કામ ભોગો ની શોધ કરવી, એના માટે પ્રયાસ કરવો, એના માટે દોડવું, આ પણ દુઃખ રૂપ છે. અને તમને કામ ભોગ મળી પણ ગયા, ઈચ્છતી વસ્તુ મળી પણ ગઈ, તો એમાં તૃપ્તિ દુર્લભ છે. તમે કરોડપતિ બનીને જાવ, ગાંડાતુર બનીને જાવ, પણ તમને તૃપ્તિ જ નહી થાય, તો તમે ઉલટાના વધારે દુઃખી થવાના, કામ-ભોગનો રસ્તો જ એવો છે, જ્યાં તૃપ્તિ મળી એ શક્ય જ નથી.

दुक्खस्स हेऊ मणुयस्स रागिणो।

ઈન્દ્રિયો ના અર્થો તમને દુઃખ જ આપવાના, વિષયો તમને દુઃખ જ આપવાના, પરમ પાવન ઉત્તરાધ્યયન સૂત્ર આ પંક્તિ દ્વારા આ જ વાત કરે છે.

कामाणं मग्गणं दुक्खं

આ પંક્તિ દ્વારા, ઋષિભાષિત આગમ આ જ વાત કરે છે.

आरम्भे तापकान् प्राप्ता-वतृप्तिप्रतिपादकान् ।

વિષયો નથી મળ્યા, ત્યારે ધુન ને તપાવે છે ને વિષયો મળી ગયા, ત્યારે અતૃપ્તિ નું દુઃખ આપે છે. આ શબ્દો દ્વારા ઈષ્ટોપદેશ ગ્રંથ આ જ વાત કરે છે.

न शान्तिमाप्नोति कामकामी ।

જેને કામ ભોગોની કામના છે, જેને ભોગોની તૃષ્ણા છે, એ કદી શાંતિ પામતો જ નથી. આ શબ્દો દ્વારા મહાભારત આ જ વાત કરે છે.

कामकामी खलु अयं पुरिसे । से सोयइ झुरइ परितप्पइ॰

આ આત્મા કામ ભોગોનો કામી છે, ભોગોની તૃષ્ણા વાળો છે, એ શોક કરે છે, એ વિલાપ કરે છે, એ હીબકે... હીબકે રડે છે. એ દુઃખી.. દુઃખી થઈ જાય છે. આ શબ્દો દ્વારા, આચારાંગ સૂત્ર આ જ વાત કરે છે. આજ સુધીમાં અનંત આત્માઓ રડ્યા છે એનું કારણ છે ભોગ-તૃષ્ણા. આજ સુધીમાં અનંત આત્માઓ નરકે ગયા એનું કારણ છે ભોગ-તૃષ્ણા. આજ સુધીમાં અનંત આત્માઓએ પોતાનો આ લોક અને પરલોક બગાડી દીધો એનું કારણ છે ભોગ તૃષ્ણા! એક રાજ્યની તૃષ્ણા, અને એના કારણે સુભૂમ સાતમી નરકે પહોંચી ગયો. એક સંપત્તિની તૃષ્ણા એના કારણે મમ્મણ શેઠ સાતમી નરકે પહોંચી ગયો. એક નટડીની તૃષ્ણા એના કારણે ઈલાચીપુત્ર પોતાનું કુળ, ખાનદાન, આબરૂ આ બધાના ધજાગરા કરીને દોરડા ઉપર નાચવા લાગ્યો. એક પત્નીની તૃષ્ણા, એનાથી દેવશર્મા બ્રાહ્મણ, ગુમડાની અંદર કીડો બની ગયો. એક પૈસાની તૃષ્ણા, એનાથી ધનશેખર સાતમી નરકે પહોંચી ગયો. એક કુરૂમતિ, સ્ત્રી રત્નની તૃષ્ણા, અને એના કારણે બ્રહ્મદત્ત ચારિત્રથી વંચિત રહ્યો, અને સાતમી નરકે પહોંચી ગયો. ભર્તૃહરિ એ બહુ માર્મિક વાત કરી છે.

सत्यं जना वच्मि न पक्षपाता- ल्लोकेषु सर्वेष्वपि तथ्यमेतत् ।

હું સાચું કહું છું ને લોકમાં પણ બધે આ જ તથ્ય છે. આ જ સત્ય છે.

नान्यन् मनोहारि नितम्बिनीभ्यो, दुःखैकहेतुर्न हि कश्चिदन्यः॥

સ્ત્રીથી વધારે મનોહર, સ્ત્રીથી વધારે સુંદર, બીજું કશું જ નથી. અને એના સિવાય દુઃખનું બીજું કોઈ - અનન્ય કારણ પણ નથી. ઉત્તરાધ્યયન સૂત્ર હજુ આગળ વધીને કહે છે, એને સુંદર કહો વાંધો નથી. પણ એને સુંદર ની આગળ એક શબ્દ લગાડીએ છીએ.

अहित्थिओ बालमणोरमाओ

એ સુંદર છે પણ કોને સુંદર લાગે છે. અજ્ઞાની યુવને, બાલીશ યુવને, અબુજ યુવને સુંદર લાગે છે. સ્ત્રી માટે કોઈ સર્વશ્રેષ્ઠ બંધન હોય, સ્ત્રી માટે કોઈ સર્વશ્રેષ્ઠ દુઃખનું કારણ હોય તો એ પુરુષ છે. પુરુષ માટે, સર્વોત્કૃષ્ટ કોઈ દુઃખનું અને બંધનનું કારણ હોય, તો એ સ્ત્રી છે. સ્ત્રીમાં દોષ નથી, પુરુષમાં પણ દોષ નથી, દોષ "મોહ" માં છે. એ જ નિમિત્તે ઘણાના આત્માઓ અશુચિ ભાવના, અનિત્ય ભાવના ભાવીને કેવળજ્ઞાન, અને મોક્ષ પામી ગયા. એ જ નિમિત્તે આપણે મોહમાં લપટાઈએ, રાગ-દ્વેષ માં લપટાઈએ, ભોગ તૃષ્ણામાં લપટાઈએ, અને એનાથી આપણી દુર્ગતિ નિશ્ચિત થઈ જાય છે. " નારી નરકની દીવડી " આવા વચનોનું તાત્પર્ય એ છે. કે નારી માટે પુરુષ એ નરકનો દિવો છે, અને પુરુષ માટે નારી એ નરકની દીવડી છે. આવા વચનનો રહસ્યાર્થ એ છે કે વિજાતીય છે એ નરકની દીવડી છે. આવા વચનોનો ગંભાર્થ એ છે કે તમારી ભીતર પડેલો જે મોહ, તમારી ભીતર પડેલું જે વિષયો નું આકર્ષણ, એ તમારા માટે નરકની વાટડી છે.

ગધેડો બરાબર ચાલતો નથી. કુંભાર થાકી જાય છે, ગધેડાને હાંકી હાંકીને. ગધેડો કોઈ પણ હિસાબે ચાલવા તૈયાર નથી. અને કુંભાર એક યુક્તિ

કરે છે. એની લાકડીમાં એક દોરી બાંધી દે છે. દોરીમાં એક કેળુ બાંધી દે છે. લાકડી લઈને ગધેડાની પીઠ ઉપર બેસી જાય છે. લાકડી બરાબર આગળ રાખે છે. ગધેડો જુએ છે, એના મોઢાની બરાબર બે ફુટ આગળ, કેળુ છે. અને બે ફુટ એ આગળ ચાલે, એટલે કેળુ એના મોઢામાં આવી જાય. ગધેડો બે પગલા ચાલે છે. કેળુ હજુ બે પગલા આગળ જાય છે. ગધેડાને એમ થયું કે આ મોઢામાં કેમ ન આવ્યું. પણ આટલું જ ચાલવાનો સવાલ છે, વધારે કશું જ જોઈતું નથી, ગધેડો આગળ ચાલે છે, કેળુ પણ આગળ જાય છે. ચાર ડગલા ... આઠ ડગલા ... દસ ડગલા ... વીસ ડગલા ... ત્રીસ ડગલા ... પચાસ ડગલા ... સો ડગલા ... બસો ડગલા ... ત્રણસો ડગલા .... ચારસો ડગલા ... ગધેડો ચાલતો જ જાય છે. ને કેળુ આગળ ને આગળ, આગળ ને આગળ, આગળ ને આગળ, જતું જ જાય છે.

કામાળાં મગ્ગાળાં દુવક્ખં નિત્તી કામેસુ દુક્કુહા।

કેળાની પાછળ ચાલે જવું ... ચાલે જવું ... ચાલે જવું ... આ પણ દુઃખ છે, અને કેળુ મળી જાય પછી ગધેડાનું કોઈ PERMANENT SOLUTION આવતું નથી. બીજું કેળુ છે જ ને એક કેળામાં ગધેડાનું કશું વળતું પણ નથી. ગધેડો એક કિલોમીટર ચાલ્યો, દોઢ કિલોમીટર, બે કિલોમીટર, અઢી કિલોમીટર, સાડા ત્રણ કિલોમીટર, એ ચાલતો જાય ને કેળુ આગળ ને આગળ, એ ચાલતો જાય ને કેળુ આગળ ને આગળ. અનંતજ્ઞાની આ કહે છે.

પુરઃફલાશાપાશાયાં જનઃ પ્રાયેણ વઞ્ચ્યતે।

આશાનું ફળ આગળ ને આગળ જ હોય છે, આગળ ને આગળ જ હોય છે, અને પ્રાયઃ કરીને માણસ છેતરાયા કરે છે. ગધેડો એટલે આપણો આત્મા, કેળુ એટલે EDUCATION, હવે 5th PASS થશે, હવે 6th PASS થશે, હવે 7th PASS થશે, હવે હું આગળ વધીશ, હવે મને આ RESULT મળશે, હવે મને આ DEGREE મળશે, માણસ ચાલે જ જાય

છે... ચાલે જ જાય છે, ચાલે જ જાય છે, કેળુ એટલે સારી DEGREE, કેળુ એટલે મનગમતી SALARY (પગાર), કેળુ એટલે મનગમતું પરિણિત પાત્ર, કેળુ એટલે એનો અનુકૂળ સ્વભાવ, કેળુ એટલે એની સારી તબીયત, કેળુ એના તરફથી મળતી બધી જ અનુકૂળતા, કેળુ એટલે શરીરે સુખાકારીતા, કેળુ એટલે STABILITY, કેળુ એટલે ઘરની શાંતિ, કેળુ એટલે દિકરીનું ઠેકાણું, કેળુ એટલે પરિવારની અંદર, બધી જ રીતે પ્રેમભાવ. કેળુ એટલે અડોશ પડોશનો સારો-વ્યવહાર, કેળુ એટલે સંબંધીઓ તરફથી અનુકૂળતા, કેળુ એટલે સામાજીક મોભો, કેળુ એટલે સામાજીક કે ધાર્મિક સત્તા, કેળુ એટલે પૌત્ર અને પૌત્રી, કેળુ એટલે એમના લાડ, કેળુ એટલે માન-પાન, કેળુ એટલે-પરિવાર તરફથી આપણી થતી સેવા, કેળુ એટલે મન-ગમતી પ્રશંસાની પ્રાપ્તિ, કેળુ એટલે છેક સુધી સુખ-ચેન, કેળુ એટલે મોત કદી આવે જ નહિ એવી દશા. કેળુ એટલે સંસારના બધા જ સુખો સતત આપણને મળ્યા જ કરે, કેળુ એટલે સંસારનું એક દુઃખ આપણને કદી પણ, જરાક પણ સ્પર્શે જ નહિ, એવી પરિસ્થિતિ. ગધેડો ચાલે જ જાય છે... ચાલે જ જાય છે... ચાલે જ જાય છે, પણ કેળુ કદી આવતું જ નથી, વળી ધારો કે એવું લાગ્યું કે કેળુ આવી ગયું, કેળુ મોઢામાં છે, જો કેળુ ચાવી રહ્યા છીએ, જો કેળુ પેટમાં પહોંચી ગયું, તો જો હવે કેટકેટલા કેળાની તૃષ્ણા ઊભી જ રહે છે.

न शान्तिमाप्नोति कामकामी।

શા માટે દુઃખી થઈએ છીએ ? સિદ્ધર્ષિગણિ મહારાજ આપણને કહેવા માંગે છે કે, ભાઈ આ રસ્તે, સુખ છે જ નહિ, આ રસ્તે શાંતિ છે જ નહિ, આ રસ્તે તૃપ્તિ છે જ નહિ, તમે જેટલું ચાલશો, એટલું કેળુ

આગળ જવાનું છે. ગધેડાને તો ખબર નથી પડતી, તમને
ય ખબર નથી પડતી ?, એક લાખ રૂપિયા ટિકિટ ના
ખર્ચાઈ જાય, દસ હજાર માઈલની સફર થઈ જાય, એટલી
મુસાફરી થઈ જાય, અને છતાં અમેરિકા આવે જ નહિ,
આવી સ્થિતિ ભોગતૃષ્ણા વાળા જીવની હોય છે.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

सद्रोहेयमिति ज्ञात्वा, ये पुनः पुरुषोत्तमाः ।

અધમ જીવો છે એ ભોગ તૃષ્ણાને વ્હાલી બનાવે છે, પ્રિયા
બનાવે છે, આવકારે છે, પરણે છે ને એને પત્ની
બનાવી દે છે. એ દુઃખી... દુઃખી થઈ જાય છે. જે સમજે
છે કે ભોગતૃષ્ણા સદોષ છે, અમિત ને ખ્યાલ આવી
ગયો કે પત્ની ચંડેલ છે, પત્ની કુલટા છે, પત્ની કુશીલ છે,
પત્ની દ્રોહી છે. પત્ની બેવફા છે, હવે અમિત શા માટે
એની સાથે સંબંધ રાખશે, શા માટે એને આવકારશે,
હવે શા માટે એને ધારશે, હવે તો અમિત માત્ર એક
જ કામ કરી શકે એને ધક્કા મારીને તગેડી મુકે.

स्वदेहगेहान्निःसार्य, चित्तद्वारं निरुन्धते ।

ભોગતૃષ્ણાની ખબર આપણને હોય દેખાય, ભોગ તૃષ્ણા
આપણને બેવફા પત્ની કરતા પણ વધારે ખરાબ લાગે.
એના કરતા વધારે ધિક્કાર પાત્ર ને નફરતપાત્ર લાગે, તો
સમજી લેવાનું કે આપણે ઉત્તમ છીએ, તો સમજી લેવાનું
કે આપણી ઉર્ધ્વ ગતિ નિશ્ચિત છે.

स्वदेहगेहान्निःसार्य, चित्तद्वारं निरुन्धते ॥

ઉત્તમ પુરુષો, ઉત્તમ આત્માઓ, શું કરે છે ?, ભોગતૃષ્ણાને
ખરા સ્વરૂપમાં ઓળખે છે. એનો ખરો પરિચય કરે છે.
ધક્કો મારીને એને પોતાના શરીરરૂપી ઘરમાંથી, જેઆત્મારૂપી
ઘરમાંથી, એને કાઢી મુકે છે. અને ચિત્તનું જે દ્વાર છે.
અથવા ચિત્તરૂપી જે દ્વાર છે એને બંધ કરી દે છે.

ते सर्वोपद्रवैर्मुक्ताः, प्रक्षीणाशेषकल्मषाः ।

તેઓ સર્વ ઉપદ્રવોથી મુક્ત થાય છે. એમના બધા જ પાપો

શાંત થઈ જાય છે. જેમના બધા જ પાપો, બધા જ દોષો બધી જ કલુષિતતાઓ ધોવાઈ જાય છે. ઉપદ્રવ શું હોય છે ? ભોગ એ જ ઉપદ્રવ છે. ભોગ તૃષ્ણાની EXACT MEANING (મતલબ) છે ઉપદ્રવની તૃષ્ણા !

તમને ભોગ ગમ્યા, તમને ભોગ સારા લાગ્યા, તમારે ભોગ જોઈએ છે, ભોગ મેળવવાના - રસ્તે તમે ચાલવા માંડ્યા, એટલે હવે તમને ઉપદ્રવો આવવાના... આવવાના... ને આવવાના. દીક્ષા પહેલાની વાત, ક્યારેક TRAVELLING (સફર) કરવાનું થાયને, PLATFORM ઉપર, TRAIN ની અંદર, STATION ની આસપાસ, ક્યાંક એવા લોકો ને તમે જોયા છે, તને જોયા હશે. જેમણે BEDDING (સુવાનો) થેલો ઉંચક્યો હોય. આમ આખું ગાદલું હોય, BED હોય, TRAVE-LLING માં જે કામમાં લેવાનું હોય, કામ પુરું થાય એટલે આખું વાળી દેવાનું, એવી રીતે એમાં JOINTS આપેલા હોય. બે HANDLES સીવેલા હોય, જાણે એ HANDLE નાખી દેવાના, એટલે થેલો આખો - ઉંચકાઈ જાય, આમ ઘણો મોટો થેલો થાય. વજનદાર થાય, અને એને જોઈને મને વિચાર આવે કે આ, સુવાની એક સગવડ મેળવવા માટે, આ કેટલી તકલીફ સહન કરવાની. એ બાપડો સુસે કેટલો ટાઈમ, અને થેલાને ઉપાડશે કેટલો ટાઈમ ! થેલા ને ખરીદવાનો ખર્ચો, એને સાચવવાનો ખર્ચો, એને રાખવાનો ખર્ચો, એને ઉપાડવાનો ખર્ચો, ગાદલા ની અંદર પોલાણ હોય છે, જીવ અંદર જઈ શકે, વિરાધના થઈ શકે, જીવો મરી શકે, એ વિરાધનાની COST. ગાદલું સારું લાગે, એમાં રાગ થાય, એ રાગની COST. એ રાગથી કર્મ-બંધ થાય એ કર્મ બંધની COST. એ કર્મો ઉદયમાં આવે ત્યારે અશાતા થાય, HOSPITAL ના BED ઉપર દિવસો ના દિવસો, મહીનાઓના મહિનાઓ

કાઢવા પડે એ COST. એની દુર્ગતિ થાય એ COST.
આ બધી COST ચુકવવા કરતા, અમારો સંથારો ને ઉત્તર-
પટ્ટો શું ખોટો ! પૈસાની COST અમારે ચુકવવાની નથી.
રાખવામાં કંઈ COST જેવું છે નહિ, અમને એનો કંઈ મોહ
નથી, કે આઘુંપાછું થઈ જાય કે ચોરાઈ જાય, તો અમને
કંઈ પડી નથી. એમાં વિરાધના નથી, એનું પડિલેહણ
થઈ શકે, ભગવાનની આજ્ઞા મુજબ, ઉંચક્યું હોય તો,
ઉંચક્યું છે કે નથી, એય અમને ફરક ના પડે. તો પછી
એ BEDDING નો પોતો સારો કે પછી આ સંથારો ને
ઉત્તરપટ્ટો સારો ! BEDDING નો પોતો એટલે શું ?
આમ જોઈએ ને, તો સગવડ માટે ની અગવડ. તમે
સગવડ ભોગવી શકો એના માટે તમારે અગવડ ભોગવવા
રહેવી, આનું નામ BEDDING નો પોતો ! બીજા શબ્દો
માં કહીએ, અથવા વધારે ઊંડાણ માં જઈએ તો, ખ્યાલ
આવે, કે જે સગવડ અનેક ગણી અગવડ ની સાથે જ
મળતી હોય, જે સગવડ ભોગવવાના પરિણામ રૂપે પણ
તમારે, અનેક ગણી અગવડો જ ભોગવવાની હોય, અને
જે સગવડ સાથે અગવડ લઈને બેઠી છે ને એના
અનુબંધમાં ને એની પરંપરામાં પણ અગવડો છે. એ
સગવડ ને સગવડ કહેવી જોઈએ કે અગવડ કહેવી જોઈએ.

ते सर्वोपद्रवैर्मुक्ताः, प्रक्षीणाशेषकल्मषाः ।

તમે કહો કે સાહેબ, એ સંથારા ને ઉત્તરપટ્ટામાં ફાવે નહિ
અમને તો ગાદલું જોઈએ, એમાં કેવી રીતે ફાવે ? અમે
કહીએ કે ભાઈ, બહુ સારી રીતે એ ફાવે એવી વસ્તુ છે.
તમને ગાદલામાં જેવી ઊંઘ આવી જાય, એવી અમને
સંથારા-ઉત્તરપટ્ટામાં આવી જાય છે. હવે આગળ વધીને
કદાચ તમને ગાદલામાં જેવી ઊંઘ ન આવે, એનાથી સારી
ઊંઘ અમને સંથારા ને ઉત્તરપટ્ટામાં આવી જાય, તો
ગાદલું સારું કે સંથારો ને ઉત્તરપટ્ટો સારો ?
સંસારનો અર્થ છે BEDDING નો પોતો ! જેને

ઉપાડ્યા વગર તમને કોઈ છુટકો નથી. સગવડ કદાચ
મળશે પણ ખરી, પણ સાચો, સગવડ કેટલી છે. ને જે
સગવડ જેની COST તમારી ઉંમર ઉપર જ હોય, જે
સગવડ નું BILL તમારે જ ચુકવવાનું છે, સગવડ-
ભોગવ્યા વગર જે સગવડ મળતી નથી, એ સગવડની
પાછળ પડવાની જરૂર જ શું છે ?

मोहादेनां प्रियां कृत्वा भोगतृष्णां नराधमाः।

અધમ જીવો હોય છે આટલું SIMPLE SCIENCE
સમજી શકતા નથી, ભોગ-તૃષ્ણા ને પ્રિયા બનાવે છે,
વ્હાલી બનાવે છે. BEDDING નો થેલો તો ખેંચે
એના વગર, સુઈ કઈ રીતે શકાય ? એના વગર-
આપણને ફાવે કઈ રીતે, એમ ક્યાં ને ક્યાં TRAVE-
LLING ની અંદર એ થેલો ઉંચકી.. ઉંચકી.. ઉંચકી
ઉંચકી.. ઉંચકી.. ઉંચકી ને ફર્યા કરે, એ જીવ જેવી
હરેક સંસારી જીવની દશા છે. સંસાર એક BEDDING
ના થેલા જેવો છે, એની અંદર એ રૂ ભર્યું હોયને,
તો એ સંસાર ભારે જ પડેલો છે. સંસાર રૂપી
BEDDING ના થેલા ની બીજુ વિશેષતા એ છે, કે
એની અંદર રૂ નથી ભરેલું. અંદર પથરા ભર્યા છે,
અંદર કાંકરા ભર્યા છે, અંદર કાચના ટુકડા ભર્યા છે,
અને અંદર છરા ભર્યા છે. એક તો એનું વજન
એટલું લાગે અને તમે એને ઓઢાવી ને સુવા જાવ,
એટલે તમે લોહી લુહાણ થયા વગર રહો નહિ. તમે
કોનાથી લોહી લુહાણ થઈ શકો, તમે કોઈ દુશ્મનથી,
હરીફથી, આસપાસ ના લોકો થી, તમે એવા કોઈથી
લોહીલુહાણ ના થઈ શકો, તમે કોઈ બસની કે ગાડીની
નીચે આવી જાવ ને, લોકો ને લાગે કે તમે લોહીલુહાણ
થયા, ત્યારે પ તમે લોહીલુહાણ નથી થયા હોતા,
તમે હકીકતમાં એક જ વસ્તુ થી લોહીલુહાણ થઈ
શકો છો, જે વસ્તુ તમે ઉપાડેલી છે. તમે જેને ઉપાડો

છો એ જ તમારો સંસાર છે. તમે જેને ઉપાડી છો એજ તમારી BEDDING નો થેલો છે. જેની અંદર પથરા, કાંકરા, કાચ વગેરે ભરેલા છે.

મોહાદેના પ્રિયાં કૃત્વા ભોગતૃષ્ણાં નરાધમાઃ ।

પિંટુ એ છગનને પુછ્યું કે પપ્પા, આ સ્કુલમાં મારો મિત્ર વાત કરતો હતો, કે મુસ્લિમને ચાર પત્નીની છુટ હોય. એમને કેમ ચારની છુટ આપણને કેમ એક નીજ છુટ, છગને કહ્યું કે બેટા તું મોટો થઈશ એટલે તને ખ્યાલ આવશે, કે એકે ભારે પડી જાય છે. પત્ની નો એક સમાનાર્થી શબ્દ છે, "ઢેઢા", એનો અર્થ થાય વહન કરેલી, ઉંચકેલી. પત્ની નો એક બીજો સમાનાર્થી શબ્દ છે, "ભાર્યા" જેનો ભાર તમારે સતત વહન કરવો પડે, એનું નામ ભાર્યા. માટે જ લગ્નનો એક સમાનાર્થી શબ્દ છે, "વિવાહ", વિશેષ થી ભાર વહન કરવાની ઘટના એટલે વિવાહ ! માટે જ પતિનો એક સમાનાર્થી શબ્દ છે, "વિવોઢા" વિશેષ થી ભારને વહન કરનાર ! બોજો ઉપાડવો, આનું નામ સંસાર. બોજો ઉતારવો આનું નામ સંયમ. સંસાર શું છે ?, એક પ્રકારની વિવાહની જ ઘટના છે. ઘરને તમે ઉપાડ્યું હોય છે, દિકરાને ઉપાડ્યો હોય છે, દિકરીને ઉપાડી હોય છે, પરિવારને ઉપાડ્યો હોય છે, ધંધાને, નોકરીને, શરીરને, કપડાંને, ઘરેણાંને, સંબંધોને, ઓળખાણોને, રાચરચીલાને, ચીજવસ્તુઓને, વાહનોને આ બધાને ક્યાં ઉપાડવાનું છે, વિશેષ થી ભાર વહન કરવાની ઘટના એટલે વિવાહ. અને સંસાર એટલે એક પ્રકારનો વિવાહ ! એક ચિંતકે બહુ મજાની વાત લખી છે, કે લગ્ન એ એક એવા પ્રકારની લોચ છે, જેનાથી ઘરની દાસી, એવું સમજવા લાગે છે, કે ઘરની સ્વામીની છે. આમ, આ બધું કામ કોઈના ઘરે કોઈ કરવા તૈયાર ના થાય. પણ લગ્ન થઈ ગયા, એક ભ્રમણા આવી, કે હું

શૈફાળી બની, હું સ્વામીની બની, આ મારું ઘર છે,
અને એ વ્યક્તિ આખી જિંદગી, કામ કર્યા કરશે...
કર્યા કરશે... કર્યા કરશે. સુક્ષ્મ દ્રષ્ટિ એ વિચાર-
કરીએ, તો ખ્યાલ આવશે કે આ માત્ર લગ્નની વાત
નથી, માત્ર આ પત્નીની કે સ્ત્રીની જ વાત નથી.
પુરૂષ ની પણ આ જ વાત છે. આલિકીના પ્રેમમાં માલસ
આખી જિંદગી, મજુરી કર્યા જ કરે છે... કર્યા જ કરે છે
કર્યા જ કરે છે. સંસાર માથે ઉપાડી લીધો, BEDDI-
NG નો થેલો પહેરી લીધો, માલસ વિચારે છે, મને
કામ લાગશે, આરામ મળશે, સુવા મળશે. પણ ભાઈ
તું સુઈશ ત્યારે સુઈશ, અને એના વગર પણ સુઈ
શકાય છે, એના વગર પણ આરામ થાય છે, એના
વગર વધુ આરામ થાય છે, એવો એની સાથે આરામ
નથી થતો, આરામ માટે તું આ બધી ઉપાધિ વહોરે
છે, અને સરવાળે તું વધારે ને વધારે દુ:ખી થઈ
રહ્યો છે, તારા ખભા દુ:ખી ગયા, ત્યાં આટલો
BRIDGE (પુલ) ચઢવો પડ્યો, તારે આટલા
દાદરા ચઢવા પડ્યા, તારે PLATFORM ઉપર દોઢ-બે
કિલોમીટર ચાલવું પડ્યું, ત્યારે ક્યાંનું ક્યાં એને
પહોંચાડવું પડ્યું, તારે આ વજન ઉપાડવું પડ્યું, તારે
આમ ક્યાંક જવું હતું, તારે WASHROOM માં જવું
હતું તો તને ચિંતા હતી કે કોઈ થેલો ના લઈ લે,
શાંતિથી WASHROOM માં એના કારણે નથી જઈ
શકતો, એ તને સુખ કઈ રીતે આપી શકે ?
એજ દિકરી તને ચિંતા માં પાડે છે, એજ દિકરો
તારી ઊંઘ હરામ કરે છે, એજ પૈસા તને ડાયાબીટીસ
લાવી દે છે, એ જ ધંધો તને હેરાન પરેશાન કરે છે.
એ જ સંબંધો, એ જ ઓળખાણો, એ જ કહેવાતા
મિત્રો, એજ કહેવાતા સગાઓ, એ જ કહેવાતા ટોળાઓ
તારા આખા જીવનને ખાના-ખરાબ કરી દે છે, એ નું


classmate

કેમ નથી થઈ શકતો ? સંસાર છોડવાની વાત આવે, અને તું ધ્રુજી જાય, તને લાગે કે, ભાઈ બહુ જ અઘરું, આપણને ના ફાવે, બહુ જ અઘરી વસ્તુ, એ બધું આપણું કામ નહિ, બધી વાત સાચી, પણ તું શાંત ચિત્તે વિચાર, કે છોડવું અઘરું છે, કે આ બધું સાથે ઉંચકીને ફર્યા કરવું - અઘરું છે ? સંસાર છોડવાનો સીધો અર્થ છે, બોઝો છોડવો. સંસાર છોડવાનો સીધો અર્થ છે ઉપાધિઓ છોડવી. સંસાર છોડવાનો સીધો અર્થ છે ઉજાગરા છોડવા. સંસાર-છોડવાનો સીધો અર્થ છે દ્રવ્ય અને ભાવ રોગોને છોડવા. સંસાર છોડવાનો સીધો અર્થ છે ચિંતાઓને છોડવી, સંસાર છોડવાનો સીધો અર્થ છે બંધનોને છોડવા. સંસાર છોડવાનો સીધો અર્થ છે ભ્રમણાઓને છોડવી. સંસાર છોડવાનો સીધો અર્થ છે ચોર્યાસી લાખ યોનિઓને છોડવી. સંસારને છોડવાનો સીધો અર્થ છે, નરકને છોડવી. સંસારને છોડવાનો સીધો અર્થ છે નિગોદની જેલને છોડવી. સંસાર છોડવાનો સીધો અર્થ છે અનંત શારીરિક અને માનસિક દુઃખોથી આપણા આત્માને મુક્ત કરવો. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

x x x x

## વ્યાખ્યાન નંબર - 99

DATE 05 11 2019

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજા, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથના ત્રીજા પ્રસ્તાવ ની અંદર, પ્રતિબોધક નામના આચાર્યના મુખે, ભોગતૃષ્ણાનું વર્ણન કરે છે.

आत्मानं निर्मलीकृत्य प्रयान्ति परमं पदम्।

જેઓ ભોગતૃષ્ણાથી રહિત થાય છે, ભોગ-તૃષ્ણા-ઉપર વિજય મેળવે છે, તે શું કરે છે ? પોતાના આત્માને નિર્મળ કરે છે, અને પરમપદ ને પામે છે. આત્મા નો મળ શું છે. કર્મ એ આત્માનો મળ છે. કર્મ દૂર કઈ રીતે થાય, ચારિત્રથી દૂર થાય.

चयरित्तकरं चरित्तं।

જે કર્મોના સંચય ને ખાલી કરે, એનું નામ ચારિત્ર. ચારિત્રમાં સૌથી વધારે બાધક શું છે ?, એનું નામ છે ભોગતૃષ્ણા ! પુષ્પમાલા ગ્રંથની અંદર મલધારી હેમચંદ્ર-સૂરી મહારાજ કહે છે,

अजिइंदिएहिं चरणं कट्ठं व घुणेहिं कीरइ असारं।

જે જીતેન્દ્રિય નથી, જેણે ઈન્દ્રિયો ઉપર વિજય નથી મેળવ્યો, એનું ચારિત્ર, જેમ કીડાઓ લાકડા ને ખોખલું કરી દે, એમ ખોખલું કરી દે છે. કર્મોનો બોજો ઉતારવો, આનું નામ ચારિત્ર ! સંસારનો બોજો ઉતારવો, આનું નામ ચારિત્ર ! આખી જિંદગી અને ભવોભવ બોજો ઉપાડીને ચાલવું, આનું નામ સંસાર ! એક કવિએ બહુ મઝાની વાત કરી છે,

" એમ બાધવશે થાકી જઈશ તો કેમ ચાલશે,
તારી જ એ લાશ છે ને તારો જ એ સ્કંધ છે "

જેમાં કોઈ ચૈતન્ય નથી, મન નથી, દમ નથી, કસ નથી, એવા મડદા જેવા આપણા સંસારને ખભે લઈને અનાદિ-કાળથી આપણે ભટકી રહ્યા છીએ. ભોગતૃષ્ણા જીવને શું આપે છે. ભોગ શું આપે છે ? પરમ પાવન-ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે,

classmate

खणाणुरत्तस्स णरस्स एवं कत्तो सुहं होज्ज कयाइं किंचि ।
જેને રૂપાદિ ભોગની આસક્તિ છે, એવા મનુષ્યને ક્યારે પણ,
કંઈ પણ સુખ કઈ રીતે હોય શકે.

तस्सोवभोगे वि किलेसदुक्खं
જ્યારે એનો ઉપભોગ થાય છે, ત્યારે પણ એ ક્લેશ દુઃખ ને
સહન કરવો હોય છે.

णिवत्तइ जस्स कए ण दुक्खं ॥
અને એના કારણે એના દુઃખનો અંત જ આવતો નથી.
ઉત્તરાધ્યયન સુત્રની ટીકા કહે છે,

उपभोगार्थं हि क्लिश्यते जन्तुः, तत्र सुखं स्यादिति ।
જીવ કેમ હેરાન થાય છે, જીવ કેમ આટલો પરેશાન થાય છે,
જીવ કેમ આટલો દુઃખી થાય છે. આ બધી જ દોટ શા માટે?
પૈસા શા માટે જોઈએ, પરિવાર શા માટે જોઈએ, લગ્ન શા
માટે જોઈએ, પતિ-પત્ની શા માટે જોઈએ, સાધન-સામગ્રી
શા માટે જોઈએ?

उपभोगार्थं हि क्लिश्यते जन्तुः, तत्र सुखं स्यादिति ।
પૈસા કમાતા કમાતા પરસેવો નિતરી જાય છે, પૈસા આવતા-
આવતા જીવ નીકળી જાય છે, પૈસાથી બધી વસ્તુઓ
લાવવામાં આવે છે. આ બધું જ શેના માટે? ઉપભોગ માટે!
જીવ ને એક આશા છે, અરમાન છે, એક સપનું છે, કે
વસ્તુઓ મળશે એટલે મને સુખ મળશે. ઉત્તરાધ્યયન સૂત્ર
ની ટીકામાં, વાદીવેતાલ શ્રી શાંતિસૂરી મહારાજ કહે છે કે,
જ્યારે ઉપભોગ કાળે પણ સુખ નથી,

तस्सोवभोगे वि किलेस-दुक्खं
ઉપભોગમાં પણ ક્લેશ છે, ઉપભોગમાં પણ થાક છે, ઉપ-
ભોગમાં પણ પરિશ્રમ છે, ઉપભોગમાં પણ ચિંતા છે,
ઉપભોગમાં પણ ભય છે, તો પછી જીવને ક્યારે સુખ મળશે?
વૈરાગ્ય શતક ગ્રંથ સ્પષ્ટ કહે છે,

णत्थि सुहं ।
સુખ છે જ નહિ! ઇન્દ્રિય પરાજય શતક ગ્રંથ કહે છે,

सयकायपरिस्समं सुक्खं

ઉપભોગ માટે નો તમારો જે પરિશ્રમ, તમારો જે કાય-ક્લેશ, એને જ તમે કલ્પનાથી સુખ માનો છો.
અધ્યાત્મ કલ્પદ્રુમમાં મુનિસુંદર સૂરી મહારાજ કહે છે.

आपातरम्ये परिणामदुःखे ।

આપાત થી દેખીતી રીતે, ઉપરછલ્લી સપાટી એ સંસાર સુંદર છે, વિષયો મોહક છે, વસ્તુઓ આકર્ષક છે, અને પરિણામ દ્રષ્ટિ એ જોઈએ, તો એમાં દુઃખ સિવાય બીજું કશું જ નથી. સિધ્ધર્ષિગણિ મહારાજ, ભોગ-તૃષ્ણા ના વર્ણન માં આગળ વધે છે.

येऽनया रहिताः सन्त - स्ते वन्द्या भुवनत्रये ।

જેઓ ભોગતૃષ્ણા થી રહિત છે, તે ત્રણે ભુવનની અંદર વંદનીય થાય છે.

वशो गताः पुनर्येऽस्याः, साधुभिस्ते विगर्हिताः ॥

જેઓ ભોગ-તૃષ્ણા ને વશ થાય છે, તેઓ સજ્જનો દ્વારા નિંદિત બને છે. ભોગ સતૃષ્ણતા મનુષ્ય ને નીંદનીય બનાવે છે, ભોગવિતૃષ્ણતા પુરુષ ને વંદનીય બનાવે છે. જેમ જેમ ભોગતૃષ્ણા વધતી જાય, એમ-એમ માણસ એવી એવી ચેષ્ટા કરે, કે એ ગાળો ખાય, માર ખાય, લોકો એની નિંદા કરે, એનું અપમાન કરે, એની VALUE DOWN થાય, જેમ જેમ ભોગતૃષ્ણા ઓછી થતી જાય, વૈરાગ્ય વધતો જાય, સંવેગ પ્રગટતો જાય, નિર્વેદ વધતો જાય, એમ એમ એ વ્યક્તિ વધારે ને વધારે માનનીય અને વંદનીય થાય છે।

મેવાડ ના અમારા વિહારો હતા, એક પ્રાચીન તીર્થ. એનું નાનકડું ગામ, વિહાર કરીને અમે ગામ તરફ જઈ રહ્યા હતા. ગામ આવી ગયું, ગામના રસ્તાથી અમે પસાર થઈ રહ્યા હતા, મારી આગળ કેટલાક મહાત્માઓ ગયા હતા, કદાચ હું છેલ્લો હતો. એક રસ્તા પર TURN લઈને હું વળવા જતો હતો ને બરાબર

CORNER (ખુણા) ઉપર એક જણ બેઠું હતું. કદાચ એના મનમાં ક્યારની વિચાર આવતો હશે, અને એ વ્યક્તિએ મને પુછી લીધું, કે તમારી સાથે બાઈઓ ના હોય ? મેં કહ્યું ના હોય. અને એ જે પ્રતિભાવ હતો ને આજે વરસો પછી પણ હું ભુલી શકતો નથી. ખુબ જ અહોભાવ સાથે, બે હાથ જોડી ને, નમી-નમીને એ વ્યક્તિ એ વંદન કર્યા.

येऽगया रहिताः सन्त-स्ते वन्द्या भुवनत्रये ।

વંદનીયપણું આપણને જોઈએ છે, માન-સમ્માન જોઈએ છે. પ્રશંસા જોઈએ છે. લોકો આપણો ભાવ પુછે એ જોઈએ છે, પણ એ કઈ રીતે મળે, એ આપણને ખબર જ નથી. જેમ જેમ ખુબ ભોગતૃષ્ણા ને છોડતો જાય... છોડતો જાય... છોડતો જાય. છોડતો જાય, એમ એમ એ વંદનીય થાય. રસ્તા ઉપર કોઈનું આભુષણ પડી ગયું છે, એક વ્યક્તિ ત્યાંથી પસાર થઈ રહી છે, આભુષણ ને જુએ છે, લે છે, લોકોનું ધ્યાન જાય છે, લોકો એની નિંદા કરે છે, મારે છે, આભુષણ એની પાસેથી- ઝુંટવી લે છે, તપાસ કરે છે, કોનું છે એને આપી દે છે. આખા ગામમાં એની બદનામી થાય છે. બીજુ વ્યક્તિ નીકળે છે, નીચે જોઈને ચાલી રહી છે, ખબર છે આભુષણ છે, સોનાનું લાગે છે, મોંઘુ હશે, અને છતા જાણે જોયું નથી એવી રીતે ત્યાંથી પસાર થઈ જાય છે ને હાથ પણ એ વ્યક્તિ નથી લગાડતી, અને લોકોમાં વાત ફેલાય છે કે આવી રીતે એ વ્યક્તિ પસાર થઈ ગઈ, એ પ્રશંસનીય બને છે.

येऽगया रहिताः सन्त-स्ते वन्द्या भुवनत्रये ।

કલ્પના કરો કે ચૌદે રાજલોક, ઠાંસી ઠાંસી ને ભોગસામગ્રી થી ભરેલા છે. કલ્પના કરો કે એક વ્યક્તિની એ માલીકીની બધી ભોગ સામગ્રી છે. કલ્પના કરો કે એ વ્યક્તિ બધી જ સામગ્રી નો એક સાથે ભોગવટો કરી રહી છે. એ વ્યક્તિને જેટલું સુખ મળી શકે, એના કરતા વધારે સુખ, એ બધી જ સામગ્રી ની ઉપેક્ષા થી મળી શકે છે. ખરી શ્રીમંતાઈ એ કરોડો રૂપિયા હોય એ નથી, ખરી શ્રીમંતાઈ એ છે કે કરોડો

રૂપિયાની કોઈ કિંમત જ ના રહે. ખરું ભોગી પણું, ભોગના ઘણા સાધન પોતાને સ્વાધીન હોય એ નથી, ભોગની મનમાં કંઈ VALUE જ ના રહી હોય એ ખરું ભોગી પણું છે. બહુ સરસ મજાની વાત જ્ઞાન સાર પ્રકરણ ની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કરે છે.

पूर्यन्ते येन कृपणा:

તુચ્છ જીવો, અજ્ઞાની જીવો, અબુજ જીવો, જેનાથી પોતાને ભરેલા સમજે છે, શ્રીમંત સમજે છે, માલામાલ સમજે છે, ન્યાલ સમજે છે, કમાઈ ગયેલા સમજે છે. સુખી સમજે છે.

तदुपेक्षैव पूर्णता

એ બધી જ વસ્તુઓ એની ઉપેક્ષા કરવી, એ ખરું ભરેલા-પણું છે. એ ખરું સુખી પણું છે. એ ખરી પૂર્ણતા છે. ભોગ વિતૃષ્ણા એટલે શું?

येऽनया रहिता: सन्त - स्ते वन्द्या भुवनत्रये ।

આનો અર્થ શું? બહુ સરસ મજાનો શબ્દ આપણને આગમ આપે છે, ઉપેક્ષા! સુધર્મા સ્વામી ભગવાન - આચારાંગ સૂત્રની અંદર કહે છે.

उवेहमाणो सद्दरूवेसु अंजू माराभिसंकी मरणा पमुच्चइ।

જે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, બધા જ વિષયો, અનિષ્ટ બધા જ વિષયો, ઇષ્ટાનિષ્ટ વિષયો, અને એની વચ્ચેથી પસાર થવાનું થાય, એના સંપર્કમાં આવવાનું થાય, એના સંયોગમાં આવવાનું થાય, ત્યારે માત્રને માત્ર ઉપેક્ષા ભાવ રાખે છે, એ મોક્ષ માર્ગ ઉપર સરળ ગતિ કરે છે, સીધો મોક્ષે જ જઈ રહ્યો છે. જે જન્મ-મરણથી ભયભીત છે, તે જન્મ-મરણથી છૂટી જાય છે. મૃત્યુનો ખરો ભય એ છે જે આપણને વૈરાગ્ય આપે, મૃત્યુનો ખરો ભય એ છે જે આપણને વિષયોનો ભય આપે. મૃત્યુનો ખરો ભય એ છે જે આપણને ઇષ્ટ વિષયોથી ભાગી છૂટવાનું બળ આપે.

"મુક્તિ મુક્તિ શું કરો. કરો વિષય પરિહાર,
વિષય મુક્તિ મુક્તિ છે, વિષય છે સંસાર"
મોક્ષ- મોક્ષ કરવાથી મોક્ષ નહિ મળે, પણ વિષયોનો ત્યાગ કરશો તો મોક્ષ મળશે. વિષયોની મુક્તિ એ જ ખરા અર્થમાં મુક્તિ છે, કારણકે વિષયો એ જ ખરા અર્થમાં સંસાર છે. આચારાંગ સૂત્રની અંદર સુધર્મા સ્વામી ભગવાન કહે છે.

જે ગુણે સે આવટ્ટે

જે શબ્દાદિ કામ ગુણો છે, કામભોગો છે, વિષયો છે, એ જ સંસાર છે. કારણકે ભવભ્રમણના મૂળમાં વિષયોની આસક્તિ સીવાય બીજું કશું જ નથી. ઈન્દ્રિય પરાજય શતકની અંદર એક પ્રશ્ન પુછ્યો કે, અમને ક્યારે ખબર પડે કે હવે અમારો મોક્ષ નજીક છે. અને બહુ સરસ મજાનો જવાબ ત્યાં આપ્યો.

જહ જહ દોસા વિરમઇ જહ જહ વિસએસુ હોઇ વેરગ્ગં।
જેમ- જેમ દોષોથી જીવ અટકે, જેમ જેમ દોષોથી પાછો વળે, અને જેમ- જેમ વિષયો પ્રત્યે વૈરાગ્ય થાય.
તહ તહ વિન્નાયવ્વં આસન્નં સે ય પરમપયં ॥
તેમ તેમ સમજવું કે એ જીવ પરમપદની નજીક થઈ રહ્યો છે.

ઉવેહમાણો સદ્દરુવેસુ અંજૂ

વિષયોની અંદર રાગ-દ્વેષ કરવા આનું જ નામ વક્રતા. વિષયોની અંદર ઉપેક્ષા ભાવ રાખવો, આનું નામ સમતા, આનું નામ મોક્ષ માર્ગ, આનું નામ સરળતા. ઉત્તરાધ્યયન સૂત્રની અંદર વૈઆક્રોશ પરિસહના સંદર્ભમાં, બહુ સરસ વાત કરી છે.

સોચ્ચાણ ફરુસા ભાસા દારુણા ગામકંટયા।
તુસિણીઓ ઉવેહેજ્જા, ણ તાઓ મણસીકરે ॥

બાવીસ પરીષહમાં એક પરીષહ આક્રોશ પરિષહને, મહાત્મા કોઈ ગામમાં ગયા છે, ત્યાં લોકોને ધર્મની કંઈ ખબર નથી, મહાત્મા વહોરવા નીકળ્યા છે, ક્યાંક ચાર ગાળ મળે, ને ક્યાંક આઠ ગાળ મળે, ને ક્યાંક ગમે તેવી નિંદા મળે ને ક્યાંક

ગમે તેવી બદનામી મળે, ને ક્યાંક ગમે તેવા આક્રોશો
મળે, ગમે તેવા કઠોર અને બરછટ જેવા શબ્દો મળે,
મહાત્માએ ત્યાં કરવાનું શું ? બહુ સરસ મજાની વાત,
ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે,

તુસીણિઓ ઉવેહેજ્જા ।

મહાત્માએ મૌન રહેવું, મહાત્માએ ઉપેક્ષા કરવી,

ણ તાઓ મણસીકરે ।

અને એ શબ્દોને પોતાના મનમાં લાવવા નહિ. જે વાત
આક્રોશ પરિષહના સંદર્ભમાં કહીને, એ જ વાત ભોગ
વિતૃષ્ણાના ના સંદર્ભમાં, ભોગની નિઃસ્પૃહતા ના સંદર્ભ
માં, ભોગતૃષ્ણા ના ત્યાગની સાધના ના સંદર્ભમાં પણ
ઘટી શકે છે. જ્યારે ઈષ્ટાનિષ્ટ વિષયો આવે ત્યારે
કરવું શું ? મૌન રહેવું. આ સારા છે, આ ખરાબ છે,
આ ગમે છે, આ નથી ગમતું, આ ભાવે છે આ નથી
ભાવતું, આ ફાવે છે આ નથી ફાવતું, આવું બોલવું નહિ.
બોલવાના બે પ્રકાર હોય છે, એક બાહ્ય બોલવું, અને
બીજું આંતર બોલવું. બીજા શબ્દોમાં કહીએ, તો વાણીના
બે પ્રકાર છે, એક બહિર્જલ્પ અને બીજો પ્રકાર છે અંતર્-
જલ્પ. બોલવું જ નહિ એ અધુરું મૌન છે. અંદર વિચાર
પણ ના કરવો એ મૌનની સંપૂર્ણતા છે. જ્યારે જ્યારે
અંદર વિચાર ઉઠે છે, વિચાર શબ્દાત્મક હોય છે, વિચાર
શબ્દાનુવિદ્ધ હોય છે, અને શબ્દ એ વાણી છે, કોઈ
રાગ અને દ્વેષ આનું આલંબન શું છે, શબ્દ છે ! કોઈ
પણ રાગ હોય, કોઈ પણ દ્વેષ હોય, એ શબ્દાનુવિદ્ધ
હોય છે, દેવોને રાગ થાય એ શબ્દાનુવિદ્ધ, આપણને
થાય, નારક ને થાય, પંચેન્દ્રિય તિર્યંચ ને થાય,
ચતુરેન્દ્રિય, તેઈન્દ્રિય, બેઈન્દ્રિય, એકેન્દ્રિય, યાવત
નિગોદના જીવને પણ જે રાગદ્વેષ થાય છે એ શબ્દાનુ
વિદ્ધ જ હોય છે. અને અમુક શબ્દ બોધ નિગોદના
જીવને પણ હોય છે. અને એ જ અપેક્ષા એમને પણ

મુન અજ્ઞાન કર્યું છે. મૌન ! જ્યારે બોલવાનું બંધ થઈ જાય છે, ત્યારે રાગ-દ્વેષનો અવકાશ જ રહેતો નથી. શબ્દના-આધારે રાગ-દ્વેષ ઉભો હોય છે. શબ્દ ખસી જાય, બોલવાનું ખસી જાય, પછી રાગ-દ્વેષ ક્યાં ઉભો રહેશે. બહુ સરસ-મજાની વાત, સમાધીતંત્ર ગ્રંથની અંદર પૂજ્યપાદ સ્વામી કહે છે,

યદન્તર્જલ્પસમ્પૃક્ત - મુત્પ્રેક્ષાજાલમાત્મનઃ ।
જે અંતર્જલ્પથી યુક્ત એવું, આત્માનું ઉત્પ્રેક્ષા જાળ છે, વિચારોની જાળ છે, વિચારોની જંજાળ છે,

મૂલં દુઃખસ્ય તન્નાશે, શિષ્ટમિષ્ટં પરં પદમ્ ॥
જ્યારે એનો નાશ થઈ જાય, ત્યારે આત્માના બધા જ દુઃખના મૂળનો નાશ થઈ જાય છે. કારણકે અંતર્જલ્પ એજ આત્માના દુઃખનું મૂળ છે. કેવળજ્ઞાની ભગવાન, સિદ્ધ ભગવાન, એમને અંતર્જલ્પ હોતો નથી, કારણકે એમને વિચાર હોતો નથી. અને વિચારનો નાશ થઈ જાય ત્યારે સંસારનો નાશ થઈ જાય છે. શરીર એ બાહ્ય સંસાર છે, પૈસો એ બાહ્ય સંસાર છે, પરિવાર એ બાહ્ય સંસાર છે, ઘર એ બાહ્ય સંસાર છે, વિચાર એ આપણો આંતર સંસાર છે.

મૂલં દુઃખસ્ય તન્નાશે શિષ્ટમિષ્ટં પરં પદમ્ ।
જ્યારે અંતર્જલ્પનો પણ ત્યાગ થઈ ગયો, વિચારનો પણ ત્યાગ થઈ ગયો, અંદર બોલવાનો પણ ત્યાગ થઈ ગયો, ત્યારે રાગ-દ્વેષની કોઈ જ શક્યતા રહેતી નથી. અને વિચાર જુદો પડી જાય, વિચાર દૂર થઈ જાય, વિચાર મુક્તિ મળી જાય, ત્યારે પરંપદ જ બાકી રહે છે. જમ્બૂનચેસની સજ્ઝાયની અંદર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે.

" દેહ મન વચન પુદ્ગલ થકી,
કર્મથી ભિન્ન તુજ રૂપ રે"

જીવ કેવો છે, જીવ શરીર પણ નથી, જીવ મન પણ નથી, જીવ વિચાર પણ નથી, જીવ અધ્યવસાય પણ નથી,

જીવ ઉચ્ચાર પણ નથી, જીવ કર્મ પણ નથી, જીવ છે શું ?

" અક્ષય અનંત છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપે "

જીવ જ્ઞાન સ્વરૂપ છે, જીવ આનંદ સ્વરૂપ છે, જીવ અક્ષય છે, અનંત છે, અકલંક છે. બહુ સરસ મજા ની વાત, સમાધીતંત્ર ગ્રંથની અંદર, પૂજ્યપાદ સ્વામી કહે છે,

એવં ત્યક્ત્વા બહિર્વાચં, ત્યજેદન્તરશેષતઃ।

તમે બાહ્ય વાણી ને પણ છોડો, અને આંતર વાણીને પણ છોડો. જ્યાં સુધી બાહ્ય વાણીની પ્રવૃતિ ચાલુ છે, ત્યાં સુધી આંતર વાણીની પ્રવૃતિ અટકે એવી કોઈ શક્યતા જ નથી. જે સ્થુલને નથી છોડી શકતો એ સુક્ષ્મ ને કઈ રીતે છોડી શકશે. તમારે સાધક બનવું છે, તમારે સાધના કરવી છે, તમારે જલ્દીમાં જલ્દી મોક્ષે જવું છે, તો તમે મૌનથી શરૂઆત કરો. પહેલા અંદરમાં બહારની વાણી છોડો, બહારના ઉચ્ચારો છોડો, ન છુટકે, ઓછામાં ઓછા શબ્દોથી, જે અક્ષરથી પતતું હોય તો ત્રીજો અક્ષર બોલવો નથી. અને એ પણ જરૂર પુરતું કામ પડે ત્યારે, ન છુટકે જ બોલવું છે. જ્યાં સુધી તમારી આ ભુમિકા આવી નથી, ત્યાં સુધી તમારી સાધના, ખરા અર્થમાં શરૂ પણ થવાની નથી !

એવં ત્યક્ત્વા બહિર્વાચં, ત્યજેદન્તરશેષતઃ।

બહાર ના વચનને પણ છોડો, અંદરના વચનને પણ છોડો.

એષ યોગઃ સમાસેન, પ્રદીપઃ પરમાત્મનઃ॥

આ યોગ, બસ આટલો બધો જ શ્લોક, એ પરમાત્મ પદનો દીવો છે, એ મોક્ષ માર્ગ છે, બહારની વાણી છોડો, અંદર ની વાણી છોડો, તમે SHORT TIME માં મોક્ષે પહોંચી જશો. નિયમસારની અંદર કુંદકુંદ સ્વામી કહે છે,

अंतरबाहिरजप्पेसु जो वट्टइ सो बहिरप्पा।

જે આંતર અને બાહ્ય જલ્પોની અંદર વર્તે છે, વચન ઉચ્ચાર ની અંદર વર્તે છે, તે બાહ્ય આત્મા છે.

जप्पेसु जो ण वट्टइ सो भवइ अंतरंगप्पा॥

જે કોઈ પણ પ્રકારના જલ્પમાં વર્તતા નથી, વાણીમાં વર્તતા નથી, એ અંતર આત્મા છે. પ્રશ્ન કરીએ કે પછી તો સૂત્રો એ ના બોલવા, સ્વાધ્યાય એ ના કરવો, કશું ના કરવું. આવશ્યક નિર્યુક્તિ આગમની અંદર, શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી મહારાજ આ પ્રશ્નનો જવાબ આપે છે.

एवविहा भासा मे वत्तव्वा एरिसी ण वत्तव्वा।

જેની પાસે શું બોલવું, શું ના બોલવું, આનો વિવેક છે. જે બોલવા છતા નથી બોલતો, જે ન છૂટકે બોલે છે, જે જિનાજ્ઞા ની મર્યાદામાં બોલે છે, જે અત્યંત પરિમિત બોલે છે, જરૂરી બોલે છે, હિત-મિત અને પ્રિય બોલે છે, એ વ્યક્તિ આખો દિવસ બોલતો રહે તો પણ એ ભાષા સમિત છે, તો પણ એ મૌન છે. પૂજ્યપાદ સ્વામી - ઈષ્ટોપદેશ ગ્રંથની અંદર કહે છે,

ब्रुवन्नपि हि न ब्रूते, गच्छन्नपि न गच्छति।

જેનું મન આત્મામાં સ્થિર થઈ ગયું, જેણે આત્મ તત્ત્વને સ્થિર કર્યું, એ બોલતો હોય તો પણ બોલતો નથી. એ જતો હોય તો પણ જતો નથી.

स्थिरीकृतात्मतत्त्वस्तु पश्यन्नपि न पश्यति।

જેણે આત્મ તત્ત્વને સ્થિર કર્યું, એ જોતો હોય તો ય જોતો નથી. બોલતો હોય તો એ બોલતો નથી. જતો હોય તો ય જતો નથી. મૌન! જ્યાં સુધી બોલવાનું ચાલુ છે, બોલ-બોલ કરવું છે, વાતો કરવી છે, પંચાત કરવી છે, બોલીએ નહિ ત્યાં સુધી ચેન નથી પડતું, ત્યાં સુધી આપણું ઠેકાણું પડવાનું નથી. માત્ર બોલવું જ નહિ, બાહ્ય વચન ઉચ્ચાર ન કરવો, એ જ મૌન નથી. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, જ્ઞાનસાર પ્રકરણમાં કહે છે.

सुकरं वागनुच्चारं, मौनमेकेन्द्रियेष्वपि।
વાણી ન બોલવી, ઉચ્ચાર ન કરવો, આ મૌન તો એકેન્દ્રિય માં પણ સુલભ છે.
पुद्गलेष्वप्रवृत्तिस्तु, योगानां मौनमुत्तमम्॥
પણ પુદ્ગલોની અંદર મન, વચન, કાયાની, શરીરની, ઈન્દ્રિયોની પ્રવૃત્તિ ના કરવી, એ શ્રેષ્ઠ મૌન છે. વૃક્ષ પણ મૌન છે, કીડા પણ મૌન છે, મકોડા પણ મૌન છે, મચ્છર પણ આમ જોઈએ તો લગભગ મૌન હોય છે, આપણા માટે, એકેન્દ્રિય જેવો સંપૂર્ણ મૌન હોય છે, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, કશું પણ - બોલતા નથી, છતાં પણ એ મૌન નથી કારણકે પુદ્ગલની પ્રવૃત્તિ ચાલુ છે. પુદ્ગલો માં પ્રવૃત્તિ નાં થાય એ મૌન નો ઉદ્દેશ્ય છે, તમે એક કલાક માટે મૌન નું પચ્ચક્ખાણ કરીને ધારણા અભિગ્રહ લઈ લીધો, પણ તમે T.V. ચાલુ કરીને બેઠા, ફોન લઈને બેઠા, તમે બીજે ત્રીજે જોવા બેઠા, તમે બહિર્ભાવની અંદર બેઠા, તો હકીકત માં મૌન નથી તમારી પોતાની છેતર-પીંડી છે. ખરું મૌન છે, યોગો નું મૌન, ખરું મૌન છે મન, વચન, કાયા નું મૌન, ખરું મૌન છે ઈન્દ્રિયોનું મૌન, ખરું મૌન છે મનનું મૌન, અને આ મૌન સુધી પહોંચવા માટે, બાહ્ય મૌન નું અવલંબન કરવાનું છે. જ્યારે ઈન્દ્રિયો અને મન મૌન થઈ જાય છે, ત્યારે આત્મા બોલવા લાગે છે.

સદ્ગુરુ એક તીર્થની અંદર બિરાજમાન છે. પ્રાચીન તીર્થ છે, પ્રભાવક તીર્થ છે, બહુ લાઈટમાં નથી એવું તીર્થ છે, માટે એની પવિત્રતા સચવાયેલી છે. થોડા દિવસ પસાર થયા, અને મહાત્મા એની વાત ચાલે છે કે હું રાતે કાઉસગ્ગમાં ઉભો હતો, અને દહેરાસર માંથી દિવ્ય સંગીત સંભળાતું હતું. ઝીણું-ઝીણું સંગીત, ધીમું-ધીમું સંગીત, અદ્ભુત, મધુર

સંગીત, દિવ્ય સંગીત, જિંદગીમાં ન સાંભળ્યું હોય એવું સંગીત, અને નક્કી રાતે દહેરાસરની અંદર, દેવતાઓ આવતા હશે, અને એ દેવતાઓ અંદર ભગવાનની ભક્તિ કરતા હશે, અને એનું સંગીત આપણને બહાર સંભળાઈ રહ્યું છે. આજે પણ અનેક દહેરાસરો એવા છે, જેની બાજુબાજુમાં રહેતા લોકોનો આ અનુભવ છે, કે અડધી રાતે, મધરાતે, દહેરાસરમાંથી - નૃત્યનો, ગીતનો, સંગીતનો, વાજિંત્રોનો અવાજ આવે છે. ધીમે- ધીમે મહાત્માઓની વાતો થવા લાગી, કે મહાત્મા રાતે નાના ઉઠતા એમણે કહ્યું મને ઉઠાડજો, મારે સાંભળવું છે. ત્રણ- ચાર દિવસ ગયા ને, બાળમુનિ હતા, ને બાળમુનિ ને ખબર પડી કે આવી રીતે સંગીત થાય છે ને ગુરુમહારાજ આગળ જીદ પકડી, કે મને કેમ આજ સુધી સંભળાવ્યું નથી ને મારે ય સાંભળવું છે ને મને પણ ઉઠાડવો જ પડશે. સદ્ગુરુએ કહ્યું ભલે! રાતના સાડાબાર વાગ્યાનો સમય છે, બે- ત્રણ મહાત્માઓ જાગ્યા છે, ધીમું સંગીત શરૂ થયું છે, સદ્ગુરુને જગાડવામાં આવે છે ને સદ્ગુરુ બાળમુનિને જગાડે છે. મારે સાંભળવું છે... મારે સાંભળવું છે. ઉપા- શ્રયના દાદરા પાસે, સદ્ગુરુ, બીજા મહાત્માઓ અને બાળમુનિ બેઠા છે. સો- દોઢસો ફૂટ દૂર દહેરાસર છે, દહેરાસર માંગલિક કરેલું છે. દરવાજા બંધ છે. બાળમુનિ જરા ઉતાવળા થાય છે, કંઈ સંભળાતું નથી.. કંઈ- આવતું નથી... ખોટી વાત છે... મને કંઈ સંભળાતું નથી, આવું કશું નથી, કોઈ અવાજ નથી, તમે લોકો ખોટી ખોટી વાત કરો છો, મને હવે કેમ નથી સંભળાતું, સદ્ગુરુ પ્રેમથી બાળમુનિના માથે હાથ મૂકે છે... ને સદ્ગુરુ એટલું જ કહે છે, તું ચુપ થઈ જ, તો એ સંભળાશે. બાળમુનિને પોતાની ભૂલ સમજાય છે, બાળ- સુલભ ચંચળતા છોડીને, ઉતાવળ છોડીને, થોડી ધીરજ ધારણ કરે છે, એકદમ મૌન છવાઈ જાય છે, અને દહેરાસર માં વાગતું દિવ્ય સંગીત સંભળાવા લાગે છે.

બાળમુનિ જેવી આપણી ભૂમિકા હોય છે. અનેકવાર જિનવાણી સાંભળી, કદાચ અનેક ભવો ની અંદર જિનવાણી સાંભળી, આત્મામાં અનંત સુખ છે, આત્મામાં અનંત આનંદ છે, વિષયો દુઃખ રૂપ છે, વિષયોમાં કંઈ છે નહિ. જે બધું સુખ છે એ આત્મામાં છે ને આપણે ફરિયાદ કરતા રહ્યા. આત્મામાં કશું સુખ લાગતું જ નથી, છે જ નહિ, મને નથી લાગતું. મને છેતરવામાં આવ્યો છે, મને બનાવવામાં આવ્યો છે, આત્મામાં સુખ હોય જ ના શકે, આત્મામાં સુખ કઈ રીતે હોય શકે. સદ્ગુરુ મળે આપણા માથે હેતેથી હાથ ફેરવે છે ને આપણને પણ પ્રેમથી એ જ શબ્દો કહે છે, તું ચુપ થઈ જા, તો એ સંભળાવા લાગશે. ઈન્દ્રિયો જ્યારે ચુપ થઈ જાય છે, અને મનની જ્યારે બોલતી બંધ થઈ જાય છે, ત્યારે આત્મા બોલવા લાગે છે.

★ મૌન એ આત્માને સાંભળવા માટેનો EARPHONE છે.
★ મૌન એ આત્માનું દર્શન કરવા માટેની SCREEN છે.
★ મૌન એ આત્માની સુવાસ માણવા માટેનો PERFUME FAN છે.
★ મૌન એ આત્મરસનો આસ્વાદ માણવા માટે ની સ્વાદિષ્ટ DISH છે.
★ મૌન એ આત્મ સ્પર્શ કરવા માટે નું સર્વાંગીણ - આલિંગન છે.

બહુ સરસ મૌનની વાત એક કવિએ કરી છે,
"ઘસેલા શબ્દોની ધુળ તને ચોંટી રહી છે,
તારા આત્માને મૌન વડે ધોઈનાખ".

કેટલું બોલ- બોલ, કેટલો ઘોંઘાટ, કેટલો કોલાહલ, ઈન્દ્રિયો ઘોંઘાટ કર્યા જ કરે, મન કોલાહલ કર્યા જ કરે, આપણે આપણને સાંભળશું ક્યારે ? આપણે

આપણામાં ડુબશું ક્યારે ? આપણે આપણને જોઈશું ક્યારે ?
આપણે આપણને માણશું ક્યારે ? આપણે આપણામાં સમા-
ઈ જશું ક્યારે ?
* મૌન નો અર્થ છે, આત્મ સંગીત !
* મૌન નો અર્થ છે, આત્મ સંવાદ !
* મૌન નો અર્થ છે, આત્મા નો નાદ !
* મૌન નો અર્થ છે, પરમની સાદ !

બહુ સરસ મઝાની વાત એક કવિએ કરી છે,
મહામૌન પોતે, પરમ શબ્દ સૃષ્ટિ,
નિરખમાં તને સાંભળું હું નિરાગી !
* મૌન એ આત્મા ની શબ્દ સૃષ્ટિ છે !
* મૌન એ આત્માનું ગીત છે !
* મૌન એ આત્મા ની અસ્મિતા છે !
* મૌન એ આત્માનું અસ્તિત્વ છે !

જ્યારે આત્મા મૌનમાં ડુબી જાય છે, ત્યારે બહાર ક્યા વિષયો છે. શું છે, શું નથી, આનો કોઈ મતલબ જ રહેતો નથી. પરમ પાવન ઉત્તરાધ્યયન સુત્ર, ભોગ-તૃષ્ણા થી મુક્ત થવાની પહેલી FORMULA આપે છે.

તૂસીણિઓ

તું મૌન થઈ જા ! પરમપાવન ઉત્તરાધ્યયન સુત્ર ભોગ-તૃષ્ણાથી મુક્ત થવાની બીજી FORMULA આપે છે.

ઉવેહેજ્જા

ઉપેક્ષા ! ઉપેક્ષા ની અંદર બે પદ છે. એક પદ છે ઉપ, બીજું પદ છે ઈક્ષા. ઉપનો અર્થ છે સમીપ, ઈક્ષા નો અર્થ છે દ્રષ્ટિ. દ્રષ્ટિની સમીપ જવું, આનું નામ ઉપેક્ષા. કેવળજ્ઞાની ભગવાન છે, સુવર્ણ કમળ ની અંદર બેઠા છે. દેવ-દેવીઓ છે, મનુષ્યો છે, રાજા છે, રાણી છે, હજારો મનુષ્યો છે, દેશના ચાલી રહી છે, એમની આંખો ખુલ્લી છે, જોઈ રહ્યા છે. પણ એ નથી રાજામાં, રાણીમાં, દેવમાં, નથી દેવીમાં, નથી

પુરુષમાં, નથી સ્ત્રીમાં, નથી પર્વતોમાં, નથી આકાશમાં, નથી જમીનમાં, નથી સુવર્ણ કમળમાં. કેવળજ્ઞાની ભગવાન શેમાં હોય છે ?.. કેવળજ્ઞાની ભગવાન કદી દ્રશ્યમાં નથી હોતા, કેવળજ્ઞાની ભગવાન દ્રષ્ટિમાં હોય છે. બહુ સરસ મજાની વાત ઉપનિશદો કરે છે.

દૃષ્ટૃદૃગાત્મતા મુક્તિ- દૃશ્યૈકાત્મ્યં ભવભ્રમઃ।

જ્યારે દ્રષ્ટા, દ્રષ્ટિમય થઈ જાય છે. ત્યારે મોક્ષ થાય છે. અને જ્યારે દ્રષ્ટા, દ્રશ્યમય થઈ જાય છે, ત્યારે ભવ-ભ્રમણ થાય છે. દ્રશ્યમાં ભળવું, દ્રશ્યમાં લેપાવું, દ્રશ્યમાં રાગ-દ્વેષ કરવા, દ્રશ્યમય બની જવું, આનું નામ સંસાર. જોવા છતાં જ જોવું. દ્રશ્યથી કોઈ વિકલ્પ જ ના ઉઠવો, દ્રશ્યથી કોઈ ફરક જ ના પડવો, અને સ્વભાવમય જ રહેવું. આત્માનો જ્ઞાન, દર્શનમય સ્વભાવ, એ જોવાની ક્રિયા સુધી જ સિમીત રહેવું, દ્રશ્યમાં ભળવું નહિ. આનો અર્થ છે દ્રષ્ટિમય બનવું. આનો અર્થ છે મોક્ષ! ઉપનિશદો બહુ મજાની વાત કરે છે.

દૃશ્યમાશ્રયસીદં ચેત્, તદા સચ્ચિત્તોऽસિ બન્ધવાન્।

જ્યારે તું દ્રશ્યનું અવલંબન કરીશ, દ્રશ્યનું આલંબન લઈશ, દ્રશ્યમય બની જઈશ, ત્યારે તારું મન બોલવા લાગશે, ત્યારે તું બંધન પામીશ.

દૃશ્યં સન્ત્યજસીદં ચેત્, તદાऽચિત્તોऽસિ મોક્ષવાન્॥

જ્યારે તું દ્રશ્યનો ત્યાગ કરીશ, ત્યારે તારું મન ચૂપ થઈ જશે, ત્યારે તારું મન મરી જશે, અને ત્યારે તારો મોક્ષ થશે. વિચારો એ મનનો ખોરાક છે. મન વિચારોથી જન્મે છે, મન વિચારોથી ટકે છે ને મન વિચારોથી પુષ્ટ થાય છે ને મન પુષ્ટ થાય છે, ત્યાં સુધી સંસાર પુષ્ટ થાય છે. વિચારો ખરી જાય છે, ત્યારે મન મૃતપ્રાયઃ થઈ જાય છે ત્યારે આત્માનો આનંદ ભીતરમાંથી પ્રગટ થાય છે. બહુ સરસ મજાની વાત, યોગસાર પ્રકરણની અંદર, પ્રાચીન પરમર્ષિ કરે છે.

मृतप्रायं यदा चित्तं, मृतप्रायं यदा वपुः।

જ્યારે મન મૃતપ્રાય: થઈ ગયું, મૃતપ્રાય: એટલે મરેલા જેવું, ALMOST DEAD. જ્યારે મન મૃતપ્રાય: થઈ ગયું, જ્યારે શરીર મૃતપ્રાય: થઈ ગયું,

मृतप्रायं यदाऽक्षाणां, वृन्दं पक्वं तदा सुखम्॥

જ્યારે ઈન્દ્રિયોનો સમુહ પણ મૃતપ્રાય: થઈ ગયો, ALMOST DEAD થઈ ગયો, ત્યારે આત્મિક સુખનો પરીપાક થઈ જાય છે. ભોગતૃષ્ણાથી મુક્ત થવાની પહેલી FORMULA મૌન! બીજુ FORMULA ઉપેક્ષા! ઉપેક્ષા નો પહેલો અર્થ, ઈક્ષા ની સમીપ જવું, દ્રષ્ટિની સમીપ જવું, દ્રષ્ટિ વાંચેરેવું, દ્રશ્યથી મુક્ત થઈ જવું. ઉપેક્ષા નો બીજો અર્થ, ઉપ+ ઈક્ષા, દ્રશ્યને જોવું, વિષય ને જોવા, પણ વિષયની સમીપ જઈને જોવું, વિષય ને દુરથી ના જોવું, વિષય ની માત્ર ઉપલી સપાટી ન જોવી, વિષય ને ફક્ત ઉપરછલ્લી દ્રષ્ટિ એ ન જોવું, વિષય ની સમીપ જઈને જોવું, એટલું સમીપ કે એની અંદર જઈને જોવું, વિષયને આરપાર જોવું, આનું નામ ઉપેક્ષા! આચારાંગ સુત્ર, આપણને સમીપ લઈ જાય છે.

ભેઉરેસુ ણ રજ્જેજ્જા।

જે ભિદુર છે, જે નશ્વર છે, જે નાશ પામવાના સ્વભાવ-વાળું છે. એમાં રાગ નહિ કર. તને જે પણ વિષય ગમતો હોય, તું નજીકથી જો, તું એના સ્વરૂપ ને જો, તું એની ભીતરમાં જઈને જો, તું એનું ત્રૈકાલિક સ્વરૂપ જો. તું એને આરપાર જો, તને ખબર પડશે કે આ હતું એ નહિ ને આ રહેશે પણ નહિ, ને જો તે આનો રાગ કર્યો તો તારે પોક મુકીને રડવાનુ નિશ્ચિત છે. ઈન્દ્રિય પરાજય શતક ગ્રંથ આપણને નજીક લઈ જાય છે.

रे जीव! मइविगप्पियणिमेससुहलालसो कहं मूढ!?।

વિષય તને સુખદાયક લાગે છે પણ હકિકતમાં એ સુખદાયક નથી. જે સુખદાયક છે એ તારી કલ્પના છે, અને સુખ એ

કદાચ આપનું પણ હોય, એ પલકારા માત્રાનું સુખ છે, અને વિષય તને જે સુખથી વંચિત કરે છે, એ ક્યું સુખ છે, એ શાશ્વત સુખ છે. એ બેજોડ સુખ છે. અને જેને પામી ને તારો આખી દુનિયામાં યશ ફેલાઈ જાય, એવું સુખ છે. શા માટે તું આ સુખને છોડી રહ્યો છે. સૂત્રકૃતાંગ આગમ આપણને નજીક લઈ જાય છે.

ણીવારે વ ણ લીયેજ્જા।

તને જે મોહક લાગે છે, આકર્ષક લાગે છે, સારું લાગે છે, સુંદર લાગે છે, એ હકીકતમાં બીજું કશું જ નથી, તને ફસાવવા માટેનું છટકું છે, તારા માટેનું એક પ્રલોભન છે. તારા માટે બિછાવેલી જાળ છે ને તું પણ મુકીશ એવો એમાં ફસાઈ જઈશ. ઈષ્ટોપદેશ ગ્રંથ આપણને નજીક લઈ જાય છે.

आरम्भे तापकान्

હજુ વિષયો મળ્યા નથી, પૈસા મળ્યા નથી, વસ્તુ મળી નથી, વ્યક્તિ મળી નથી, ત્યારે ખૂબ જ તપાવે છે... તપાવે છે... તપાવે છે, એટલો ઉકળાટ, સંતાપ... સંતાપ... સંતાપ થઈ જાય.

प्राप्तावतृप्तिप्रतिपादकान् ।

મળી પણ ગયું ત્યારે તૃપ્તિ થતી નથી.

अन्ते सुदुस्त्यजान् कामान्

અને છેવટે જેને છોડતા વખતે નવ નેજે પાણી ઉતરી જાય, ખૂબ હેરાન પરેશાન થઈ જાય. ખૂબ દુઃખી... દુઃખી થઈ જાય.

कामं कः सेवते सुधीः ? ॥

કયો એવો ડાહ્યો માણસ હોય, કે જે આ વિષયોની પાછળ પાગલ થાય ? આચારાંગ વૃત્તિ આપણને નજીક લઈ જાય છે.

चिन्ता गते भवति साध्वसमन्तिकस्थे

પ્રિય વસ્તુ કે વ્યક્તિ જ્યારે દૂર જાય છે, ત્યારે ચિંતા

થાય છે. નજીક હોય છે ત્યારે ડર લાગે છે કે ક્યાંક એનો વિયોગ ના થઈ જાય.

મુક્તે તુ તસ્મિન્નધિકાः स्मितेऽप्यतृप्तिः ।

એને છોડો એટલે સંતાપ થાય, એને ભોગવો તો એ તૃપ્તિ ના થાય.

द्वेषोऽन्यभाजि

એ વસ્તુ કે વ્યક્તિ બીજાને મળી જાય, ત્યારે દ્વેષ થાય છે.

वशवर्त्तिनि दर्पमानः

એનો વશમાં હોય ત્યારે અભિમાનથી આત્મસ્વભાવ કચડાતો રહે છે.

प्राप्तिः सुखस्य दयिते न कथञ्चिदस्ति ।

તમને ગમતી વસ્તુ કે વ્યક્તિ, તમને કોઈ રીતે સુખ આપી શકે એમ નથી. ઉપેક્ષા નો પહેલો અર્થ દ્રષ્ટાની નજીક જાવ. ઉપેક્ષા નો બીજો અર્થ, વિષય ની નજીક જાવ. ઉપેક્ષા નો ત્રીજો અર્થ ઉપ - ઈક્ષા, તમે નજીક જુઓ. તમારી સૌથી નજીક શું છે. તમે જ તમારી સૌથી નજીક છો. ન દ્રષ્ટિ ને જુઓ, ન દ્રશ્ય ને જુઓ, તમે તમારા આત્મ-સ્વરૂપ ને જુઓ. બહુ સરસ મજાની વાત, પરમ જ્યોતિ પંચવિંશતીકા ની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કરે છે.

स्वरूपदर्शनं श्लाघ्यं पररूपेक्षणं मुधा ।

સ્વરૂપ નું દર્શન કરવું એ જ શ્લાઘનીય છે, પરરૂપનું દર્શન કરવું, પર દ્રવ્યને જોવું, પર પદાર્થને જોવું, પુદ્ગલો ને જોવા, એ ફોગટ છે, એનાથી તને કોઈ જ મતલબ નથી.

एतावदेव विज्ञानं परज्योतिःप्रकाशकम् ॥

બસ આટલું જ જ્ઞાન જો તને પરિણામ જાય તો, તો તારી ભીતર ની પરમ જ્યોતિ પ્રગટ થઈ જશે. ઉત્તરાધ્યયન સૂત્ર, પહેલી FORMULA આપે છે મૌન, બીજુ FORMULA આપે છે ઉપેક્ષા, ને ઉપેક્ષા ની જ વ્યાખ્યા સમજાવે છે.

ण लाओ मणासीकरे ।

એ વિષયો, એ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, એને બિલકુલ નું મનમાં ભાવ જ નહિ. ઉપેક્ષા નો અર્થ છે રાગ અને દ્વેષ નો અભાવ. ઉપેક્ષા નો અર્થ છે સંપૂર્ણ સમભાવ. ઉપેક્ષા નો અર્થ છે, ઉદાસીનભાવ. ઉદાસીનભાવ ની ગુજરાતીમાં વ્યાખ્યા જુદી છે, સંસ્કૃતમાં વ્યાખ્યા જુદી છે. ઉત્ + આસીન = ઉદાસીન. ઉત્ એટલે ઉંચે, આસીન એટલે બેઠેલો. જે રાગ દ્વેષની ક્ષુદ્ર ભૂમિકાઓ થી ઉપર ઉઠીને બેઠેલો છે, એનું નામ ઉદાસીન. બહુ સરસ મઝાની વાત અમૃતવેલ ની સજ્ઝાય ની અંદર યશોવિજયજી મહારાજ કરે છે,

"દેખીએ માર્ગ શિવ નગરનો,
જે ઉદાસીન પરિણામ રે"

મોક્ષ નગરનો માર્ગ તમે પૂછો, એ શું છે ? એ રસ્તાનું નામ શું છે. એ માર્ગનું નામ શું છે ? એની મહોપાધ્યાયજી કરે છે ઉદાસીન પરિણામ. એ મોક્ષ માર્ગ છે.

"તેહ અણ છોડતા ચાલીએ,
પામીએ જેમ પરમધામ રે"

એને છોડ્યા વગર ચાલતા જ જઈએ, તમે રાગ છોડો, તમે દ્વેષ છોડો, તમે મૌનમાં આવી જાવ, તમે ઉપેક્ષામાં આવી જાવ, તમે ઉદાસીન ભાવમાં આવી જાવ, સમજી લો કે અનંત સિદ્ધો નો જે માર્ગ હતો, એ માર્ગ ઉપર તમે ચાલી રહ્યા છો, ને હવે તમારો મોક્ષ નક્કી છે. બહુ સરસ મઝાની વાત ઉત્તરાધ્યયન સૂત્ર કરે છે,

ઉવેહેજ્જા

બસ તું બીજું કાંઈ ના કર ઉપેક્ષા ભાવ સાથે ચાલતો રહે, ચાલતો રે... ચાલતો રે, મોક્ષ આવી જશે. પરમ કારુણિક સિદ્ધર્ષિ ગણિ મહારાજ, ભોગ-તૃષ્ણાના સંદર્ભમાં આપણને જે જ્ઞાન આપી રહ્યા છે, તે આગળ જોઈશું. આજે સમય થયો છે આજે આટલું રાખીએ.

## વ્યાખ્યાન નંબર- ૧૮

DATE 06 11 2019

પરમ તારણહાર શ્રી સિદ્ધર્ષિગણિ મહારાજ, પરમ પાવનકારી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, ત્રીજા પ્રસ્તાવમાં પ્રતિબોધક આચાર્યના મુખે ભોગ તૃષ્ણાના વર્ણનમાં આગળ વધી રહ્યા છે.

अनुकूला भवन्त्यस्या, ये मोहान्धमा नराः।

આખા સંસારનું મૂળ શું છે ? મોહ ! જ્યાં સુધી મોહ છે, ત્યાં સુધી જ સંસાર છે. મોહ છે ત્યાં સુધી જ સંસારનો રાગ છે, મોહ છે ત્યાં સુધી જ સંસારની આસક્તિ છે. મોહનો અર્થ છે અજ્ઞાન ! એક વ્યક્તિ માટે તમને ખબર પડી કે, તમારો દુશ્મન છે, તમારું ખરાબ કરી રહ્યો છે, તમે ઘણી વાર દુઃખી કર્યા છે. ગઈ કાલ સુધી તમને ખબર ન હતી, આજે તમને ખબર પડી છે, આજથી તમારું એ વ્યક્તિ પ્રત્યેનું વર્તન કેવું હશે ? તમને ખબર છે એને અનુકૂળ બનવું એટલે પોતાની બરબાદી ને અનુકૂળ બનવું. એને અનુકૂળ બનવું એટલે પોતાના સત્યાનાશ ને અનુકૂળ બનવું. એને અનુકૂળ બનવું એટલે મૃત્યુને અનુકૂળ બનવું. એને અનુકૂળ બનવું એટલે દેવાળાને અનુકૂળ બનવું, એને અનુકૂળ બનવું એટલે દુઃખો ને અનુકૂળ બનવું, આટલું જ્યારે તમને સમજાઈ ગયું. પછી તમે એને અનુકૂળ કઈ રીતે વર્તશો ? બુધની સૌથી મોટી અવળચંડાઈ હોય તો પોતાના મોહને અનુકૂળ વર્તવાની એની ચેષ્ટા છે. જેને પ્રતિકૂળ વર્તવાનું છે, એને આપણે અનુકૂળ વર્તીએ છીએ, જેને અનુકૂળ વર્તવાનું છે એને પ્રતિકૂળ વર્તીએ છીએ, એના માટે આપણું ભવભ્રમણ ચાલતું રહ્યું છે. જિનશાસન ને અનુકૂળ વર્તવાનું હતું, ભગવાનની વાણી ને અનુકૂળ વર્તવાનું હતું, ગુરુ આજ્ઞા ને અનુકૂળ વર્તવાનું હતું, સંયમને અનુકૂળ વર્તવાનું હતું, મોક્ષ માર્ગને અનુકૂળ વર્તવાનું હતું, એ બધા પ્રત્યે આપણે ઉંધુચત્તુ કર્યું છે. અને જેના પ્રત્યે પ્રતિકૂળ વર્તવાનું હતું, ભીતરનો રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન, આસક્તિ, ભોગ તૃષ્ણા, એના પ્રત્યે આપણે અનુકૂળ વર્તવું છે.

अनुकूला भवन्त्यस्या, ये मोहाद्धमा नराः ।

સિદ્ધર્ષિગણિ મહારાજ બહુ સ્પષ્ટ શબ્દોમાં કહે છે, આ દુનિયામાં સૌથી વધારે કોઈ અધમ હોય તો એ છે કે ભોગ-તૃષ્ણાને અનુકૂળ વર્તે છે. અને શા માટે એ રીતે વર્તે છે, કારણ કે એ મોહમાં છે, એ અંધારામાં છે, - કારણ કે એ અજ્ઞાનમાં છે.

तेषामेषा प्रकृत्यैव दुःखसागरदायिका ॥

જે અધમ જીવો, ભોગતૃષ્ણાને અનુકૂળ વર્તે છે. ભોગ-તૃષ્ણાની પ્રકૃતિ જ એવી છે, ભોગતૃષ્ણાનો સ્વભાવ જ એવો છે, કે જે એને અનુકૂળ વર્તે, એને એ દુ:ખના દરિયા આપતી જ રહે! બહુ મજાની વાત નીતિસૂત્ર કહે છે,

अपकारात्तुष्यति दुर्जनः ।

માણસ ખોટો છે, માણસ દુર્જન છે, માણસ ખરાબ છે, તમે સો ઉપકાર કરો એના ઉપર, એને બિલકુલ સારું નહિ લાગે, દુર્જનને તો અપકાર જ ગમે છે. જે અપકારથી ખુશ થાય એનું નામ દુર્જન, જે ઉપકારથી ખુશ થાય એનું નામ સજ્જન. સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે કે, ભોગતૃષ્ણા - એ દુનિયાની ખરાબમાં ખરાબ વ્યક્તિ છે, તમે જેમ-જેમ એને અનુકૂળ થાઓ, એમ એમ એ તમને દુ:ખ આપતી રહે. તો સિદ્ધર્ષિ ગણિ મહારાજ ભોગતૃષ્ણાના વર્ણનમાં આગળ વધે છે,

प्रतिकूला भवन्त्यस्या, ये पुनः पुरुषोत्तमाः ।

વિશ્વમાં શ્રેષ્ઠ પુરુષો એ છે જે ભોગ-તૃષ્ણાને પ્રતિકૂળ વર્તે છે. કાર્તિક ચોમાસી આવી ગઈ, પૂનમ જતી રહી, રવિવાર આવ્યો છે, તમે મન થયું કે આજે હોટલમાં જઈને આપણે જમી લેવું છે, અને આ વિચાર આવ્યો ને ભોગતૃષ્ણા તમને મગી, અને આ વિચાર આવ્યો એની સજા, કે મારે એની સજા મારી મનને કરવી છે, અને રવિવારે આપણે હોટલની બદલે આયંબિલનું પચ્ચક્ખાણ કરીને આયંબિલ કરી લઈએ, અને આયંબિલની

અંદર પણ કરીયાતુ ની રોટલી જે દ્રવ્ય વાપરી લઈએ, આનો અર્થ છે, ભોગ તૃષ્ણાને પ્રતિકૂળ વર્તવું. પ્રેમસૂરીશ્વરજી - મહારાજના અંતિમ વર્ષોની અંદર, બીમારી હતી, WEAK-NESS હતી, ઘડપણ હતું, તકલીફ હતી, ડોક્ટરો ની TREAT-MENT ચાલે ને ડોક્ટર એક વાર આવ્યા છે, તપાસ કરીને એમને કહ્યું કે સાહેબ, તમે એમ કરો મમરા વાપરવાનું રાખો સાહેબ ને કોઈ મમરા સાથે લેવા - દેવા નહિ, શિષ્યો ગોચરી ની અંદર મમરા લઈ આવ્યા, મમરા સાહેબે વાપર્યા. ડોક્ટર બીજા દિવસે ફરીથી આવ્યા, મમરા ચાલુ કર્યા કે નહિ ? વાપર્યા કે નહિ ? વાપર્યા ! હવે રોજ વાપરશો કે નહિ ? સાહેબે કહ્યું કે નહિ વાપરું, કેમ નહી વાપરો ? ને સાહેબે કહ્યું કે મમરા ગઈકાલે મને ફાવ્યા, મમરામાં જરા રાગ થયો, અને માટે મેં મમરાની આજીવન બાધા લઈ લીધી છે.

ભાવે એ રાંધવું, ભાવે એની પાછળ દોડવું, ભાવે એજ ખાવું, બહુ રાચી-માચી ને ખાવું, નાચીને ખાવું, અને એકદમ ખુશખુશાલ થઈને ખાવું, આ અજ્ઞાનીની વૃત્તિ! જે ગમે, જે ભાવે એનાથી દૂર ભાગવું, એનો ત્યાગ કરી દેવો, એનો અભિગ્રહ લઈ લેવો, આ જ્ઞાની ની વૃત્તિ !

જેમ જેમ ભોગ તૃષ્ણાને અનુકૂળ ચાલશું એમ-એમ સત્વ ઓછું થતું જશે, જેમ જેમ ભોગતૃષ્ણાને અનુકૂળ ચાલશો એમ આત્મા વધારે માયકાંગલો થતો જશે.

જેમ જેમ ભોગતૃષ્ણા ને અનુકૂળ ચાલશો, એમ-એમ - વિષયો ના ગુલામ બનતા જશો. જેમ જેમ ભોગ-તૃષ્ણાને અનુકૂળ ચાલશો એમ રાગ વધતો જશે, કર્મ બંધ વધતો જશે, આત્મા ભારે થશે, શું કરવું છે આપણે, આત્માનું કલ્યાણ કરવું છે કે આત્માનું સત્યાનાશ કરવું છે. શાંત ચિત્તે વિચારો કે અનાદિકાળ થી ભોગ-તૃષ્ણા ને અનુ-કૂળ ચાલીને આપણા આત્મા ને મળ્યું છે શું ? બ્રહ્મદત્ત ચક્રવર્તી છે, ને ચિત્રમુનિ એમને સમજાવવા આવ્યા છે, પૂર્વભવ ના ભાઈ છે. બ્રહ્મદત્તને પોતાને જાતિસ્મરણ જ્ઞાન

થયું છે. પૂર્વના ભવો જોયા છે, સંસારની ગટરને જાણી છે. આત્માના અસ્તિત્વને જાણ્યું છે, પરલોકની શ્રદ્ધા થઈ છે. ભગવાને કહ્યું છે તે સાચું છે આ માનવા સુધી પણ તૈયાર છે, ચિત્રમુનિ એમને સમજાવે છે કે તમે છોડી દો આ બધા ભોગોને. ભોગોને જો તમે છોડી ના શક્યા તો તમારું ભવિષ્ય બહુ ખરાબ છે, ભવિષ્ય - અંધકારમય છે, ભવિષ્ય દુઃખમય છે અને બ્રહ્મદત્ત ચક્રવર્તીની એટલી જ વાત છે,

अहं पि जाणामि जहेह साहू जं मे तुमं साहसि वक्कमेयं।

ભોગતૃષ્ણા જીવને કેટલો પરાધીન બનાવી દે છે, કેવો લાચાર બનાવી દે છે, કેટલો વિવશ બનાવી દે છે, એનું શ્રેષ્ઠ ઉદાહરણ હોય તો એ છે બ્રહ્મદત્ત ચક્રવર્તી. બધું જ સમજે છે, બધું જાણ્યું છે, બધી જ ખબર છે.

अहं पि जाणामि जहेह साहू जं मे तुमं साहसि वक्कमेयं।

સૂતા ને જગાડવા, ઉભા કરવા ને કામે લગાડવા હજુ કદાચ સહેલા છે, પણ ખુલ્લી આંખે જે પડ્યા રહે છે, અને આપણને ખ્યાલ આવે કે હું જાગું જ છું. એમને ઉભા કરવા બહુ જ અઘરા છે. એક અજૈન વ્યક્તિ હશે, મહાત્માના સંપર્કમાં આવશે. પહેલ વહેલું એકાદ વ્યાખ્યાન સાંભળશે, દીક્ષાના એને ભાવ થઈ જશે. દીક્ષા લઈ લેશે ને પ્રચંડ પરાક્રમથી કદાચ ચારિત્રની સાધના કરીને બે-ત્રણ ભવની અંદર મોક્ષે જતી રહેશે. અને રોજના આપણે વ્યાખ્યાન સાંભળનારા, રોજ ધર્મ કરનારા, આઠ-આઠ ચોમાસા વ્યાખ્યાન સાંભળનારા, કદાચ આપણને બધી ખબર છે, આપણે બધું જાણીએ છીએ, અને આજ બધી અંદરની તુમાખીની સાથે આપણે આપણો ભવ બગાડી નાખીએ છીએ.

अहं पि जाणामि जहेह साहू जं मे तुमं साहसि वक्कमेयं।

આપણે નથી જાણતા એ કદાચ આપણી એટલી મોટી તકલીફ નથી, આપણે જાણીએ છીએ ને, આપણને

લાગે છે કે આપણે મળીએ છીએ, આપણને લાગે છે કે આપણને બધી ખબર છે. એ આપણી મોટી તકલીફ છે.

भोगा इमे संगकरा हवंति, जे दुज्जया अज्जो अम्हारिसेहिं ।

આ ભોગો અમને આસક્તિ કરાવે છે, આ ભોગો અમને પાગલ બનાવે છે. આ ભોગો અમને ઘેલા બનાવી દે છે. અમે ચોંટી જઈએ છીએ, અમે ચીપકી જઈએ છીએ, અમે ખૂંપી જઈએ છીએ, અમે ખૂંપી જઈએ છીએ. અને એને છોડવા માટે, અમે અસમર્થ બની જઈએ છીએ.

णागो जहा पंकजलावसन्नो, दट्ठुं थलं णाभिसमेइ तीरं ।

બ્રહ્મદત્ત ચક્રવર્તી, ચિત્રમુનિને કહે છે, હાથી છે કાદવની - અંદર ખૂંપેલો છે. સામે કિનારો દેખાય છે. પણ એ કિનારે પહોંચી શકતો નથી.

एवं वयं कामगुणेसु गिद्धा, ण भिक्खुणो मग्गमणुव्वयामो ॥

બરાબર એ જ રીતે અમે પણ આ કામ ભોગોની અંદર ખૂંપેલા છીએ. અને તમારા માર્ગે, મુનિના માર્ગે, સંયમના માર્ગે, અમે જઈ શકતા નથી. વિષયો એ કાદવ છે. ભોગો એ કાદવ છે. વિજાતીય પાત્ર એ કાદવ છે. પૈસા એ કાદવ છે. ભાવતા ભોજનો એ કાદવ છે, ગમતી વસ્તુઓ એ કાદવ છે. આસક્તિ એ કાદવ છે. મોહ એ કાદવ છે. રાગ એ કાદવ છે. પ્રેમ એ કાદવ છે. ગમો એ કાદવ છે. રતિ એ કાદવ છે. અનુકૂળતા એ કાદવ છે. સગવડ એ કાદવ છે. જે એમાં ખૂંપી ગયેલો આપણો જીવ, સાધનાના માર્ગે જવા માટે - સમર્થ બનતો નથી. સૂત્ર કૃતાંગ આગમની અંદર સુધર્મા સ્વામી ભગવાન, પુંડરીકીણી નું દૃષ્ટાંત આપે છે. મોટું સરોવર છે. વચ્ચે મોટું કમળ છે. માણસ એ કમળ લેવા માટે જાય છે, ચોકખા પાણી સુધી પહોંચે એની પહેલા કાદવ આવે છે. કાદવની અંદર ખૂંપી જાય છે. કિનારો પણ ગયો ને પાણી પણ ગયું ને કમળ પણ ના મળ્યું ને માણસ કાદવ ની અંદર ફસાઈ જાય છે. સુધર્મા સ્વામી ભગવાન આ ઘટનાનું વર્ણન કરીને. એક જ વાક્ય માં એની

પરિસ્થિતિ નો વિચાર આપે છે,

ણો હવ્વાએ ણો પારાએ

એ આમથી પણ ગયો, ને આમથી પણ ગયો. અહીંયા આવ્યા પછી, સામાયિક કરનારા, પૌષધ કરનારા, - વ્યાખ્યાન સાંભળનારા, દીક્ષા લેનારા, એ પણ એ આ કાદવ થી બચી ના શકે, તો એ આમથી એ ગયા ને આમ થી એ ગયા. આપણે જેને આપણી મિલકત - સમજીએ છીએ, એ હકીકતમાં, આપણને ખૂંપાડી દેવા માટે નો કાદવ હોય છે. આપણે જેને આપણો પરિવાર સમજીએ છીએ, હકીકતમાં એ આપણને ફસાવી દેવા માટે નો કાદવ હોય છે. આપણે જેને આપણી ગમતી વસ્તુઓ કહીએ છીએ, હકીકતમાં આપણને લાચાર - બનાવી દેનાર એ કાદવ હોય છે.

ણો હવ્વાએ ણો પારાએ

ન આ બાજુ.... ન આ બાજુ! સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, ઉત્તમતા નો કોઈ સાર હોય તો એ છે ભોગતૃષ્ણા પ્રત્યે પ્રતિકૂળ વર્તન. તમારે શ્રેષ્ઠત્વ મેળવવું હોય તો, ભોગ-તૃષ્ણા ને તમે પ્રતિકૂળ બની જાવ.

યે પુન: પુરુષોત્તમા:

દુનિયાની અંદર પુરુષોત્તમ કોણ છે, શ્રેષ્ઠ આત્મા કોણ છે? કે જે ભોગ-તૃષ્ણા ને પ્રતિકૂળ વર્તે છે. મન-ચળ-વિચળ થયું, કોઈ જુના સંબંધો, કોઈ નવા સંબંધો, અને એની સાથે કંઈક ખરાબ કામ કરવાનું મન થયું, અને આપણે પ્રતિજ્ઞા લઈ લઈએ કે હવે છ મહિના સુધી, મારે વિગઈઓ નો ત્યાગ મારે ભૂમિ સંથારો કરવો. આનો અર્થ છે ભોગતૃષ્ણાને પ્રતિકૂળ વર્તવું. સ્વામી વિવેકાનંદ જ્યારે નાના હતા, નરેન્દ્ર નામ હતું, ઘરની અંદર બેઠા હતા, બારી માંથી કોઈક દ્રશ્ય દેખાય છે. ન જોવા જેવું દ્રશ્ય હતું, દુર્ભાવ જાગ્યો છે, શરમ આવી છે નજર ઝુકાવી છે, ફરી જોવાનું મન થયું,

ફરી નજર ફુકાવી, ફરી મન થયું, અને આઘાત લાગ્યો.
આરી પાસેથી ઊભા થઈ ગયા રસોડામાં ગયા, મરચાની મુઠ્ઠીઓ
ભરી, અને આંખમાં નાખી દીધી. આનું નામ ભોગ-ત્યાગની
પ્રતિકૂળ વર્તવું. ભગવાન કહે છે કે આંખમાં મરચા નાખ-
વાની જરૂર નથી, તમે મોહરાજની આંખોમાં મરચા નાખી દો.
મોહરાજ હાથ ઘસતો થઈ જાય, એની ચાલબાજી બધી અવળી
પડી જાય, મોહરાજ બિચારાને થાય કે ભાઈ આના કરતા
તો આટલો ATTACK (હુમલો) ના કર્યો હોત તો સારું હતું,
આ સામો જે ATTACK આવ્યો એ તો અસહ્ય થઈ ગયો,
આવું જે આપણે કરી શકીએ, તો એનો અર્થ છે કે મોહ-
રાજની આંખમાં આપણે મરચા નાખી દીધા.

ક્યાંક એક ઘટના વાંચી હતી, મહાત્મા છે,
તબીયત સારી નથી, થયું કે સાંજે થોડો આરામ કરીએ
પછી પ્રતિક્રમણ કરશું, ઘસઘસાટ સુઈ ગયા, આઠ વાગ્યા,
નવ વાગ્યા, દસ વાગ્યા, અગિયાર વાગ્યા, અને એમનો એક
વૈરી વ્યંતર દેવ, એ મહાત્માને જગાડે છે, સફાળા મહાત્મા
બેઠા થઈ જાય છે, કોણ છો તમે ? હું તમારો દુશ્મન છું,
આટલી આટલી તકલીફો મેં તમને આપી છે, આટલી મેં
તમને ઉપાધિ મેં તમને આપી છે, પુર્વભવનો વૈરી તમારો
દેવ છું, બોલો શું કામ હતું, બસ તમને ઉઠાડવા હતા,
કેમ ઉઠાડવા હતા, તમારું પ્રતિક્રમણ બાકી છે, મહાત્માને
સમય નો ખ્યાલ આવ્યો, ધ્રાસકો પડયો, અગિયાર વાગી ગયા,
હજુ વધારે સુતો રહ્યો હોત તો મારું પ્રતિક્રમણ રહી જાત,
પેલા વ્યંતરનો બહુ જ આભાર માને છે કે, તમારો ખુબ
આભાર, ખુબ ઉપકાર, તમે મને ઉઠાડયો છે, તમારે -
હિસાબે મારું પ્રતિક્રમણ થશે પણ મને એટલો જવાબ આપો,
તમે જે મારા દુશ્મન છો, તમે જે મને આટલું પ્રતિકૂળ
કર્યું છે, તમે મને આટલો હેરાન કર્યો છે, જે તમે મારા
પુર્વભવના વૈરી છો, શા માટે તમે મને આટલું સારું કરી
આપ્યું, મારા સંયમમાં દોષ લાગત, અતિચાર લાગત, પ્રતિક્રમણ

વેઠી ગયા, આટલો મોટો દોષ લાગત, અને એમાંથી તમે મને બચાવ્યો, આનું કારણ શું ?, અને એ હવે કહ્યું કે મને ખબર હતી કે, એ પ્રતિક્રમણ તમારું રહી ગયું ને પછી તમે મોડી રાતે, વહેલી સવારે, જ્યારે પણ ઉઠશો ને તમને ખબર પડી કે, પ્રતિક્રમણ રહી ગયું છે ને તમે જે બળાપો કરો, તમે જે આંસુ સારો, તમે જે વિલાપ કરો, એ પશ્ચાતાપ ની આગમાં જે તમારા કર્મો બળી જાય, એ તો કદાચ પ્રતિક્રમણથી એ નહિ બળે, અને માટે મેં તમને જગાડ્યા છે.

प्रतिकूला भवन्त्यस्या ये पुनः पुरुषोत्तमाः

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને બહુ પ્રેમથી કહી રહ્યા છે, કે તમારા દોસ્તો ને ઓળખો. તમારો દુશ્મન કોઈ તમારો પડોશી નથી, તમારો દુશ્મન તમારો ભાઈ નથી, તમારો દુશ્મન કોઈ બહારની વ્યક્તિ નથી, આ ભીતરની જે ભોગ-તૃષ્ણા, એ તમારી દુશ્મન છે. અને જેને તમે પ્રતિકૂળ વર્તવા લાગો, તમારા સુજનો આની સિવાય બીજો કોઈ જ રસ્તો નથી. જે ભાવે છે એ છોડી દો, જે નથી ભાવતું એ જ ખાવ, જે ફાવે છે, જે ગમે છે, જે તમને અનુકૂળ પડે છે, ડનલોપ ની ગાદી તમને અનુકૂળ પડે છે, ત્યાગ કરી દો, જિંદગીમાં મારે ડનલોપ ની ગાદી પર બેસવું નહિ, મારે સોફા ઉપર બેસવું નહિ, મારે લાકડા ઉપર કે જમીન ઉપર બેસવું, મારે જમીન ઉપર સંથારો કરવો, મારે કોઈ જ જાતના કોઈ પોચા તકીયા, કોઈ ઓશિકા, કોઈ ગોદડા, કોઈ જાતના ગાદલા એની મારે જરૂર નથી, એ મારા દુશ્મન છે. ઘરની અંદર FACILITY ના જેટલા જેટલા સાધનો તમે વસાવ્યા છે, સમજી લો બધા જ તમારા દુશ્મન છે. શાંત ચિત્તે વિચાર કરીએ કે આપણી FACILITY ના સાધનો, આપણા ગમતા સાધનો, આપણી ભાવતી વસ્તુઓ, આપણી ગમતી વ્યક્તિઓ, સરવાળે એની

આપણને આપ્યું છે શું ? આપણને રાગ કરાવ્યો, આપણું અંધારું વધાર્યું, આપણું અજ્ઞાન વધાર્યું, ભોગતૃષ્ણા વધારી ને ભોગતૃષ્ણા ને અનુકૂળ આપણી પાસે વર્તન કરાવ્યું. અને એ વર્તન કરાવી ને આપણને દારુણ માં દારુણ, ભયાનકમાં ભયાનક, રૌદ્ર એવા દુઃખોની અંદર આપણને નાખી દીધા, આ સાધનો એ આપણને આપ્યું છે શું ?

યદ્યત્સ્વાભિમતં વસ્તુ, તત્ત્યજન્ મોક્ષમશ્નુતે।

શ્રેષ્ઠ બનવું છે, ઉત્તમ બનવું છે, તો નક્કી કરો, જે ગમે છે, એનો ત્યાગ !

"જેમાં થાય રાગ, એનો કરવો ત્યાગ"

બહુ સરસ મઝાની વાત ઉપનિષદો કરે છે,

યદ્યત્સ્વાભિમતં વસ્તુ, તત્ત્યજન્ મોક્ષમશ્નુતે।

તમારે મોક્ષ જોઈએ છે, તો તમે તમારી ગમતી વસ્તુનો-ત્યાગ કરી દો, મોક્ષનો આ જ માર્ગ છે. તમને ગમતી વસ્તુ પણ જોઈએ છે ને મોક્ષ પણ જોઈએ છે, આ બંને તો શક્ય જ નથી.

યદ્યત્સ્વાભિમતં વસ્તુ તત્ત્યજન્ મોક્ષમશ્નુતે।

સિદ્ધર્ષિગણિ મહારાજ કહે છે,

તેષામેષા પ્રકૃત્યૈવ સુખસન્દોહકારિકા।

જે ગમે છે એનો ત્યાગ કરે, જે ભોગતૃષ્ણાને પ્રતિકૂળ વર્તે, એવા જે પુરુષોત્તમ છે, એવા પુરુષોત્તમો ને ભોગ-તૃષ્ણા પ્રકૃતિથી જ, સ્વભાવ થી, સુખના સમુહનું દાન કરે છે.

ભગવાન મહાવીર સ્વામીનું સમવસરણ છે, દેશનાનો પ્રવાહ ખળ...ખળ વહી રહ્યો છે, દેશના પુરી થાય છે. અને જયંતિ નામની એક શ્રાવિકા ઊભી થાય છે, હાથ જોડે છે, ભગવાન સમક્ષ ઉપસ્થિત થાય છે, અને ભગવાનને પ્રશ્ન કરે છે કે, ભગવાન ! સુવુ સારું કે જાગવું સારું ? અને ભગવાન જવાબ આપે છે,

જાગરિયા ધમ્મીણં આહમ્મીણં તુ સુત્તયા સેયા।

જે ધર્મી છે એ જાગતા સારા, જે પાપી છે એ ઊંઘતા સારા !

ધર્મી જાગશે તો ધર્મ કરશે, ધર્મી જાગશે તો આરાધના કરશે, ધર્મી જાગશે તો પુણ્ય કરશે. ધર્મી જાગશે તો નિર્જરા કરશે, ધર્મી જાગશે તો મોક્ષ માર્ગ ઉપર આગળ વધશે, એટલે ધર્મીઓ જાગતા સારા. પાપી જો જાગતા હશે તો પાપો કરશે, અઢાર પાપસ્થાનક સેવશે, કર્મ બાંધશે, રાગ-દ્વેષ કરશે, દુઃખી થશે, એ સુતા હશે તો એ બધી જ હોનારતો બોધી બચી જશે, એટલે પાપી ઉંઘતા સારા। જિનશાસનની અંદર સ્યાદવાદ છે. અનુકૂળતા સારી કે ખરાબ ? સિદ્ધર્ષિગણિ મહારાજ ને સવાલ કરવામાં આવ્યો, અને સિદ્ધર્ષિ ગણિ મહારાજ આજ સ્યાદવાદ શૈલીની અંદર જવાબ આપે છે. કે જેને તમે અનુકૂળ વર્તયા એ અનુકૂળતા ખરાબ. જેને તમે પ્રતિકૂળ વર્તયા એ અનુકૂળતા સારી.

પ્રતિકૂલા ભવન્ત્યસ્યા, યે પુનઃ પુરુષોત્તમાઃ।

પ્રતિકૂળ વર્તયા એટલે એ જ અનુકૂળતા, તમે એની સાથે આડાઈ કરી વક્રતા કરી, ઉંધુ વર્તન કર્યું, પ્રતિકૂળ વર્તન કર્યું, એ જે કહેતી હતી એનું ઉંધું કર્યું, સમજ્યુ લો કે હવે તમને સુખની હારમાળા મળ્યા જ કરશે. દેવ-ગુરુ સારા કે ખરાબ ?, આરાધિત દેવ-ગુરુ એ આપણા માટે સારા છે, વિરાધિત દેવ-ગુરુ, આશાતીત દેવ-ગુરુ એ આપણા માટે ખરાબ છે. તાત્પર્ય માં જઈએ, આરાધના એ સારી છે, વિરાધના એ ખરાબ છે. કલિકાલ સર્વજ્ઞ ને પ્રશ્ન કર્યો કે, ભગવાનની આજ્ઞા, એ સારી કે ખરાબ, અને કલિકાલ સર્વજ્ઞ જવાબ આપે છે. સારી એ છે ને ખરાબ એ છે, સવાલ પુછ્યો કે સારી તો સમજાય, ખરાબ કઈ રીતે ?, અને વિતરાગ સ્તોત્ર ની અંદર એમણે જવાબ આપ્યો

આજ્ઞાऽऽરાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ।

એ આજ્ઞાની તમે આરાધના કરી તો તમારો મોક્ષ થશે. એ આજ્ઞાની તમે વિરાધના કરી, તો તમારું ભવભ્રમણ

પણ. સ્પષ્ટ શબ્દોમાં કહીએ, આરાધિત આજ્ઞા એ મોક્ષનું
કારણ છે. વિરાધીત આજ્ઞા એ સંસાર ભ્રમણનું કારણ છે.
જે ભોગ તૃષ્ણા પ્રત્યે તમે અનુકૂળ ચાલ્યા સમજી લો તમે
મરી ગયા. એ તમારો કરચરઘાણ વાળી નાખશે. જે ભોગ-
તૃષ્ણા પ્રત્યે તમે પ્રતિકૂળ ચાલ્યા, સમજી લો કે તમારું -
કલ્યાણ થઈ ગયું. આજે ઘરે જઈને પહેલું કામ, એક
LIST બનાવો.

ઉગાને રસોઈયા ને બોલાવ્યો, આજુબાજુ
જોઈ લીધું, રસોઈયા ને પણ થયું કંઈક ગંભીર વાત છે.
ઉગાને કહ્યું કે આવતી કાલે છેને મારા સાસુ આપણી
સાથે અહીંયા રહેવા આવવાના છે, આ કાગળ છે, આ
બધી એમને ભાવતી વસ્તુઓનું LIST છે. રસોઈયા એ
કહ્યું સાહેબ કંઈ જ ચિંતા ના કરો, સાહેબ બધું જ શોધી
લઈશ, એક પછી એક બધું જ બનાવી દઈશ. ઉગાને -
કહ્યું બરાબર સાંભળ પહેલા. આમાંથી એક પણ વસ્તુ
બનાવી છે ને તો તારી ખેર નથી. સાસુને કાઢવા છે,
સાસુને પહેલા માં પહેલી તકે રવાના કરવા છે તો પછી
એમને ભાવતી વસ્તુઓ બનાવવાનો, કોઈ અર્થ જ
રહેતો નથી.

ભોગતૃષ્ણા ને મે કાઢવી છે, મે રાગને
કાઢવો છે, દ્વેષ ને કાઢવો છે, મોહને કાઢવો છે, -
આસક્તિ ને કાઢવી છે, મે કાદવ માંથી બહાર નીકળવું
છે, મે કાદવને શોષવી નાખવો છે, મે કાદવ ને નામ-
શેષ કરી દેવો છે, મે કાદવનું અસ્તિત્વ જ રહેવા દેવું
નથી, તો આપણા માટે એક જ કર્તવ્ય બાકી રહે છે
કે, જે ભોગતૃષ્ણા કહે, એને પ્રતિકૂળ વર્તન કરવાનું.
ભોગતૃષ્ણા કહે છે કે ઘર છૂટે જ નહિ, ઘર જ જોઈએ,
ઘર વગરનો રહેવાય જ નહિ, પહેલું કામ કરવું છે ઘર
છોડી દેવાનું. ભોગતૃષ્ણા કહે કે ના..ના બસ આ પૌત્રા
નો મોહ, એ મને ના છૂટે, બસ આખ્યો મારે પૌત્રાની

આવે, ગીત કરવાનો ત્યાગ. ભોગતૃષ્ણા કહે છે કે બસ
મને જમવામાં આટલી- આટલી વસ્તુઓ જોઈએ જ,
આયુવન એ વસ્તુઓનો ત્યાગ. ભોગતૃષ્ણા કહે છે કે,
બેસવા માટે આવી ખુરશી હોય, આવો સોફો હોય તો જ
ફાવે, આજથી એનો ત્યાગ. ભોગતૃષ્ણા કહે છે, આ
ઉનાળાની અંદર વિદેશ ફરવા જવું છે, PASSPORT -
VISA ની PROCESS અત્યારથી ચાલુ કરી દઈએ.
અને સીધા આપણે ઉપાશ્રયમાં પહોંચી જઈએ ને,
મહાત્મા ને વંદન કરીને બાધા લઈ લઈએ, સાહેબજી
આયુવન વિદેશ જવાની બાધા આપી દો. ભોગતૃષ્ણા
કહે છે, PARTY માં જઈએ, RESORT માં જઈએ,
WATER PARK માં જઈએ, અને આપણે નક્કી કરીએ,
કે એના બદલે એક દિવસનો પૌષધ લઈ લેવો, એના
બદલે અઠ્ઠાઈ કરી લેવું, એના બદલે ઉપધાન કરી લેવું.
સમજી લો કે ભોગ તૃષ્ણાને આપણે પ્રતિકૂળ વર્તયા.

लाभालाभा प्रकृत्यैव सुखसन्दोहकारिका

સભાનો પ્રશ્ન :- અમુક દિવસોમાં ભોગતૃષ્ણાનું જોર ઘટી જાય છે, જેમકે પર્યુષણ અને ઓળી એવા દિવસો આવે, અને પછીના દિવસોમાં એ ફરી જોર પકડી લે છે. આનું કારણ શું ? જો ભોગતૃષ્ણા આટલી જોરાવર હોય, તો ૩૬૫ દિવસ એનું જોર હોવું જોઈએ ને.

પૂજ્ય શ્રી નો ઉત્તર :- યોગબિંદુ ગ્રંથની અંદર, હરિભદ્ર સૂરીમહારાજે આ સવાલનો જવાબ આપ્યો છે.

धर्मार्थं लोकपङ्क्तिः स्यात्कल्याणाङ्गमहामतेः।

પર્યુષણની અંદર બધે જ ઉપાશ્રયો ભરાય, વ્યાખ્યાન સભા ભરાય, દેરાસર ભરાય, પ્રતિક્રમણ, ની અંદર પણ HOUSE FULL હોય, આનું કારણ હકિકતમાં એ નથી હોતું કે, ભોગતૃષ્ણા બધાની ઘટી ગઈ છે. એક

પ્રસિદ્ધ ધર્મના દિવસો જેમાં, બધા જ ધર્મ કરે છે. કોઈ છોકરો કોઈ ઘરે નહિ જતો હોય પ્રતિક્રમણ કરવા, એટલે મમ્મી શું કહેશે, બેટા બધા જાય આ દિવસોમાં તો, જવું જ જોઈએ પ્રતિક્રમણ કરવા, જ બેટા! જે પાપ ધોવાના છે તો રોજના ધોવાના છે. પ્રતિક્રમણ રોજનું કર્તવ્ય છે. પણ પર્યુષણની-અંદર કરવાનું, પ્રસિદ્ધ દિવસો, બધા કરે, બધા જાય, એની એના માટે કરવાનું. જે ભોગતૃષ્ણા તાત્વિક દ્રષ્ટિએ ઓછી થઈ ગઈ હોય, તો પર્યુષણ શરૂ થાય ખરા. પણ પર્યુષણનો અંત કદી આવે નહિ, પર્યુષણ ચાલતા જ રહે! યોગબિંદુમાં હરિભદ્રસૂરી મહારાજ કહે છે. પ્રશ્ન કર્યો એમને કે આ રીતે પણ આવે, એ બરાબર છે કે નથી બરાબર, આવું કે ન આવવું. તમે કહો કે એમાં કોઈ ભોગ-તૃષ્ણા ઘટી નથી તો અમે એય બંધ કરી દઈએ, અમે તો આમે પ્રતિક્રમણ પુરું થવાની રાહ જોતા હોઈએ છીએ. હરિભદ્રસૂરી મહારાજ કહે છે, જે રીતે પણ ધર્મમાં આવે, ધર્મક્ષેત્રમાં આવે, પ્રતિક્રમણ કરે, પૂજા કરે, વ્યાખ્યાન સાંભળે, આયંબિલ કરે, ઉપવાસ કરે, સારું છે. ધર્મ છોડવાની વાત તો કદી કરાય જ નહિ. ભોગતૃષ્ણા એની ઘટી ગઈ એવું નથી, પણ બની શકે કે પર્યુષણમાં આવવાથી, ભલે લોકો-આવ્યા તો માટે એ આવે છે. ભલે બધા જાય છે માટે આવે છે, ભલે ઘરેથી ધક્કો માર્યો, માટે આવે છે. ભલે કોઈ જાણશે કે આ નથી ગયો તો શું કહેશે માટે આવે છે. બની શકે કે એ કોઈપણ કારણથી આવતો હોય, બની શકે, આ એક નિમિત્ત બને, બની શકે એ આત્મા હળુકર્મી હોય, બની શકે એ લોકસંજ્ઞાથી આવ્યો, જેને લોકપંક્તિ કહેવાય યોગગ્રંથોની ભાષામાં, એ હિસાબે આવ્યો, પણ બની શકે કે એનાથી એ ધર્મમાર્ગમાં તાત્વિક દ્રષ્ટિએ આગળ વધે. એક વ્યક્તિ તમને સો ટકા ખબર છે કે પ્રભાવના માટે જ અહીંયા આવી છે, અને જો તમે એનો અનાદર કર્યો છે, તો તમને પ્રાયશ્ચિત આવે. તમને ખબર છે આ વ્યક્તિ, આજે અહીંયા-

જમવાનું હતું માટે જ આવી છે, અને તમે એને ઉતારી પાડો.
તમે એનું અપમાન કરો, તો તમને પ્રાયશ્ચિત આવે. આજે
ભલે પ્રભાવના કે જમવા માટે એ વ્યક્તિ આવી, આવતી કાલે
આમાંથી જ એ ક્યાંક આગળ વધે. પ્રવચનનું એકાદ-
વાક્ય, એના હૃદયમાં બેસી જાય. ધર્મની શરૂઆત થાય ને
ચાર-આઠ ભવે ક્યારે એ મોક્ષે જાય. એમાં બીજરૂપ આજ-
નો દિવસ બની ગયો હોય. અને આજના દિવસને જો તમે
વખોડો છો, આજની પ્રવૃત્તિ ને જો તમે વખોડો છો, તો
તમે મોક્ષ માર્ગે આગળ જતા એક વ્યક્તિ ને ધક્કો મારીને,
સંસારના કુવામાં પાડી રહ્યા છો. બહુ સરસ સમજની વાત.
જ્ઞાની ભગવંતો કહે છે.

असर्वभावेन यदृच्छया वा परानुवृत्त्या विचिकित्सया वा (
અહીંયા વ્યક્તિ જે પણ ભાવથી આવે છે. એને આવવા દો.
એની પાસે ભાવ સામગ્રી નથી, એવી ભાવ શુદ્ધિ નથી,
એવો ઉલ્લાસ નથી, એવો ભક્તિ ભાવ નથી, અને
છતાંય એ આવે છે, તો એ આવવા દો. એ યદૃચ્છાથી
આવે છે, બસ... આમ જેને કહેવાય ને કે કાગડાનું બેસવું
ને ડાળનું પડવું. આ રીતે, ભલે કોઈ પણ રીતે આવે છે.
પરાનુવૃત્યા કોઈ આવનું હતું, એનો આગ્રહ હતો, એનો
ઈશારો હતો, એને ના ન પાડી શક્યા. એને અનુસરીને
આવી ગઈ એ વ્યક્તિ, એ રીતે પણ આવવા દો.
વિચિકિત્સયાવા, ઠીક છે મહારાજ સાહેબ નું પ્રવચન તો
છે. લોકો વખાણ તો કરે છે, આમ બધા જાય તો છે,
સાચું હશે, ખોટું હશે, એને સાંભળવાથી ફાયદો થશે,
નહિ થાય, શું થશે, કાંઈ ખબર નથી, ચાલો ભાઈ-
જઈએ આપણે. આને કહેવાય વિચિકિત્સા! જ્ઞાની
ભગવંતો કહે છે.

ये त्वां नमस्यन्ति मुनीन्द्रचन्द्र! तेऽप्यामरां सम्पदमाप्नुवन्ति ।
જે આ રીતે પણ ભગવાન તમને વંદન કરે છે, એમને પણ
દિવ્ય સંપત્તિ ની પ્રાપ્તિ થાય છે.

સભાનો પ્રશ્ન :- રવિવારે, દેરાસરમાં બાળકોની પ્રભાવના હોય, ને બીજા ધર્મના બાળકો પણ આવે ને આશાતના થાય, તો એ ચલાવી લેવું જોઈએ ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- આવા ઘણા-બધા પ્રશ્નો હશે. હું તમને COUNTER QUESTION (સામો સવાલ) એ પૂછું છું કે, આશાતના સામે આપણને વાંધો છે કે એ આવે છે એનો વાંધો છે ? અને જૈનો પણ આશાતના તો ઘણી કરે છે, તો એમને બંધ કરાવવું ! ગભારાની બહાર પૂજા કરવા માટે પડાપડી થતી હોય, અને ઘડાવાળામાં એ વચ્ચે ઘુસતું હોય, તો આપણે ઘડાવાળા બંધ કરવા, પૂજા બંધ કરવી, દેરાસર બંધ કરવું કે લોકોને વિધિ, વિનય, વિવેક સમજાવવાનો પ્રયાસ કરવો. અમદાવાદનો એક સંઘ, સંઘના અગ્રણી મને મળ્યા હતા. મને વાત કરી કે રવિવારે બીજા છોકરાઓ પણ GIFT (ભેટ) લેવા માટે આવે છે, અને આ લોકો એ નક્કી કર્યું કે એ લોકોને આપવું નહિ, મેં કહ્યું કે તમારે ખૂટે તો હું રૂપિયા આપીશ, તમારે એમને પણ આપવાનું. આજે એક વ્યક્તિ ભગવાનના પરિસરમાં આવી, ભગવાનના એણે દર્શન કર્યા, જે ભૂલ થાય છે, એને સુધારવાનો આપણે પ્રયાસ કરીએ, એવી કોઈ અશક્ય વસ્તુઓ નથી, એવા કોઈ શાસનના દુશ્મનો નથી હોય, એવા કોઈ રીઢા ગુનેગાર નથી હોતા. બાળક છે તમે એને સમજાવી શકો, હું તો ત્યાં સુધી કહું છું, જૈન છોકરાઓને સમજાવો ! જેટલી આશાતનાઓ થાય છે, એ આશાતનાઓને નજર સામે લાવો, કઈ રીતે એનું નિવારણ થાય છે એનો પ્રયાસ કરો, માત્ર ટીલી કરી ને GIFT લઈ જાય, એની સાથે જેટલું જેટલું શક્ય હોય તમે ઉમેરતા જાવ, સાથે જ્ઞાન આપતા જાવ, સાથે વાર્તા કહેતા જાવ, સાથે ચાર સ્વયંસેવક એ વ્યવસ્થામાં ઉભા હોય, આવ બેટા, આ રીતે પૂજા કરવાની આ આંગળીથી કરવાની, આ વિધિથી કરવાની, અને આ વિધિથી કરીએ

એ પુણ્ય કહેવાય. અને આવી રીતે શીખવાડીને એક GIFT આપણે કોઈ નવો જયો નહિ, આપણે કેટલું બધું કરી શકીએ છીએ, આપણી એ દ્રષ્ટિ હોતી નથી, એ ભાવના હોતી નથી, આપણે આમ જેટલું સસ્તામાં પતે એટલા સસ્તામાં પતાવી દઈએ, ને પછી આપણે કહીએ કે આશાતના થાય છે, તો એ ક્યાંથી ?

હરિભદ્રસૂરીમહારાજ, યોગબિંદુ ગ્રંથની અંદર કહે છે, કે બે પ્રકારના જીવો હોય છે, એક જીવ જે દુરભવ્ય છે, અભવ્ય છે, ભારે કર્મી છે, એ હજાર વાર આવે તો એ એને કંઈ જ સ્પર્શવાનું નથી, એ લોકોની દ્રષ્ટિ એ આવ્યા, અને લોકો માટે ધર્મ કરે, આવો એક જીવનો પ્રકાર. અને બીજો વ્યક્તિ, કે જેની લોકસંજ્ઞા, લોકપંક્તિ એ ધર્મનું કારણ બને.

धर्मार्थं लोकपंक्तिस्स्यात्कल्याणाङ्गमहामतेः।
तदर्थं तु पुनर्धर्मः, पापायाल्पधियामलम् ॥

છેવટે કોને શું પરિણામ આવશે એ જ્ઞાની ભગવંત જાણે, અહીંયા આવનાર વ્યક્તિ, અહીં પ્રભાવના માટે પડાપડી કરનાર વ્યક્તિ, તીર્થંકર નો આત્મા હોય શકે છે. અહીંયા જમવા માટે આવનાર વ્યક્તિ ગણધર નો આત્મા હોય શકે છે. અહીં માત્ર લોકોની અનુવૃત્તિ થી આવનાર વ્યક્તિ નિકટ કાળમાં મોક્ષે જનાર હોય શકે છે. આ બધું જ્ઞાની જાણે. જ્ઞાની ભગવંતો આપણને કહે છે, અહીંયા જે આવે છે એને કદી તોડી ના પાડો. અહીંયા જે આવે છે એની કદી નિંદા ન કરો, અહીંયા જે આવે છે એમના પ્રત્યે આદર રાખો. અહીંયા જે આવે છે એમનો ઉલ્લાસ વધારો, દરેક જીવ સીધો પહેલા, મોક્ષ ની ભાવના થી જ અહિંયા આવે એ શક્ય જ નથી. બહુ ઓછા જીવો હોય, જેમને શરૂઆત થી એવો ભાવ જાગે, કદાચ સંખ્યાત ભાગના કે અસંખ્યાત ભાગના જ જીવો એવા હોય, જેમને પહેલી વારથી મોક્ષ-ની ઈચ્છા હોય, મોટા ભાગના જીવો હજુ એટલું સમજ્યા

ન હોય, હજુ દુર્ધ્યાની દ્રષ્ટિ હોય, હજુ લાલચ હોય. હજુ પ્રલોભન હોય. એને એમને આપણે નોંધી પાડીએ, એનો મતલબ એ છે કે આપણી શરત એ છે કે યા તમારે ટટ્ટાર ચાલવાનું એકદમ, યા ઘોડિયામાં સુતા રહેવાનું, પણ ઘુંટણીએ ચાલવાની સખત મનાઈ છે. ઘોડીયા માંથી ખુબ બહાર આવ્યો છે, હવે એ ઘુંટણીએ ચાલશે, હવે એ પહેલા થોડો આળોટશે, આડો અવળો ચાલશે, લથડીયા ખાતો ચાલશે, સીધો એ ટટ્ટાર તો કઈ રીતે ચાલશે ? હજી ખુબ અભ્યાસ દશામાં છે, પ્રારંભ દશામાં છે, એ સમયે એના પ્રત્યે સહાનુભૂતિ રાખવી. વાત્સલ્ય રાખવું. હું તમને કહું કે દહેરાસરની અંદર એક વ્યક્તિ આવી. તમે, લાઈનમાં ઉભા છો, એ આગળ છે, ને એ ભગવાનની પૂજા કરવા આવી ને જેવા ભગવાનની નજીક આવી, ને વાટકી કેસરની હતી ભરેલી, એ લઈને એણે ભગવાનના માથે ઉંધી વાળી, તમારો ROLE શું હોય ? હું તમને પુછું છું ?

સભાનો જવાબ :- સાહેબ અમે તો એને જંજેરી નાખીએ !

તમને છે ને ખબર નથી, આગમની અંદર એક ઘટના નું વર્ણન છે, નંદ મણિયારનો ખુબ છે, શ્રાવક છે, ધર્મમાં શિથિલ થાય છે, SWIMMING-POOL (તરણહોજ) બનાવે છે. મરીને એજ તરણહોજની અંદર દેડકો થાય છે. જાતિસ્મરણ જ્ઞાન થાય છે, ભગવાનને વાંદવા જઈ રહ્યો છે. ઘોડાની ખરી નીચે આવી મય છે. સમાધી પૂર્વક ભગવાનની દર્શનની ભાવનામાં પચ્ચક્ખાણ વગેરે લઈને, કાળ કરીને દરદુરાંત વિમાનની અંદર, દરદુર નામનો દેવ થાય છે. એ દેવ ભગવાનના સમવસરણમાં આવે છે, અને શ્રેણિક મહારાજા ની પરીક્ષા કરવી છે એટલે દેવ ભગવાનની નજીક આવીને, ભગવાનને ચંદનનું વિલેપન કરે છે, અને શ્રેણિક રાજાને દેવમાયાથી એવું દેખાડે છે કે ભગવાન ઉપર રસી અને પરું લગાડે છે. આપણે બધા વિધિના ચાહક છીએ, ભક્તિના ચાહક છીએ. ભગવાનના મોટા

ભગવાન છીએ, એટલે આપણે ગભારાને, રંગમંડપને, દેરાસર ગભારો દઈએ છીએ. શ્રેણિક રાજા જે જોયું કે દેવ નજર સામે જુવતા પરમાત્માને, બેસી અને પછી, ગંધવસ્તુ, ગંધાની વસ્તુ લગાડી રહ્યા છે, અને શ્રેણિક મહારાજા અંદર થી સળગી જાય છે, અંદરથી ઉકળી જાય છે, અંદરથી બળી જાય છે અને શ્રેણિક મહારાજા પોતે રાજા છે, પોતાના રાજ્યમાં બનેલી ઘટના છે, દેવ-દેવ સ્વરૂપે નથી આવ્યા, એમ સામાન્ય માણસ સ્વરૂપે આવ્યા છે, આવી ઘટના શ્રેણિક મહારાજાને દેખાડે છે, શ્રેણિક મહારાજા નથી ધુમાધુમ કરતા, નથી તલવાર કાઢતા, નથી ઝઘડો કરતા, નથી પહેલાની ચોટી પકડતા, નથી એની સાથે કંઈ મારામારી કરતા, શ્રેણિક મહારાજા ધીમે રહીને સેવકને કહે છે, આ માણસ જેવો અહીંયા થી બહાર નીકળે ને સમવસરણની, એને પકડી લેજો. વાત સમજાઈ તમને ? શા માટે ? શ્રેણિક મહારાજા સમજે છે કે ભગવાનની હાજરીમાં, કશી યું... ચા... કરાય નહીં! શ્રેણિક મહારાજા સમજે છે અહિંયા ભગવાનની હાજરીમાં ધુમાધુમ કરુ ને, ઓલા એ આશાતના કરી, એણે ભૂલ કરી, એ જેમ આશાતના છે એમ ભગવાનની હાજરીમાં હું ધુમાધુમ કરું એ ય આશાતના છે.

COURT (ન્યાયાલય) હોય ને, ભલે નાની COURT હોય ભલે નાના ~~[illegible]~~ JUDGE, (ન્યાયાધીશ) હોય, તમે ગયા હો તો તમને ખબર હશે કે એમની આમાન્યા કેટલી હોય, આઘાપાછા થવાય નહિ, ગમે તેવી અશિસ્ત કરાય નહીં, આવું બિલકુલ ચાલે નહિ. એ JUDGE છે એની એકદમ આમાન્યા એનો વિનય, બધું સાચવી ને રહેવાનું હોય. જો અહીંયાનો MLA હોય, CORPORATER હોય એનાય કેવા માન પાન હોય, હજુ આગળ વધી ને CM, PM હોય, તો કેટલા એલર્ટ થઈ જાય, કે એને મળવા આવે ને,

જે હજુ એક કિલોમીટર દુર હોય ત્યારથી શિસ્તમાં આવી જતા હોય. આવે શિસ્તમાં કે રાષ્ટ્રપતિ ભવન ની અંદર, અમુક જૈન ભાઈઓ ગયા હતા ને એમાંથી એક અમને મળ્યા હતા, મોટા-મોટા ઉદ્યોગપતિઓ ને અબજોપતિ ઓ હતાને એમની સજાવટો માટે એમનું ત્યાં બહુમાન થવાનું હતું. અને એ ભાઈએ વાત કરી કે હજુ તો એના ગેટ પાસે પહોંચ્યા ન હતા, એની દિવાલ ચાલુ થઈ, એનું બહારનું મોટું - COMPOUND, હજુ તો રાષ્ટ્રપતિ ભવન અંદર, અને બધા આમ તેમ હતા ને બધા એકદમ શિસ્તમાં આવી ગયા. એક RUBBER-STAMP પદ છે, જ્યાં કોઈ સત્તા કે અધિકાર નથી, અને એવા પદની પણ આવી આમાન્યા હોય કે એનાથી, તમે એના એક-બે કિલોમીટર દુરથી ALERT થઈ જાવ, હું તમને કહું કે, ગભારામાં પહોંચી ગયા છો, ભગવાનની આમાન્યા તમારા હૃદયમાં નથી તો આપણને ભગવાન, ભગવાન લાગ્યા જ નથી. ભગવાન જ્યારે ભગવાન લાગે ત્યારે આપણે ખરા અર્થમાં દહેરાસરમાં ગયા હોઈએ છીએ. દુરથી નીકળીએ દહેરાસર જવા ALERTNESS આવી જાય, જાગૃતિ આવી જાય, ત્રણ લોકના નાથ ને હું મળવા માટે જઈ રહ્યો છું, આ ભાવ તમને આવે તો ખરા અર્થમાં ભગવાન ને મળી રહ્યા છો. દહેરાસરમાં જઈ રહ્યા છો, તો કશી જ પડી નથી, રંગમંડપની અંદર, ગભારાની અંદર, પરિસરની અંદર સાંસારિક વાતો થઈ શકે, ઉચાટ થઈ શકે, ઉંચા અવાજે બોલી શકીએ, ઝઘડી શકીએ, શિસ્ત તોડી શકીએ, સંઘે જે વ્યવસ્થા કરાવી, ચડાવાની વ્યવસ્થા, આદેશવાળાની વ્યવસ્થા, પુજાની વ્યવસ્થા, આમાં ક્યાંય પણ આપણે જરા પણ તોડી છે વ્યવસ્થા, સમજુ તો કે આપણે ભગવાનનો વિનયભંગ કર્યો છે. પૂજારી ને પાંચસો રૂપિયા આપી ને પાલીતાણામાં, આદિનાથ દાદાની પૂજા તમારી થઈ ગઈ છે આવું જે તમે માનતા હો તો એ તમારી ભ્રમણા છે. આપણે શું કરી રહ્યા છીએ ?

દાદાની પેઢીની વ્યવસ્થા, દાદાના દહેરાસરની વ્યવસ્થા, દાદાના ચડાવાની વ્યવસ્થા, દાદાની લાઈન ની વ્યવસ્થા, હું તમને કહું છું તમને સમય ના હોય, શક્ય જ ના હોય તમે આજુબાજુ પૂછ કરી લેશો તો તમારી ખરા અર્થમાં પૂછ થશે. અહીંયા આવીને પણ ભ્રષ્ટાચાર કરવો છે, અહીંયા આવી ને પણ હેરાફેરી કરવી છે, અહીંયા આવીને અવ્યવસ્થા કરવી છે. અહીંયા આવીને અશિસ્ત કરવી છે. અહીંયા આવી ને સંઘની જે વ્યવસ્થા હોય એ વ્યવસ્થાને તોડવી છે, તો સમજુ લો કે આપણી પ્રેરણા છે કે - આપણે પૂછ કરી, હકીકતમાં આપણે પૂછ કરી જ નથી.

શ્રેણિક મહારાજ એ એવકને કહી દીધું છે, પહેલો માણસ બાહર નીકળે છે ને, એવકો પકડવા જાય છે ને એ તો આકાશમાં ઉડીને અલોપ થઈ જાય છે. તમે લાઈનમાં ઊભા હતા પેલા એ બાજુથી ઘૂસી ગયો, હું કહું છું, શાંતિ રાખો. અહીંયા કોઈ રસીને પણ લગાડવા તો આવતું જ નથી. ચોક્કસ નવી હતી, પહેલી વાર આવી, એને ખબર ન હતી, એણે બાજુથી ઘૂસી ગયો તમે, તૂટી ના પડો એના ઉપર, લલિતવિસ્તરા ગ્રંથની અંદર હરીભદ્રસૂરી મહારાજ, બોધિ પરિણામે એનું એક લક્ષણ કહે છે.

અફ્ઞબુદ્ધિભેદાકરણમ્ ।

તમે થોડું ઘણું ભણી ચૂક્યા હો, સમજુ ચૂક્યા હો, તો તમને જ્ઞાન મળ્યું છે, અને પરિણમ્યું છે આનું લક્ષણ શું છે જેને આવડતું નથી, જેને ખબર નથી એનેય તમે તોડી ના પાડો, તો તમે ખરા અર્થમાં કંઈ સમજ્યા છો ! તમે થોડું સમજ્યા ને તમે બીજાના માથે ચડી બેસો, તમે એને ધમકાવો, તમે એને ગમે તે શબ્દ કહો. હું કહું કે જે એમ ઈચ્છે અહીંયા કોઈ આવવું જ ના જોઈએ, અહીંયા કોઈ એ પગના મુકવો જોઈએ, એનું આવું વર્તન હોય ને એવું જ વર્તન એ

તમે કરો છો, તો તમારી ઈચ્છા શું છે ? સાચુ બોલો દુકાનની બહાર ઘરાક આવે, એની સાથે તમારું વર્તન કેવું હોય ? એ જડ જેવો હોય, મુંઝા જેવો હોય, વિચિત્ર હોય, એને બોલવા ચાલવાનું કંઈ જ ભાન ના હોય, જે ગમે તેમ વર્તન કરતો હોય, સાચું બોલો તમારું એના પ્રત્યેનું વર્તન કેવું હોય ? ઘરાક ને ભગવાન માનીને ચાલો છો કે નથી ચાલતા ? એનો બધો જ વિનય, એનું બધું જ ઔચિત્ય, અને SMILE આપો, તમે ઘરેથી ગમે તેટલા ઝઘડા કરીને આવ્યા હો, દુકાનમાં બેસો, સાચું બોલો ઘરાક સામે કદી મોઢું એ બગાડો છો ?

એ અહીંયા આવનાર વ્યક્તિ, આ જિનશાસનની એક દુકાન છે જ્યાં, જે ઘરાક આવે એને એનું કલ્યાણ-આપવામાં આવે છે, દરેક જૈનની એક ભાવના હોય કે અહીંયા, ભલે આવતા એ જૈનો પણ આવે, અજૈનો એ આવે, બધાનું કલ્યાણ થાય. અહીંયા કોઈ વ્યક્તિ આવીને તમને ખબર પડી એ દિવસે તમે એને હુંફ ન આપી, એ વ્યક્તિ શરમાતી હતી, તમે એની મદદ ના કરી, એની કંઈક ભુલ થઈ ગઈ, તમે એની ઉપર તૂટી પડ્યા, સળગી ગયું તમારું સમ્યગ્ દર્શન ! અહીંયા આવેલી વ્યક્તિ ને જેટલી હુંફ આપો, અહીંયા આવેલી વ્યક્તિને જેટલું વાત્સલ્ય આપો, એ પૌષધ કરવા ઈચ્છતો હતો ને, ગભરાતો હતો, સાચું કંઈ ખબર નથી કઈ રીતે શું કરવું અને તમે એની સાથે ઉભા રહો, તમે એને હુંફ આપો કશી જ ચિંતા કરતો નહિ, તારી બધી જ જવાબદારી મારી, હું તને બધું કરાવીશ, આયંબિલ કરવું છે તો તારે મારી બાજુમાં બેસવાનું, અરે આયંબિલ તો બહુ જ સહેલું છે, હું તને બધું કરી આપીશ, તું બિનધાસ્ત આયંબિલ કર, મારી બાજુમાં બેસજે, હું તારું આયંબિલ સરસ કરાવી આપીશ. પાઠશાળામાં તો બહુ મજા આવે, તું ચાલ એક દિવસ મારી સાથે, અરે અષ્ટપ્રકારી પૂજા તો કદી કરી નથી, એટલી મજા આવે કરવાની, ચાલ પૂજા કરવા, અને તમે એને હાથ પકડીને લઈ આવો ને, તમારી બાજુમાં બેસાડીને પ્રેમથી

એને અષ્ટપ્રકારી પૂજા કરાવો. હું કહું છું કે એ કદાચ-
આખી જિંદગી અષ્ટપ્રકારી પૂજા ન પણ કરે, તો પણ એ
આખી જિંદગી અષ્ટપ્રકારી પૂજા કરે એનું ફળ તમને એક જ
દિવસમાં મળી જાય. હરિભદ્રસૂરી મહારાજ કહે છે.

अज्ञबुद्धिभेदाकरणम् ।

જે અબુજ છે, જે નવો છે, જે આદિધાર્મિક છે, નવો-
સવો આવ્યો છે, એના ઉપર તૂટી ના પડો. ભલે એણે
ઉંધી વાળી વાટકી, બહાર જે નીકળે, એની રાહ જુઓ
શાંતિથી, જે દેરાસરની બહાર નીકળી ગઈ વ્યક્તિ,
ત્યાં તમે એમને મળો, એમને કહો કે આ ત્રણ લોકના
નાથની પૂજા કરવાનું તમને મન થયું, તમને લાખ-લાખ
ધન્યવાદ છે! પહેલી વાર આવ્યા લાગો છો ને, હા
પહેલીવાર, બહુ જ સરસ કર્યું, ખુબ સરસ કર્યું, તમે
રોજ આવજો, એટલો આનંદ આવશે, અમે તો એટલા
અનુભવો છે. ભગવાનની પૂજા કરવાથી એટલા ચમત્કારો
જીવનમાં અનુભવાય છે, ખરેખર તમે ભાગ્યશાળી છો,
તમે ધન્યવાદને પાત્ર છો, આજે તમે ભગવાનની પૂજા કરી
તમારી જેટલી અનુમોદના કરીએ એટલી ઓછી. કંઈ
પણ મદદ જોઈએ મને કહેજો, કંઈ પણ ન સમજાય તો
મને પુછજો, અને આની અમુક વિધિ પણ હોય છે, હું
તમારી સાથે જ છું, અને આની વિધિ પણ હું તમને
શીખવાડીશ, અને એ વિધિથી તમે પૂજા કરશો ને, તો
અનેક ગણું પુણ્ય બંધાય. હું તમને પૂછું જેને કશી
ખબર નથી, એ ભગવાનના માથે વાટકી ઉંધી વાળે,
એનાથી એને પુણ્ય મળે કે પાપ મળે? બહુ મજાની
વાત શાસ્ત્રકાર ભગવંતો કરે છે, પૂજ્ય બુદ્ધિથી ભગ-
વાન માટે જે પણ કર્યું એનાથી પુણ્ય જ મળે છે,
કારણકે ભગવાન પ્રત્યેની પૂજ્ય બુદ્ધિ જ પુણ્યનું
કારણ છે. વાત સમજાઈ તમને? વાટકી ઉંધી
વાળવી એવી વાત નથી. ઉંધી વાળવા દેવી, ભલે રોજ

classmate

એમ કરે એવી ભગવાન નથી, જે પૂજ્ય બુદ્ધિથી ભક્તિથી કરી રહી છે વ્યક્તિ, અને એમાં એણે પુણ્યનો બંધ કર્યો છે. પહેલા પગલે જે ઘુંટણીયે ચાલે છે, ઘુંટણીયે જ ચાલવાનું છે એવી ભગવાન નથી, પણ ઘુંટણીયે ચાલનાર ને તોડી પાડવી આમ ચલાય જ નહિ, તું ચાલવા ને લાયક જ નથી, તું - ઘોડિયામાં જ સુતો રહે, આવું જો આપણે એને કહીએ તો - ACTUALLY આપણે શું કરી રહ્યા છીએ ?

अज्ञबुद्धिभेदाकरणम् ।

કદી પણ જે અજ્ઞાની છે એની બુદ્ધિ નો ભેદ ના કરો, એનો ભાવ ન તોડો, દહેરાસરની અંદર કદી ઉંચે અવાજે બોલવું ન જોઈએ, જે કામ છે એ ઈશારા થી પતાવવું જોઈએ. ત્રણ લોકના નાથ બેઠા છે, તમે PM બેઠા હોય તો કઈ રીતે વર્તો ? અને અહીંયા તમે ગમે તે વર્તો, એના અર્થ કે - ભગવાન, PM થી નાના છે ! ભગવાન એ માત્ર મૂર્તિ નથી, ભગવાન એ માત્ર શીલા નથી, ભગવાન એ માત્ર પ્રતિમા નથી. એ જીવંત પરમાત્મા, જે આપણા દહેરાસરની અંદર બિરાજમાન હોય છે, અને જો આવો આપણને ભાવ નથી, તો આપણેજ ભગવાનને સમજ્યા નથી, તો બીજા ને સમજાવવા જઈએ !

तदर्थं तु पुनर्धर्मः, पापायात्मधियामतम् ।

જે પ્રકારના જીવો આવે, એક જે બીજા ત્રીજા કારણથી આવીને મોક્ષ માર્ગમાં જોડાઈ જાય, બીજા જે બીજા ત્રીજા કારણથી આવે, પણ છેક સુધી મોક્ષ માર્ગમાં જોડાઈ જ ના શકે. ક્યો જીવ કઈ ભાવના થી આવ્યો, એ આપણે કહી ના શકીએ. ભોગ-તૃષ્ણા સિદ્ધર્ષિગણિ મહારાજ, અદ્ભુત એના રહસ્યોને ખોલી રહ્યા છે, અનુકૂળ ચાલશો એના પ્રત્યે, તો દુઃખી થશો, એના પ્રત્યે પ્રતિકુળ ચાલશો તો સુખી થશો, આપણે ભાવના ભાવીએ જીવનમાંથી જલ્દી ને જલ્દી ભોગ તૃષ્ણાને રવાના કરીએ, એને પ્રતિકૂળ ચાલીએ. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

x x x x

## ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

# વ્યાખ્યાન નંબર - ૯૬

DATE 08 01 2019

પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા, ગ્રંથની અંદર ત્રીજા પ્રસ્તાવમાં પ્રતિબોધક નામના આચાર્ય ના મુખે. ભોગ-તૃષ્ણાનું વર્ણન થઈ રહ્યું છે.

लेशामेषा प्रकृत्यैव, सुखसन्दोहकारिका ।

ભોગ-તૃષ્ણાની પ્રકૃતિ જ આવી છે, સ્વભાવ જ આવો છે, જે એને પ્રતિકુળ થાય એને સુખ આપે, જે એને અનુકૂળ થાય, એને દુઃખ આપે. સદ્ગુરુ આ પ્રકરણનો સ્વાધ્યાય કરાવી રહ્યા છે, આ શ્લોક આવે છે ને શિષ્ય પુછે છે કે શા માટે આવી પ્રકૃતિ ? એવું કેમ ના થાય કે ભોગ-તૃષ્ણાને અનુકૂળ થાસીએ ને સુખ મળતું જાય. ભોગ-તૃષ્ણાને પ્રતિકૂળ થાસીએ ને દુઃખ મળતું જાય. આવું શા માટે. સહજ રીતે જીવને રાગ થઈ જાય, રાગથી કર્મ બંધ થાય, કર્મના ઉદયો આવે જીવ દુઃખી થાય, તો રાગથી જ કર્મ બંધ થાય આવું શા માટે ? એ કર્મ જ એને દુઃખી કરે આવું શા માટે ? રાગ કરે દુર્ગતિમાં જાય, આવું શા માટે ? ભોગ-તૃષ્ણાથી માણસ દુઃખી થાય, આવું શા માટે ? એને અનુકૂળ થાસો ને દુઃખી થાવ, પ્રતિકૂળ થાસો ને સુખી થાવ, આવું શા માટે ? કેમ ઉંધુ ના થાય ? કે જેમ જેમ ભોગતૃષ્ણા કરતા જાવ, સુખી થતા જાવ. રાગ કરતા જાવ સુખી થતા જાવ, સંસારની પાછળ દોડતા જાવ અને સુખો મળતા જાય, આવું શા માટે ના થાય ? એને સદ્ગુરુ જવાબ આપે છે,

स्वभावो ह्यपर्यनुयोज्यः ।

સુરજ કેમ ગરમી આપે છે, ચંદ્ર કેમ ઠંડક આપે છે, ફલાણી વ્યક્તિનો સ્વભાવ કેમ ગરમ છે ? REASONS હોય શકે. REASONS આપી એ શકાય. પણ જ્યાં છેલ્લું REASON એવું આવ્યું કે કારણકે એવો સ્વભાવ છે, ત્યાં કોઈ જ REASON, કોઈ જ તર્ક, કોઈ જ પ્રશ્નનો અવકાશ જ રહેતો નથી.

स्वभावो ह्यपर्यनुयोज्यः।

જે જે છે, એ છે. જેનો જેવો સ્વભાવ છે, એવો એનો - સ્વભાવ છે. એનો સ્વભાવ શા માટે આવો છે ?, આવું પુછી શકાય એ શક્ય નથી. ભોગ-તૃષ્ણાને અનુકૂળ ચાલે, એ દુઃખી થાય. પ્રતિકૂળ ચાલે એ સુખી થાય. આની અંદર ધર્મ-નો બધો જ સાર આવી જાય છે. સંયમ શા માટે સુખનો માર્ગ છે, ને સંસાર શા માટે દુઃખનો માર્ગ છે, એનો જવાબ પણ આની અંદર જ આવી જાય છે.

પ્રતિબોધક આચાર્ય આગળ વધે છે.

तावन्मोक्षं नरो द्वेष्टि संसारं बहु मन्यते।

ત્યાં સુધી જ જીવને મોક્ષ નો દ્વેષ થાય છે, ત્યાં સુધી જ એને સંસાર પ્રત્યે આદર થાય છે,

पापिष्ठा भोगतृष्णेयं, यावच्चित्ते प्रवर्तते॥

જ્યાં સુધી આ પાપિષ્ઠ ભોગ તૃષ્ણા, આ પાપીણી ભોગતૃષ્ણા મન ની અંદર વર્તે છે. ભગવાન મહાવીરસ્વામી, ગૌતમ-સ્વામી ને આદેશ કરે છે કે પેલો હાલિક છે, ખેડુત છે, ખેતી કરે, હળ ચલાવે, ઘાસ કાપે, પાપ લણે, કેટલા પાપો કરે, એને જરા સમજાવી ને. તહત્તિ કરીને ગૌતમ સ્વામી ત્યાં જાય છે, હાલિક ને પુછે છે,

किं क्रियते इदम्?

હાલિક જવાબ આપે છે.

दैवनियोजितम्।

જેમ મારા નસીબમાં કામ કરવાનું આવ્યું છે એ કરું છું, ને ગૌતમસ્વામી કહે છે, આ કરીને તો તું દુઃખી થાય છે. આજે ગૌતમસ્વામી જો આપણી પાસે આવે, જો ગૌતમ-સ્વામી ને આપણો ભેટો થાય, તો ગૌતમસ્વામી આપણને એ જ શબ્દો કહે, જે હાલિક ને કહ્યા હતા, કે આ કરીને તું દુઃખી થાય છે. કલ્પના કરીએ કે હાલિક જેવી સરળતા, એના જેવી ભૂમિકા, એના જેવી મુગ્ધતા, આપણી પાસે નથી, ને માટે જ ગૌતમસ્વામી આપણી પાસે આવ્યા નથી.

ગૌતમસ્વામી, હાલિક ને કહે છે, કે આ બધું કરીને તું દુઃખી થઈ જઈશ. આધ્યાત્મિક વિશ્વની અંદર સાંભળવાનો પ્રયાસ કરીએ, આપણે જે પણ કરીએ છીએ, આપણે રસોઈ કરીએ, કપડા ધોઈએ, ઘર ચલાવીએ, પરિવાર ને જન્મ આપીએ, મોટો કરીએ, ધંધો કરીએ, નોકરી કરીએ, ગૌતમસ્વામી આજે પણ આપણને એજ શબ્દો કહી રહ્યા છે, આ બધું કરીને તો તું દુઃખી થઈ જઈશ. હાલિક પુછે છે ગૌતમસ્વામી ને શું કરવું જોઈએ, ને ગૌતમસ્વામી કહે છે કે, આ જીવન આના માટે નથી, આ જીવન ચારિત્રની સાધના માટે છે, સંયમ માટે છે, આ જીવન દીક્ષા લઈને આત્માનું કલ્યાણ કરવા માટે છે, આ જીવન આ બધા માટે નથી. હાલિક કહે કે શું કરવાનું ?, દીક્ષા શું હોય ?, ને ગૌતમ સ્વામી બધું જ સમજાવે છે, એક બાજુ સંયમનું સ્વરૂપ સમજાવે છે, એક બાજુ સંસારનું સ્વરૂપ સમજાવે છે. સંયમ લેવાની પ્રેરણા કરે છે ને, હાલિક તૈયાર થઈ જાય છે.

હાલિક ને ગૌતમસ્વામી સંયમ આપે છે, ઓઘો આપે છે, વેષ આપે છે, કરેમિ ભંતે ઉચ્ચરાવે છે, અને ગૌતમસ્વામી કહે છે હવે ચાલો, હાલિકમુનિ કહે ક્યાં જવાનું, મારા ગુરૂ મહારાજ પાસે. તમારાએ ગુરૂ, અને ગૌતમસ્વામી કહે હું તો કંઈ જ નથી, મારા ગુરૂતો આવા--- આવા છે. હાલિક સાંભળતો જાય છે, તીર્થંકરોના અતિશયો, તીર્થંકરનું વર્ણન, તીર્થંકરની મહિમા, તીર્થંકર ના પ્રાતિહાર્ય, તીર્થંકરના ગુણો ને, એક પછી એક વાત સાંભળતા--- સાંભળતા અંદર અહોભાવ--- અહોભાવ--- અહોભાવ--- અહોભાવ---- અહોભાવ ! સમવસરણના પગથિયા આવી ગયા ને ગૌતમસ્વામી સડસડાટ પગથિયા ચડી રહ્યા છે, પાછળ હાલિકમુનિ ચડી રહ્યા છે, ચડતા-- ચડતા ઠેઠ ઉપર પહોંચી ગયા, ને ગૌતમસ્વામી કહે આ મારા ગુરૂમહારાજ છે,

આમને વંદન કરો ને હાલિક બે ડગ જોઈ રહ્યો. અંદર એટલો ગુસ્સો, એટલો અણગમો, ને એટલો દ્વેષ આવ્યો, ગૌતમસ્વામીએ કહ્યું આ જ તમારા ગુરુ ને, હા આજ! પાકું ને, હા આજ મારા ગુરુમહારાજ છે, જો આ જ તમારા ગુરુ હોય તો તમારી દીક્ષા - તમને મુબારક! ત્યાં ને ત્યાં ઓઘો પાછો આપીને હાલીકમુનિ પાછા ગૃહસ્થ બની ને ત્યાંથી વિદાય લઈ લે છે. ભવાભિનંદી, ભોગસતૃષ્ણ, ભોગતૃષ્ણા વાળા જીવની સ્થિતિ હાલિકમુની જેવી હોય છે. જો મોક્ષ આવો છે તો તમને મુબારક.

तावन्मोक्षं नरो द्वेष्टि संसारं बहु मन्यते ।

ઘણી વાર આપણને એટલા માટે મોક્ષ જોઈતો હોય છે કે, મોક્ષ ના ખરા સ્વરૂપ ને આપણે સમજ્યા નથી. સુખ.. સુખ.. સુખ.. મોક્ષ એટલે સુખ... મોક્ષ એટલે શાશ્વત સુખ.. આટલું સમજ્યા, મોક્ષ મારે જોઈએ છે પણ, તમે ભીતરની અંદર ઉતરશો, ને મોક્ષમાં નથી શબ્દાદિ વિષયો, નથી વિજાતીય પાત્ર, નથી બંગલો, નથી ગાડી, નથી સગાસંબંધી, નથી પ્રશંસા, નથી માન-સમ્માન, નથી ધંધો, નથી ઓફિસ, આવું કશું જ મોક્ષ ની અંદર નથી ને, પછી તમને એમ થાય કે મારે મોક્ષ જ જોઈએ છે, મોક્ષ સિવાય મારે બીજું કંઈ ન જોઈએ, મોક્ષ ની જ મારી ઈચ્છા છે, તો તમને મોક્ષ ની ખરા અર્થમાં ઈચ્છા થઈ છે. જે વસ્તુ ને તમે સમજ્યા જ નથી ને એ વસ્તુ ની તમને ઈચ્છા થતી હોય, તો એનો અર્થ એ નથી કે તમને એ વસ્તુ ની ઈચ્છા છે, તમે હકિકતમાં ગેરસમજમાં છો ને માટે તમને ઈચ્છા છે. જેની તમને ઈચ્છા છે, એ વસ્તુ નથી ને, જે વસ્તુ છે એની તમને ઈચ્છા નથી, તો હકીકતમાં તમને મોક્ષ ની ઈચ્છા થઈ જ નથી.

तावन्मोक्षं नरो द्वेष्टि संसारं बहु मन्यते ।

મોક્ષ નું ખરું સ્વરૂપ જીવ ને સમજાય ને જીવ ભવાભિનંદી હોય, જીવ ભોગવિલાસી હોય, જીવ ભોગતૃષ્ણા વાળો હોય, એને સમજે કે આનું નામ મોક્ષ છે, એ કહે કે ના જોઈએ મોક્ષ, આના કરતા તો છે ને, હું ભિખારી બનવાનું પસંદ

કરીશ, પણ આવો મોક્ષ મારે ના જોઈએ. દુનિયાની અંદર એવા પણ દર્શનોનો ઉદ્‌ભવ થયો છે, જેની અંદર મોક્ષનો દ્વેષ છે. દ્વિવાત્રિંશદ્ દ્વિવાત્રિંશિકા ગ્રંથની અંદર - મહોપાધ્યાય યશોવિજયજી મહારાજા કહે છે,

वरं वृन्दावने रम्ये शृगालत्वं वृणोम्यहम्।

એવો ભોગવિલાસી જીવ, એવો ભવાભિનંદી જીવ, અત્યંત ભારે કર્મી જીવ, સંસારનો અત્યંત રાગી જીવ, એણે મોક્ષનું સ્વરૂપ સાંભળ્યું કે મોક્ષની અંદર આવું છે. અને એણે કહી દીધું સરસ મજાનું વૃંદાવન હોય, વન-વગડો હોય, સરસ મજાનું ઉપવન હોય, અને એની અંદર શિયાળ થવાનું હું પસંદ કરીશ.

न तु वैशेषिकीं मुक्तिं, प्रार्थयामि कदाचन।

પણ વૈશેષિક દર્શનમાં અભિમત એવો છે કે મોક્ષને હું કદી પણ ઈચ્છીશ નહિ.

સભાનો પ્રશ્ન :- તો પછી એને દર્શન કઈ રીતે કહી શકાય ? દર્શન તો એને કહેવાય જે પરંપરા એ મોક્ષને પ્રાપ્ત કરાવે.

પૂજ્યશ્રીનો ઉત્તર :- ષડ્‌દર્શન સમુચ્ચય ગ્રંથની અંદર, હરિભદ્રસૂરી મહારાજે આ સવાલનો જવાબ આપ્યો છે,

चार्वाकस्तु न दर्शनम्।

ચારવાક દર્શન એ દર્શન જ નથી કારણકે, એમાં સાચું દર્શન નથી. સાચા દર્શનની અપેક્ષાએ જોઈએ તો, ઘણા બધા દર્શનોને CANCEL કરી દેવા પડે, મોટા-ભાગના દર્શનોને CANCEL કરી દેવા પડે. દર્શનનો અર્થ એક દ્રષ્ટિ, દર્શનનો અર્થ એક માન્યતા, દર્શનનો અર્થ અભિપ્રાય, એ અપેક્ષા એ તો પણ એક દર્શન છે.

तावन्मोक्षं नरो हेति संसारं बहु मन्यते।

ભોગતૃષ્ણા જીવને મોક્ષથી વંચિત કરે, સદ્‌ગતિથી વંચિત

કરે, સુખથી વંચિત કરે, કારણકે ભોગતૃષ્ણા, એની બુદ્ધિને જ ભ્રષ્ટ કરી નાખે. મોક્ષે આપણે પહોંચીશું એ બહુ દુરની વાત છે, મોક્ષ માટે પરાકાષ્ટાની સાધના આપણા જીવનમાં આવે એ પણ દુરની વાત છે, મોક્ષ માટેની સામાન્ય સાધના આપણા જીવનમાં આવે એ પણ પછીની વાત છે, પહેલા નંબરની વાત આ છે, કે મોક્ષની આપણને ખરા અર્થમાં ઈચ્છા પ્રગટી છે ખરી? જ્યાં સુધી સંસારનો એક પણ ભોગ આપણને ઉપાદેય લાગે છે, ત્યાં સુધી મોક્ષ આપણને ખરા અર્થમાં ઉપાદેય લાગતો નથી. યા ભોગ ઉપાદેય લાગે, યા મોક્ષ ઉપાદેય લાગે, બંને ઉપાદેય લાગે એ આપણી ગેરસમજ હોય છે. યા - આપણને મોક્ષ જ સારો લાગે યા આપણને ભોગ જ સારો લાગે, ભોગ સારો લાગે છે તો સમજવું લો કે મોક્ષ સારો લાગ્યો જ નથી, મોક્ષ સારો લાગે છે તો સમજવું લો કે ભોગ આપણને સારો લાગી શકે જ નહિ, બંને જોઈએ છે એનો અર્થ એ છે કે આપણી સમજણમાં જ ગરબડ છે. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય માં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, સમ્યક્ત્વના પાંચ લક્ષણ અને એમાં, બીજા લક્ષણની વાત કરતાં કહે છે,

" સુરનર સુખ જે દુખ કરી લેખવે,
વંછે શિવસુખ એક "

સમ્યક્દ્રષ્ટિ આત્મા હોય, સંસાર અને મોક્ષ બંનેને જાણ્યા, ચાર ગતિને જાણી, બધું જ તત્ત્વ જાણ્યું હવે, એ સમજે કે અહિંયા મનુષ્યલોકમાં ગમે તેટલા સુખ પણ મળતા હોય, એ દુઃખ છે. પાંચસો કરોડના માલિક આપણે બની શકતા હોઈએ, એ દુઃખ છે, પ્રેમાળ પરિવાર હોય એ દુઃખ છે, શરીર નિરોગી હોય એ દુઃખ છે, બંગલો, ગાડી છે ને સમાજમાં આપણું નામ છે, એ દુઃખ છે. સંસારમાં જેટલી ભૌતિક સામગ્રી ને જેટલા વિષય સુખો આપણને મળે હકિકતમાં સુખ નથી પણ દુઃખ છે. વ્યંતર દેવનું, ભવનપતિનું, જ્યોતિષ નું કે વૈમાનિક નું સુખ હોય, ઈન્દ્ર નું સુખ હોય,

જેટલા પણ મનુષ્યલોક કે દેવલોકના સુખો છે, હકીકતમાં સુખ નથી પણ દુઃખ છે.

" સુરનર સુખ જે દુઃખ કરી લેખવે,
વંછે શિવસુખ એ ".

વેમજણ આપણને મળી છે એ ત્યારે જ કહેવાય જ્યારે સંસારના બધા જ સુખો, આપણને દુઃખ લાગે. વેમજણ આપણને મળી છે એવું ત્યારે કહેવાય, જ્યારે સંસારનું દરેક સુખ આપણને વ્યથિત વ્યથિત કરી દે, આપણને ખૂંચે આંખમાં કણિયાની જેમ, દિવસ રાત આપણને - પજવતું હોય ને જે સુખ આપણને અળખામણું લાગે, સુખ આપણને દુશ્મન લાગે, ત્યારે વેમજવાનું કે આપણામાં કંઈક તત્વનો ઉઘાડ થયો છે.

तावन्मोक्षं नरो वेत्ति संसारं बहु मन्यते ।

હજુ ઉંડે ઉંડે તપાસ કરવાની જરૂર છે, હજુ ઉંડે ઉંડે POSTMORTEM કરવાની જરૂર છે, આત્મ નિરીક્ષણ કર- વાની જરૂર છે, કે હજુ સંસારનો કેટલો રાગ છે, હજુ ઘર સારું લાગે છે, હજુ પરિવાર સારો લાગે છે, હજુ ધંધો, પૈસા, માનપાન, એ બધું સારું લાગે છે તો સમજવું લો કે મોક્ષ આપણને ખોટો લાગે છે. યા તમે ભોજપમાં હોય શકો યા તમે ડીંગોન માં હોય શકો, બંને માં તો કઈ રીતે હોય શકો ?, યા તમને સંસાર નો રાગ હોય શકે, યા મોક્ષ નો રાગ હોય શકે, બંનેનો રાગ હોય એ શક્ય જ નથી.

પુરાણો ની અંદર એક કથા આવે છે, ભગવાન શંકર અને ભગવતી પાર્વતી બંને વિમાનમાં બેસીને જઈ રહ્યા છે. વિમાન બહુ નીચી સપાટીએ ઉડી રહ્યું છે ને પૃથ્વીનું અવલોકન કરી રહ્યા છે... કરી રહ્યા છે... કરી રહ્યા છે, ને એક નગરની સિમાડો આવે છે, ને નગરની ખાળ છે, મોટી ગટર છે, ભૂંડ નો એક પરિવાર એમાં રહી રહ્યો છે ને, પાર્વતીજી ની નજર એના

ઉપર પડી, એટલું દુઃખ થયું ને, પતિને ઉધડી લઈને કહેવા લાગી, કે બસ તમે જલસા કરો, આ બધા તમારા સંતાનો કહેવાય, એમની તમને કંઈ પડી નથી. એમણે પુછ્યું શું નથી પડી ?, પાર્વતીજી એ કહ્યું કે અહીંયા કુઆ નીચે આ ભૂંડનો પરિવાર કેટલી ગંદકી, કેટલી દુર્ગંધ, કેટલી હાડમારી, કેટલી બધી પ્રતિકૂળતા, કેટલું બિભત્સ અને જુગુપ્સનીય વાતાવરણ આની બહાર આ લોકો જુવે ને આપણે વૈકુંઠ માં મજા કરીએ આવું ના ચાલે, એને પણ વૈકુંઠમાં લઈ લો. મહાદેવજી જરા હસ્યા ને કહ્યું કે, એ શક્ય નથી, અને પાર્વતીજી એ કહ્યું કે મને ખબર જ છે, તમારું દિલ નાનું છે, તમારું હૃદય સાંકડું છે, તમારું મન છે એમાં આ બધા તમારા સંતાનો છે એવો વાત્સલ્ય ભાવ છે નહિ, ને માટે તમે ના જ પાડવાના. માટે તો તમે લેતા નથી ને માટે તો એ વિચાર અહીંયા સૂઝ્યો છે. મહાદેવજી એ કહ્યું કે આ લોકોને લેવા જશું તો એ આવશે નહિ, ના પાડી દેશે. પાર્વતીજી એ કહ્યું કે તમારે ના લેવા હોય તો મને ના પાડી દો, આવા બધા - બહાના નહીં કાઢો, ને મહાદેવજીને થયું હવે બીજો કોઈ છુટકો નથી. નારદમુનિ ને યાદ કર્યા ને નારદમુનિ પ્રગટ થયા. મહાદેવજી એ કહ્યું કે આ નીચે જે ભૂંડનો પરિવાર છે એને આપણે વૈકુંઠમાં બોલાવી લેવાનો છે. બધી જવાબદારી તમારી, તમે એમની સાથે વાત કરી લો, મસલત કરી લો, એમને તમારે વૈકુંઠ માં પહોંચાડી દેવાના છે. નારદજી જરા સ્તબ્ધ થઈ ગયા, પણ ભગવાનનો આદેશ, ભલે કરીને ત્યાં પહોંચ્યા, નારદજી ને જોઈને ભૂંડ, ભૂંડણ ને બચ્ચાઓ થોડા દૂર ભાગ્યા ને, ભૂંડની આગળ નારદજી આવી ને ઊભા રહ્યા ને, ભૂંડ ને વાત કરી કે તમારા ઉપર ભગવાનની મોટી કૃપા થઈ છે. વૈકુંઠ ની બહાર તમને સપરિવાર ભગવાનનું આમંત્રણ છે, ને ત્યાં તમે પધારો, તમારા - ભાગ્ય ના દરવાજા ખુલી ગયા છે ને ભૂંડ જરા વિચારમાં પડ્યો, એણે કહ્યું કે હું જરા વિચારી આવું, પરણેલી વ્યક્તિ છે

કે વીચારી ને કહેશ એટલે, સમજ્વાનું ઘરે પુછી ને કહેશો. ભૂંડ ત્યાંથી ધીરે ધીરે ભૂંડણ પાસે પહોંચી જાય છે, ને બધી વાત કરે છે. ભૂંડણ કહે છે કે વાત તો બધી બરાબર, પણ ત્યાં જઈને આપણે કરવાનું શું ? રહેવાનું શું ? ત્યાં આપણી વ્યવસ્થાનું શું ? એમને જરા પુછી લો કે ત્યાં આવી ખાળ, ગટર છે તો ખરી ને ? ભૂંડ પહોંચ્યો નારદજી પાસે, ને કહે કે આવી તો જઈએ વૈકુંઠમાં ત્યાં ખાળ, ગટરની વ્યવસ્થાઓ તો મળશે ને, નારદજી કહે, નારાયણ .... નારાયણ! વૈકુંઠમાં જવાનું છે, ત્યાં આવું બધું કંઈ હોય જ નહિ, ભૂંડ જરા મુંઝાયો, પાછો ભૂંડણ પાસે ગયો, ભૂંડણને વાત કરી, ભૂંડણ વિચારમાં પડી, ભલે એ બધું ના હોય, ગંદકી તો મળશે કે નહિ મળે ? ભૂંડ પાછો પહોંચ્યો નારદજી પાસે નારદજી ને વાત કરી, નારદજી કહે નારાયણ ... નારાયણ વૈકુંઠની અંદર ક્યાંય ગંદકીનું નામો-નિશાન ના મળે ! ભૂંડ વધારે મુંઝાયો, ભૂંડણ પાસે ગયો, ભૂંડણને પણ બહુ જ આઘાત લાગ્યો. આપણને પણ ઘણા આઘાત લાગતા હોય છે. ભૂંડણે છેલ્લી વાત કરી કે ચાલો બીજું બધું તો સહન કરી લેશું, એટલું પુછી લો વિષ્ટા તો મળશે ને ? ભૂંડ જઈને પુછે છે ને નારદજી કાન બંધ કરી દે છે, ત્યાં કોઈ દુર્ગંધ, ખાળ, ગટર, ગંદકી, વિષ્ટા, કંઈ આનું નામોનિશાન ના હોય, હજુ તો આ કહી રહ્યા છે ને ભૂંડને થયું કે હવે ત્યાં જવું કે ના જવું ત્યાં તો ભૂંડણ હસી આવે છે, ને કહે છે કે આ તમારા નારાયણ - નારદના મોટા ભૂંડ ને ધિક્કાર છે, જેણે વૈકુંઠ ની અંદર આ ગટર, ગંદકીની, અને વિષ્ટાની એ વ્યવસ્થા કરી નથી.

તાવન્મોક્ષં નશો હેચ્છિ , સંસારં બહુ મન્યતે ।

ભૂંડ જ્યાં સુધી ભૂંડ છે ત્યાં સુધી એને વૈકુંઠનો દ્વેષ રહેશે. ભોગતૃષ્ણા વાળા જીવને જ્યાં સુધી ભોગતૃષ્ણા છે

ત્યાં સુધી મોક્ષનો દ્વેષ રહેશે. મૂંઢ સમજે છે કે ભોજનનો પ્રકાર એ વિષ્ટા જ છે. ભોગતૃષ્ણા વાળો જીવ સમજે છે, કે સુખનો પ્રકાર એ ભોગ જ છે. મૂંઢને ખબર નથી કે વિષ્ટાને ભોજન જ ના કહેવાય. ભોગ તૃષ્ણા વાળા જીવને ખબર નથી, કે ભોગને સુખ જ ના કહેવાય. મૂંઢને ખબર નથી કે વિષ્ટા ખાઈને એ મૂર્ખો બની રહ્યો છે. ભોગતૃષ્ણા વાળા જીવને પણ ખબર નથી, કે ભોગ ભોગવીને મૂર્ખો બની રહ્યો છે. મૂંઢ સમજે છે કે જે વિષ્ટાથી વંચિત થયા એ બધા મૂર્ખા. ભોગતૃષ્ણા વાળો જીવ સમજે છે કે જેણે દીક્ષા લીધી, જેણે બ્રહ્મચર્ય લીધું, જેણે સાદગી અપનાવી, જેણે ત્યાગ અપનાવ્યો, જેમણે ભોગ છોડ્યા, એ બધા મૂર્ખા. મૂંઢ જો વિષ્ટાને ખરા અર્થમાં સમજી જાય, તો એ ઘણી હેરાનગતી થી બચી જાય. ભોગતૃષ્ણા વાળો જીવ ભોગને જો ખરા અર્થમાં સમજી જાય, તો એ ઘણીબધી તૃષ્ણા-ઓથી, ઘણીબધી ઉપાધિ ઓથી, ઘણી બધી હેરાનગતી થી બચી જાય.

पापिष्ठा भोगतृष्णेयं, यावच्चित्ते प्रवर्तते ।

જ્યાં સુધી આ પાપિષ્ઠ ભોગતૃષ્ણા અંતરમાં છે, ત્યાં સુધી મોક્ષનો દ્વેષ છે, ત્યાં સુધી સંસારનો રાગ છે. સિદ્ધર્ષિગણિ મહારાજ, પ્રતિબોધક આચાર્ય ના મુખે ભોગતૃષ્ણાના વર્ણનને આગળ વધારે છે.

यदा पुनर्विवेकेन, कथञ्चित्पुण्यकर्मणाम् ।

જે કોઈક પુણ્યશાળી જીવને કોઈક રીતે, ભોગતૃષ્ણાનો વિલય થાય,

एषा भवस्तदा सर्वो, धूलिरूपः प्रकाशते ॥

તો એમને આ આખો સંસાર, ધૂળ સ્વરૂપ લાગે! સિદ્ધર્ષિ-ગણિ મહારાજ, અધ્યાત્મ વિશ્વના ગહન રહસ્યોને આપણી સમક્ષ પ્રગટ કરી રહ્યા છે. સંસાર શું છે ? હકિકતમાં ધૂળ સ્વરૂપ છે. એક વ્યક્તિ છે, પાગલ છે, ધૂળિયા રસ્તે ચાલી રહી છે, રસ્તામાં આળોટી રહી છે, ધૂળને ભેટે છે, મારી ધૂળ... મારી ધૂળ કરે છે, સમજુ માણસોની દ્રષ્ટિમાં એ

વ્યક્તિ જેવી છે, બાબા એ જ રીતે મારું ઘર, મારો પરિવાર, મારો પૈસો, મારો ધંધો, આવુ કહેતો વ્યક્તિ જ્ઞાની એની દ્રષ્ટિમાં એવી જ છે.

☆ સંસારનો રાગ એટલે ધૂળનો રાગ ☆

☆ સંસારમાં રાચવું એટલે ધૂળમાં રાચવું ☆

☆ ધૂળની જવાબદારી માથે લઈને ધૂળ દ્વારા, ધૂળમાં જવું. ધૂળની લે-વેંચ કરવી. ધૂળના નોકર બનવું. ધૂળ કમાવવી ધૂળ લઈને ધૂળને ધૂળ બનાવવી, અને ધૂળના મોહમાં રાચવું, આનું નામ સંસાર !

દૃષ્ટા ભવસ્તદા સર્વો, ધૂલિરૂપઃ પ્રકાશતે ।

જ્યાં સુધી અંતરમાં ભોગ-તૃષ્ણા છે, ત્યાં સુધી સંસાર, સોના જેવો લાગે છે. અંતરમાંથી તૃષ્ણા જતી રહી, એટલે સંસાર હવે ધૂળ બરાબર લાગે છે. ધૂળ તમને શું આપી શકે ?, ધૂળ વધુમાં વધુ શું આપી શકે ?, ધૂળ એ ધૂળ જ હોય છે ને ધૂળ જ્યારે તમને ચોંટે ને ત્યારે, મેલ બની જાય છે. ધૂળ વધુમાં વધુ તમને બગાડી શકે.

ભોગેચ્છા ને વિષ્ટેચ્છા હકિકતમાં બંને એક જ વસ્તુ છે. ભૂંડને વિષ્ટાની ઈચ્છા થાય ને આપણને ભોગની ઈચ્છા થાય, હકિકતમાં બંનેમાં કોઈ જ ફરક નથી, ને હજુ ઊંડાણમાં જઈએ, તો વિષ્ટાની ઈચ્છા કરતાં ભોગની ઈચ્છા વધારે ખરાબ છે. ભૂંડ વિષ્ટાની ઈચ્છા કરે - એનાથી અશુચિ નથી થઈ જતો, એનાથી બગડાઈ નથી જતો, એનાથી બગડી નથી જતો, એનાથી એને દુર્ગંધ નથી આવતી, એ જ્યારે એને અડે ને ખાવા જાય ત્યારે અશુચિ બને છે. ભોગની તો જ્યારે ઈચ્છા આત્માને થાય, ત્યારે જ આત્મા બગડાઈ જાય છે, જેનાથી આત્મા બગડાઈ જાય, આનું નામ વિષ્ટા !

ઉપદેશમાલામાં ધર્મદાસ ગણિ મહારાજ કહે છે,

સંસારવંચણા ન વિ ગણંતિ સંસારસૂઅરા જીવા: ।

કેટલાક જીવો હોય છે જે સંસારની ગટરમાં ભૂંડ જેવા હોય છે,

ભોગોની ગટરમાં ભૂંડ જેવા હોય છે ને સંસારની ઘણી-બધી-
તમાશો આય, તો પણ એમની શાન ઠેકાણે આવતી જ નથી.

★ ભોગતૃષ્ણા એટલે બુદ્ધિનો અંધાપો.

★ ભોગતૃષ્ણા એટલે બહેર મારી ગયેલું મગજ. ★

★ ભોગતૃષ્ણા એટલે નર્યું ગાંડપણ. ★

★ ભોગતૃષ્ણા એટલે સાવ જ બાળપણ. ★

★ ભોગતૃષ્ણા એટલે આત્માની મૂર્છા. ★

★ ભોગતૃષ્ણા એટલે આત્માનું ભૂંડપણું. ★

સંસાર આપણને સારો લાગે, ઉપાદેય લાગે, બંગલા રૂપ લાગે, ગાડીરૂપ લાગે, પરિવાર રૂપ લાગે, તો સમજવાનું કે ભોગતૃષ્ણા અંદર બેઠી છે. સંસાર આખો ધૂળ સ્વરૂપ લાગે, ત્યારે સમજી લેવાનું કે ભોગ-તૃષ્ણા સમાપ્ત થઈ ગઈ છે. ભોગતૃષ્ણા જ્યારે સમાપ્ત થઈ જાય, ત્યારે રૂપિયાની નોટો કાગળીયા લાગે. ચળકતા સિક્કાઓ અંગાર લાગે, ધંધો ષડયંત્ર લાગે, પરિવાર, પતી-પત્ની, દિકરા-દિકરી, બેડી લાગે. સગાવહાલા ત્રાસવાદી લાગે. યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથની અંદર, હરિભદ્ર સૂરી મહારાજ કહે છે,

बालधूलिगृहक्रीडा, तुल्याऽस्यां भाति सर्वदा।

જ્યારે આત્મામાં સ્થિરા દ્રષ્ટિનો ઉઘાડ થઈ જાય છે, ત્યારે સંસારની બધી જ ચેષ્ટા કેવી દેખાય છે ? કે એક બાળક છે ને ધૂળમાં રમી રહ્યો છે, બરાબર એવી જ બધી ચેષ્ટાઓ દેખાય. શાહીબાગ વિસ્તારમાં રહેતી કોઈક વ્યક્તિ, બેહજારસો કરોડ રૂપિયાની આસામી હોય, રોજ કરોડોની હરફર કરતી હોય, કરોડોનું TURNOVER હોય, કરોડોની કમાણી હોય, અને એ વ્યક્તિ પણ તમને, ચોપાટીની રેતીની અંદર રમતા બાળક જેવી લાગે, ત્યારે સમજી લેવાનું કે હવે આપણી દ્રષ્ટિનો ઉઘાડ થઈ ગયો છે. ગુજરાત CM હોય કે ભારતના PM હોય કે AMERICA ના PRESIDENT હોય કે વિશ્વના ટોચ કક્ષાના, દસ શ્રીમંતો હોય, એ બધાની ચેષ્ટા, બધાની પ્રવૃત્તિ, બધાનું જીવન, તમને ધૂળમાં રમતા

જાળક જેવું લાગે, ત્યારે સમજવાનું કે હવે આપણી દ્રષ્ટિનો ઉઘાડ થયો છે. ઉત્તરાધ્યયન સૂત્રની અંદર એક ઘટના છે. મૃગાપુત્ર રાજકુમાર છે, ઝરુખામાં બેઠો છે, રસ્તાનું અવલોકન કરી રહ્યો છે. મહાત્મા ગોચરી એ નીકળ્યા છે, નીચી દ્રષ્ટિએ ચાલી રહ્યા છે, અને મૃગાપુત્ર એકીટસે એમને જોવે છે.

કહે મન્ને એરિસં રૂવં દિટ્ઠપુવ્વં મએ પુરા।

મેં આ ક્યાંક જોયું છે ... ક્યાંક જોયું છે ... ક્યાંક જોયું છે ને વિચાર કરતા કરતા જાતિસ્મરણ જ્ઞાન થાય છે. એ જાતિસ્મરણ જ્ઞાન સાથે મૃગાપુત્રને પોતાના પૂર્વભવો દેખાય છે.

સરઇ પોરાણિયં જાઇં, સામણ્ણં ચ પુરાકયં।

પૂર્વભવમાં પાળેલું શ્રામણ્ય, સંયમ જીવન મૃગાપુત્રને યાદ આવે છે. બીજાપણ અનેક ભવો યાદ આવે છે. મા-બાપ પાસે જાય છે, દીક્ષાની રજા માંગે છે, એવું કહે છે કે તું બહુ કોમળ છે, તું દીક્ષા નહી પાળી શકે, ઘણા કષ્ટો છે. ને મૃગાપુત્ર કહે છે કે મેં જે નરકનો ભવ જોયો છે, નરકમાં મેં ભોગવેલી વેદના ઓ જોઈ છે, એની સામે સંયમના કષ્ટોતો કશું જ નથી. અદ્ભૂત ઉત્તરાધ્યયસૂત્રનું આ અધ્યયન, હું તમને કહું છું, સંસારનો રાગ જો જતો ના હોયને આ અધ્યયન નું ખુબ શ્રવણ કરો, ખુબ શ્રવણ કરો, છેવટે મા-બાપ સંમત થાય છે. મૃગાપુત્ર રાજકુમાર, બત્રીસ બત્રીસ રૂપરૂપના અંબાર જેવી રાજકુમારી ઓનો, પતિ છે, મોટું રાજ્ય છે, ખજાનો છે, કેટલાય મિત્રો છે, કેટલાય સગાવ્હાલા છે, એ બધાનો ત્યાગ કરીને મૃગાપુત્ર દીક્ષા લે છે ને દીક્ષા લેતી વખતે, સંસાર છોડતી વખતે આ બધાનો ત્યાગ કરતી વખતે, એમની ભૂમિકા શું હતી. એક જ પંક્તિ ની અંદર ઉત્તરાધ્યયન સૂત્રમાં એનું વર્ણન છે.

રેણુયં વ પડે લગ્ગં નિદ્ધુણિત્તાણ નિગ્ગઓ।

એ બધી વસ્તુઓ, એ બધોજ વૈભવ, એ બધીજ પત્નીઓ, એ બધો જ ખજાનો, એ બધો જ પરિવાર, એ સમગ્ર રાજપાટ મૃગાપુત્ર રાજકુમાર કઈ રીતે છોડે છે. જાણે કપડા ઉપર ધુળ

લાગી હોય, અને એને ખંખેરી દેવાય, એવી રીતે બધું જ છોડીને મૃગાપુત્ર રાજકુમાર નીકળી જાય છે. સંસાર છોડવાનો હોતો જ નથી, સંસાર ફક્ત ખંખેરવાનો હોય છે. મિલકત છોડવાની હોય, ધૂળ ખંખેરવાની હોય ! સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર એ આત્માની મિલકત છે, અને કહેવાની મિલકત, કહેવાની જમીન, કહેવાનો પરિવાર, કહેવાનું ઘર, આ બધું હકિકતમાં ધૂળથી વધારે કશું જ નથી. સંસાર કેવી રીતે છોડાય, સંસાર છોડવો બહુ જ મુશ્કેલ, સંસારતો કઈ રીતે છુટી શકે, સંસાર છોડવાનો તો એમ વિચાર સુધ્ધા ન કરી શકીએ. સંસારને છોડવો કઈ રીતે, બહુ જ અઘરી વાત, બહુ જ દુષ્કર વાત, અશક્ય જેવી વાત, આ બધીજ વસ્તુઓ હકિકતમાં, આ બધા જ વિચારો, હકિકતમાં ભ્રમણાના વિકારો છે !

હજુ ઊંડાણમાં જઈએ, સંસાર છોડવાનો નથી હોતો, સંસાર ખંખેરવાનો પણ નથી હોતો, જ્યારે ભોગ-તૃષ્ણાની ચીકાશ જતી રહે છે, ત્યારે સંસાર પોતાની મેળે ખરી પડે છે. ધૂળ ત્યારે ચોંટે જ્યારે તમારા ઉપર ચીકાશ હોય, ધૂળ ત્યારે ટકી શકે જ્યારે જરા પણ ચીકાશ એનો એને આધાર મળ્યો, એને એક સ્નિગ્ધ દ્રવ્ય મળ્યું, એક ગમ મળ્યું, ને એના કારણે ધૂળ ચોંટતી રહેશે, જ્યારે ચીકાશ જ જતી રહી, જ્યારે તમારા આત્માની ભૂમિ સુકી ભઠ થઈ ગઈ, ત્યારે આ ભોગ-તૃષ્ણાની કે સંસારની ધૂળ કઈ રીતે ચોંટી શકશે.

रेणुयं व पडे लग्गं निद्धुणित्ताण निग्गओ।

ધૂળનું કશું કરવાનું નથી હોતું, ધૂળની જવાબદારી ઉપાડવાની નથી હોતી, ધૂળને ખવડાવવાનું નથી હોતું, પીવડાવવાનું નથી હોતું, પાલન-પોષણ કરવાનું નથી હોતું, ધૂળ પ્રત્યે માત્ર ને માત્ર એક જ ઔચિત્ય છે, એને ખંખેરી દેવી.

यदा पुनर्विलीयेत कथञ्चित्पुण्यकर्मणाम्।

બહુ ઓછા જીવો, બહુ પુણ્યશાળી જીવો, બહુ વિરલ જીવો એવા છે, જેમની ભોગતૃષ્ણાનો વિલય થઈ જાય છે.

एषा भवस्तदा सर्वो, मुक्तिरूपः प्रकाशते।

અને આખો સંસાર એમને સાક્ષાત, પ્રત્યક્ષ ધૂળ સ્વરૂપ -
દેખાય છે. એક શ્રેષ્ઠી હોય છે, યાત્રા કરવા કોઈ તીર્થ
સ્થળમાં જાય છે, સ્નાનાગારમાંથી પોતાના રૂમમાં શ્રેષ્ઠી
પાછો આવે છે, રૂમની અંદર પગ મૂકે છે ને, પોતાનો
મોંઘો મોતીનો હાર ક્યાં મુક્યો હતો ત્યાંથી ગાયબ થયેલો
દેખાય છે. બહુ વિચાર કરે છે કે મુક્યો હતો તો અહીંયા
જ, ને અહીંયા આવી ગયો કાંઈક તો ગરબડ છે, અને
હાથમાં એ હારને લઈને ધારી ધારીને જુએ છે, ને એમ
લાગે છે કે હાર બદલાઈ ગયો છે. લાખ રૂપિયાનો હાર
હજાર રૂપિયા, કે સો રૂપિયાનો થઈ ગયો હોય, સ્પષ્ટ
ખ્યાલ આવી જાય છે. શ્રેષ્ઠી બુમાબુમ કરે છે, યાત્રાળુઓ,
મુનિમ, STAFF બધા, ભેગા થાય છે. બુમાબુમ કરી મુકે
છે, મારો હાર બદલાઈ ગયો છે ને ચોર તમે પકડી લાવો,
ને મારો હાર બસ મને સાચો જોઈએ, હાર સાચો ઉપડી
ગયો છે, ખોટો આવી ગયો છે. બુમાબુમ કરી દીધી ને
બધા ગણગણાટ કરે ને, મુનિમે શ્રેષ્ઠીને કહ્યું કે કામ કરના-
ર માણસો વિશ્વાસુ છે, વર્ષોથી અહીંયા કામ કરે છે.
વર્ષોનો અમને એમનો અનુભવ છે, ને કશું ક્યાંય પણ
આઘુંપાછું કરે એમ નથી ને, ઘણી વાર ખોવાયેલા પાકીટ
આજ કામ કરનારા માણસો એ અમને લાવીને આપ્યા છે,
શ્રેષ્ઠી કશું સમજવા માટે તૈયાર નથી. ધર્મશાળા આખી
માથે લીધી છે, કશું સમજવા તૈયાર નથી. એક ઓર
યાત્રાળુ ત્યાં આવે છે ને પોતે ઝવેરી હોય છે ને કહે છે,
લાવો હાર હું ચેક કરી આપું. ધારીને જુએ છે ને ઝવેરી
પોતે પણ કહી દે છે કે આ હાર સાવ ખોટો છે. સો
રૂપિયાની અંદરની આની કિંમત છે. હવે શ્રેષ્ઠીનો પિત્તો
બરાબર જાય છે. બુમાબુમ અનેક ગણી કરી અને મુનિમ
પોતે પણ મુંઝાય છે. સ્ટાફના માણસોને પણ શરમ
લાગે છે, આક્ષેપ થયો હોય એવું લાગે છે. યાત્રાળુઓને
પણ થયું કે હવે આનો રસ્તો કેવી રીતે નીકળે. અને

હજુ એક ચારણ આવ્યા, પ્રૌઢ શ્રાવક હતા, સમજદાર હતા, એમણે સાંભળ્યું કે મામલો શું છે ને કોઈએ કહ્યું કે ભાઈ આવુ-આવુ થઈ ગયું છે. એમણે થોડો વિચાર કર્યો ને શેઠજીને બાજુમાં બોલાવ્યા ને ધીમા અવાજે એમની સાથે બે-ત્રણ મીનીટ કંઈક વાત કરીને શેઠજી વિચાર મગ્ન થઈ ગયા!

શેઠજી શાંત થઈ ગયા છે, ટોળું વિખેરાયું છે, સ્ટાફ એના કામે લાગ્યો છે, મુનીમ પેઢીએ બેસી-ગયા છે. શેઠજી પાછા ઘરે જાય છે ને બે-ત્રણ દિવસ સઘન તપાસ કરે છે ને, તપાસમાં ખબર પડે છે કે હાર પહેલાથી ખોટો જ હતો. એમણે ભલે એની ગમે તે કિંમત ચૂકવી,-હકિકતમાં એની એ કિંમત નથી, પોતે બની ગયા છે, પોતે છેતરાઈ ગયા છે. પોતે ભલે લાખ રૂપિયામાં ખરીદ્યો પણ વસ્તુ તો સો રૂપિયાની અંદરની જ હતી. વેચનારે એમને છેતર્યા છે, ને તીર્થની અંદર કોઈ ચોરી નથી થઈ, સ્ટાફે કોઈ બેઈમાની કરી નથી. કશો હાર બદલાઈ ગયો આવું નથી, પોતે જ્યાં મુક્યો હતો એની ભ્રમણા થઈ ગઈ. પોતે મુક્યો હતો ત્યાંથી જ મળ્યો છે. કોઈએ આઘો-પાછો નથી કર્યો, કોઈએ બદલ્યો નથી, કશી જ નવાજુની થઈ નથી. શેઠજીને પોતાની ભૂલ સમજાઈ, અને બધીજ ઉપાધિ એમની જતી રહી.

આપણને આપણી ભૂલ સમજાય જાય, તો આપણી બધી જ ઉપાધિ જતી રહે.

तावन्मोक्षं नरो द्वेष्टि, संसारं बहुमन्यते ।

ત્યાં સુધી મોક્ષનો દ્વેષ છે, ત્યાં સુધી સંસારનો રાગ છે. જ્યાં સુધી ભોગતૃષ્ણા ગઈ નથી. ભોગતૃષ્ણા જતી રહે પછી, સંસાર, સંસાર રૂપે મટી જાય, બને એક ધૂળના ઢગલા જેવો હોજાય. ધૂળિયા રસ્તે ચાલતા-ચાલતા, પસાર થતા-થતા, જે ધૂળ પ્રત્યે આપણને જે FEELINGS જાગે, જે સંવેદના જાગે, જે બુદ્ધિ જાગે, એ જ બુદ્ધિ આપણને કરોડના વૈભવોની છોળો વચ્ચે, એ લીલીવાડી વચ્ચે, એ પરિવાર વચ્ચે,

BANK BALANCE વધ્યે, ધિકતા ધંધા વધ્યે, પણ જે થાય, તો સમજવાનું કે સંસારને આપણે ખરા અર્થમાં, સમજ્યા છીએ. ઝવેરી એણે કહ્યું હાર ખોટો છે, ઘરે જઈને તપાસ કરી તો ખબર પડી, ખરીદ્યો ત્યારથી જ ખોટો હતો. હાર પહેલાથી ખોટો જ હતો. સંસાર પહેલાથી ખોટો જ હોય છે. હાર જતો રહ્યો, સારું ગયું. આ ઓઢી ની ખરી તકલીફ ન હતી. પણ સારું હતું, કંઈ હતું, જે હતું જે એણે માન્યું હતું એ એની ખરી તકલીફ હતી. હકીકતમાં ગયું એ પણ ઓઢી ની ભ્રમણા હતી. બન્ને હતું એ પણ ઓઢી ની ભ્રમણા હતી. સંસાર છે આ પણ આપણી ભ્રમણા છે. સંસાર છોડવાનો છે, સંસાર છોડવો જોઈએ. કેવી રીતે છોડવો, બહુ અઘરું છે. સંસાર છોડવો આપણા માટે શક્ય જ નથી. આ પણ આપણી ભ્રમણા છે.

ભિખારી છે. પરિવારની સાથે ફૂટપાથ ઉપર સૂતો છે, સપનું આવે છે. એના ઉપર હાથી કળશ ઢોળે છે, મોટા રાજ્યનો રાજા એને બનાવવામાં આવે છે. એક સુંદર રાજકુમારી એને પરણે છે. આજુબાજુના એક- પછી એક રાજાઓને એ જીતતો જાય છે. રાજ્ય મોટું, ઓર મોટું ... ઓર મોટું ... ઓર મોટું ... ઓર મોટું થઈ જાય છે. યોજનોની યોજનો ભૂમિ સુધી એનો ખજાનો પથરાયેલો છે, એટલો બધો TAX આવે, એટલો બધો પૈસો, એટલી બધી રાણીઓ, એટલા બધા દિકરાઓ, એટલી બધી દિકરીઓ, એટલું મોટું સામ્રાજ્ય. કોઈ જોરાવર રાજા છે એના ઉપર હુમલો કરે છે, યુદ્ધ ભૂમિમાં જાય છે. લડતા લડતા દુશ્મન રાજા સુધી પહોંચી જાય છે, એના શસ્ત્રો બધા ખલાસ થઈ જાય છે. દુશ્મન રાજા ઠેઠ એના ગળા સુધી તલવાર મૂકી દે છે. બસ એનું ગળું કપાઈ જાય, એટલે ખેલ ખતમ થઈ જાય. હજારો રાણીઓ, દિકરાઓ, દિકરીઓ એ જાય ને, યોજનો સુધી પથરાયેલો એનો ખજાનો એ જાય, વિરાટ એનું સામ્રાજ્ય

કે આખું ઊંધું કર્યું હતું, એ ય જાય. આંખમાંથી ટપ-ટપ આંસુ પડવા લાગે છે, હેરાન-પરેશાન થઈ જાય છે, દુઃખી-દુઃખી થઈ જાય છે. બળાપા નો કોઈ પાર નથી ને કાકલુદી કરે છે, પણ પેલો ક્યા જાતો નથી. એ સેકંડ ની વાર છે ને રાજ્ય એ જાય ને ભોગો એ જાય, ને જમનો એ જાય, ને યુવન એ જાય, બધું જ જાય એની ઓળી ઉપર આવી ગયા છે. એની હાલત એવી છે. દુઃખની પરાકાષ્ઠા, કોઈ કલ્પના ન કરી શકે એટલા દુઃખમાં એ આવી ગયો છે, ને બધું જ જાન આપવાની તૈયારીમાં છે ને એ જ સમયે ભિખારીની આંખો ખૂલી જાય છે.

यदा पुनर्विक्रीयेत, कथञ्चित्पुण्यकर्मणाम् ।

ભિખારી એક જ મીનીટ ની અંદર બધું જ સમજી જાય છે ને પછી જરા હસી પડે છે. એક માણસ પાસે કપડા સુદ્ધા નથી, એને કઈ રીતે લૂંટી શકાય! સંસાર છે જ નહિ, સંસાર ધૂળ છે, સંસાર અસત્ છે, સંસાર અવિદ્યમાન છે, સંસાર છે જ નહિ તો પછી એનું મમત્વ, એની તૃષ્ણા, એની મોહ, એની જવાબદારી, એનું ભરણપોષણ, એની ઉપાધિ, એનું TENSION, આ બધાનો સવાલ જ ક્યાં-આવે છે! શેઠની એ કશું જ ગુમાવ્યું ન હતું, કારણકે શેઠનું કશું હતું જ નહિ. ભિખારી એ કશું જ ગુમાવવાનું નથી, કારણકે ભિખારીનું કશું છે જ નહિ!

સંસાર માં કંઈ લેવાનું પણ નથી, સંસારમાં કંઈ છોડવાનું પણ નથી, કારણકે સંસાર ધૂળ જ છે.

~~દા~~ દાર્શનિક ગ્રંથો ની અંદર, અસત્ વસ્તુ, કોઈક દર્શન ની માન્યતા ખોટી છે, કોઈ પદાર્થ, સિદ્ધાંત ખોટો છે, તો એના ખોટા પણાની સાબિતી માટે એક EXAMPLE (ઉદાહરણ) આપવામાં આવે, જેનું નામ છે વંધ્યાપુત્ર.

एष वन्ध्यासुतो याति

જુઓ... જુઓ આ વંધ્યા નો દિકરો જાય છે. વંધ્યા એટલે એવી સ્ત્રી જેને સંતાન થવું શક્ય જ નથી, એની દિકરો

હોય જ નહિ, અને વંધ્યાનો દિકરો એટલે અસત્ વસ્તુ.
અવિદ્યમાન વસ્તુ, જે ત્રણે કાળમાં આખી દુનિયામાં હોય જ
ના શકે, એવી વસ્તુ.

एष वन्ध्यासुतो याति

જુઓ... જુઓ આ વંધ્યાની દિકરી જાય.

खपुष्पकृतशेखरः ।

જુઓ... જુઓ એણે આકાશ પુષ્પની માળા પહેરી છે!
ધરતીનું પુષ્પ હોય શકે, પાણીનું પુષ્પ હોય શકે, પણ
આકાશમાં કોઈ ફૂલ થતું જ નથી, જે પણ અસત્ વસ્તુ છે,
અવિદ્યમાન વસ્તુ છે. અને એની ઉપમા આપવામાં આવી.
જુઓ... જુઓ વંધ્યાનો દિકરો જાય છે ને એણે આકાશ
પુષ્પની માળા પહેરી છે.

शशशृङ्गधनुर्धरः ।

એણે સસલાના શિંગડાનું ધનુષ્ય બનાવી ને રાખ્યું છે!
સસલાના શિંગડા હોતા જ નથી, માટે સસલાના શિંગડાનું
ધનુષ્ય પણ હોતું નથી.

પાગલખાના ની અંદર જે પાગલ ખુબ જ
ગંભીરતાથી વિચારણા કરે છે, વંધ્યાના દિકરાને કઈ રીતે
શણગારવો, એને કઈ રીતે આકાશ પુષ્પની માળા
પહેરાવવી, કઈ રીતે એને સસલાના શિંગડાનું ધનુષ્ય
કરીને આપવું, કઈ રીતે એના લગ્નની અંદર બેંડબાજા
વાળા બોલાવવા, ગોર મહારાજ બોલાવવા, કન્યા લાવવી,
અને પરણાવવી, મન જમાડવી, બહુ SERIOUSLY
(ગંભીરતાથી) પાગલો વિચાર કરી રહ્યા છે. સમજુ માણસ
ની દ્રષ્ટિમાં આ બધી જ ચર્ચા હાસ્યાસ્પદ છે. વંધ્યાપુત્ર
હોતો જ નથી, આકાશ પુષ્પ હોતું જ નથી, સસલાનું
શિંગડુ હોતું જ નથી, તો વંધ્યા પુત્રને પરણાવવાની,
આકાશ કુસુમની માળા બનાવવાની, ને સસલાના-
શિંગડામાંથી ધનુષ્ય બનાવવાની વાત જ ક્યાં આવે?
આ બધી વાતો કેટલી મુર્ખામી લાગે, કેટલી હાસ્યાસ્પદ

અવતરણમ્ સ્થળ :- તપોવન સંસ્કારપીઠ
અમિયાપુર - [અમદાવાદ] DATE 08 11 2019

લાગે, કે વાહીયાત વાતો લાગે. બરાબર એ જ રીતે, સંસારની બધી જવાબદારી છે. પતિ છે, પત્ની છે, દિકરા છે, દિકરી છે, ધંધો છે, ઘર છે, આ બધી વાતો પણ જ્ઞાનીઓની વાહિયાત અને હાસ્યાસ્પદ લાગે છે. તાત્વિક દ્રષ્ટિએ જોઈએ તો વેશ્યાનો દિકરો ને તમારો દિકરો આ બંનેમાં કોઈ ફરક જ નથી. તાત્વિક દ્રષ્ટિએ જોઈએ તો વેશ્યાના દિકરાને પરણાવવાની ચિંતા, ને તમારા દિકરાને પરણાવવાની ચિંતા, આ બેમાં કોઈ ફરક જ નથી. તાત્વિક દ્રષ્ટિએ જોઈએ તો વેશ્યાના પુત્રને મોટો કરવાની ચિંતા ને તમારા પુત્રને મોટો કરવાની ચિંતા, આ બેમાં કોઈ ફરક જ નથી.

આકાશ કુસુમનું જેમ કશું જ કરવાનું નથી હોતું. એમ પરિવારનું અને ઘરનું પણ કશું જ કરવાનું હોતું નથી. સસલાનું શિંગડું એ જેમ એક JOKE છે, એક ટૂચકો છે, એક રમૂજ છે, એક વાહીયાત વાત છે, બરાબર એ જ રીતે જેને આપણે ધંધો કે, નોકરી કે, ઓફિસ કે, દુકાન કે, FACTORY કહીએ છીએ, એ પણ વાહિયાત જ વાત છે.

छिन्ना भवस्तदा सर्वो धूलिरूपः प्रकाशते ।

ભોગ-તૃષ્ણા જતી રહે, એટલે આખી દુનિયા ધૂળ સ્વરૂપ થઈ જાય છે. આજે સમય થયો છે... આજે આટલું રાખીએ.

[અહીં પૂજ્યશ્રીએ કરેલા ગિરધરનગર ચાતુર્માસ દરમ્યાનના ઉપમિતિ ભવ પ્રપંચ કથાના પ્રવચનો પુરા થાય છે.]

x x x x